અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
હુમા કુરેશી મહારાની ફોર માટે શૂટિંગ શરૂ કરશે



પેજ-09
જસપ્રીત બુમરાહ ઈજાના કારણે મોટી ટૂર્નામેન્ટમાંથી બહાર

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 34.00 | 28.00 |
| વડોદરા | 33.00 | 28.00 |
| સુરત | 31.00 | 27.00 |

પેજ 5



એલ એન્ડ ટી દ્વારા વિશાળ પ્રોજેક્ટ મેળવવાની સિદ્ધિ

**05** AUGUST-2026 WEDNESDAY

ઈરાન ડીલ કરે અથવા સરન્ડર કરે ટ્રમ્પની ધમકી, હોર્મુઝની ખાડી ખોલવા માટે દબાણ



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 78428.95 | ▼ | 210.08 |
| નિફ્ટી | 24614.90 | ▼ | 159.40 |
| સોનું | 142631.00 | ▲ | 1536.0 |
| ચાંદી | 221479.00 | ▲ | 4727.0 |


વર્ષ-15 । અંક-262 । વિક્રમ સંવત-2082 । અષાઢ વદ - 07 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## News Brief

### દેશભરમાં તમામ રોડની બાજુમાં ફૂટપાથ દબાણ મૂક્ત કરો : સુપ્રીમ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આદેશ આપ્યો છે કે દેશમાં તમામ મહત્વના રોડ દબાણ મૂક્ત હોવા જોઈએ, નાગરિકોને ચાલવા માટે રોડની બાજુમાં જે જગ્યા ફાળવવામાં આવી છે ત્યાં પણ કોઈ પણ પ્રકારનું દબાણ ના થાય તેની તકેદારી રાખવામાં આવે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે જ્યાં પણ રોડ હોય ચાલવા માટે અલગથી જગ્યા ફાળવવી પણ જરૂરી છે. પગપાળા ચાલનારાઓ ભયમૂક્ત બનીને ચાલી શકે તેવી વ્યવસ્થા જરૂરી છે. સુપ્રીમ કોર્ટે સોમવારે કેન્દ્ર સરકારને કહ્યું હતું કે નાગરિકો મૂક્ત રીતે ચાલી શકે તે માટે રોડ આસપાસ જગ્યા ફાળવવામાં આવે અને આ જગ્યા પર કોઈ પણ પ્રકારનું દબાણ ના થાય તેની તકેદારી રાખવામાં આવે. કેન્દ્ર સરકારને આદેશ આપતા સુપ્રીમે કહ્યું હતું કે જવાબદાર અધિકારીઓને જણાવવામાં આવે કે તેઓ પગપાળા ચાલવા માટેની જગ્યાને દબાણ મૂક્ત રાખે. સાથે જ આવી જગ્યાને મુખ્ય રોડથી અલગ રાખવામાં આવે.સુપ્રીમની બેંચે એડિશનલ સોલિસિટર જનરલને કહ્યું હતું કે કોઈ મોટા રોકાણ કે કન્સ્ટ્રક્શન વગર આ આદેશનું યોગ્ય રીતે પાલન કરવામાં આવે. જ્યાં પણ રોડ હોય ત્યાં લોકોના ચાલવા માટેની જગ્યા પણ હોવી જોઈએ, આ જગ્યાને રોડથી અલગ રાખવા માટે પણ પગલા લેવામાં આવે સાથે જ કોઈ પણ પ્રકારનું દબાણ ના થાય તેની પણ તકેદારી રાખવામાં આવે. પગપાળા ચાલનારાઓને એ ભરોસો હોવો જોઈએ કે તેઓ સુરક્ષીત છે. આ મામલે હવે બે સપ્તાહ બાદ વધુ સુનાવણી કરવામાં આવશે.

### કલમ ૩૭૦ નાબૂદી બાદ જમ્મુ-કાશ્મીરમાં મોટો વિકાસ

બડગામ: જમ્મુ અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવ્યાને સાત વર્ષ પૂરા થઈ ગયા છે, અને આ સમયગાળા દરમિયાન સ્થાનિક નાગરિકો દ્વારા એવું અનુભવાઈ રહ્યું છે કે રાજ્યમાં માળખાકીય સુવિધાઓ, જાહેર સેવાઓ અને આર્થિક તકોમાં અભૂતપૂર્વ અને સકારાત્મક સુધારા આવ્યા છે. બડગામ જિલ્લાના નાગમ ગામના રહેવાસી તાલિબ હુસૈને જણાવ્યું છે કે તૃણમૂલ સ્તરે વિકાસ હવે સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે, ખાસ કરીને પાયાની સુવિધાઓ અને સરકારી કલ્યાણકારી યોજનાઓના અમલીકરણમાં મોટો બદલાવ આવ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, અગાઉ સામાન્ય વીજળીના ટ્રાન્સફોર્મર માટે પણ મહિનાઓ સુધી રાહ જોવી પડતી હતી, પરંતુ હવે ગ્રામીણ સ્તરે જ સત્તા મળવાથી બિનજરૂરી વિલંબ વિના ઝડપથી કામો થઈ રહ્યા છે અને રોડ, વીજળી તથા પીવાના પાણીની સુલભતા વધી છે.ઘટનાક્રમ અનુસાર, ઉત્તમ રેલ અને માર્ગ સંપર્ક તેમજ પ્રવાસન ક્ષેત્રના વિસ્તરણથી દૈનિક જીવન પર અનુકૂળ પ્રભાવ પડ્યો છે અને નવા આજીવિકાના અવસરો ઊભા થયા છે. ભૂરાજકીય નિષ્ણાતોના મતે, વર્ષ ૨૦૧૯ના બંધારણીય પરિવર્તનોએ માળખાકીય વિકાસને વેગ આપ્યો છે અને ભદરવાહ, કિશ્તવાડ અને પાંચરી જેવા અગાઉના દૂરના વિસ્તારો મુખ્ય પ્રવાહની વિકાસયાત્રા સાથે જોડાઈ રહ્યા છે, જેનાથી પર્યટન અને રોકાણને પ્રોત્સાહન મળ્યું છે.

### તમિલનાડુમાં ઉધયનિધિ સ્ટાલિનની ધરપકડ સામે ડીએમકેનો વિરોધ

ચેન્નઈ: દ્રવિડ મુનેત્ર કઝગમ (ડીએમકે) દ્વારા તેમના યુવા પાંખના સચિવાલયના નેતા અને વિરોધ પક્ષના નેતા ઉધયનિધિ સ્ટાલિનની ધરપકડની આકરી નિંદા કરવામાં આવી છે, અને આક્ષેપ કરવામાં આવ્યો છે કે કાવેરી મુદ્દે શાસક પક્ષની ટીકા કરવા બદલ ટીવીકે સરકાર દ્વારા તેમના પર ખોટો કેસ દાખલ કરવામાં આવ્યો છે.પક્ષ દ્વારા જારી કરાયેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ઉધયનિધિએ વિરોધ પ્રદર્શન દરમિયાન કાવેરી મુદ્દા પર વાત કરી હતી અને કોઈપણ વ્યક્તિનું નામ લીધા વિના સવાલો ઉઠાવ્યા હતા, છતાં શાસક પક્ષ દ્વારા અશ્લીલ કે બે અર્થવાળી ટિપ્પણી કરવાનો ખોટો આરોપ મૂકવામાં આવ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, અભિનેત્રી ત્રિશા અને મુખ્યમંત્રી વિજય વિશે કથિત અપશબ્દો બોલવાના કેસમાં તેમની સામે ભારતીય ન્યાય સંહિતા અને મહિલા ઉત્પીડન વિરોધી કાયદા હેઠળ ગુનો નોંધીને ધરપકડ કરવામાં આવી છે. ઘટનાક્રમ અનુસાર, ટીવીકે મહિલા પાંખ દ્વારા ફરિયાદ નોંધાવ્યાના માત્ર એક જ દિવસમાં સરકારે ઉતાવળે કાર્યવાહી કરીને વિરોધ પક્ષના નેતાની ધરપકડ કરી લીધી છે, જેથી બુધવારથી શરૂ થઈ રહેલા તમિલનાડુ વિધાનસભા સત્રમાં તેઓ કાવેરી વિવાદ અંગે અવાજ ન ઉઠાવી શકે.

### વૈશ્વિક બજારોમાં ઈક્વિટી શેરને ફુગાવાથી મોટો ફાયદો

નવી દિલ્હી: મોરગન સ્ટેન્લીના તાજેતરના અહેવાલ મુજબ, વૈશ્વિક સ્તરે સતત જળવાઈ રહેલો ફુગાવો અને મજબૂત આર્થિક વૃદ્ધિ ઈક્વિટી રોકાણકારો માટે અત્યંત ફાયદાકારક સાબિત થઈ શકે છે, જ્યારે નિશ્ચિત આવક એટલે કે ડેટ માર્કેટમાં રોકાણ માટે વધુ પસંદગીયુક્ત અને વૈવિધ્યસભર અભિપ્રાય અપનાવવાની આવશ્યકતા રહેશે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે નાણાકીય નીતિઓ, કર પ્રોત્સાહનો અને ડિરેગ્યુલેશનના સમર્થનથી ઈક્વિટી બજારો મજબૂત નામાંકિત પ્રવૃત્તિઓનો લાભ મેળવી શકે છે. મીડિયા અહેવાલ મુજબ, મજૂર બજારોની મજબૂતાઈ અને મૂડી રોકાણને કારણે ફુગાવો તેના નિર્ધારિત લક્ષ્યાંક કરતા થોડો ઉપર રહી શકે છે, છતાં વાસ્તવિક આર્થિક વૃદ્ધિ દ્રઢ રહેવાની પૂરી સંભાવના છે.ઘટનાક્રમ અનુસાર, મજબૂત માંગ અને ઉત્પાદકતામાં વધારાને કારણે કોર્પોરેટ કંપનીઓની કમાણી અંગેની અપેક્ષાઓ સતત ઉપર જઈ રહી છે.

## જાતીય શોષણ સામગ્રી નિયંત્રણમાં ચૂકનો મામલો, નેતાઓ અને VIP એકાઉન્ટ્સ પર ખોટી કાર્યવાહી અંગે જવાબ માંગ્યો

# સરકારનું મેટા ગ્લોબલ ટીમને સમન્સ



(એજન્સી) નવી દિલ્હી | તા 04

ભારત સરકાર અને મેટાની ગ્લોબલ ટીમ વચ્ચે 5 અને 6 ઓગસ્ટના રોજ એક મહત્વપૂર્ણ બેઠક યોજાવા જઈ રહી છે. કેન્દ્ર સરકારે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની મૂળ કંપની મેટાના પ્રતિનિધિઓને સમન્સ મોકલીને બોલાવ્યા છે.કેન્દ્ર સરકાર આ બેઠકમાં ચાઈલ્ડ સેક્સ્યુઅલ એબ્યુઝ મટિરિયલ એટલે કે CSAM પર અંકુશ લગાવવામાં થયેલી ચૂક, નકલી/સિન્થેટિક AI કન્ટેન્ટ અને મોટા નેતાઓના વેરિફાઈડ એકાઉન્ટ્સ પર ખોટી કાર્યવાહી જેવા સંવેદનશીલ મુદ્દાઓ ઉઠાવશે. ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલયે મેટા દ્વારા અત્યાર સુધી આપવામાં આવેલા જવાબોને અપૂરતા ગણાવ્યા છે.આ બેઠક તાજેતરમાં ફેસબુક પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એક વીડિયો પોસ્ટ થોડા સમય માટે હટાવી દેવાના વિવાદ બાદ નક્કી કરવામાં આવી છે.

### BBC રિપોર્ટ- મેટા પર જાતીય શોષણ સંબંધિત કન્ટેન્ટ સસ્તું મળી રહ્યું છે

બીબીસીના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ઈન્સ્ટાગ્રામ પર ચાઈલ્ડ સેક્સ્યુઅલ એબ્યુઝ મટિરિયલ ઉપલબ્ધ છે. ભારતમાં ઈન્સ્ટાગ્રામ પર એવી પેઈડ જાહેરાતો ચાલી રહી હતી, જેમાં 'રેપ વીડિયો' અને 'ચાઈલ્ડ વીડિયો' જેવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.આ જાહેરાતો પર ક્લિક કર્યા પછી યુઝર્સને ટેલિગ્રામ ચેનલો પર મોકલવામાં આવતા હતા, જ્યાં કથિત રીતે બાળકોના જાતીય શોષણ સંબંધિત કન્ટેન્ટ ખૂબ જ ઓછી કિંમત 99 રૂપિયામાં વેચવામાં આવી રહ્યું હતું.

### વડાપ્રધાનની પોસ્ટ હટાવ્યા બાદ વધી સખ્તાઈ

તાજેતરમાં ફેસબુક પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એક વીડિયો પોસ્ટ થોડા સમય માટે હટાવી દેવાના વિવાદ બાદ આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાને ૨૩ જુલાઈએ પેપર લીકને ગંભીર મુદ્દો ગણાવતા એક વીડિયો જાહેર કર્યો હતો, જેને મેટાએ રાત્રે ૧૨:૩૦ વાગ્યાથી સવારે ૫:૦૦ વાગ્યા સુધી હટાવી દીધો હતો અને બાદમાં તેને રિસ્ટોર કરવામાં આવ્યો હતો. મેટાએ આને ટેકનિકલ ભૂલ ગણાવીને ખેદ વ્યક્ત કર્યો છે અને ઔપચારિક માફી માંગવાની તૈયારી પણ દર્શાવી છે. આ ઘટના બાદ સરકારે સોશિયલ મીડિયા કંપનીઓની કન્ટેન્ટ મોડરેશન નીતિઓ અને ઓટોમેટેડ સિસ્ટમ પર દેખરેખ વધુ સઘન બનાવી દીધી છે.

### ઈન્સ્ટાગ્રામ જાહેરાતોમાં ગેરકાયદેસર કન્ટેન્ટનો મામલો

મીડિયા અહેવાલો અનુસાર, ઈન્સ્ટાગ્રામ પર પેઈડ જાહેરાતોના માધ્યમથી ચાઈલ્ડ એબ્યુઝ મટિરિયલના પ્રચાર-પ્રસારને લઈને પણ સરકારે મેટાને અગાઉ કારણદર્શક નોટિસ પાઠવી હતી. ૫-૬ ઓગસ્ટની બેઠકમાં સરકાર એ વાતની પણ સમીક્ષા કરશે કે નોટિસ બાદ કંપની દ્વારા શું સુધારાત્મક પગલાં લેવામાં આવ્યા છે. બીબીસીના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે ઈન્સ્ટાગ્રામ પર ચાલતી કેટલીક પ્રાયોજિત જાહેરાતો દ્વારા યુઝર્સને ટેલિગ્રામ ચેનલો પર મોકલવામાં આવતા હતા, જ્યાં આ પ્રકારનું આપત્તિજનક કન્ટેન્ટ ખૂબ જ ઓછી કિંમતમાં ઉપલબ્ધ કરાવવામાં આવતું હતું.

### ભારતીય કાયદા હેઠળ કડક જોગવાઈઓ

ભારતમાં બાળકોના જાતીય શોષણ સંબંધિત સામગ્રી બનાવવી, રાખવી, જોવી, શેર કરવી કે પ્રસારિત કરવી એ ગંભીર અપરાધ છે. આઈટી એક્ટની કલમ ૬૭બી હેઠળ પ્રથમ વખત દોષિત ઠરનાર વ્યક્તિને ૫ વર્ષ સુધીની જેલ અને ૧૦ લાખ રૂપિયા સુધીના દંડની સજા થઈ શકે છે. સરકારના કડક રૂખને કારણે સોશિયલ મીડિયા કંપનીઓ માટે હવે ભારતમાં યુઝર્સની સુરક્ષા અને કન્ટેન્ટ ફિલ્ટરિંગ બાબતે વધુ જવાબદાર બનવું અનિવાર્ય બની ગયું છે. જોકે, મેટાએ સ્વીકાર્યું છે કે તેમની મોડરેશન સિસ્ટમ સંપૂર્ણપણે પરફેક્ટ નથી હોતી, પરંતુ કંપનીએ આવા અનેક ખાતાઓને સસ્પેન્ડ કરી દીધા છે.

## વંશવાદ પર બેલૂર ગોપાલકૃષ્ણના આકરા પ્રહાર

# કર્ણાટકમાં મંત્રી મંડળ વિસ્તરણ થતાં જ કોંગ્રેસમાં ભડકો! બે ધારાસભ્યોના રાજીનામાં, CMએ આપ્યો જવાબ

(એજન્સી) નવી દિલ્હી | તા 04

કર્ણાટકમાં કોંગ્રેસ સરકારના મંત્રીમંડળ વિસ્તરણ બાદ આંતરિક વિખવાદ વધ્યો છે. મંત્રીપદ ન મળતા 3 ધારાસભ્યોએ રાજીનામું આપવાની જાહેરાત કરી છે, જેમાં યશવંતરાયગૌડા પાટીલે ડેપ્યુટી સ્પીકરને રાજીનામું સોંપ્યું. બેલૂર ગોપાલકૃષ્ણએ વંશવાદ પર પ્રહાર કર્યા. સંગમેશે પણ નારાજગી વ્યક્ત કરી. મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે નારાજ ધારાસભ્યોને ધીરજ રાખવા અપીલ કરી છે.કર્ણાટકમાં કોંગ્રેસ સરકારના મંત્રીમંડળ વિસ્તરણ થતાંની સાથે જ પક્ષની અંદરનો આંતરિક વિખવાદ ખુલ્લીને સામે આવી ગયો છે. મંત્રીપદની આશા રાખીને બેઠેલા ધારાસભ્યોની અવગણનાથી નારાજ થયેલા બે ધારાસભ્યોએ વિધાનસભાના સભ્યપદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી દીધી છે, તો બીજી તરફ અનેક વરિષ્ઠ નેતાઓએ હાઈકમાન્ડ સામે મોરચો માંડી દીધો છે.



મંત્રીમંડળ વિસ્તરણ દરમિયાન મંત્રીઓની યાદી બે વાર જાહેર કરવામાં આવી હતી. પ્રથમ યાદીમાં ભટકલના ધારાસભ્ય મનકલ વૈદ્યને સ્થાન આપવામાં આવ્યું હતું, પરંતુ છેલ્લી ઘડીએ તેમનું નામ બદલીને તેમના સ્થાને દાવણગેરેના ધારાસભ્ય એસ.એસ. મલ્લિકાર્જુનનું નામ ઉમેરાયું હતું. જ્યારે એસ.એલ.સી. ગાયત્રી શાંતેગૌડાનું નામ કાપીને એક પદ ખાલી છોડી દેવામાં આવ્યું છે. જોકે, ગાયત્રીની અવગણના અંગે પક્ષ દ્વારા કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી, પરંતુ સૂત્રોના જણાવ્યા પ્રમાણે વરિષ્ઠ નેતાઓના દબાણને કારણે આ નિર્ણય લેવાયો છે.સૌથી મોટો ઝટકો ત્રણ વખતથી ઈંડીના ધારાસભ્ય રહેલા યશવંતરાયગૌડા પાટીલે આપ્યો છે, જેમણે ડેપ્યુટી સ્પીકરને પોતાનું રાજીનામું સોંપી દીધું છે. તેમણે કહ્યું કે, હું કોંગ્રેસ પરિવાર સાથેના તમામ સંબંધો પૂરા કરી રહ્યો છું. ઉલ્લેખનીય છે કે, ઈંડી રાજ્યની એકમાત્ર એવી બેઠક છે જ્યાંથી આજ સુધી કોઈ મંત્રી બની શક્યું નથી.સાગરના ધારાસભ્ય બેલૂર ગોપાલકૃષ્ણએ પણ રાજીનામાની જાહેરાત કરતા તીખો સવાલ કર્યો હતો. તેમણે પૂછ્યું કે, 'શું મંત્રીપદ માત્ર પૂર્વ મુખ્યમંત્રીઓ અને મંત્રીઓના સંતાનો માટે જ અનામત છે? જો સત્તા ભોગવી ચૂકેલા લોકોને જ વારંવાર તક મળશે, તો મારા જેવા ધારાસભ્યોનું ભવિષ્ય શું?' તેમણે આરોપ લગાવ્યો કે, 'મને મંત્રી બનાવવાનું આશ્વાસન આપવામાં આવ્યું હતું, પરંતુ રાતોરાત યાદી બદલી દેવામાં આવી.' ભદ્રાવતીના ધારાસભ્ય સંગમેશે પણ પોતાની ઉપેક્ષા સામે નારાજગી વ્યક્ત કરીને રાજીનામાની ધમકી આપી છે. પૂર્વ મંત્રી અને પ્રદેશ પ્રમુખ દિનેશ ગુંડુરાવે પણ સોશિયલ મીડિયા પોસ્ટમાં ખૂબ જ તીખી પ્રતિક્રિયા આપી. બીજી તરફ, વિજયનગર અને ગોવિંદરાજનગરના ધારાસભ્યો એમ. કૃષ્ણાપ્પા અને પ્રિયાક્રિષ્ણાના સમર્થકોએ બસ વ્યવહાર રોકીને સૂત્રોચ્ચાર કર્યા હતા.મુખ્યમંત્રી ડી.કે શિવકુમારે નારાજ નેતાઓ અને કાર્યકરોને ધીરજ રાખવાની અપીલ કરતા કહ્યું કે, 'પાર્ટીમાં અનેક યોગ્ય ધારાસભ્યો છે, પરંતુ દરેકને એકસાથે મંત્રી બનાવવું શક્ય નથી. ઘણા ધારાસભ્યો મંત્રી બનવાની લાયકાત ધરાવે છે. હું આ વાતનો અસ્વીકાર નથી કરતો પરંતુ કેટલીક પરિસ્થિતિઓમાં પાર્ટીએ નિર્ણયો લેવા પડે છે. મને પણ 2004માં મંત્રી બનાવવામાં નહોતો આવ્યો. સિદ્ધારમૈયા સરકાર (2013-18)માં પણ શરૂઆતમાં મને કેબિનેટમાં સ્થાન નહોતું મળ્યું. મેં ધીરજ રાખી હતી અને આજે એ જ ધીરજનું પરિણામ છે કે હું મુખ્યમંત્રી પદ પર છું.'

### આજના જોબ માર્કેટમાં ઊંચા પેકેજ માટે માત્ર ડિગ્રી-કોલેજ જરૂરી નહીં

નવી દિલ્હી : સફળ કારકિર્દી ઘડવા માટે આઈઆઈટીની ડિગ્રી મેળવવી એ ભારતીય એન્જિનિયરોનું વર્ષોથી સ્વપ્ન રહ્યું છે પણ હવે સ્થિતિ બદલાઈ રહી છે. લાવણ્ય જૈને એક્સ પર એક પોસ્ટ મુકી જણાવ્યું છે કે પોતે બી ટેકમાંથી ડ્રોપ આઉટ કર્યું હોવા છતાં તેને કોલેજના પ્લેસમેન્ટમાં ઓફર કરવામાં આવેલાં સૌથી મોટાં પેકેજ કરતાં પણ વધારે કમાણી પાર્ટ ટાઈમ કામમાં થઈ રહી છે. લાવણ્ય જૈન હાલ દર મહિને ૪.૮૬ લાખ રૂપિયાની કમાણી કરે છે. આજની જોબ માર્કેટમાં કોલેજની બ્રાન્ડ કરતાં કૌશલ્ય અને અનુભવ વધારે મૂલ્યવાન પુરવાર થઈ રહ્યા છે.લાવણ્ય જૈને તેની એક્સ પોસ્ટ પર લખ્યું છે કે હું આઈઆઈટીમાં ભણેલો નથી. હકીકતમાં તો ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કમ્યુનિકેશન્સએન્જિનિયરિંગના ફાઈનલ સેમેસ્ટરમાં જ મેં કોલેજ છોડી દીધી હતી અને તે મારા જીવનના ઉત્તમ નિર્ણયોમાંનો એક હતો. જૈનના જણાવ્યા અનુસાર તેની કોલેજમાં સૌથી મોટું પે પેકેજ વર્ષના એક લાખ ડોલર્સ હતું પણ હવે હું કોન્ટ્રેક્ટર તરીકે પાર્ટ ટાઈમ કામ કરી હું વધારે કમાણી કરી લઉં છું. પોતાના દાવાના ટેકોમાં જૈને વાઈઝ પેમેન્ટ દ્વારા કરવામાં આવેલાં બે મોટાં ટ્રાન્ઝેકશનના

## ડાબરના મધ, ઘી અને તેલ પર પણ FSSAI ની ગાજ

# દારૂમાં નકલી સ્વાદ? ઓલ્ડ મોન્ક અને રોયલ ચેલેન્જ સહિતના વેરિયન્ટ સામે FSSAIની કાર્યવાહી

(એજન્સી) નવી દિલ્હી | તા 04

FSSAI એ ડિઆજિઓની રોયલ ચેલેન્જ વ્હિસ્કી, મેકડોવેલ્સ રમ સહિત 5 બ્રાન્ડ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. કૃત્રિમ ફ્લેવરિંગનો ઉપયોગ થતો હોવાથી આ કાર્યવાહી કરવામાં આવી છે. મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રમાં બનતી આ બ્રાન્ડ્સ પર FSSAI એ કડક નિયમનકારી પગલાં લીધા છે. આ ઉપરાંત, ડાબરના મધ, ઘી અને તેલ જેવા ઉત્પાદનો પર "100%" ના ભ્રામક દાવાઓ કરવા બદલ વેચાણ અટકાવવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે.ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) દ્વારા આલ્કોહોલ અને ખાદ્ય ક્ષેત્રે કડક નિયમનકારી પગલાં લેવામાં આવી રહ્યા છે. FSSAI એ યોગ્ય એજિંગ અને કુદરતી ઘટકોને બદલે કૃત્રિમ ફ્લેવરિંગનો ઉપયોગ કરવા બદલ ડિઆજિઓ(Diageo) ની ભારતીય યુનિટ અને ઈનબ્રુ બેવરેજીસ (Inbrew Beverages) ની કેટલીક લોકપ્રિય વ્હિસ્કી અને રમ પર પ્રતિબંધ મૂક્યો છે.ડિઆજિઓ (Diageo): મધ્ય પ્રદેશમાં બનતી એન્ટિક્યુટી બ્લુ વ્હિસ્કી, રોયલ ચલેન્જ વ્હિસ્કી અને મહારાષ્ટ્રમાં બનતી મેકડોવેલ્સ નંબર 1 રમ સામે પ્રતિબંધ આદેશ અપાયો છે.ઈનબ્રુ અને અન્ય: ઈનબ્રુની બેગપાઈપર લક્ઝરી વ્હિસ્કી, ઓલ્ડ કાસ એક્સએક્સએક્સ રમ અને મહારાષ્ટ્રમાં મોહન રોકી સ્પ્રિંગવોટર દ્વારા બનતી ઓલ્ડ મોંકની ત્રણ લોકપ્રિય વેરીઅન્ટ્સ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. રેગ્યુલેટરના જણાવ્યા મુજબ, કંપનીઓ રમ કે વ્હિસ્કીમાં કુદરતી પ્રક્રિયા કે મોલાસીસ અને માલ્ટ જેવા ઘટકોના ઉપયોગને બદલે સીધી કૃત્રિમ ફ્લેવર ઉમેરી રહી હતી. જેને કારણે આ ઉત્પાદનો "સબ-સ્ટાન્ડર્ડ" સાબિત થયા છે. ડિઆજિઓએ આ આદેશ સામે કોર્ટ કેસ દાખલ કર્યો છે અને ઉત્પાદન લેબલ કાયદા મુજબ હોવાનું જણાવ્યું છે.આ કડક કાર્યવાહીની વચ્ચે FSSAI એ ડાબર ઈન્ડિયાને પણ ઝટકો આપ્યો છે.

# રાજ્યસભામાં વિપક્ષના હોબાળાને કારણે બીજી વખત કાર્યવાહી સ્થગિત

નવી દિલ્હી: ગૃહમંત્રી અમિત શાહ સામે વિપક્ષી પક્ષોના ઉગ્ર વિરોધ અને અયોધ્યાના રામ મંદિરમાં મળેલા દાનોમાં કથિત ચોરી તેમજ વિદ્યાર્થી આંદોલન પર પોલીસ કાર્યવાહીના મુદ્દે સરકારી નિવેદનની માંગણી સાથે હોબાળો મચાવતા મંગળવારે રાજ્યસભાની કાર્યવાહી બીજી વખત બપોરે બે વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે. દિવસે કાર્યવાહીની શરૂઆત થતાં જ એનડીએ અને વિપક્ષી સાંસદો દ્વારા ભારે દેખાવો શરૂ કરવામાં આવ્યા હતા, જેના કારણે અગાઉ ગૃહ બપોરે બાર વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખરગે દ્વારા અયોધ્યાના રામ જન્મભૂમિ તીર્થ ટ્રસ્ટને સોંપવામાં આવેલી જમીન અને ભેટ-સોગાદોની ચોરીના ગંભીર આરોપો અંગે સરકાર સ્પષ્ટતા કરે તેવી માંગણી કરવામાં આવી હતી. ઘટનાક્રમ અનુસાર, ખરગેએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય એજન્સીઓની ભૂમિકા સામે સવાલો ઉઠાવ્યા હતા, જેના જવાબમાં સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ વિપક્ષ પર ભગવાન રામનું અપમાન



કરવાનો અને જનતાને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો હતો. આ તીખી બોલાચાલી અને હંગામા વચ્ચે ગૃહમાં વિપક્ષી સભ્યોએ વેલમાં આવીને સૂત્રોચ્ચાર કર્યા હતા, જ્યારે અન્ય સાંસદોએ બિલ પર ચર્ચા ન થવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. આ અશાંતિ વચ્ચે નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા લોકસભામાં કરવેરા અને અન્ય કાયદાઓ સંબંધિત સંશોધન બિલ રજૂ કરવાના પ્રસ્તાવો મૂકવામાં આવ્યા છે. સંસદના આ સત્રમાં મહત્વપૂર્ણ કાયદાકીય કામકાજ અને આર્થિક સુધારાના બિલ પર ચર્ચા અટવાઈ રહી છે, જેના કારણે આગામી દિવસોમાં રાજકીય ગતિરોધ વધુ ઉગ્ર બનવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે.

# મુંબઈમાં ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિ પાંચ વર્ષના તળિયે પહોંચી



મુંબઈ: દેશના મુખ્ય નાણાકીય કેન્દ્ર ગણાતા મુંબઈમાં ચાલુ વર્ષના જુલાઈ મહિના દરમિયાન ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિમાં ભારે નબળાઈ જોવા મળી હતી, જે લગભગ પાંચ વર્ષની સૌથી નીચી સપાટી દર્શાવે છે. મીડિયા અહેવાલ મુજબ, વેચાણ તથા કાચા માલની ખરીદીની પ્રક્રિયા મંદ પડવાને કારણે એક તરફ ઉત્પાદન પ્રવૃત્તિ મર્યાદિત થઈ છે, તો બીજી તરફ રોજગાર નિર્માણ પર પણ ગંભીર વિપરીત અસરો વર્તાઈ રહી છે. આ સમગ્ર સ્થિતિ પાછળ આંતરરાષ્ટ્રીય પરિબળો અને વૈશ્વિક સ્તરે બગડેલી પરિસ્થિતિ મુખ્ય કારણ તરીકે ઉભરી આવ્યા છે.પ્રાપ્ત માહિતી અનુસાર, જુલાઈ મહિનામાં ઉત્પાદન ક્ષેત્રનો ડેટા દર્શાવતો મુખ્ય આંકડો ઘટીને ૫૫ પોઈન્ટ પચાસ પર પહોંચ્યો છે, જે અગાઉના જૂન મહિનામાં ૫૫ પોઈન્ટ વીસ જેટલો નોંધાયો હતો. આ આંકડાકીય સરખામણી સ્પષ્ટ કરે છે કે ગતિવિધિઓમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. જોકે, આર્થિક પરિભાષા મુજબ પચાસથી ઉપરનો આંકડો ક્ષેત્રનું વિસ્તરણ દર્શાવે છે, અને જુલાઈમાં આ આંકડો પચાસની ઉપર જળવાઈ રહેતા તે રાહતની બાબત કહી શકાય. આમ છતાં, ઓગસ્ટ મહિના પછીનો આ સૌથી નીચો આંકડો હોવાથી ચિંતાના વાદળો ઘેરાયેલા છે.વૈશ્વિક સ્તરે પશ્ચિમ એશિયામાં સર્જાયેલા નવેસરના તણાવ અને અસ્થિરતાને કારણે સૂર્યોદય વેપાર અને પુરવઠા સાંકળ પર ગંભીર અસર પડી છે.


Nippon india Mutual Fund

**Mutual Fund Investor Awareness Program**

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 6 August, 2026 | 3:30 PM | Anand |

Venue : BayLeaf Restaurant & Banquet, 3rd Floor, Radha Swami Sahaj, near Anand - Borsad Highway, Borsad Chokdi, Crossing, Jitodia, Borsad, Anand, Gujarat 388001 Note -Only for Women

Name : Jignesh Bhayani | Mobile : 8976967419

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

# પુલ બાબતે સ્થળ તપાસ કરવા આવેલા ધારાસભ્યએ ખેડૂતોને ગાળો આપી: પિયુષ પરમાર

અમદાવાદ : આમ આદમી પાર્ટીના ઓબીસી સેલ પ્રદેશ પ્રમુખ અને ખેડૂત નેતા પિયુષ પરમારે જૂનાગઢ જિલ્લાના માળિયા હાટીના તાલુકાના જામવાડી ગામેથી એક વીડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, અહીંયા પાંચ વર્ષ પહેલા ખેડૂતોએ પોતાના સ્વખર્ચેથી એક પુલ બનાવ્યો હતો. પરંતુ ભાજપના ગુંડાઓ દ્વારા એને તોડવાની અરજી કરવામાં આવી છે અને ધારાસભ્ય ભગવાનજી કરગથીયા પણ તેમને સહકાર આપી રહ્યા છે. આ પુલના કારણે કોઈ ખેડૂતોને એક પણ રૂપિયાની નુકસાની થઈ નથી. આ પૂલથી 29 ખેડૂતોને જવા માટેનો રસ્તો બન્યો છે. ખેડૂતોએ અગાઉ જ સ્પષ્ટતા કરી હતી કે આ પુલના કારણે જો કોઈના પણ ખેતરમાં પાણી જાય અને નુકસાની થાય તો જવાબદારી ખેડૂતોની રહેશે. આ પુલને પાંચ વર્ષ થયા અને અને હમણાં ઘણો વરસાદ પડ્યો પણ હજુ સુધી કોઈના ખેતરમાં આ પુલના કારણે એક ટીપુ પણ પાણી ગયું નથી. તો પછી આ પુલ શું કરવા તોડવો છે? આ પુલ જ્યારે હું તાલુકા પંચાયતનો સભ્ય હતો ત્યારે અમારા પૈસેથી બનાવ્યો હતો અને એટલા માટે ભાજપના લોકોના પેટમાં દુખે છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા પિયુષ પરમારે ચોંકાવનારી વાત જણાવતા કહ્યું હતું કે, આ સ્થળ પર હાલ ધારાસભ્ય ભગવાનજી કરગથીયા પોતે પણ હાજર હતા અને અમે પણ હાજર હતા ત્યારે તેઓએ ન બોલવાના શબ્દો બોલ્યા છે, ખેડૂતોને ગાળો આપી છે. હું એ ધારાસભ્યને કહેવા માગું છું કે લોકોએ તમને ચુંટીને પદ પર મોકલ્યા છે તો તમારે પદની ગરીમા સાચવવી જોઈએ. આ પુલ તોડવા માટે 2022 નો પ્રાંતનો હુકમ સ્પષ્ટીકરણ સાથે કહે છે કે એકબીજાની સમજૂતીથી માત્ર એક મીટર રાખવો બાકી હુકમમાં તોડવાનું કોઈ પ્રાવધાન કરવામાં આવેલ નથી. હુકમમાં સ્પષ્ટીકરણ સાથે પણ લખ્યું છે કે મામલતદારે સ્થળ તપાસ કરી તેની હકીકત જાણીને જો કોઈને નુકસાન થયું હોય તો એની તપાસ કરીને આગળની કાર્યવાહી કરવી. જ્યારે 2021માં મામલતદારે સ્થળ તપાસ કરી હતી અને એમણે થોડો ઘણો પુલ પણ તોડી નાખ્યા અને હવે ભાજપના નેતાઓ ગુંડાગર્દી પર ઉતરી આવ્યા છે અને ખેડૂતોને હેરાન કરવા સિવાય કંઈ કરતા નથી. હું ધારાસભ્યને પૂછવા માંગુ છું કે તમે પુલ બનાવતા નથી પરંતુ તોડાવી રહ્યા છો, તો આ ક્યાંનો ન્યાય છે? 2022નો હુકમ હતો અને અત્યારે 2026 ચાલે છે તો જો તોડવાનો હુકમ હતો તો અત્યાર સુધી પુલ કેમ ન તોડ્યો? આ પુલ કોઈ બીજાની જગ્યામાં નહીં પરંતુ ખેડૂતોની પોતાની માલિકીની જગ્યામાં છે. આ લડાઈમાં હું ખેડૂતોની સાથે છું અને આ મુદ્દે અમે આજે જ કોર્ટમાં જઈશું અને સ્ટેની માંગણી કરીશું. જો તંત્ર દાદાગીરી અને જોહુકમી કરશે અમે હાઈકોર્ટ સુધી પણ લડત લડીશું.

# દેશના લાખો લોકો E20 ને કારણે ત્રાહિમામ પોકારી ચૂક્યા છે: મનોજ સોરઠીયા

## અમેરિકામાંથી સસ્તુ ઈથેનોલ ભારતમાં ઈમ્પોર્ટ કરીને આ ઈથેનોલ લોકોને વેચીને સરકાર લોકોને પરેશાન કરી રહી છે

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ એક વીડિયોના માધ્યમથી મહત્વપૂર્ણ મુદ્દા પર જણાવ્યું હતું કે આજે દિલ્હીમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલજી 100 જેટલા ગાડીઓના માલિકોને લઈને પ્રધાનમંત્રી આવાસ ગયા હતા, આ ગાડીઓના માલિક એવા લોકો છે જેમની ગાડી E20 પેટ્રોલના કારણે ખરાબ થઈ હોય અથવા તો કોઈને કોઈ રીતે નુકસાની ભોગવી રહ્યા છે. સાથે સાથે 2 લાખ 30 હજાર પીટીશન લઈને અરવિંદ કેજરીવાલજી આ ગાડીઓના માલિક સાથે પ્રધાનમંત્રી આવાસ પહોંચ્યા હતા. પોલીસે કેજરીવાલજીને પ્રધાનમંત્રીને મળવાથી રોક્યા હતા પરંતુ કેજરીવાલજીએ પોતાની પિટિશનો પ્રધાનમંત્રીને મોકલી આપી છે. આ દેશમાં 33 કરોડ ગાડીઓ એવી છે જે 2023 પહેલાની છે અને જે E20 પેટ્રોલ માટે બનેલી નથી. દેશમાં કરોડો ટુ વ્હીલર એવા છે જેમાં પેટ્રોલનો ઉપયોગ થાય છે અને એ લોકોની માઈલેજ ઘટી છે અને એમના મેન્ટેનન્સ વધ્યા છે. પહેલા એક વ્યક્તિ 500 રૂપિયાનું પેટ્રોલ ભરાવીને એક



અઠવાડિયા સુધી એ વાહન ફેરવી શકતા હતા હવે એ લોકોની ગાડીની માઈલેજ ઘટી ગઈ છે મેન્ટેનન્સના ખર્ચા વધી ગયા છે અને પેટ્રોલનો ભાવ પણ વધી ગયો છે, એટલા માટે એ લોકો પરેશાની ભોગવી રહ્યા છે અને દેશના લાખો લોકો ત્રાહિમામ પોકારી ચૂક્યા છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, બીજી બાજુ સરકાર અમેરિકાની સામે ઘૂંટણિયે પડી ગઈ છે, અમેરિકામાંથી સસ્તુ ઈથેનોલ ભારતમાં ઈમ્પોર્ટ કરીને આ ઈથેનોલ લોકોને વેચીને સરકાર લોકોને પરેશાન કરી રહી છે એક તરફ ભાજપ અને કોંગ્રેસના નેતાઓની ઘણી ઈથેનોલની કંપનીઓ ચાલી રહી છે જેના કારણે કોંગ્રેસ પણ આ મુદ્દા પર કોઈ વિરોધ કરતી નથી. હાલ માત્ર અરવિંદ કેજરીવાલજી અને આ દેશના લોકો આ મુદ્દા પર સરકારનો જવાબ માંગી રહ્યા છે અને E20 બંધ થાય એના માટે સતત પ્રયત્ન કરી રહ્યા છે. નેતાઓને ફાયદો કરાવવા માટે આ લોકો આપણી ગાડીઓના માઈલેજ ઓછા કરાવી રહ્યા છે, આપણો ખર્ચો વધારી રહ્યા છે. આનાથી પર્યાવરણને પણ કોઈ ફાયદો નથી અને ગુજરાતના કે દેશના ખેડૂતોને પણ કોઈ ફાયદો થવાનો નથી.

# ગુજરાતમાં ચાંદીપુરાના 184 શંકાસ્પદ કેસમાંથી 35 પોઝિટિવ

## 22 બાળકોનાં મોત, 11 સેમ્પલના ટેસ્ટ રિપોર્ટ પેન્ડિંગ; વાયરસથી આરોગ્ય તંત્ર એલર્ટ

ગાંધીનગર : રાજ્યમાં ચાંદીપુરા વાયરસને લઈને આરોગ્ય વિભાગે સતર્કતા વધારી છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું કે, ગુજરાતમાં અત્યાર સુધીમાં 184 શંકાસ્પદ કેસ નોંધાયા છે, જેમાંથી 35 કેસ ચાંદીપુરા પોઝિટિવ આવ્યા છે. 11 સેમ્પલના ટેસ્ટ રિપોર્ટ હજુ પેન્ડિંગ છે. નોંધાયેલા શંકાસ્પદ કેસોમાંથી અત્યાર સુધીમાં 22 બાળકોનાં ચાંદીપુરા વાયરસથી મોત થયાં છે. હાલ વિવિધ સિવિલ હોસ્પિટલોમાં 7 પોઝિટિવ દર્દીઓ સારવાર હેઠળ છે, જ્યારે સારવાર બાદ સ્વસ્થ થયેલા 6 દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. હાલ ગાંધીનગર, સાબરકાંઠા-હિંમતનગર, પાટણ, રાજકોટ અને ભાવનગરની સિવિલ હોસ્પિટલમાં ચાંદીપુરા પોઝિટિવ બાળકોની સારવાર ચાલી રહી છે. તબીબો દ્વારા દર્દીઓની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને જરૂરિયાત મુજબ સુપર-સ્પેશિયાલિસ્ટ સારવાર આપવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગે સરકારી તેમજ ખાનગી ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલને પણ લક્ષણો ધરાવતા બાળકોને તાત્કાલિક ઓક્સિજન અને વેન્ટિલેટર સુવિધાવાળા ICU બેડમાં દાખલ કરી સારવાર શરૂ કરવા સૂચના આપી છે. આરોગ્ય મંત્રીએ સ્પષ્ટ કર્યું કે, રાજ્યમાં ચાંદીપુરાના તમામ કેસ કોઈ એક ગામ કે ચોક્કસ વિસ્તારમાંથી સામે આવ્યા નથી. અલગ-અલગ વિસ્તારોમાંથી કેસ નોંધાઈ રહ્યા હોવાથી આરોગ્ય વિભાગની ટીમો ગ્રાઉન્ડ લેવલે સતત સર્વેલન્સ અને તકેદારીની કામગીરી કરી રહી છે.

# TAT-S 2026 મુખ્ય પરીક્ષાની તારીખ જાહેર

## 20 સપ્ટેમ્બરે પરીક્ષા, 7 સપ્ટેમ્બરથી હોલ ટિકિટ ડાઉનલોડ થશે



ગાંધીનગર : રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે નિમણૂક મેળવવા માટેની શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક) TAT-S 2026ની મુખ્ય પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી છે. બોર્ડ દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્ર મુજબ TAT-S 2026ની મુખ્ય પરીક્ષા 20 સપ્ટેમ્બર, 2026ના રોજ લેવામાં આવશે. રાજ્ય પરીક્ષા બોર્ડે જણાવ્યું છે કે, TAT-S 2026ની પ્રાથમિક કસોટીનું આયોજન અગાઉ 3 મે, 2026ના રોજ કરવામાં આવ્યું હતું અને તેનું પરિણામ 4 સપ્ટેમ્બર, 2026ના રોજ જાહેર કરવામાં આવશે. ત્યારબાદ મુખ્ય પરીક્ષા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

મુખ્ય પરીક્ષામાં બેસનારા ઉમેદવારો માટે 7 સપ્ટેમ્બર, 2026ના રોજથી હોલ ટિકિટ ડાઉનલોડ કરવાની સુવિધા શરૂ કરવામાં આવશે. ઉમેદવારો રાજ્ય પરીક્ષા બોર્ડની સત્તાવાર વેબસાઈટ SEBEXAM.ORG પરથી હોલ ટિકિટ મેળવી શકશે. બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે, પરીક્ષા સંબંધિત અન્ય બાબતો અને માર્ગદર્શિકા અગાઉ જાહેર કરાયેલા જાહેરનામા મુજબ જ રહેશે. પરીક્ષા અંગેની વિગતવાર અને સત્તાવાર માહિતી માટે ઉમેદવારોએ SEBEXAM.ORG વેબસાઈટ નિયમિત રીતે ચેક કરતા રહેવા સૂચના આપવામાં આવી છે.

# News Brief

## રાંધેજા, સેક્ટર-14, અને ભાટ-કોટેશ્વર ચોકડી ખાતે સ્વાગત

ગાંધીનગર : ગુજરાત ભાજપ દ્વારા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માના માર્ગદર્શન હેઠળ સંત શિરોમણી શ્રી ગુરુ રવિદાસ મહારાજની 650મી જન્મજયંતિ નિમિત્તે ચાલી રહેલા 'સમરસતા સંકલ્પ અભિયાન' અંતર્ગત આયોજિત 'કાશીથી કર્ણાવતી' કળશ યાત્રા સોમવારે ગાંધીનગર મહાનગર વિસ્તારમાં પહોંચી હતી. આ દરમિયાન વિવિધ સ્થળોએ નાગરિકો અને ભાજપના કાર્યકરોએ યાત્રાનું સ્વાગત કર્યું હતું. ગાંધીનગર શહેરમાં રાંધેજા, સેક્ટર-14, રિલાયન્સ ચોકડી અને ભાટ-કોટેશ્વર ચોકડી સહિતના માર્ગ પરથી યાત્રા પસાર થઈ હતી. વિવિધ સ્થળોએ પુષ્પાંજલિ, કળશ પૂજન અને સ્વાગત કાર્યક્રમો યોજાયા હતા. કાર્યક્રમમાં રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી પ્રદ્યુમન વાઝા, પ્રદેશ મહામંત્રી અજય બ્રહ્મભટ્ટ, પ્રદેશ ઉપાધ્યક્ષ તથા અભિયાનના ઈન્ચાર્જ ગૌતમ ગેડીયા, પ્રદેશ મંત્રી અને પ્રભારી નીરવ અમીન, ગાંધીનગર મહાનગર ભાજપના અધ્યક્ષ ડૉ. આશિષ દવે, ધારાસભ્યો રીટાબેન પટેલ અને અલ્પેશજી ઠાકોર, મેયર મીરાબેન પટેલ તેમજ સંગઠનના પદાધિકારીઓ અને જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત આગેવાનોએ શ્રી ગુરુ રવિદાસ મહારાજને શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને તેમના સમાનતા તથા માનવતાના સંદેશને સમાજમાં આગળ વધારવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. યાત્રામાં મહિલાઓ, યુવાનો, વિવિધ સમાજોના આગેવાનો, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને સ્થાનિક નાગરિકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન સામાજિક સમરસતા, એકતા અને સર્વસમાવેશી સમાજના નિર્માણનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## રિક્ષાચાલક અને તેના સાથીઓએ ઘરેણાંની ચોરી કરી

કડી : કડી તાલુકાના સેદરડી ગામના આશાબેન રબારી પોતાના પુત્ર સાથે પિયર ભોયણથી પરત ફરી રહ્યા હતા. છત્રાલ ચોકડીથી કડી જવા માટે બેઠેલી રિક્ષાના ચાલકે અને પાછળ બેઠેલા તેના બે મિત્રોએ કપડાંની થેલીમાંથી રૂપિયા 2.10 લાખની કિંમતના સોનાના ઘરેણાંની ચોરી કરી હતી. ઘરે પહોંચ્યા બાદ દાગીના ગાયબ હોવાની જાણ થતાં આશાબેને રિક્ષાચાલક અને તેના બે સાથીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. કડી તાલુકાના સેદરડી ગામે રબારીવાસમાં રહેતા અને પશુપાલન કરતા 30 વર્ષીય આશાબેન વિજયભાઈ રબારી પોતાના 10 વર્ષના પુત્ર વિધાથ સાથે પિયર ભોયણગામ ગયા હતા. 30 જુલાઈએ તેઓ પિયરથી સેદરડી જવા માટે ખાનગી વાહનમાં નીકળ્યા હતા. આ સમયે આશાબેને સોનાનું પેન્ડન્ટ અને ચેન (સવા તોલો), સોનાની વીંટી (5 ગ્રામ), સોનાની બુટ્ટી (અડધો તોલો) અને નાકની ચૂની તથા વાળો (1 ગ્રામ) એક પાકીટમાં મુકીને તે પાકીટ કપડાંની થેલીમાં રાખ્યું હતું. સાંજે 5:30 વાગ્યાના સમયે તેઓ છત્રાલ ચોકડી પહોંચ્યા હતા. ત્યારબાદ તેઓ કડી જવા માટે એક સીએનજી રિક્ષામાં બેઠા હતા. રિક્ષામાં આગળ ડ્રાઈવર એકલો હતો, જ્યારે પાછળની સીટ પર આશાબેન, તેમનો પુત્ર અને ડ્રાઈવરના બે મિત્રો બેઠેલા હતા. રિક્ષાચાલકે છત્રાલથી કડી રોડ પર આવેલી ધરતી એપોલો કંપની પાસે રિક્ષા ઊભી રાખી હતી. પાછળ બેઠેલા બે મિત્રોને નજીકની કંપનીમાં ઉતારીને આવું છું તેમ કહીને ડ્રાઈવર રિક્ષા ધાનોટ તરફ ઝડપથી લઈ ગયો હતો. આશાબેન અને તેમનો પુત્ર ત્યાં રાહ જોતા રહ્યા પરંતુ રિક્ષા પરત આવી ન હતી. આથી તેઓ બીજી પેસેન્જર રિક્ષામાં કડી પહોંચ્યા હતા, જ્યાંથી પતિ વિજયકુમાર બાઈક પર તેમને ઘરે લઈ ગયા હતા. ઘરે આવીને આશાબેને થેલી તિજોરીમાં મૂકી દીધી હતી.

## પાણીના સેમ્પલિંગ, કૂવાઓમાં ક્લોરિનેશનની કામગીરી કરાઇ

ગાંધીનગર : ગાંધીનગર જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી પડેલા વરસાદ બાદ પાણીજન્ય રોગચાળો ફેલાવાની શક્યતાઓને ધ્યાનમાં રાખીને જિલ્લા પંચાયતના આરોગ્ય અને પાણી પુરવઠા વિભાગે તકેદારીના પગલાં તેજ કર્યા છે. વરસાદના કારણે પીવાના પાણીના સ્ત્રોતોમાં ગંદુ પાણી ભળવાની શક્યતા રહેતી હોવાથી જિલ્લાના વિવિધ ગામોમાં પીવાના પાણીના સેમ્પલ લેવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

આ સેમ્પલોને લેબોરેટરીમાં મોકલી પાણીની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવશે અને જ્યાં પાણી પીવા યોગ્ય ન હોવાનું જણાશે ત્યાં તાત્કાલિક કાર્યવાહી હાથ ધરાશે. વરસાદ બાદ પાણીજન્ય ચેપ અને ઝાડા-ઉલ્ટી, ટાઈફોઈડ, કમળો સહિતના રોગોનું જોખમ વધતું હોવાથી આરોગ્ય વિભાગ દ્વારા પણ સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. જિલ્લા પંચાયત દ્વારા જ્યાં પીવાના પાણીમાં ગંદકી, ગટરનું પાણી ભળવું અથવા પાણીના રંગ અને ગંધ અંગે ફરિયાદો મળી રહી છે, ત્યાં સંબંધિત અધિકારીઓને તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ કરીને સમસ્યાનું નિરાકરણ લાવવાના સૂચનો આપવામાં આવ્યા છે. જરૂરિયાત મુજબ પાઈપલાઈનમાં લીકેજ દૂર કરવું, પાણીના સ્ત્રોતોની સફાઈ કરવી તેમજ વધારાનું ક્લોરિનેશનની કામગીરી હાથ ધરાશે. પાણીજન્ય રોગોના લક્ષણો દેખાય તો સારવાર લેવા અપીલ છે.

### ગાંધીના ગુજરાતમાં સ્મીમેર હોસ્પિટલ પરિસરમાં દારૂની બોટલો ક્યાંથી આવી? : રચના હીરપરાનો સણસણતો સવાલ

# ગાંધીના ગુજરાતમાં સ્મીમેર હોસ્પિટલ પરિસરમાંથી દારૂની બોટલો મળી આવતા મચ્યો હકારો: તંત્ર સામે સવાલો

સુરત | સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલની સ્થિતિ અંગે આમ આદમી પાર્ટીના વોર્ડ નં. ૧૭ના કોર્પોરેટર રચના હીરપરાએ સ્થળ મુલાકાત લઈને ભાજપ શાસકો અને આરોગ્ય વિભાગની ઘોર બેદરકારી ખુલ્લી પાડી હતી. તેમણે હોસ્પિટલ કેમ્પસના પ્રત્યક્ષ દૃશ્યો દર્શાવતા તીખા પ્રહારો કર્યા હતા કે, ગુજરાતના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાના પોતાના જ હોમટાઉનમાં સ્થિત સ્મીમેર હોસ્પિટલમાં ચારેય તરફ ગંદકી, કચરાના ઢગલા અને દૂષિત પાણીના ભરાવા જોવા મળી રહ્યા છે. જે હોસ્પિટલમાં નાગરિકો પોતાની બીમારીનો ઈલાજ કરાવી સાજા થવા માટે આવતા હોય છે, ત્યાં હાલના ખદબદતા વાતાવરણને જોઈને એવો સવાલ થાય છે કે દર્દીઓ સાજા થશે કે પછી વધુ



બીમાર પડીને ઘરે જશે..? આટલું જ નહીં, પણ હોસ્પિટલ અને મેડિકલ કોલેજ કેમ્પસનો મુખ્ય રસ્તો જ બ્લોક થયેલો છે, જેના કારણે અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને આવતા-જતા દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.રચના હીરપરાએ વધુમાં જણાવ્યું હતું કે, આ સિવાય સૌથી ચોંકાવનારી અને ગંભીર બાબત એ સામે આવી છે કે હોસ્પિટલ અને કોલેજ પરિસરમાંથી દારૂની ખાલી બોટલો મળી આવી છે. રાજ્યમાં કાગળ પર દારૂબંધી હોવાના દાવાઓ વચ્ચે અને જ્યાં ભવિષ્યના ડોક્ટરો અભ્યાસ કરે છે તેવા સંકુલમાં દારૂની બોટલો ક્યાંથી અને કોના થકી આવે છે, તે સુરત મનપાના ભાજપ શાસકો, આરોગ્ય વિભાગ અને પોલીસ તંત્ર સામે મોટો પ્રશ્નાર્થ ઊભો કરે છે. રચના હીરપરાએ વધુમાં ઉમેર્યું હતું કે, દેશના વડાપ્રધાન અને ભાજપના નેતાઓ, ધારાસભ્યો કે કમિટીના ચેરમેનો સ્વચ્છતા અને સુરક્ષા અંગે માત્ર મોટા મોટા ભાષણો આપે છે અને જ્યાં પહેલેથી જ સફાઈ હોય ત્યાં માત્ર કેમેરા સામે ફોટો પડાવવા માટે હાથમાં ઝાડૂ લઈને સફાઈ અભિયાનનું નાટક કરે છે. આરોગ્ય મંત્રી આખા ગુજરાતમાં આરોગ્ય સુવિધાઓના મોટા બણગાં ફૂંકે છે અને ફાંકા-ફોજદારી કરે છે, પરંતુ પોતાના જ હોમ ટાઉનમાં આવી દયનીય પરિસ્થિતિ પ્રવર્તી રહી છે. જ્યાં ખરેખર સ્વચ્છતાની જરૂર છે ત્યાં ગંદકીનું સામ્રાજ્ય વ્યાપેલું છે, જે ભાજપ શાસકોની નિષ્ફળતા અને દંભી રાજનીતિને છતી કરે છે.

# ધારાસભ્યો માટે હવે ઓલ વેધર સ્વિમિંગ પુલ

ગાંધીનગર : જનતાના સેવકો એટલે કે ધારાસભ્યો માટે ગાંધીનગરના સેક્ટર-17માં 325 કરોડના ખર્ચે લક્ઝુરીયસ ફ્લેટની ટાઉનશીપ તૈયાર કરવામાં આવ્યા બાદ પ્રજાના પ્રતિનિધિઓ માટે વધુને વધુ સુવિધાઓ ઉમેરવામાં આવી રહી છે.

ધારાસભ્યોને નવરાશની પળોમાં સ્વીમીંગ પુલમાં સ્નાનની મજા માણવામાં પડતી અગવડોને ધ્યાનમાં રાખીને હવે એમએલએ કેમ્પસમાં સ્વીમીંગ પુલને ચોતરફથી કવર કરવામાં આવશે. આ પ્રકારે ઓલ વેધર સ્વીમીંગ પુલની સુવિધા આપવામાં આવશે. ગાંધીનગરના સેક્ટર-17માં આવેલા નવા MLA ક્વાર્ટરમાં ધારાસભ્યોને વધુ એક સુવિધા મળવા જઈ રહી છે. જીમ, સ્વીમીંગ પુલ, યોગ સેન્ટર, કેન્ટીન, મલ્ટી પર્પઝ હોલ, કોમ્યુનિટી હોલ, દવાખાનું, પ્રોવિઝન સ્ટોર જેવી સુવિધાઓ બાદ હવે સ્વિમિંગ પુલને ''ઓલ વેધર'' બનાવવા માટે તેની ઉપર વિશાળ સ્ટીલ સ્ટ્રક્ચરવાળું કવરિંગ તૈયાર કરાશે. આ કામગીરી પાછળ અંદાજે 80.46 લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. આ કામગીરી પૂર્ણ થયા બાદ સ્વિમિંગ પુલનો ઉપયોગ તડકો અને વરસાદ સહિત વિવિધ હવામાનની સ્થિતિમાં પણ વધુ સરળ બની શકશે. કવરિંગ માટે સ્ટીલ સ્ટ્રક્ચર, રૂફિંગ, ફાઉન્ડેશન, ફ્લોરિંગ, ટાઈલ્સ અને અન્ય જરૂરી કામગીરી કરવામાં આવશે. કામગીરી ત્રણ મહિનામાં પૂર્ણ કરવા લક્ષ્યાંક અપાયો છે. હાલ સ્વીમીંગ પુલ ખુલ્લો હોવાથી ધારાસભ્યો તેનો છૂટથી ઉપયોગ કરી શકતા નહીં હોવાની રજૂઆતો મળતાં સ્વીમીંગ પુલને કવર કરવા માટે આ કામગીરી હાથ ધરવામાં આવી છે. ઉપર શેડ બનશે જ્યારે સાઈડમાં પણ સેક્શન ઉભા કરીને પુલ, શાવર બાથ, ચેન્જીંગ રૂમ સહિતનો સમગ્ર પુલ એરીયા કવર કરી દેવામાં આવશે.

# 8 સપ્ટેમ્બરથી ગુજરાત વિધાનસભાનું સત્ર

ગાંધીનગર : ગુજરાત વિધાનસભાનું આગામી સત્ર 8 સપ્ટેમ્બર, 2026ના રોજ બપોરે 12 વાગ્યે મળશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ભારતીય બંધારણની કલમ 174(1) હેઠળ વિધાનસભાનું સત્ર બોલાવ્યું છે. આ અંગેનું સત્તાવાર જાહેરનામું ગુજરાત વિધાનસભા સચિવાલય દ્વારા 3 ઓગસ્ટ, 2026ના રોજ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલા જાહેરનામા મુજબ રાજ્યપાલે ગુજરાત વિધાનસભાને ગાંધીનગર સ્થિત વિધાનસભા હોલમાં 8 સપ્ટેમ્બર, 2026ના રોજ બપોરે 12 વાગ્યે મળવા માટે આહવાન કર્યું છે એટલે આગામી વિધાનસભા સત્રની સત્તાવાર તારીખ અને સમય નક્કી થઈ ગયા છે.

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દ્વારા જારી કરાયેલા આદેશમાં બંધારણની કલમ-174ની જોગવાઈ હેઠળ વિધાનસભાનું સત્ર બોલાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાત વિધાનસભા સચિવાલયના સચિવ ચેતન પંડ્યાના હસ્તાક્ષર સાથે આ જાહેરનામું પ્રસિદ્ધ થયું છે. જાહેરનામામાં જણાવ્યા પ્રમાણે, વિધાનસભાની બેઠક 8 સપ્ટેમ્બરના રોજ બપોરે 12 વાગ્યે ગાંધીનગરના વિધાનસભા હોલમાં યોજાશે.

આગામી વિધાનસભા સત્રમાં રાજ્યના વિવિધ મહત્વના મુદ્દાઓ પર સરકાર અને વિપક્ષ વચ્ચે ચર્ચા થવાની શક્યતા છે. ખાસ કરીને વરસાદ અને ખેતીને થયેલા નુકસાન, ખેડૂતોના પ્રશ્નો, સરકારી યોજનાઓ, શિક્ષણ, રોજગાર, આરોગ્ય અને રાજ્યના વિકાસલક્ષી કામો સહિતના મુદ્દાઓ ગૃહમાં ઉઠી શકે છે. સત્ર દરમિયાન સરકાર તરફથી વિવિધ વિધેયકો, સુધારા અને સરકારી કામગીરી સંબંધિત દરખાસ્તો ગૃહમાં રજૂ કરવામાં આવી શકે છે. બીજી તરફ વિપક્ષ પણ પ્રજાને લગતા વિવિધ પ્રશ્નો અંગે સરકાર પાસેથી જવાબ માંગી શકે છે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું કે, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગુજરાત વિધાનસભાના નવમા સત્રનું આહ્વાન કર્યું છે. 8, 9 અને 10 સપ્ટેમ્બર એમ ત્રણ દિવસ સુધી સત્ર ચાલશે. આ દરમિયાન સરકારી કામકાજ, સરકારી વિધેયકો, છેલ્લા દિવસનો પ્રસ્તાવ સહિતના કામો તેમજ કામકાજ સલાહકાર સમિતિ દ્વારા નક્કી કરવામાં આવનાર મુદ્દાઓ પર કાર્યવાહી થશે. સત્ર દરમિયાન ધારાસભ્યો પોતાના મતવિસ્તારના પ્રશ્નો રજૂ કરી શકે તે માટે સત્રના આહ્વાનની તારીખથી એક અઠવાડિયા સુધી ઓનલાઈન પ્રશ્નો રજૂ કરી શકશે.

# સંકુલોમાં જગ્યા હોવા છતાં બહાર પાર્કિંગ

ગાંધીનગર : જિલ્લા સેવા સદન (કલેક્ટર કચેરી) અને જિલ્લા કોર્ટ સંકુલમાં પાર્કિંગ માટે જગ્યા ઉપલબ્ધ હોવા છતાં યોગ્ય આયોજનના અભાવે દરરોજ અવ્યવસ્થાની સ્થિતિ સર્જાઈ રહી છે. વાહનોના આડેધડ પાર્કિંગ તેમજ પાર્કિંગ વિસ્તારમાં થયેલા દબાણોના કારણે માર્ગો અવરોધાતા અરજદારો, વકીલો, કર્મચારીઓ અને અધિકારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. કટોકટીના સમયે વાહન તાત્કાલિક બહાર કાઢવું પણ મુશ્કેલ બનતું હોવાની ફરિયાદ ઉઠી છે. દરરોજ મોટી સંખ્યામાં આ કચેરીઓમાં અરજદારો, વકીલો અને પક્ષકારો આવે છે. આ મુદ્દે કોંગ્રેસ સમિતિના વોર્ડ નં. 3ના પ્રમુખ મેહુલ પટેલે જિલ્લા વહીવટીતંત્રને રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે કલેક્ટર કચેરીને અડીને આવેલા પાર્કિંગ વિસ્તારમાં દબાણો દૂર કરીને પાર્કિંગ માટે યોગ્ય માર્કિંગ કરવામાં આવે તો હાલ ઉપયોગમાં ન આવતી જગ્યા કાર્યક્ષમ બની શકે. કોર્ટ સંકુલ, કલેક્ટર કચેરી અને પોસ્ટ ઓફિસમાં આવતા વાહનોનું પણ સુવ્યવસ્થિત પાર્કિંગ થઈ શકે તેમ છે.

# સામાખિયાળી-ભચાઉ ચૌહરીકરણ સેક્શનનું 05 અને 06 ઓગસ્ટે સીઆરએસ દ્વારા સુરક્ષા નિરીક્ષણ

## જનતાને રેલવે ટ્રેકથી સુરક્ષિત અંતર જાળવવાની અપીલ

પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં રેલવે અવસંરચનાના વિસ્તરણ અને આધુનિકીકરણ તરફ વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ નોંધાવા જઈ રહી છે. સામાખ્યાલી-ગાંધીધામ ચોહરીકરણ પ્રોજેક્ટ હેઠળ સામાખ્યાલી અને ભચાઉ સ્ટેશનો વચ્ચે નવી નિર્મિત 32.90 ટ્રેક કિલોમીટર લાંબી ત્રીજી અને ચોથી રેલ લાઈન પર યાત્રી રેલ સેવાઓ શરૂ કરવામાં આવે તે પહેલાં રેલવે સુરક્ષા આયુક્ત (Commissioner of Railway Safety - CRS) દ્વારા 05 અને 06 ઑગસ્ટ, 2026ના રોજ સંરક્ષા નિરીક્ષણ કરવામાં આવશે.નિરીક્ષણ દળમાં રેલવે સંરક્ષા આયુક્ત (પશ્ચિમ સર્કલ) શ્રી ઈ. શ્રીનિવાસ, અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ, મુખ્ય વહીવટી અધિકારી (નિર્માણ) શ્રી પ્રદીપ ગુપ્તા તેમજ નિર્માણ અને ઓપન લાઈન વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સામેલ રહેશે.05 ઑગસ્ટ, 2026ના રોજ સામાખ્યાલીથી ભચાઉ વચ્ચે ડાઉન લાઈન પર મોટર ટ્રોલી દ્વારા વિસ્તૃત સંરક્ષા નિરીક્ષણ કરવામાં આવશે, જ્યારે 06 ઑગસ્ટ, 2026ના રોજ ભચાઉથી સામાખ્યાલી વચ્ચે અપ લાઈન પર મોટર ટ્રોલી દ્વારા નિરીક્ષણ કરવામાં આવશે. ત્યારબાદ બંને નવી રેલ લાઈનો પર ઈલેક્ટ્રિક લોકોમોટિવ અને ઑબ્ઝર્વેશન કાર સાથે 120 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે એન્જિન સ્પીડ ટ્રાયલ હાથ ધરવામાં આવશે.જનતા માટે ખાસ અપીલ: સંરક્ષાને ધ્યાનમાં રાખીને તમામ નાગરિકો અને સ્થાનિક રહેવાસીઓને વિનંતી છે કે 05 અને 06 ઑગસ્ટ, 2026ના રોજ નિરીક્ષણ અને સ્પીડ ટ્રાયલ દરમિયાન સામાખ્યાલી-ભચાઉ રેલખંડની રેલવે લાઈન અને તેની આસપાસના વિસ્તારોથી સુરક્ષિત અંતર જાળવી રાખે તથા કોઈપણ સંજોગોમાં રેલવે ટ્રેક પાર ન કરે. આ દરમિયાન આ રેલખંડ પર 120 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ટ્રેનનું સંચાલન કરવામાં આવશે.પ્રોજેક્ટની મુખ્ય વિશેષતાઓ : કુલ 32.90 ટ્રેક કિલોમીટર નવી ત્રીજી અને ચોથી રેલ લાઈનનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં ડાઉન લાઈન 16.398 કિલોમીટર અને અપ લાઈન 16.502 કિલોમીટર લાંબી છે.મગ્ર 32.90 ટ્રેક કિલોમીટરમાં નવી રેલ લાઈનનું ટ્રેક લિંકિંગ અને બિછાવવાનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. પડકારજનક ભૌગોલિક પરિસ્થિતિઓમાં અંદાજે 6.25 લાખ ઘન મીટર અર્થવર્ક, 1.27 લાખ ઘન મીટર બ્લેન્કેટિંગ તથા 0.96 લાખ ઘન મીટર બેલાસ્ટ બિછાવવાનું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે.પ્રોજેક્ટ હેઠળ 4 મેજર પુલ અને 25 માઈનર પુલોનું નિર્માણ કરવામાં આવ્યું છે.સામાખ્યાલી, વોંધ અને ભચાઉ સ્ટેશનો પર જરૂરી રેલવે અવસંરચનાનો વિસ્તાર કરવામાં આવ્યો છે તથા ચોહરીકરણ પ્રોજેક્ટને અનુરૂપ 9 સમપાર ફાટકો (લેવલ ક્રોસિંગ)નું પણ વિસ્તરણ કરવામાં આવ્યું છે. યાત્રી રેલ સંચાલનની મંજૂરી આપતા પહેલાં રેલવે સુરક્ષા આયુક્ત દ્વારા ટ્રેકની ગુણવત્તા, સિગ્નલ અને દૂરસંચાર પ્રણાલી, પુલો, ઓવરહેડ ઈલેક્ટ્રિક સાધનો (OHE), ઈન્ટરલોકિંગ વ્યવસ્થા, ઓએમએસ પરીક્ષણ તેમજ અન્ય તમામ સંરક્ષા ધોરણોની વિગતવાર ચકાસણી કરવામાં આવશે. સાથે જ ઉચ્ચ ગતિએ સુરક્ષિત ટ્રેન સંચાલનની પણ તપાસ કરવામાં આવશે. પ્રાદેશિક વિકાસ અને કનેક્ટિવિટીને મળશે નવી મજબૂતી પશ્ચિમ રેલવે પોતાના રેલ નેટવર્કને વધુ સક્ષમ, સુરક્ષિત અને ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ બનાવવા સતત કાર્યરત છે. આ જ દિશામાં અમદાવાદ મંડળના સામાખ્યાલી-ભચાઉ રેલખંડ પર ચોહરીકરણ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ કચ્છ વિસ્તારમાં સતત વધી રહેલા રેલવે ટ્રાફિકના દબાણને ઘટાડવા તેમજ બંદર આધારિત માલપરિવહનને વધુ ઝડપી, સરળ અને કાર્યક્ષમ બનાવવા માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે. સામાખ્યાલી-ભચાઉ રેલખંડ કચ્છના ઔદ્યોગિક વિસ્તારો તેમજ કંડલા અને મુન્દ્રા બંદરોને દેશના મુખ્ય રેલવે નેટવર્ક સાથે જોડતો અત્યંત મહત્વપૂર્ણ માર્ગ છે. આ માર્ગ દ્વારા ભુજ, ગાંધીધામ, વાયોર અને આસપાસના વિસ્તારોમાંથી મોટા પાયે માલપરિવહન કરવામાં આવે છે.હાલમાં અમદાવાદ મંડળમાં સૌથી વધુ ગ્રોસ મિલિયન ટન (GMT) ટ્રાફિક આ જ રેલખંડ પરથી પસાર થાય છે. સતત વધી રહેલા રેલવે ટ્રાફિકને ધ્યાનમાં રાખીને આ માર્ગ પર વધારાની રેલ લાઈનોની જરૂરિયાત લાંબા સમયથી અનુભવાઈ રહી હતી. ચોહરીકરણ કાર્ય પૂર્ણ થતાં આ રેલખંડની લાઈન ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે, જેના કારણે ટ્રેનોનું સંચાલન વધુ સુરક્ષિત, સમયબદ્ધ અને સુવ્યવસ્થિત બની શકશે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### બુલેટ ટ્રેન સ્ટેશનનું નિર્માણ, ડેરીની ચૂંટણીમાં દીનુમામા રીપીટ

# વડોદરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 7ની બરાબર ઉપર બનશે બુલેટ ટ્રેન સ્ટેશન! વૃક્ષ જેવી હશે ડિઝાઈન

(એજન્સી) વડોદરા । તા. 04





અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત વડોદરા ખાતે આકાર લઈ રહેલા બુલેટ ટ્રેન સ્ટેશનનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે, જે મુસાફરોને રેલવે અને બુલેટ ટ્રેન વચ્ચે ઉત્તમ કનેક્ટિવિટી પૂરી પાડશે.

વડોદરા રેલવે સ્ટેશન અને પંડ્યા બ્રિજ નજીક નિર્માણાધીન આ સ્ટેશન મુસાફરો માટે ઉત્તમ મલ્ટી મોડલ કનેક્ટિવિટી પૂરું પાડશે. મુસાફરોને રેલવે અને બુલેટ ટ્રેન વચ્ચે સરળતાથી અવરજવર કરવાની સુવિધા મળે તે હેતુથી આ બુલેટ ટ્રેન સ્ટેશન હાલના વડોદરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 7ની બરાબર ઉપર બનાવવામાં આવી રહ્યું છે. આ અનોખા એકીકરણના કારણે મુસાફરો વિના કોઈ મુશ્કેલીએ બંને ટ્રેન સેવાઓ વચ્ચે સરળતાથી ઈન્ટરચેન્જ કરી શકશે.

આ સ્થળ પશ્ચિમ રેલવે સ્ટેશનની સાથે સાથે શહેરના મુખ્ય અને આંતરરાજ્ય બસ ડેપોની પણ નજીક હોવાથી મુસાફરોને બસ અને રેલવેની શ્રેષ્ઠ કનેક્ટિવિટી મળી રહેશે. વડોદરા શહેરની ઓળખ સમાન 'વડના વૃક્ષ' અને તેના પાંદડાઓની આકૃતિ પરથી આ સ્ટેશનની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. સ્ટેશનના આંતરિક ભાગોનું આયોજન એવી રીતે કરાયું છે કે સમગ્ર મુસાફર વિસ્તારમાં પૂરતો કુદરતી પ્રકાશ મળી રહે અને આંતરિક માળખામાંથી બહારના આકાશનું સુંદર દ્રશ્ય પણ જોઈ શકાય. મુસાફરોની આરામદાયક મુસાફરી અને સુવિધા માટે સ્ટેશન સંકુલમાં વિવિધ આધુનિક સુવિધાઓ પૂરી પાડવામાં આવશે, જેમાં સુસજ્જ પ્રતીક્ષાલય, શિશુ સંભાળ કક્ષ, આધુનિક રેસ્ટ રૂમ, રિટેલ આઉટલેટ્સ અને ટ્રાફિક વ્યવસ્થા માટે કાર, બસ તથા ઓટો માટે અલગ પાર્કિંગની વ્યવસ્થા સામેલ છે. બુલેટ ટ્રેન સ્ટેશનના નિર્માણ કાર્યમાં મોટી સફળતા મળતાં કોનકોર્સ, ટ્રેક અને પ્લેટફોર્મ સ્તરે સ્લેબ કાસ્ટિંગનું કામ પૂર્ણ કરી લેવામાં આવ્યું છે અને હાલમાં સ્ટીલ ઈરેકશનની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. બીજી તરફ, બરોડા ડેરીના ચેરમેન અને વાઈસ ચેરમેનની આજે યોજાયેલી ચૂંટણીમાં આખરે ઘીના ઠામમાં ઘી પડ્યું છે અને બંને હોદ્દેદારોને રીપીટ કરવામાં આવ્યા છે. હાઈકોર્ટના આદેશ બાદ ચાર મહિના પછી યોજાયેલી આ ચૂંટણીમાં ભાજપના 13 ડિરેક્ટરોની સર્વાનુમતે ભલામણ બાદ દીનુમામા ચેરમેન અને જી.બી. સોલંકી વાઈસ ચેરમેન તરીકે ફરી ચૂંટાઈ આવ્યા છે. આ નિર્ણય સાથે જ લાંબા સમયથી ચાલી રહેલા રાજકીય ગરમાવા પર પૂર્ણવિરામ મુકાયું છે.

## વડોદરા પાસે અનગઢ ગામે એટીએમ તોડનાર બે ઝડપાયા, રિક્ષામાં આવીને બેંક લૂંટવાનો પ્રયાસ



વડોદરા | વડોદરા નજીક આવેલા અનગઢ ગામે બેંક ઓફ બરોડાનું એટીએમ તોડવાનો નિષ્ફળ પ્રયાસ કરનાર બે કુખ્યાત શખ્સોને વડોદરા ક્રાઈમ બ્રાન્ચે આધુનિક ટેકનિકલ સર્વેલન્સ અને સીસીટીવી ફૂટેજની મદદથી ગણતરીના દિવસોમાં ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. ગત તારીખ ૨૯ મી જુલાઈના રોજ રાત્રિના સુમારે અંદાજે ત્રણ ને વીસ મિનિટે બનેલી આ ઘટનામાં કેટલાક ઈસમો દ્વારા એટીએમ મશીનને નુકસાન પહોંચાડીને ચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, ઉપર આવેલી હોસ્પિટલનો સ્ટાફ અવાજ સાંભળીને જાગી જતાં અને સુરક્ષા સાયરન વાગતા તસ્કરો મોકો જોઈને રિક્ષામાં બેસીને ફરાર થઈ ગયા હતા, જેના કારણે મોટી ચોરી થતી અટકી ગઈ હતી.આ ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ક્રાઈમ બ્રાન્ચની ટિમે સઘન તપાસ હાથ ધરી હતી. સીસીટીવી ફૂટેજ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ કરતા રાત્રિ બજાર પાસેથી સુરેશ કાંતિભાઈ પઢીયાર અને સંજય રાવજીભાઈ પઢીયાર નામના બે શખ્સોને રિક્ષા સાથે ઝડપી લેવામાં આવ્યા હતા.



## નારી વંદન ઉત્સવ-2026 અંતર્ગત નર્મદામાં 'બેટી બચાવો, બેટી પઢાવો દિવસ'ની ઉજવણી કરાઈ

(એજન્સી) રાજપીપળા । તા. 04

નારી વંદન ઉત્સવ-2026 અંતર્ગત 'બેટી બચાવો, બેટી પઢાવો દિવસ'ની ઉજવણી નિમિત્તે 181 અભયમ મહિલા હેલ્પલાઈન અને 1098 ચાઈલ્ડ હેલ્પલાઈન નર્મદા ટીમ દ્વારા રાજપીપળા કન્યા છાત્રાલય ખાતે મહિલા જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થિનીઓને 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાનના મુખ્ય ઉદ્દેશો અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. દીકરીઓના જન્મ, સુરક્ષા, શિક્ષણ અને સશક્તિકરણને પ્રોત્સાહન આપવા તેમજ તેમને સમાન અધિકારો, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને સુરક્ષિત વાતાવરણ ઉપલબ્ધ થાય તે હેતુથી આ જાગૃતિ ફેલાવવામાં આવી હતી જેથી તેઓ આત્મવિશ્વાસ સાથે જીવનમાં આગળ વધી સમાજના વિકાસમાં સક્રિય ભાગીદાર બની શકે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, 181 અભયમ મહિલા હેલ્પલાઈન નર્મદા ટીમ દ્વારા ઘરેલુ હિંસા, છેડતી, શોષણ અને સાયબર ગુનાઓ સહિત મહિલાઓ સામે સર્જાતી વિવિધ કટોકટીની પરિસ્થિતિમાં ઉપલબ્ધ ચોવીસ કલાક નિઃશુલ્ક ઈમરજન્સી પ્રતિસાદ સેવા, કાઉન્સેલિંગ, પોલીસ સહાય તથા કાનૂની માર્ગદર્શન વિશે વિદ્યાર્થિનીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

## નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય કૃમિ મુક્તિ દિવસનું આયોજન, કૃમિ મુક્તિ અભિયાન, બાળકોને દવા અપાશે

(એજન્સી) રાજપીપળા । તા. 04

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાષ્ટ્રીય કૃમિ મુક્તિ દિવસ અંતર્ગત આગામી દસમી ઓગસ્ટથી સત્તારમી ઓગસ્ટ, 2026 દરમિયાન સમગ્ર રાજ્યમાં કૃમિનાશક અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે નર્મદા જિલ્લામાં પણ શાળા અને આંગણવાડીના માધ્યમથી બાળકોને નિઃશુલ્ક દવા આપવામાં આવશે.

કૃમિ સંક્રમણના કારણે બાળકોમાં લોહીની ઉણપ, કુપોષણ, શારીરિક અને માનસિક વિકાસમાં અવરોધ તેમજ અભ્યાસમાં એકાગ્રતાનો અભાવ જેવી ગંભીર સમસ્યાઓ સર્જાઈ શકે છે. નિયમિત કૃમિનાશક દવાનું સેવન કરવાથી બાળકોનું આરોગ્ય સુધરે છે, પોષક તત્ત્વોનું યોગ્ય શોષણ થાય છે અને તેમની વૃદ્ધિ તથા સર્વાંગી વિકાસને પ્રોત્સાહન મળે છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ કાર્યક્રમ હેઠળ એકથી ઓગણીસ વર્ષ સુધીના તમામ બાળકો અને કિશોર-કિશોરીઓને આરોગ્ય કર્મચારીઓની દેખરેખ હેઠળ આલ્બેન્ડાઝોલ ગોળી ગળાવવામાં આવશે, તેમજ નવ મહિનાથી પાંચ વર્ષ સુધીના બાળકોને વિટામિન-એ સીરપ પીવડાવવામાં આવશે.

નર્મદા જિલ્લામાં આ અભિયાન દરમિયાન કુલ એક લાખ ચોસઠ હજાર ત્રણસો ઓગણીસ બાળકોને આવરી લેવાનો મહત્ત્વપૂર્ણ લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. આ માટે જિલ્લાની તમામ શાળાઓ, આંગણવાડીઓ અને આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા સંકલિત આયોજન કરવામાં આવ્યું છે, જેથી દરેક લાયક બાળક સુધી કૃમિનાશક દવા અને વિટામિન-એનો લાભ પહોંચાડી શકાય.

જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાના તમામ વાલીઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતાના બાળકોને આ રાષ્ટ્રીય કૃમિ મુક્તિ દિવસ અંતર્ગત આપવામાં આવતી આલ્બેન્ડાઝોલ ગોળી અને વિટામિન-એ સીરપનો લાભ અવશ્ય અપાવે.



## કેવડિયા-તણખલા માર્ગ પર પુનઃસ્થાપન કામગીરી પૂર્ણ : વાહન વ્યવહાર ફરી શરૂ

(એજન્સી) રાજપીપળા । તા. 04

નર્મદા જિલ્લામાં એકત્રીસમી જુલાઈ અને પહેલી ઓગસ્ટ દરમિયાન પડેલા ભારે વરસાદના કારણે કેવડિયા-તણખલા માર્ગ પર આવેલા ચાર ડાયવર્ઝનને ભારે નુકસાન પહોંચ્યું હતું, જેના કારણે આ માર્ગ પરનો વાહન વ્યવહાર અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યો હતો. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા કલેક્ટરશ્રી ગંગા સિંઘ દ્વારા સ્થળ મુલાકાત કરવામાં આવી હતી અને તાકીદના ધોરણે કામગીરી હાથ ધરીને રસ્તો વહેલી તકે વાહન વ્યવહાર માટે પૂર્વવત કરવા માટે સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી. માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) રાજપીપળાના અધિકારીઓ તથા ટેકનિકલ સ્ટાફની સતત દેખરેખ હેઠળ યુદ્ધના ધોરણે આ પુનઃસ્થાપન કામગીરી હાથ ધરવામાં આવી હતી. માત્ર સાઠ કલાકના અત્યંત ટૂંકા સમયગાળામાં દિવસ-રાત સતત મહેનત કરીને ક્ષતિગ્રસ્ત થયેલા ચારેય ડાયવર્ઝનની મરામત સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવી છે. આ ભગીરથ કામગીરી માટે છ જેસીબી, બે હિટાચી, બાર ડમ્પર, બે ક્રેન અને દસ ટ્રેક્ટર સહિતની ભારે મશીનરી તેમજ એકસો પચાસથી વધુ માનવબળની વિશેષ મદદ લેવામાં આવી હતી. આ ઉપરાંત બોલ્ડર્સ, રબલ, મેટલ, જીએસબી, વેટ મિક્સ તેમજ અઢાર સો મિમી, સોળ સો મિમી તથા બાર સો મિમી વ્યાસના પાઈપ સહિતની જરૂરી સામગ્રીનો ઉપયોગ કરીને મજબૂત કામગીરી કરવામાં આવી છે.

## પોર વડોદરા નજીક બળીયાદેવ મંદિર પાછળ મગર ફસાયો, 8 ફૂટના મહાકાય મગરનું સફળ રેસ્ક્યુ



વડોદરા | વડોદરા નજીક આવેલા પોર ગામમાં બળીયાદેવ મંદિરની પાછળના વિસ્તારમાં લોખંડની જાળીમાં ફસાયેલા આઠ ફૂટ લાંબા મહાકાય મગરને વન વિભાગના કુશળ રેસ્ક્યુઅરો દ્વારા ભારે જહેમત બાદ સુરક્ષિત રીતે બહાર કાઢીને નદીમાં છોડી દેવામાં આવ્યો છે. વર્તમાન સમયમાં નદીઓ અને આસપાસના જળાશયોમાં પાણીનું સ્તર વધવા તથા ઓસરવાની પ્રક્રિયા દરમિયાન જળચર પ્રાણીઓ માનવ વસ્તી તરફ આવી જવાના બનાવો સામાન્ય બન્યા છે. પોર વિસ્તારમાં પણ ઢાઢર નદીનું પાણી ભરાયેલું હોવાથી વન્યજીવોના વસવાટના વિસ્તારોમાંથી બહાર નીકળીને આવી જવાનું જોખમ સતત તોળાતું રહે છે. ગઈકાલે રાત્રિના સુમારે બળીયાદેવ મંદિરની પાછળના ભાગે એક વિશાળ મગર લોખંડની જાળીમાં ફસાઈ ગયો હતો. સ્થાનિક ગ્રામજનોની નજર પડતાં જ તેમણે તાત્કાલિક ધોરણે વન વિભાગ અને સ્થાનિક રેસ્ક્યુ ટીમને આ અંગે જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલા નિષ્ણાત રેસ્ક્યુઅર જીગ્નેશભાઈએ સાવચેતીપૂર્વક ઓપરેશન પાર પાડીને મગરને જરાય ઈજા ન થાય તે રીતે સુરક્ષિત રીતે પકડી લીધો હતો અને ત્યારબાદ તેને નજીકમાંથી વહેતી ઢાઢર નદીમાં હેમખેમ છોડી મુક્યો હતો.

### સાગબારામાં ઉજવણી, કલેક્ટરે સમીક્ષા કરી

# સ્વતંત્રતા પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી સાગબારામાં થશે



(એજન્સી) રાજપીપળા । તા. 04

ભારત દેશના સ્વતંત્રતા પર્વ પંદરમી ઓગસ્ટની જિલ્લા કક્ષાની ઉજવણી આ વર્ષે નર્મદા જિલ્લાના સાગબારા ખાતે આવેલી નવરચના હાઈસ્કૂલના મેદાન પર રાષ્ટ્રીય ગૌરવ અને ઉત્સાહભેર યોજાનાર છે, જેને લઈને તંત્ર દ્વારા પૂર્વ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી સુવ્યવસ્થિત, શિસ્તબદ્ધ અને ગૌરવપૂર્ણ રીતે સંપન્ન થાય તે સુનિશ્ચિત કરવાના હેતુથી જિલ્લા કલેક્ટરશ્રી ગંગા સિંઘના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેક્ટર કચેરી ખાતે એક ઉચ્ચસ્તરીય પૂર્વ તૈયારી સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સ્વતંત્રતા પર્વની ઉજવણીને લગતી વિવિધ કામગીરીઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી અને સંબંધિત વિભાગોને સ્પષ્ટ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ ભવ્ય ઉજવણી ગુજરાત સરકારના જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના રાજ્યમંત્રીશ્રી તથા નર્મદા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિમાં યોજાવાની છે.

યોજાયેલી આ સમીક્ષા બેઠકમાં કાર્યક્રમ સ્થળની વ્યવસ્થા, ધ્વજવંદન સમારોહ, સાંસ્કૃતિક કાર્યક્રમો, મહાનુભાવોનું આગમન, સુરક્ષા વ્યવસ્થા, વાહન વ્યવહાર, આરોગ્ય સેવાઓ, સ્વચ્છતા, વીજ પુરવઠો અને પીવાના પાણીની સુવિધા સહિતની તમામ આવશ્યક વ્યવસ્થાઓ અંગે સંબંધિત વિભાગોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરશ્રી ગંગા સિંઘે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય સેનાનીઓના ત્યાગ અને બલિદાનને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરવાનો અવસર છે, તેથી આયોજનમાં કોઈપણ પ્રકારની કચાશ ન રહે તેની વિશેષ કાળજી રાખવી જરૂરી છે.

આ સફળ આયોજન માટે વિવિધ વિભાગોના અધિકારીઓની અલગ-અલગ સમિતિઓની રચના કરીને જવાબદારીઓ સોંપવામાં આવી છે. કલેક્ટરશ્રીએ તમામ વિભાગોને પરસ્પર સંકલન સાથે કામ કરીને આ પર્વને યાદગાર બનાવવા આહ્વાન કર્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર.વી.વાળા, નાયબ વન સંરક્ષકશ્રી ગૌરવ પ્રજાપતિ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી પી.આર.પટેલ, નિવાસી અધિક કલેક્ટરશ્રી સી.કે.ઉંધાડ સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### નાગરિકો માટે આહ્વાન અને ભવિષ્યની રૂપરેખા

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ પાવન પર્વમાં નર્મદા જિલ્લાના નાગરિકો, વિદ્યાર્થીઓ, યુવાનો, સામાજિક સંસ્થાઓ અને વિવિધ ક્ષેત્રના આગેવાનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રાષ્ટ્રપ્રેમ તથા એકતાના આ અવસરમાં સહભાગી થવા માટે વિશેષ અનુરોધ કરવામાં આવ્યો છે.

મીડિયા અહેવાલ મુજબ, આ તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે જેથી ઉજવણીનો આ દિવસ સૌના માટે અવિસ્મરણીય બની રહે અને તમામ વ્યવસ્થાઓ સુચારુ રીતે પાર પડે.

### ડેમની મુલાકાત અને નિરીક્ષણ, પાણીની સારી આવક થઈ

# જિલ્લા કલેક્ટરશ્રી ગંગા સિંઘે ચોપડવાવ અને નાના કાકડીઆંબા ડેમની મુલાકાત લઈ સ્થિતિનું કર્યું નિરીક્ષણ

(એજન્સી) રાજપીપળા । તા. 04

નર્મદા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી થયેલા ભારે વરસાદના પગલે સાગબારા તાલુકાના ચોપડવાવ અને નાના કાકડીઆંબા ડેમમાં ઉપરવાસમાંથી પાણીની નોંધપાત્ર આવક થઈ છે, જેના પરિણામે ચોપડવાવ ડેમ તેની સંપૂર્ણ સપાટીએ ભરાઈ ગયો છે જ્યારે નાના કાકડીઆંબા ડેમ પણ સંપૂર્ણ સપાટીએ ભરાવાની તૈયારીમાં છે.

આ વર્તમાન પરિસ્થિતિને ગંભીરતાથી ધ્યાનમાં રાખીને જિલ્લા કલેક્ટરશ્રી ગંગા સિંઘે આજે બંને ડેમની પ્રત્યક્ષ સ્થળ મુલાકાત લીધી હતી અને પાણીની આવક, જળસંગ્રહની સ્થિતિ તેમજ સુરક્ષા વ્યવસ્થાનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર્યું હતું. તેમણે સંબંધિત વિભાગના અધિકારીઓ પાસેથી હાલની સ્થિતિ અંગેની વિગતવાર માહિતી મેળવી હતી.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, જિલ્લા કલેક્ટરશ્રીએ સ્થાનિક વહીવટી તંત્રને નીચાણવાળા વિસ્તારો પર સતત નજર



રાખવા, જરૂરી સાવચેતીના પગલાં લેવા તેમજ કોઈપણ આપાતકાલીન પરિસ્થિતિ સર્જાય તો તાત્કાલિક ધોરણે યોગ્ય કાર્યવાહી કરવા માટે સ્પષ્ટ સૂચનાઓ આપી છે.

કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે પ્રવર્તમાન વરસાદી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણપણે સતર્ક છે અને નાગરિકોની સુરક્ષા તંત્ર માટે સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

આ સંદર્ભમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને પણ ભારપૂર્વક અપીલ કરવામાં આવી છે કે તેઓ ડેમ, નદી કે પાણી ભરાયેલા વિસ્તારોની નજીક જવાનું ટાળે, તંત્ર દ્વારા આપવામાં આવતી તમામ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરે, કોઈપણ પ્રકારની અફવાઓથી દૂર રહીને માત્ર સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ રાખે અને પોતાની સલામતી જાળવી રાખે.

હવામાન અને જળ સંસાધન નિષ્ણાતોનું માનવું છે કે ઉપરવાસમાં થઈ રહેલા સતત વરસાદને કારણે જળાશયોમાં પાણીની આવક આગામી સમયમાં પણ જળવાઈ રહી શકે છે, જેને લઈને તંત્ર દ્વારા પૂરતી તકેદારી રાખવામાં આવી રહી છે.

મીડિયા અહેવાલ મુજબ, વહીવટી તંત્ર દ્વારા સ્થિતિ પર સતત બાજ નજર રાખવામાં આવી રહી છે જેથી નાગરિકોને કોઈપણ મુશ્કેલીનો સામનો ન કરવો પડે અને તમામ આપત્તિ વ્યવસ્થાપન ટીમોને એલર્ટ મોડ પર રાખવામાં આવી છે.

### સુરતમાં પૂર પછી ઝેરી સાપની એન્ટ્રી

## ડીંડોલીના રામીપાર્ક સોસાયટીમાં કોબ્રા ઘરમાં ઘૂસતા પરિવાર ગભરાયો

(એજન્સી) સુરત । તા. 04

સુરતમાં ભારે વરસાદ અને ખાડીપૂરની આફત ઓસર્યા બાદ પણ અસરગ્રસ્ત વિસ્તારોના લોકોની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ લેતી નથી, અને હવે પાણી ભરાવાથી સાપના દર પુરાઈ જતાં ઝેરી સાપ તેમજ અન્ય જીવજંતુઓ રહેણાંક વિસ્તારોમાં ઘૂસવા લાગ્યા છે.

પહેલા ઘરોમાં વરસાદી અને ખાડીનું પાણી ઘૂસ્યું, ત્યારબાદ ગંદકી અને દુર્ગંધે લોકોનું જીવન અસ્તવ્યસ્ત કર્યું, અને હવે ડિંડોલી સહિત અનેક વિસ્તારોમાં આવી જોખમી ઘટનાઓમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. ડિંડોલી, લિંબાયત, પર્વત ગામ અને ગોડાદરા જેવા અનેક અસરગ્રસ્ત વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી સાપ ઘરો, સોસાયટીઓ, રસ્તાઓ અને પાર્ક કરેલા વાહનોમાં જોવા મળી રહ્યા છે, જેના કારણે સ્થાનિકોમાં ભારે ભયનો માહોલ સર્જાયો છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, મંગળવારે ડિંડોલીની રામીપાર્ક સોસાયટીમાં એક



ઝેરી કોબ્રા રહેણાંક મકાનમાં ઘૂસી ગયો હતો, જેના કારણે પરિવારજનો અત્યંત ગભરાઈ ગયા હતા.

ઘરમાં કોબ્રા દેખાતા પરિવારજનોએ તાત્કાલિક બચાવ કામગીરી કરતી ટીમનો સંપર્ક કર્યો હતો. માહિતી મળતા જ રેસક્યુ માટે કામ કરતી સંસ્થાએ સમયસર પહોંચીને કોબ્રાનું સફળતાપૂર્વક રેસ્ક્યૂ કર્યું હતું. સમયસર બચાવ કામગીરી થવાના કારણે કોઈ જાનહાનિ કે મોટી દુર્ઘટના સર્જાઈ નહોતી, જેનાથી સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો છે.

### સ્પામાંથી કૂટણખાનું ઝડપાયું, સાત રૂપલલના મળી આવી

## રાજકોટમાં સ્પામાંથી કૂટણખાનું ઝડપાયું, સાત રૂપલલના મળી આવી

(એજન્સી) રાજકોટ । તા. 04

રાજકોટમાં સ્પાના ઓઠા હેઠળ ચાલતા અનૈતિક પ્રવૃત્તિઓના કૂટણખાનાનો વધુ એક વખત પર્દાફાશ થયો છે, જેમાં માલવીયાનગર પોલીસે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા વ્રજ કોમ્પ્લેક્ષના ત્રીજા માળે ધમધમતા 'ધ મોક્ષ સ્પા' પર દરોડો પાડીને સાત રૂપલલનાઓને ઝડપી પાડી છે.

રાજકોટમાં અગાઉ પણ સ્પાના ઓઠાં નીચે ચાલતા કૂટણખાનાઓ સામે પોલીસે ધોંસ બોલાવીને અનેક કાર્યવાહી કરી હતી, તેમ છતાં ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલુ રહી હોવાનું સામે આવ્યું છે. માલવીયાનગર પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.ડી. મારૂને મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે ડમી ગ્રાહક મોકલીને આ સ્થળની ખરાઈ કરી હતી અને ત્યારબાદ સફળ દરોડો પાડ્યો હતો. ડમી ગ્રાહક પાસેથી એન્ટ્રી ફીના એક હજાર રૂપિયા વસૂલ કરવામાં આવ્યા હતા અને અન્ય સર્વિસ માટે ચાર હજાર રૂપિયા લેવાતા હતા, જેમાંથી એક હજાર રૂપિયા યુવતીઓને આપીને બાકીના ત્રણ હજાર રૂપિયા



સંચાલક પોતાના પાસે રાખતો હતો. દરોડા દરમિયાન આ સ્થળે નેપાળ, મિઝોરમ અને આસામની સાત યુવતીઓ મળી આવી હતી, જેને નિયમ મુજબ પોલીસે સાક્ષી બનાવી છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ સ્પાની આડમાં મોટાપાયે અનૈતિક પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી રહી હતી. આ સમગ્ર રેકેટના મુખ્ય સંચાલક જીગર દીલીપ સચદેવ અને મેનેજર અરૂણ લોકેન્દ્ર બીસ્કો દરોડા વખતે હાજર મળી આવ્યા ન હતા, જેથી પોલીસે બંનેને વોન્ટેડ જાહેર કરીને પકડવાની તજવીજ હાથ ધરી છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. બાળકો તરફથી અણધાર્યા સમાચાર ખુશીની ક્ષણો લાવશે.

**વૃષભ : બ. વ. ઉ.**

દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશો તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે.

**મિથુન : ક. છ. ઘ.**

મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા.

**કર્ક : ડ. હ.**

વણજોઈતા વિચારો તમારા મગજમાં સ્થાન જમાવશે. તમારી જાતને શારિરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે.

**સિંહ : મ. ટ.**

મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. ઘરમાં કેટલાક ફેરફારો તમને ખાસ્સા સંવેદનશીલ બનાવી દેશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. લાંબા-ગાળાના દ્દષ્ટિકોણથી રોકાણ કરવું જરૂરી. છેલ્લા થોડા સમયથી તમારૂં અંગત જીવન તમારા ધ્યાનનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે-પમ આજે તમે સામાજિક જીવન પર ધ્યાન આપશો.

**તુલા : ર. ત.**

તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. સાચા અને ઉદાર પ્રેમ માટે તમને વળતર મળવાની શક્યતા છે.

**વૃશ્ચિક : ન. ય.**

આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારા પરિવારના સભ્યો તમારા પ્રયાસો તથા સમર્પણની સરાહના કરશે. પ્રેમાળ સંદેશ સાથે એજનો દિવસ મોજમજા અને આનંદથી ભરેલો છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારી રમૂજવૃત્તિ કોઈકને પોતાનામાં આ કૌશલ્ય વિકસાવવાનો ઉત્સાહ આપશે કેમ કે ખુશી ચીજ-વસ્તુઓ મેળવવામાં કે તેના સંગ્રહમાં નહીં પણ આપણી અંદર હોય છે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો.

**મકર : ખ. જ.**

યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

વધુ પડતો ઉત્સાહ તથા ધમાકેદાર જુસ્સો તમારા ચેતાતંત્રને અસર કરી શકે છે, આ બાબત ટાળવા માટે તમારી લાગણીઓ પર અંકુશ મુકો. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ.

**મીન : દ. ચ. ઝ. થ.**

એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો.

“ ઘોડા છૂટી ગયા બાદ તબેલાને તાળા મારવા “ નો કોઈ અર્થ રહેવા પામશે નહીં

# લુણાવાડા એસટી ડેપોમાં મસમોટા ખાડાથી મુસાફરો મુશ્કેલીમાં

| જગદીશ ત્રિવેદી| મહીસાગર

મહીસાગર જિલ્લાના વડા મથક લુણાવાડા એસટી સ્ટેન્ડમાં દિવસભર અસંખ્ય બસોની અવરજવર થતી જોવા મળે છે ત્યારે એસટી બસોની આવી અવરજવરથી લુણાવાનું એસટી સ્ટેન્ડ સતત ધમધમતું રહેવા પામતું હોય છે જ્યારે બીજી બાજુ મહિસાગર જિલ્લાના વિવિધ ગ્રામીણ વિસ્તારોની જનતા પણ પોતાના નાના-મોટા કામો માટે એસટી બસ મારફતે લુણાવાડા ખાતે અવર-જવર કરતી હોય છે. ત્યારે લુણાવાડા એસટી સ્ટેન્ડમાં છેલ્લા કેટલાય સમયથી એસટી સ્ટેન્ડની બિલકુલ મધ્યમાં મસમોટા તોતિંગ જોખમી ખાડાઓ જાણે કે કોઈ મોટી દુર્ઘટના કે અકસ્માતને નિમંત્રણ આપતા હોય એવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે ત્યારે આ જોખમી ખાડાઓમાંથી દિવસ ભર અસંખ્ય એસટી બસો, નાના મોટા વાહનો આ જોખમી ખાડાઓમાંથી પસાર થતાં ધડાકાભેર જમીન સાથે ટકરાઈને પસાર થતા હોવાનું જોવા મળી રહે છે જ્યારે બીજી બાજુ આ લુણાવાડા એસટી ડેપોના સત્તાધીશો જાણે કે અજાણ હોય તેમ આંખ આડા કાન કરીને મીઠી નીંદર માણી રહ્યા હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે ચોમાસાની ઋતુમાં આવા તોતિંગ ખાડાઓમાં પાણી ભરાઈ જતું હોવાથી વયોવૃદ્ધ તેમજ નાના બાળકોને આવા જોખમી ખાડાઓનો અંદાજ આવી શકવો કઠિન હોવાથી આવા તોતિંગ ખાડાઓમાં પડી જવાથી પડવા વાગવાનો ભય પણ સતત સતાવી રહ્યો છે જ્યારે બીજી બાજુ આવા મસમોટા ખાડાઓમાંથી એસટી બસો પસાર થતી હોવાથી બસોને પણ નુકસાન થવાની દહેશત સેવાઈ રહેવા પામી છે. ત્યારે આ બાબતે લુણાવાડા એસટી ડેપોના સત્તાધીશો તેમ જ લાગતા વળગતા તંત્રના સત્તાધીશો સૂચક મૌન ધારણ કરીને બેઠા હોય એવું જણાઈ રહ્યું છે ત્યારે યુદ્ધના ધોરણે લુણાવાડા એસટી ડેપોમાં પડેલા આ જોખમી અને મસ મોટા ખાડાઓની મરામત વ્યવસ્થિત રીતે હાથ ધરવામાં આવી તેવી મુસાફર જનતાની ઉગ્ર માગણી જોવા મળી રહી છે.



એસટી સ્ટેન્ડની મધ્યમાં પડેલા જોખમી મસ મોટા ખાડાઓમાંથી પસાર થતી એક બસનો આગળનો ભાગ પણ જમીન લેવલને અડકી જવા પામ્યો હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. ત્યારે વાહનો માટે તેમજ મુસાફર જનતા માટે આ જોખમી ખાડાઓ બાબતે

## બોડેલી માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તાઓની મરામત





| કમલેશ પટેલ. સંખેડા

બોડેલી માર્ગ અને મકાન વિભાગ દ્વારા છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકામાં વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓના સાઈડ શોલ્ડરનું તાત્કાલિક સમારકામ કરવામાં આવ્યું છે.છોટાઉદેપુર જિલ્લામાં પડેલા ભારે વરસાદને કારણે અનેક રસ્તાઓને નુકસાન થયું હતું, જેમાં સંખેડા વિસ્તારના સાઈડ શોલ્ડરમાં ધોવાણ થયું હતું. બોડેલી સ્ટેટ માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ તાત્કાલિક સ્થળ પર પહોંચી કામગીરી હાથ ધરી હતી. તેમણે ધોવાણ પામેલી જગ્યાએ માટી અને અન્ય જરૂરી સામગ્રી ભરીને રસ્તાઓને ફરીથી સુરક્ષિત બનાવ્યા હતા.તંત્રની આ ત્વરિત કાર્યવાહીથી વાહનચાલકોને મોટી રાહત મળી છે અને અકસ્માત થવાની શક્યતા પણ ઘટી છે. માર્ગ અને મકાન વિભાગે નાગરિકોને વરસાદ દરમિયાન સાવચેતીપૂર્વક વાહન ચલાવવા અપીલ કરી છે.

## આઈએલઆર કચેરીઓ શરૂ તો કરી દેવાઇ પરંતુ કર્મચારીની ઘટ વચ્ચે વહિવટી ગુચ વધી

ભાવનગર : ભાવનગર વિભાગમાં આઈએલઆરની વિવિધ ૧૧ કચેરી અલગથી કાર્યરત કરવામાં આવી છે. પરંતુ વહિવટી સરળતાનો અભાવ છે અને સુવિધા પણ નહીવત હોવાના કારણે લેન્ડ રેકોર્ડના કર્મચારીને વહિવટી અને આર્થિક મુશ્કેલીઓ વેઠવાનો વારો આવ્યો છે. જે અંગે વર્ગ-૩ના કર્મચારી મંડળ (યુનિયન) દ્વારા રજૂઆત થવા પામી છે.આઈએલઆર કચેરી અલગથી કરવાથી કર્મચારીના પગાર બ્લોક કે બંધ થવાની સ્થિતિ ઉભી થઈ છે. યોગ્ય બજેટ હેડ કે પગાર ચૂકવણીની સુદ્રઢ વ્યવસ્થા ન ગોઠવાવાના કારણે જુલાઈ માસનો પગાર હજુ સુધી થયો નથી, નવી કચેરી શરૃ કરાઈ છે. પરંતુ પુરતુ ફર્નિચરની સુવિધા ન હોવાથી કર્મચારી પ્રતિકૂળ પરિસ્થિતિમાં બેસીને કલાકો સુધી ફરજ બજાવે છે. રેકોર્ડની ફાઈલો, કિંમતી દસ્તાવેજોની હેરફેર માટે સત્તાવાર ભંડોળ કે વાહનની વ્યવસ્થા ન હોવાથી તમામ ટ્રાન્જેક્શન ખર્ચ માટે કર્મચારીઓને વ્યવસ્થા કરવી પડી રહી છે. પત્ર વ્યવહાર માટે જરૃરી ટપાલ, ટીકીટ, કાગળ, રજિસ્ટર અન્ય સ્ટેશનરીનો પણ અભાવ છે. પુરતા સ્ટાફ અને આધુનિક સંસાધનોના અભાવ વચ્ચે નવી કચેરીનું વહિવટી માળખું સંભાળવાનું હોવાથી કર્મચારીઓ પર કામનું ભારણ બમણું થઈ ગયું છે. સમયમર્યાદામાં કામ પુરૃ કરવાના દબાણના કારણે કર્મચારીઓ માનસિક તણાવ અનુભવી રહ્યા છે. આ તમામ વહિવટી વિસંગતતાઓને કારણે કર્મચારીઓની કાર્યક્ષમતા પર માઠી અસર પડી રહી છે અને તેમનામાં ભારે અસંતોષની લાગણી વ્યાપી ગઈ છે.

## ગારિયાધારના ૪ શખ્સને એક વર્ષની સજાનો હુકમ

ભાવનગર : ગારિયાધારમાં બે વર્ષ પૂર્વે ભત્રીજાને મારવાનું કહેનાર શખ્સોને ઠપકો આપવા ગયાની દાઝ રાખી બે ભાઈ પર થયેલા હુમલાના કેસમાં ચાર આરોપીને એક વર્ષ સાદી કેદની સજા અને રોકડ રકમનો દંડ ફટકારવામાં આવ્યો છે.ગારિયાધારમાં પાલિતાણા રોડ, જૈન સોસાયટી પાછળ રહેતા અવેશએહમદભાઈ ફારૂકભાઈ કાસમાણી ગત તા.૧૬-૬-૨૦૨૩ને રવિવારના રોજ સાંજના સમયે પોતાના ઘરે હાજર હતા. ત્યારે તેમના ભાઈ અમીનભાઈના સાત વર્ષના દિકરોને તે જ વિસ્તારમાં રહેતા અશરફ અજીજભાઈ કનાડ અને વસીમ અજીજભાઈ કનાડ નામના શખ્સોએ ‘તું અહીં ચાલતો નહીં નહીતર તને મારીશ’ તેમ કહેતા અવેશઅહેમદભાઈએ શખ્સોના ઘરે જઈ ઠપકો આપ્યો હોય, જે બાબતને લઈ ઉશ્કેરાઈ ગયેલા અજીજ કનાડ, અશરફ અજીજભાઈ કનાડ, રહીમ અજીજભાઈ કનાડ અને વસીમ અજીજભાઈ કનાડે છુટ્ટા પથ્થરના ઘા અને ધોકા, લોખંડના સળિયા વડે મારમારી અવેશએહમદભાઈ તેમજ સાહેદોને ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ગર્ભીત ધમકી આપી હતી. આ બનાવ અંગે બે મહિલા સહિત છ જણ સામે ગારિયાધાર પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. દરમિયાનમાં આ અંગેનો કેસ ગારિયાધારના જ્યુડી. મેજિ. ફર્સ્ટ ક્લાસ એચ.આર.ઠક્કરની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ આર.ડી. સેજુની ધારદાર દલીલો, રજૂ થયેલા આધાર-પુરાવા વગેરેને ગ્રાહ્ય રાખી વિદ્વાન ન્યાયમૂર્તિએ આરોપીઓ અજીજ કનાડ, અશરફ કનાડ, રહીમ કનાડ અને વસીમ કનાડને તકસીરવાન ઠેરવી એક વર્ષ સાદી કેદની સજા અને રોકડ રકમનો દંડ ફટકાર્યો છે. દંડની રકમમાંથી ફરિયાદીને પાંચ હજાર રૂપિયા ચૂકવવા તેમજ જો દંડ ન ભરે તો વધુ એક માસ સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો છે.

## યુવા શિક્ષકો માટે સરકારી પોલીટેકનિક પાલનપુરમાં મુલાકાતી વ્યાખ્યાતા બનવાની સુવર્ણ તક

માહિતી બ્યુરો, પાલનપુર : પાલનપુર સ્થિત સરકારી પોલીટેકનિક ખાતે શિક્ષણ ક્ષેત્રે સેવા આપવા ઈચ્છુક લાયકાત ધરાવતા યુવા શિક્ષકો માટે એક ઉત્તમ તક ઉપલબ્ધ બની છે. જીટીયુના જૂન/જુલાઈ- ૨૦૨૬થી શરૂ થતા ODD (એકી) શૈક્ષણિક સત્ર દરમિયાન સંસ્થામાં શૈક્ષણિક કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે સંપૂર્ણપણે કામચલાઉ ધોરણે મુલાકાતી વ્યાખ્યાતાઓની નિમણૂક કરવામાં આવશે.આ માટે ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ગણિતશાસ્ત્ર, અંગ્રેજી અને ભૌતિકશાસ્ત્ર વિષયોમાં જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. રસ ધરાવતા ઉમેદવારોએ પોતાની અરજી સાથે જરૂરી શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો તેમજ અનુભવના પ્રમાણપત્રોની (જો હોય તો) સ્વ-પ્રમાણિત નકલો જોડીને રૂબરૂ અથવા સ્પીડ પોસ્ટ દ્વારા આચાર્યશ્રી, સરકારી પોલીટેકનિક, માલણ ગેટ બહાર, અંબાજી રોડ, પાલનપુર-૩૮૫૦૦૧ના સરનામે મોકલી આપવાની રહેશે.સંસ્થા દ્વારા હાલની તેમજ સમગ્ર શૈક્ષણિક સત્ર દરમિયાન ઉભી થનારી મુલાકાતી વ્યાખ્યાતાઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અરજીઓ સતત સ્વીકારવામાં આવશે. શૈક્ષણિક જરૂરિયાત મુજબ સમયાંતરે ઈન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવશે. ઈન્ટરવ્યૂ માટે શૈક્ષણિક લાયકાતની પાત્રતા ધરાવતા અને ઈન્ટરવ્યૂના આગલા દિવસ સુધી સંસ્થામાં અરજી પ્રાપ્ત થયેલ ઉમેદવારોને જ બોલાવવામાં આવશે.

અબડાસા યુથ કોંગ્રેસ અને રાજીવ ગાંધી પંચાયતી રાજ સંગઠનનો અનોખો ઉપક્રમ

# નરેડીમાં કોંગ્રેસના વિજેતા સભ્યોનો ભવ્ય સન્માન સમારોહ

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

અબડાસા તાલુકા યુથ કોંગ્રેસ તથા રાજીવ ગાંધી પંચાયતી રાજ સંગઠનના સંયુક્ત ઉપક્રમે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષમાંથી વિજયી થયેલા તાલુકા પંચાયતના સભ્યોના સન્માનાર્થે નરેડી ગામે ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો, કાર્યકરો અને શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા. સમારોહ દરમિયાન કોંગ્રેસના વિજેતા જનપ્રતિનિધિઓને શાલ ઓઢાડી, સન્માનપત્ર તેમજ પુષ્પગુચ્છ અર્પણ કરી તેમનું ઉષ્માભર્યું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત આગેવાનોએ વિજેતા સભ્યોને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મળેલો વિજય કોંગ્રેસ પક્ષની લોકહિતની વિચારધારા, કાર્યકરોની અથાગ મહેનત અને જનતાના અતૂટ વિશ્વાસનું પરિણામ



છે.વક્તાઓએ જણાવ્યું હતું કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકોની અપેક્ષાઓ પર ખરા ઉતરી વિકાસલક્ષી કાર્યોને પ્રાથમિકતા આપશે તેમજ જનહિતના પ્રશ્નોને વાચા આપવા સતત કાર્યરત રહેશે. કોંગ્રેસ પક્ષને વધુ સંગઠિત અને મજબૂત બનાવવા માટે કાર્યકરોને એકજૂટ થઈને જનસેવાના કાર્યોમાં જોડાવા પણ આહ્વાન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ અંતે તમામ વિજેતા સભ્યોએ જનતાએ મૂકેલા વિશ્વાસને સાર્થક કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## પાલનપુર ખાતે મહિલા રોજગાર ભરતીમેળો યોજાયો ૨૪૮ ઉમેદવારોએ ભાગ લીધો, ૧૦૮ને નોકરીની ઓફર મળી

માહિતી બ્યુરો, પાલનપુર: જિલ્લા રોજગાર કચેરી, પાલનપુર દ્વારા મહિલા ઉમેદવારીઓને રોજગારની વધુમાં વધુ તકો ઉપલબ્ધ કરાવવાના હેતુથી મહિલા રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભરતીમેળામાં એમ.આર.એફ. ટાયર્સ લિમિટેડ, ભરૂચ, ટાટા મોટર્સ પ્રા. લિ., સાણંદ, એવન્યુ સુપર માર્ટ (ડી-માર્ટ), પાલનપુર, ડેલ્ટા ઈન્ફોસોફ્ટ પ્રાઈવેટ લિમિટેડ, પાલનપુર, સોફ્ટ-ટેક સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ, ચડોતર તથા તનુ મોટર્સ પ્રા. લિ., પાલનપુર સહિત કુલ ૬ નોકરીદાતાઓએ ભાગ લીધો હતો.આ ભરતીમેળામાં બનાસકાંઠા જિલ્લાના કુલ ૨૪૮ મહિલા ઉમેદવારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઈન્ટરવ્યૂ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વિવિધ કંપનીઓ દ્વારા કુલ ૧૦૮ મહિલા ઉમેદવારીઓને નોકરીની ઓફર આપવામાં આવી હતી. આ ભરતીમેળો જિલ્લાના મહિલા ઉમેદવારીઓને ઘરઆંગણે રોજગારની તક ઉપલબ્ધ કરાવવાના દિશામાં મહત્વપૂર્ણ સાબિત થયો હતો. આ પ્રસંગે પાલનપુર નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી સુનિતાબેન પટેલે ઉપસ્થિત રહી મહિલા ઉમેદવારીઓને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, મહિલાઓએ સમયની માંગને અનુરૂપ વિવિધ કૌશલ્યો (સ્કિલ્સ) પ્રાપ્ત કરીને આત્મનિર્ભર બનવું જોઈએ તેમજ સતત જ્ઞાન અને કૌશલ્યમાં વધારો કરીને જીવનમાં સફળતાના નવા શિખરો સર કરવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. જિલ્લા રોજગાર અધિકારી શ્રી એમ. જે. પ્રજાપતિએ જણાવ્યું હતું કે, જિલ્લા રોજગાર કચેરી દ્વારા નિયમિત યોજાતા રોજગાર ભરતીમેળાઓ સ્થાનિક મહિલાઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યા છે. આવા ભરતીમેળાઓના માધ્યમથી મહિલાઓને ઘરઆંગણે રોજગારની તકો ઉપલબ્ધ થઈ રહી છે અને ભવિષ્યમાં પણ આ પ્રકારના ભરતીમેળાઓનું આયોજન સતત કરવામાં આવશે. નોકરીમાં જોડાયા બાદ પણ મહિલાઓએ સતત નવી સ્કિલ્સ વિકસાવવી, કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) સહિતના આધુનિક અભ્યાસક્રમોનો લાભ લેવો તેમજ પોતાની કાર્યક્ષમતામાં વધારો કરવો જરૂરી છે, જેથી કારકિર્દીમાં પ્રગતિ અને પ્રમોશનની વધુ સારી તકો પ્રાપ્ત થઈ શકે.આ મહિલા રોજગાર ભરતીમેળાના સફળ આયોજન માટે જિલ્લા રોજગાર કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

વાહન ચાલકો અકસ્માતની ભીતી વ્યક્ત કરી

## દેલમાલ સોઢવ રોડની બંન્ને સાઈડ પર બાવળના ઝુંડ જામ્યા

| નિતીન ઠાકર | ચાણસ્મા

ચોમાસામાં રોડની સાઈડો માં દેશી બાવળના ડાળા વધી જવાની સમસ્યા સાથે. ડાળાં ઝાંખળાં ની સમસ્યા. વાહન ચાલકો માટે માથાના દુઃખાવા સમાન બને છે ત્યારે ચાણસ્મા થી ઘરમોડા. રામગઢ સુધીના હાઈવે રોડની બંન્ને બાજૂની સાઈડો ઝાડી ઝાંખળાં દેશી બાવળના ડાળાં રોડ પર આવી જતાં હાઈવે રોડ પર પસાર થતા વાહનો માટે આ સમસ્યા માથાના દુઃખાવા સમાન બની છે જ્યારે દેલમાલથી સોઢવ સેઢાલ- સેંઘા .રોડ પરની સાઈડોના. બાવળોના ડાળાં રોડ પર આવી જતાં રોડ પર આવનજાવન કરતાં વાહનો નો ને સાઈડો લેવામાં મુશ્કેલી પડી રહી છે અને સામે આવતું વાહન બાવળના બધી ગયેલાં ડાળાં રોડ પર આવવાના કારણે નહી દેખાવ માન કારણે અકસ્માત થવાની દહેશત વ્યક્ત કરી રહ્યા છે ત્યારે જવાબદાર તંત્ર દ્વારા રોડની સાઈડો પર વધી રહેલા બાવળોના ડાળાં ઝાડી ઝાંખળાં સાફ કરાવાય તેવી માંગ ઉચ્ચારી છે



તીર્થધામોના દર્શન કરી ધન્યતા અનુભવી

## ભુજ બ્રહ્મ સમાજ સિનિયર સિટિઝન ક્લબના 121 વડીલોએ શ્રદ્ધાભેર પૂર્ણ કરી સાળંગપુર-ગઢડા-બગદાણા યાત્રા



જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

બ્રહ્મ સમાજ ભુજ સિનિયર સિટિઝન ક્લબ દ્વારા તા. 30 અને 31 જુલાઈ દરમિયાન 121 વડીલો માટે સાળંગપુર, ગઢડા, ભગુડા ધામ, બગદાણા, ખોખરા હનુમાન, મોરબી ઉમિયા ધામ અને પરશુરામ ધામની બે દિવસીય આધ્યાત્મિક યાત્રાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ યાત્રા સૌરાષ્ટ્ર-કચ્છ બ્રહ્મ સમાજના ટ્રસ્ટી એડવોકેટ શ્રી એચ. એલ. અજાણીના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. યાત્રાસંઘ મોરબી પહોંચતા જિલ્લા પ્રમુખ શ્રી દવે સાહેબ તથા પરશુરામ ધામના પ્રમુખ હસુભાઈ પંડ્યાએ વડીલોનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. પરશુરામ ધામ ખાતે દેવદર્શન અને મહાપ્રસાદનો લાભ લીધા બાદ બે બસ દ્વારા યાત્રાસંઘ સાળંગપુર માટે રવાના થયો હતો.સાળંગપુર ખાતે કષ્ટભંજન દેવ હનુમાનજીની આરતીના દિવ્ય દર્શન કરી વડીલોએ ભક્તિભાવનો અનોખો અનુભવ કર્યો હતો. રાત્રિ રોકાણ બાદ બીજા દિવસે ફરી દર્શન કરી યાત્રાસંઘ ગઢડા પહોંચ્યો, જ્યાં ઐતિહાસિક સ્વામિનારાયણ મંદિરમાં પૂજા-અર્ચના કરવામાં આવી હતી. ત્યારબાદ ભગુડા ધામ અને બગદાણા ખાતે બજરંગદાસ બાપાના ધામમાં દર્શન કરી મહાપ્રસાદ ગ્રહણ કર્યા બાદ યાત્રાસંઘ કચ્છ તરફ પરત ફર્યો હતો.પરત ફરતી વખતે મોરબી ઉમિયા ધામ ખાતે ઉમેશભાઈ આચાર્ય દ્વારા તેમજ નિરંજન બાપુ આશ્રમમાં સૌ માટે પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પ્રસંગે પૂજ્ય નિરંજનદાસ બાપુનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

કિશોરીઓને સ્વાસ્થ્ય, માસિક સ્વચ્છતા, પોષણ અને આયુષ્માન ભારત યોજના અંગે અપાઈ ઉપયોગી માહિતી

# રવાપરની સ્વ. કે.એસ. પટેલ સરકારી હાઈસ્કૂલમાં ‘નારી વંદન ઉત્સવ’ અંતર્ગત બેટી બચાવો-બેટી પઢાવો દિવસની ઉજવણી

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

રવાપર ગામ ખાતે આવેલી સ્વ. કે.એસ. પટેલ સરકારી હાઈસ્કૂલમાં ‘નારી વંદન ઉત્સવ’ અંતર્ગત બેટી બચાવો-બેટી પઢાવો દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનો મુખ્ય હેતુ કિશોરીઓમાં આરોગ્ય, સ્વચ્છતા, પોષણ અને શિક્ષણ અંગે જાગૃતિ લાવવાનો હતો. કાર્યક્રમ દરમિયાન પર્સનલ હાયજીન અને મેન્સ્ટ્રુઅલ હાયજીન અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. માસિક દરમિયાન ઉપયોગમાં લેવાતા વિવિધ સ્વચ્છતા સાધનો, તેમની યોગ્ય ઉપયોગ પદ્ધતિ તેમજ સ્વચ્છતા જાળવવાના મહત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. કિશોરીઓને પોષણયુક્ત આહારનું મહત્વ સમજાવવામાં આવ્યું તેમજ આયર્નની ઉણપ દૂર કરવા માટે IFA ટેબલેટના નિયમિત સેવન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ ઉપરાંત વાહકજન્ય રોગો, એન્ટી લાર્વલ પ્રવૃત્તિ, દુષિત પાણી અને ખોરાકથી ફેલાતા રોગો, ટીબી મુક્ત ભારત અભિયાન તેમજ PMJAY



(આયુષ્માન ભારત) યોજના હેઠળ આયુષ્માન કાર્ડની ઉપયોગિતા અને તેને મેળવવાની પ્રક્રિયા અંગે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ પ્રસંગે MPHS શ્રી એસ. એ. પીંજારાએ જણાવ્યું હતું કે, “કિશોરીઓનું સ્વાસ્થ્ય, યોગ્ય પોષણ અને વ્યક્તિગત સ્વચ્છતા તેમના સર્વાંગી વિકાસનો આધાર છે. માસિક સ્વચ્છતા અંગેની સાચી સમજણ અને આરોગ્ય પ્રત્યેની જાગૃતિ અનેક રોગોથી બચાવે



છે. દરેક કિશોરી સ્વસ્થ, સશક્ત અને આત્મનિર્ભર બને તે માટે આવા જાગૃતિ કાર્યક્રમો સમયની માંગ છે.”કાર્યક્રમમાં FHW શ્રી રવાપર-૨, CHO શ્રી રવાપર-૧ અને ૨, MPHS શ્રી એસ. એ. પીંજારા તેમજ FHS શ્રીમતી ચંપાબેન સી. રાઠોડ દ્વારા વિવિધ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ આરોગ્ય અને સ્વચ્છતા અંગેની ઉપયોગી માહિતી મેળવી હતી.

ગૌશાળાઓની હડતાલ

## ૩૫૦ નિરાધાર અને બીમાર મૂકપશુની સ્થિતિ દયનિય

ભાવનગર : બીમાર ગાયો અને અન્ય પશુઓની સારવારના કારણે થતી પોલીસ ફરિયાદ સામે સ્વબચાવ માટે ગૌશાળાઓ અને ગૌ સેવકો હડતાલ પર ઉતર્યા છે. આ કારણે નવા બીમાર પશુઓને સ્વીકારવાનું બંધ કરાતા ભાવનગર જિલ્લામાં ૩૫૦ નિરાધાર અને બીમાર મૂકપશુની સ્થિતિ દયનિય બની છે.જિલ્લામાં સર્જાયેલી ગંભીર સમસ્યા અંગે વાવડી, શોભાવડ અને રાજપરા (ઠા.)ના સરપંચોએ કલેક્ટરને લેખિતરમાં રજૂઆત કરી છે. જેમાં જણાવ્યું છે કે, જિલ્લામાં નિઃસ્વાર્થ ભાવે બીમાર ગાયોની સેવા કરતી ગૌશાળાઓ અને ગૌ સેવકો પર બીમાર ગાયો તેમજ અન્ય પશુઓની સારવારના કારણે પોલીસ ફરિયાદ થતી હોવાથી ગૌશાળાઓ અને ગૌ સેવકો હડતાલ પર છે. આ કારણે બીમાર કે અકસ્માતનો ભોગ બનેલી ૩૫૦ ગાયોની સ્થિતિ ખૂબ જ ખરાબ છે. રસ્તામાં રખડતી બીમાર ગાયોની સમયસર સારવાર થઈ શકતી નથી. તેમને આશ્રય મળતો ન હોવાથી મૂકપશુઓ અસહ્ય પીડા ભોગવી રહ્યા છે. ૧૪ ગૌવંશના મૃત્યુ પણ થયા છે. જેના કારણે જીવદયાપ્રેમીઓમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે. રસ્તા પર બીમાર પશુઓ હોવાના કારણે ટ્રાફિકની સમસ્યા અને અકસ્માતોના જોખમો વધી ગયા છે. આવા સંજોગોમાં સરકાર તરફથી ગૌશાળાના સંચાલકો સાથે સકારાત્મક વાટાઘાટો કરી હડતાલનો સુખદ અંત લવાઈ તેમજ જિલ્લાની પશુચિકિત્સક ટીમ દ્વારા રોડ પર રખડતી બીમાર ગાયોને સ્થળ પર જ સારવાર મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે તેવી માંગણી કરાઈ છે.

## અબજો રૂપિયાનો આંતરરાષ્ટ્રીય કોન્ટ્રાક્ટ પ્રાપ્ત

# એલ એન્ડ ટી દ્વારા વિશાળ પ્રોજેક્ટ મેળવવાની સિદ્ધિ

નવી દિલ્હી: ભારતની અગ્રણી એન્જિનિયરિંગ અને કન્સ્ટ્રક્શન કંપની લાર્સન એન્ડ ટુબ્રોની શાખા એવી એલ એન્ડ ટી એનર્જી હાઈડ્રોકાર્બન ઓફશોર દ્વારા મધ્ય પૂર્વમાં આવેલી જાણીતી સંસ્થા એડનોક ઓફશોર પાસેથી એક અત્યંત વિશાળ અને પ્રતિષ્ઠિત અલ્ટ્રા-મેગા પ્રોજેક્ટ મેળવવામાં આવ્યો છે. આ ભવ્ય સફળતાથી વૈશ્વિક સ્તરે ભારતીય કંપનીઓની ક્ષમતા અને પ્રતિષ્ઠામાં વધુ એક સીમાચિહ્ન ઉમેરાયું છે.કંપનીના પ્રોજેક્ટ વર્ગીકરણ પ્રણાલી મુજબ, પંદર હજાર કરોડ રૂપિયાથી વધુની કિંમત ધરાવતા ઓર્ડરને અલ્ટ્રા-મેગા શ્રેણીમાં સ્થાન આપવામાં આવે છે. અગાઉના સમયમાં સિગ્નિફિકન્ટ, લાર્જ, મેજર અને મેગા જેવી વિવિધ શ્રેણીઓ હેઠળ પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવતા હતા, પરંતુ આ વખતે એલ એન્ડ ટી દ્વારા પંદર હજાર કરોડથી પણ અધિક મૂલ્યનો મોટો કોન્ટ્રાક્ટ મેળવવામાં આવ્યો છે, જે કંપનીની મજબૂત નાણાકીય અને તકનીકી સ્થિતિ દર્શાવે છે.આ પ્રોજેક્ટમાં અનેકવિધ ઓફશોર સુવિધાઓનો વિકાસ કરવાનો સમાવેશ થાય છે. એલ એન્ડ ટી ઓફશોર આ પ્રોજેક્ટમાં અગ્રણી ભાગીદાર તરીકે કન્સોર્ટિયમ વ્યવસ્થા દ્વારા વિકાસ કાર્યોને અંજામ આપશે. એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ, કન્સ્ટ્રક્શન, ઈન્સ્ટોલેશન અને કમિશનિંગ જેવી મહત્વપૂર્ણ કામગીરી કંપની દ્વારા પોતાના ફેબ્રિકેશન યાર્ડ્સમાં પૂર્ણ કરવામાં આવશે, જેનાથી ક્ષેત્રમાં કંપનીનો પ્રભાવ વધુ મજબૂત થશે.આ ઓર્ડર મળવા અંગે ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર એસ એન સુબ્રહ્મણ્યને ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આ એવોર્ડ ગ્રાહકોનો એલ એન્ડ ટીની એન્જિનિયરિંગ શ્રેષ્ઠતા અને સમયસર જટિલ પ્રોજેક્ટ્સ પૂરા કરવાની પ્રતિબદ્ધતા પરનો અતૂટ વિશ્વાસ દર્શાવે છે. અંદાજે બત્રીસ અબજ ડોલરનું ટર્નઓવર ધરાવતી આ વૈશ્વિક બહુભાષી કંપની છેલ્લા ચાર દાયકાઓથી વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહી છે અને આગામી સમયમાં પણ આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું નામ રોશન કરતી રહેશે.

# યુરોગ્રીપ ટાયર્સે ત્રણ નવા એક્સક્લુઝિવ સ્ટોર્સ સાથે એક્સક્લુઝિવ બ્રાન્ડેડ રિટેલ નેટવર્કને મજબૂત બનાવ્યું

(એજન્સી) મહેસાણા | તા 04

ભારતમાં 2 અને 3 વ્હીલર ટાયર ક્ષેત્રમાં TVS શ્રીચક્ર લિમિટેડની અગ્રણી બ્રાન્ડ યુરોગ્રીપ ટાયર્સે આજે ગુજરાતના મહેસાણા, ઉત્તરપ્રદેશના નોઈડા અને બરેલીમાં તેના ત્રણ નવા એક્સક્લુઝિવ રિટેલ સ્ટોર્સના ઉદ્ઘાટનની જાહેરાત કરી છે, જેનાથી સ્ટોર્સની કુલ સંખ્યા વધીને 19 થઈ ગઈ છે. આનાથી ગ્રાહકોને ટાયર અને 2 વ્હીલર સંબંધિત સંભાળનો સંપૂર્ણ અનુભવ આપવાની કંપનની પ્રતિબદ્ધતા



વધુ મજબૂત થઈ છે. યુરોગ્રીપ ટીમના સભ્યો અને વ્યવસાયિક ભાગીદારો સહિત પ્રતિષ્ઠિત મહેમાનોની ઉપસ્થિતિમાં નવા રિટેલ આઉટલેટ્સનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. TVS શ્રીચક્ર લિમિટેડના ચીફ ઓપરેટિંગ ઓફિસર શ્રી ટી.કે. રવિએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, "યુરોગ્રીપ ખાતે, અમે અમારા ગ્રાહકોને ઉચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદનો અને વિશ્વસનીય સેવાઓ આપવા માટે પ્રતિબદ્ધ છીએ. ત્રણ નવા એક્સક્લુઝિવ સ્ટોર્સ શરૂ કરીને અમે ચાલુ રાખેલું વિસ્તરણ સમગ્ર ભારતમાં મુખ્ય બજારોમાં અમારી હાજરીને મજબૂત બનાવવાની અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આ સ્ટોર્સ દ્વારા, અમે નિષ્ણાત માર્ગદર્શન અને વ્યાવસાયિક સેવાઓ દ્વારા સમર્થિત ટાયરની અમારી સંપૂર્ણ રેન્જ પૂરી પાડીએ છીએ, જે આ બજારોમાં રાઈડર્સ માટે શ્રેષ્ઠ અનુભવ સુનિશ્ચિત કરે છે."નવા શરૂ કરવામાં આવેલા સ્ટોર્સમાં યુરોગ્રીપના વિવિધ પેટર્ન અને કદના ટાયરની રેન્જ ઉપલબ્ધ હોવાની સાથે સાથે ટુ-વ્હીલર્સની વ્યાપક રેન્જને અનુરૂપ ડિઝાઈન કરવામાં આવેલી ટ્યુબ પણ ઉપલબ્ધ છે.

## Viએ એક્સક્લૂઝિવ પાર્ટનરશિપ કરીને એના પ્રીપેઇડ યુઝર માટે સ્પોટિફાય પ્રીમિયમની સુવિધા આપી

નવી દિલ્હી : અગ્રણી ટેલીકૉમ ઑપરેટર Vi આજે ત્રણ નવા પ્રીપેઇડ રિચાર્જ પ્લાન લૉંચ કરવાની જાહેરાત કરી હતી, જેમાં કોઈ વધારાના ખર્ચ વિના સ્પોટિફાય પ્રીમિયમનો લાભ મળે છે. આ ત્રણેય પ્લાનમાં સિંગલ રિચાર્જમાં પ્રીમિયમ મ્યુઝિક, મનોરંજન અને સંવર્ધિત ડેટા બેનિફિટ મળે છે, જે તેમને મ્યુઝિક બેનિફિટ સાથે સૌથી વધુ વાજબી પ્લાન બનાવે છે. મ્યુઝિક ડિજિટલ જોડાણનું, ખાસ કરીને યુવાન ઉપભોક્તાઓ વચ્ચે સૌથી મજબૂત માધ્યમ બની ગયું છે. પોતાના પ્રીપેઇડ પોર્ટફોલિયોમાં હવે સ્પોટિફાય પ્રીમિયમને શામેલ કરીને Vi પોતાના ખાસ રિચાર્જ પ્લાન મારફતે પ્રીમિયમ મ્યુઝિક સ્ટ્રીમિંગને વધારે લોકો સુધી પહોંચાડે છે. એનાથી કોઈ પણ પ્રકારના વિક્ષેપ વિના એડ-ફ્રી મ્યુઝિક, ઑફલાઈન ડાઉનલોડ અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઑડિયોનો અનુભવ મળે છે. વધારે ડેટાનો વપરાશ અને મનોરંજનપ્રેમી યુઝર માટે બનેલો ફ્લેગશિપ રૂ. 435 Vi નોન-સ્ટોપ હીરો પ્રીપેઇડ પ્લાનમાં હવે કોઈ વધારાના ખર્ચ વિના સ્પોટિફાય પ્રીમિયમનો લાભ મળે છે, જેની સાથે અનિલિમિટેડ 4G/5G ડેટા, અનલિમિટેડ કૉલ્સ, દરરોજ 100 SMS અને જિયોહોટસ્ટાર (મોબાઈલ) ની સુવિધા પણ મળે છે, જેની વેલિડિટી 28 દિવસની છે. આ પ્લાન સિંગલ રિચાર્જમાં પ્રીમિયમ મ્યુઝિક, મનોરંજન અને સતત કનેક્ટિવિટી આપે છે, જે વધારે કન્ટેન્ટ જોતા ગ્રાહકો માટે શ્રેષ્ઠ વેલ્યુ છે.

# News Brief

## ગ્રીનપ્લાયે પ્લાયવુડમાં ભારતની પ્રથમ ઉધઈવિરોધી વેક્સિનેટેડ ટેકનોલૉજીથી સજ્જ ટર્મિવેક્સ પ્લાયવૂડ લૉંચ કર્યું

કોલકાતા : ભારતની અગ્રણી ઈન્ટેરિયર ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીઓ પૈકીની એક ગ્રીનપ્લાય ઈન્ડસ્ટ્રીઝે પેટન્ટ માટે અરજી કરવાની સાથે અત્યાધુનિક ટેકનોલૉજીથી સંચાલિત ભારતનાં પ્રથમ વેક્સિનેટેડ ઉધઈવિરોધી પ્લાયવૂડ પૈકીનું એક ટર્મિવેક્સ પ્રસ્તુત કર્યું છે. આ ઈનોવેશન સાથે ગ્રીનપ્લાય પ્લાયવૂડ હવે ઉધઈ સામે લાંબો સમય ટકી શકશે. આ સમસ્યા ભેજવાળી અને ભીની સ્થિતિમાં જોવા મળે છે તથા ચોમાસામાં એની ઝડપ વધી જાય છે. આ ઈનોવેશન સાધારણ સર્ફેસ ટ્રીટમેન્ટથી ઘણી આધુનિક છે તથા ઉધઈના વિકાસ અને ત્યાર બાદ તમારાં ફર્નિચર અને ઘરના આંતરિક ભાગોને થતાં નુકસાનને રોકવા માટે અત્યાધુનિક સમાધાન પ્રદાન કરે છે. એની નેનોટેકનોલૉજી સર્ફેસ કે સપાટી ઉપરાંત પ્લાયવૂડના દરેક ખૂણામાં ઊંડી સુધી પહોંચીને સુનિશ્ચિત કરે છે કે પ્લાયવૂડના દરેક ખૂણાને આ સલામતીનું કવચ મળે. દાયકાઓથી ઉધઈ સામે સુરક્ષા મુખ્યત્વે સર્ફેસ કોટિંગ્સ અને ઈન્સ્ટોલેશન પછી કેમિકલ ટ્રીટમેન્ટ સ્વરૂપે મળે છે. જોકે, આ રીતો કામચલાઉ ધોરણે સલામતી પ્રદાન કરે છે, પરંતુ ઘણી વાર તે સપાટી પૂરતી જ મર્યાદિત હોય છે. કાપવા, ડ્રિલિંગ, ભેજના સંપર્ક અને નિયમિત તોડફોડ જેવા કારણોસર ધીમે ધીમે એની અસરકારકતા ઓછી થઈ શકે છે. ઉત્પાદન દરમિયાન પ્લાયવૂડમાં સુરક્ષાને સંકલિત કરીને ગ્રીનપ્લાયનો ઉદ્દેશ ઘરો, કમર્શિયલ જગ્યાઓ અને સંસ્થાગત પ્રોજેક્ટ માટે વધારે વિશ્વસનિય અને લાંબા ગાળાનું સમાધાન પ્રદાન કરવાનો છે. આ નવાં ઉત્પાદનનું વિસ્તૃત પરીક્ષણ થયું છે, જેને IPIRTI (ઇન્ડિયન પ્લાયવૂડ ઈન્ડસ્ટ્રીસ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ)એ માન્યતા આપી છે.

## શ્રી જી. વી. સુનીલ કુમારે નાબાર્ડ (NABARD), ગુજરાતનો કાર્યભાર સંભાળ્યો

અમદાવાદ | શ્રી જી. વી. સુનીલ કુમાર, મુખ્ય મહાપ્રબંધકે, નાબાર્ડ (NABARD)ની ગુજરાત પ્રાદેશિક કચેરીના 'ઓફિસર-ઈન-ચાર્જ' (પ્રભારી અધિકારી) તરીકેનો કાર્યભાર સંભાળ્યો. આ અગાઉ, શ્રી જી. વી. સુનિલ કુમાર નાબાર્ડ (NABARD)ની મુખ્ય કચેરીમાં માહિતી ટેકનોલોજી વિભાગમાં ચીફ જનરલ મેનેજર તરીકે નિયુક્ત હતા. શ્રી



સુનીલ કુમાર BITS પિલાનીમાંથી કેમિકલ એન્જિનિયરિંગના સ્નાતક તથા ગણિતમાં અનુસ્નાતકની પદવી તેમજ HR અને માર્કેટિંગમાં MBA ધરાવે છે; તેમનો NABARD ખાતે IT, HR, કૃષિ અને બિન-કૃષિ વિકાસ તથા સહકારી ક્ષેત્રોમાં ૩૦ વર્ષથી વધુનો અનુભવ છે.ગુજરાત પ્રાદેશિક કાર્યાલયનો કાર્યભાર સંભાળતા પહેલાં, શ્રી સુનીલ કુમારે જયપુર, પોર્ટ બ્લેર અને પુણે ખાતેના નાબાર્ડ (NABARD)ના પ્રાદેશિક કાર્યાલયોમાં તેમજ મુંબઈ સ્થિત મુખ્ય કાર્યાલયમાં કામ કર્યું હતું. આ ઉપરાંત, તેમણે રાયબરેલી, ઉત્તર પ્રદેશમાં જિલ્લા વિકાસ વ્યવસ્થાપક અને મેંગલુરુ સ્થિત બેંકર ગ્રામીણ વિકાસ સંસ્થાન (BIRD)માં ફેકલ્ટી સભ્ય તરીકે પણ સેવાઓ આપી છે.શ્રી જી. વી. સુનિલ કુમારે નાબાર્ડ (NABARD), ગુજરાતના 'ઓફિસર-ઈન-ચાર્જ' તરીકે શ્રી બી. કે. સિંઘલનું સ્થાન લીધું છે, જેઓ ૩૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ નિવૃત્ત થયા હતા. નાબાર્ડ (NABARD), ગુજરાતના પ્રભારી અધિકારી તરીકે, શ્રી સુનીલ કુમાર સરકારની પ્રાથમિકતાઓને અનુરૂપ કૃષિ અને ગ્રામીણ વિકાસને પ્રોત્સાહન આપવાની દિશામાં કાર્ય કરશે.

## હોરમુઝ સ્ટ્રેટમાં જહાજોની અવરજવર હજુ પણ મંદ

મુંબઈ: ખાડી પ્રદેશમાં તણાવ ઓછો કરવા માટે નવા કૂટનીતિક પ્રયાસો ચાલી રહ્યા હોવા છતાં, હોરમુઝ સ્ટ્રેટમાંથી જહાજોની અવરજવર અત્યંત મર્યાદિત રહી છે અને ઓમાન નજીક બનેલી તાજેતરની સુરક્ષા ઘટનાઓને કારણે શિપિંગ પ્રવૃત્તિઓ પર સતત દબાણ જળવાઈ રહ્યું છે તેમ એસએન્ડપી ગ્લોબલના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. અહેવાલ મુજબ, ગત સપ્તાહના અંતિમ દિવસોમાં હોરમુઝ જળમાર્ગ પરથી ખૂબ જ ઓછા જહાજો પસાર થયા હતા, જેમાં બે ઓગસ્ટે માત્ર સત્તાર જહાજોએ પાર કર્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, શાંતિ કરાર તૂટ્યા બાદ અને અમેરિકા તથા ઈરાન વચ્ચેના હુમલાઓ વધ્યા પછી જુલાઈ મહિનાના ઉત્તરાર્ધમાં દૈનિક અવરજવરમાં ભારે ઘટાડો નોંધાયો છે અને તે ઘટીને સરેરાશ સત્તાર જહાજો પ્રતિદિન સુધી પહોંચી ગઈ છે.

ઘટનાક્રમ અનુસાર, રાજદ્વારી સ્તરે કરાર થવાની વાતો અને ઓમાન તથા ઈરાન દ્વારા સંયુક્ત રીતે ટ્રાફિક સંચાલન કરવાના અહેવાલો હોવા છતાં જહાજોની અવરજવર ડામાડોળ રહી છે. જુલાઈ મહિના દરમિયાન ઈરાકથી ક્રૂડ ઓઈલ વહન કરતા ટેન્કરોની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળ્યો છે, જ્યારે બાબ અલ-મેંદેબ સ્ટ્રેટમાંથી થતી અવરજવર પણ ઘટીને પ્રતિદિન ચાલીસ કરતા ઓછી થઈ ગઈ છે.સુરક્ષા જોખમો અને દરિયાઈ વિસ્તારમાં AIS સિસ્ટમ બંધ રાખીને ચાલતી ગતિવિધિઓથી શિપિંગ ક્ષેત્રે અનિશ્ચિતતા ઊભી થઈ છે. નિષ્ણાતોના મતે, જ્યાં સુધી પ્રદેશમાં કાયમી શાંતિ અને સુરક્ષા સુનિશ્ચિત નહીં થાય, ત્યાં સુધી વૈશ્વિક વેપાર અને જળમાર્ગ પરનું આ દબાણ યથાવત રહેશે.

## એસબીઆઈ પેન્શન ફંડની મોટી સિદ્ધિ

# ભારતમાં નિવૃત્તિ આયોજન અને પેન્શન ફંડનો વ્યાપ

નવી દિલ્હી: ભારતમાં નિવૃત્તિ આયોજન અને બચત પ્રત્યે વધતી જતી જાગૃતિ તેમજ નાણાકીય ઉત્પાદનોમાં વધતા રોકાણને કારણે દેશનું પેન્શન ઈકોસિસ્ટમ ખૂબ જ ઝડપથી વિસ્તરી રહ્યું છે. તાજેતરમાં પ્રાપ્ત થયેલા અહેવાલો મુજબ, નેશનલ પેન્શન સિસ્ટમ અંતર્ગત એસબીઆઈ પેન્શન ફંડ્સની એસેટ્સ અંડર મેનેજમેન્ટ (AUM) અકલ્પનીય રીતે છ લાખ કરોડ રૂપિયાના સીમાચિહ્ન વટાવી ગઈ છે, જે દેશના આર્થિક ક્ષેત્ર માટે એક ગર્વની બાબત છે.સત્તાવાર અસાઈનમેન્ટ અને કંપનીના પ્રકાશન મુજબ, એસબીઆઈ પેન્શન ફંડ્સ વર્તમાન સમયમાં એક કરોડ પંચાસી લાખથી વધુ સબ્સ્ક્રાઈબર્સને સેવાઓ પૂરી પાડી રહી છે અને સમગ્ર ભારતના પેન્શન ફંડ ઉદ્યોગના કુલ એસેટ્સના ચોત્રીસ ટકાથી પણ વધુ હિસ્સાનું સંચાલન કરી રહી છે. આ સીમાચિહ્ન રેખાંકિત કરે છે કે નિયંત્રિત અને સુરક્ષિત નિવૃત્તિ બચત પ્રત્યે ગ્રાહકોનો વિશ્વાસ સતત મજબૂત થઈ રહ્યો છે અને રાષ્ટ્રીય પેન્શન સિસ્ટમ દીર્ઘકાલીન નાણાકીય સુરક્ષાના એક મહત્વપૂર્ણ આધારસ્તંભ તરીકે ઉભરી આવી છે.

એસબીઆઈ પેન્શન ફંડ્સના મેનેજિંગ ડિરેક્ટર અને મુખ્ય કાર્યકારી અધિકારી પ્રણય રંજન દ્વિવેદીએ આ સિદ્ધિ અંગે પોતાના વિચારો વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ભારતનું નિવૃત્તિ આયોજનનું દ્રશ્ય સતત વિકસી રહ્યું છે, અને સંસ્થા પોતાની રોકાણ ક્ષમતાઓને મજબૂત બનાવવા તથા સર્વોચ્ચ શાસન ધોરણો જાળવી રાખવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

## બસ બુકિંગથી લઈને મોબાઈલ રિચાર્જ સુધી

# એમેઝોન પે ગ્રેટ ફ્રીડમ સેલની શાનદાર વિશેષતાઓ

(એજન્સી) નવી દિલ્હી | તા 04

ગ્રેટ ફ્રીડમ સેલ 2026 દરમિયાન એમેઝોન પે શોપિંગ, ટ્રાવેલ અને રોજિંદા પેમેન્ટ્સમાં બચત ઓફર કરે છે; પે-ઈન-3 તમામ શ્રેણીઓ માટે વ્યાજમુક્ત હપ્તાઓ લાવે છે. ગ્રાહકોને ટ્રાવેલ બુકિંગ પર 21% સુધીની છૂટ, એમેઝોન પે ICICI બેંક ક્રેડિટ કાર્ડ પર 5% કેશબેક, બધી શ્રેણીઓમાં વ્યાજમુક્ત પે-ઈન-3 હપ્તાઓ અને UPI દ્વારા 50 સુધીનું કેશબેક મળે છે.India–એમેઝોન પેએ આજે ગ્રેટ ફ્રીડમ સેલ 2026 (7-12 ઓગસ્ટ) માટે શોપિંગ, ટ્રાવેલ અને રોજિંદા પેમેન્ટ્સમાં ઓફરોના વ્યાપક સંચની જાહેરાત કરી છે–જે Amazon.in પર ખરીદી કરવા માટે એક લાભદાયી અને કિફાયતી માર્ગ તરીકે તેની સ્થિતિને મજબૂત બનાવે છે.આ સેલ સમગ્ર એમેઝોન પે ઈકોસિસ્ટમમાં બચત લાવે છે: ફ્લાઈટ બુકિંગ પર 21% સુધીની છૂટ, હોટેલ પર 60% સુધીની છૂટ, એમેઝોન પે આઈસીઆઈસીઆઈ બેંક ક્રેડિટ કાર્ડ પર 5% કેશબેક, પે-ઈન-3 દ્વારા 1,500થી વધુની કોઈ પણ ખરીદી પર વ્યાજમુક્ત હપ્તાઓ અને UPI પેમેન્ટ અને મોબાઈલ રિચાર્જ પર કેશબેક રિવોર્ડ્સ.મુસાફરી: ફ્લાઈટ્સ પર 21% સુધીની છૂટ, હોટેલ પર 60% સુધીની છૂટગ્રાહકો ગ્રેટ ફ્રીડમ સેલ દરમિયાન મુસાફરી બુકિંગ પર 21% સુધીની બચત કરી શકે છે: * ફ્લાઈટ્સ: પ્રથમ ત્રણ દિવસ (7 થી 9 ઓગસ્ટ) માટે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર ફ્લેટ 6% અને ડોમેસ્ટિક ફ્લાઈટ્સ પર ફ્લેટ % ડિસ્કાઉન્ટ. નવા ગ્રાહકોને વધારાની 10% છૂટ (1,000 સુધી) મળશે. એમેઝોન પે આઈસીઆઈસીઆઈ બેંક ક્રેડિટ કાર્ડ ધારકો બુકિંગ પર 5% કેશબેક મેળવશે.* હોટેલ્સ: રોકાણ પર 40% સુધીની છૂટ, પ્રાઈમ સભ્યો માટે વધારાની 5% છૂટ અને એમેઝોન પે આઈસીઆઈસીઆઈ બેંક ક્રેડિટ કાર્ડ સાથે 5% કેશબેક સાથે 60% સુધીની સંયુક્ત બચત.* બસ: બસ બુકિંગ પર 17% સુધીની છૂટ અને વધારાના 100 પરત.એમેઝોન પે આઈસીઆઈસીઆઈ બેંક ક્રેડિટ કાર્ડ: દરેક ખરીદી પર 5% કેશબેક એમેઝોન પે આઈસીઆઈસીઆઈ બેંક ક્રેડિટ કાર્ડ - શૂન્ય જોઈનિંગ ફી અને શૂન્ય વાર્ષિક ફી સાથે - ગ્રેટ ફ્રીડમ સેલ દરમિયાન ખરીદી પર અમર્યાદિત 5% કેશબેક ઓફર કરે છે.

## શેરના ક્લોઝિંગ ભાવમાં પારદર્શિતા વધારવાનો હેતુ

# શેરબજારમાં એફ અને ઓ માટે નવો નિયમ અમલી બન્યો

અમદાવાદ: દેશના મૂડીબજાર નિયમનકાર દ્વારા શેરબજારમાં ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ ટ્રેડિંગ માટે કિંમત નક્કી કરવાની પદ્ધતિમાં મોટો અને મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, આ નવી પદ્ધતિ અંતર્ગત ક્લોઝિંગ ઓક્શન સેશન લાગુ કરવામાં આવ્યું છે, જેનો મુખ્ય હેડલાઈન અને ઉદ્દેશ્ય શેરના બંધ ભાવમાં વધુ પારદર્શિતા લાવવાનો તથા છેલ્લી ઘડીની હેરાફેરી અટકાવવાનો છે. આ વ્યવસ્થાથી બજારમાં વધુ સ્પષ્ટતા જોવા મળશે.પ્રાપ્ત વિગતો અનુસાર, આ ખાસ પંદર મિનિટનું સત્ર દરરોજ બપોરે ત્રણ વાગ્યેને પંદર મિનિટથી લઈને ત્રણ વાગ્યેને ત્રીસ મિનિટ સુધી કાર્યરત રહેશે. આ સમયગાળા દરમિયાન શેરની અંતિમ કિંમત એટલે કે ક્લોઝિંગ પ્રાઈસ નક્કી કરવામાં આવશે. અગાઉના સમયમાં બંધ ભાવ સામાન્ય રીતે બપોરે ત્રણથી સાડા ત્રણ વાગ્યા સુધીના ટ્રેડિંગના આધારે નક્કી થતો હતો, પરંતુ હવે આ નવી ઓક્શન પદ્ધતિ દ્વારા વાજબી ભાવ નક્કી થશે.આ વિશેષ સત્ર દરમિયાન બજારના ખરીદદારો અને વેચાણકર્તાઓ પોતાના ઓર્ડર રજૂ કરશે. જે ભાવ




તમામ ઓર્ડરને શ્રેષ્ઠ અને સંતુલિત રીતે મેચ કરશે, તેને તે ખાસ સ્ટોકનો સત્તાવાર બંધ ભાવ ગણવામાં આવશે. ટેકનિકલ વિશ્લેષકોનું માનવું છે કે વૈશ્વિક સ્તરે મોટા એક્સચેન્જો દ્વારા અપનાવવામાં આવતા ધોરણો જેવી જ આ સિસ્ટમ હોવાથી રોકાણકારો માટે તે વધુ અનુકૂળ સાબિત થશે.જે શેરોમાં ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ ટ્રેડિંગ થતું નથી, ત્યાં સામાન્ય ટ્રેડિંગ પ્રક્રિયા અગાઉની જેમ જ ચાલુ રહેશે. જો કે, આવા નોન-એફએન્ડઓ શેરો માટે પોસ્ટ-ક્લોઝિંગ સત્રનો સમય બદલીને હવે બપોરે ત્રણ વાગ્યેને પચાસ મિનિટથી ચાર વાગ્યા સુધીનો કરી દેવામાં આવ્યો છે, જેથી બજારનું સંચાલન વધુ વ્યવસ્થિત રીતે થઈ શકે.

# ભારતમાં ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં મોટો ઉછાળો

(એજન્સી) નવી દિલ્હી | તા 04

જેએમકે રિસર્ચ એન્ડ એનાલિટિક્સના તાજેતરના અહેવાલ મુજબ, ભારતમાં ઈલેક્ટ્રિક વાહનોના બજારે મજબૂત પ્રદર્શન જાળવી રાખ્યું છે અને જુલાઈ વર્ષ બે હજાર છવીસમાં કુલ રજીસ્ટ્રેશન વાર્ષિક ધોરણે ત્રેસઠ ટકા વધીને ત્રણ લાખ સાત હજાર સાત સો બાવન યુનિટ પર પહોંચી ગયું છે, જે દેશભરમાં ઈલેક્ટ્રિક વાહનો સ્વીકારવાના વ્યાપક ફેલાવાને દર્શાવે છે.અહેવાલ અનુસાર, જૂન મહિનાની સરખામણીમાં જુલાઈમાં એકંદર ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં સરેરાશ સામાન્ય વધારો થયો છે અને વાર્ષિક ધોરણે અગાઉના વર્ષની સરખામણીમાં ભારે ઉછાળો જોવા મળ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર વાહનો બજારમાં મોખરે રહ્યા છે અને કુલ રજીસ્ટ્રેશનમાં તેમનો હિસ્સો એકસઠ ટકાથી વધુ રહ્યો છે, જ્યારે પેસેન્જર થ્રી-વ્હીલર અને ઈલેક્ટ્રિક કારોએ પણ બજારમાં મજબૂત પકડ બનાવી છે. ઘટનાક્રમ અનુસાર, જુલાઈ મહિનામાં ઈલેક્ટ્રિક કારનું વેચાણ ત્રીસ હજાર આઠસો છ યુનિટ રહ્યું હતું, જે વાર્ષિક ધોરણે ઈક્યાસી ટકાનો વધારો દર્શાવે છે અને પેસેન્જર વાહન સેગમેન્ટમાં ઈવી પ્રવેશ વધીને



પોણા આઠ ટકા થયો છે. ઉત્તર પ્રદેશ આ યાદીમાં પ્રથમ ક્રમે રહ્યું છે, ત્યારબાદ મહારાષ્ટ્ર અને કર્નલ જેવા રાજ્યોનો સમાવેશ થાય છે, જ્યાં ગ્રાહકોનો વિશ્વાસ અને ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વ્યાપ સતત વધતો જોવા મળ્યો છે. વાહનોના મોડેલોની વિશાળ શ્રેણી, ફાઈનાન્સની સરળ ઉપલબ્ધતા અને અનુકૂળ અર્થશાસ્ત્રના કારણે આ સેગમેન્ટમાં સતત વિકાસ થઈ રહ્યો છે. નિષ્ણાતોના મતે, આ માળખાકીય પરિબળો અને ઉત્તર પ્રદેશ તથા મહારાષ્ટ્ર જેવા અગ્રણી રાજ્યોમાં વધી રહેલા વપરાશથી આગામી સમયમાં ભારતીય ઈલેક્ટ્રિક વાહન બજાર વધુ ઊંચાઈઓ સર કરશે અને પર્યાવરણને અનુકૂળ પરિવહનને વેગ મળશે.

# ગોદરેજ પ્રોપર્ટીઝ લિમિટેડના નાણાંકીય વર્ષ 2027ના પ્રથમ ત્રિમાસિક ગાળાના કન્સોલિડેટેડ નાણાંકીય પરિણામો

મુંબઈ: દેશની અગ્રણી રિયલ એસ્ટેટ ડેવલપર કંપની ગોદરેજ પ્રોપર્ટીઝ લિમિટેડે 30 જૂન, 2026ના રોજ પૂર્ણ થયેલા પ્રથમ ત્રિમાસિક ગાળાના તેના નાણાંકીય પરિણામોની જાહેરાત કરી છે. કોર્પોરેટ હાઈલાઈટ્સ: વેચાણ સંબંધિત મુખ્ય મુદ્દા : નાણાંકીય વર્ષ 2027ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં બુકિંગ મૂલ્ય વાર્ષિક ધોરણે 22 ટકા વધીને રૂ. 8,651 કરોડ થયું. આ દરમિયાન કુલ 62 લાખ ચોરસ ફૂટ વિસ્તારના 3,738 યુનિટનું વેચાણ થયું. o સતત છઠ્ઠા ત્રિમાસિક ગાળામાં જીપીએલનું બુકિંગ મૂલ્ય રૂ. 7,000 કરોડથી વધુ રહ્યું છે.o ગોદરેજ પ્રોપર્ટીઝે પ્રથમ ત્રિમાસિક ગાળામાં અત્યાર સુધીનું સૌથી વધુ બુકિંગ મૂલ્ય નોંધાવ્યું છે. આ ત્રિમાસિક ગાળામાં બેંગલુરુમાં ગોદરેજ વનાંતરા (રૂ. 3,237 કરોડ), ગુરુગ્રામમાં ગોદરેજ સમારિસ (રૂ. 1,248 કરોડ) અને હૈદરાબાદમાં ગોદરેજ બ્રુકલિન એવન્યુ (રૂ. 317 કરોડ) સહિત અનેક નવા પ્રોજેક્ટના લોન્ચને મજબૂત માંગ મળતા બુકિંગમાં નોંધપાત્ર વધારો થયો. કુલ બુકિંગમાં સૌથી વધુ ફાળો બેંગલુરુનો (44 ટકા) રહ્યો, ત્યારબાદ એમએમઆર (21 ટકા), એનસીઆર (18 ટકા), પુણે (11 ટકા) અને હૈદરાબાદ (5 ટકા) નો ફાળો રહ્યો. કલેક્શન અને કેશ ફ્લો સંબંધિત મુખ્ય મુદ્દા : નાણાંકીય વર્ષ 2027ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં કલેક્શન રૂ. 4,348 કરોડ રહ્યું, જે વાર્ષિક ધોરણે 18 ટકા વધુ છે.નાણાંકીય વર્ષ 2027ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ઓપરેટિંગ કેશ ફ્લો (ઓસીએફ) રૂ. 399 કરોડ રહ્યો. નાણાંકીય વર્ષ 2027ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં બાંધકામ અને સંબંધિત ખર્ચમાં વાર્ષિક ધોરણે 54 ટકા વધારો થયો.બિઝનેસ ડેવલપમેન્ટ સંબંધિત મુખ્ય મુદ્દા : જીપીએલે નાણાંકીય વર્ષ 2027ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં અંદાજે 80 લાખ ચોરસ ફૂટ વેચાણલાયક વિસ્તાર ધરાવતા 3 નવા પ્રોજેક્ટ ઉમેર્યા છે, જેનાથી અંદાજે રૂ. 9,500 કરોડના બુકિંગની સંભાવના છે. જીપીએલે નાણાંકીય વર્ષ 2027 માટે બિઝનેસ ડેવલપમેન્ટ અંગે આપેલા વાર્ષિક માર્ગદર્શનના 48 ટકા લક્ષ્યની સિદ્ધિ પ્રથમ જ ત્રિમાસિક ગાળામાં હાંસલ કરી છે. અન્ય મુખ્ય મુદ્દા : જીપીએલે નાણાંકીય વર્ષ 2027ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં 9 લાખ ચોરસ ફૂટના પ્રોજેક્ટ્સનું હસ્તાંતરણ પૂર્ણ કર્યું. o ગોદરેજ પ્રોપર્ટીઝને TIME World's Most Sustainable Companies 2026ની યાદીમાં સ્થાન મળ્યું છે. આ યાદીમાં સ્થાન મેળવનારી તે ભારતની એકમાત્ર રિયલ એસ્ટેટ કંપની છે. o ગોદરેજ પ્રોપર્ટીઝને ગોલ્ડન પીકોક નેશનલ ક્વોલિટી એવોર્ડ 2026 એનાયત કરવામાં આવ્યો. નાણાંકીય વર્ષ 2027ના પ્રથમ ત્રિમાસિક ગાળાના દેખાવ અંગે ગોદરેજ પ્રોપર્ટીઝ લિમિટેડના એક્ઝિક્યુટિવ ચેરપર્સન શ્રી પિરોજશા ગોદરેજે જણાવ્યું હતું કે,"ગોદરેજ પ્રોપર્ટીઝે બુકિંગ, કલેક્શન, બિઝનેસ ડેવલપમેન્ટ અને નફાકારકતાના મામલે વધુ એક મજબૂત ત્રિમાસિક ગાળો નોંધાવ્યો છે.

# LG એ નવા અલ્ટ્રા લાર્જ AI TV's અને નેક્સ્ટ જનરેશન મિની LED ટેકનોલોજી સાથે તેનું પ્રીમિયમ ટીવી પોર્ટફોલિયો વિસ્તાર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા 04

LG ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયા લિમિટેડ (LGEIL) એ આજે તેની 2026 AI TV લાઈન-અપની જાહેરાત કરી છે, જેમાં તેની પ્રીમિયમ ટેલિવિઝન વ્યૂહરચનાના કેન્દ્રમાં અલ્ટ્રા-લાર્જ સ્ક્રીન અને મિની LED ટેકનોલોજીને રાખી છે. ભારતીય ગ્રાહકો OTT સ્ટ્રીમિંગ, લાઈવ સ્પોર્ટ્સ અને ગેમિંગ માટે સતત મોટી સ્ક્રીન તરફ અપગ્રેડ કરી રહ્યા છે, ત્યારે LG ની QNED evo મિની LED શ્રેણી આ લોન્ચિંગમાં મુખ્ય આકર્ષણ છે અને તેનું નેતૃત્વ 292 cm (115) નું ફ્લેગશિપ મોડલ કરી રહ્યું છે, જે ભારતીય માર્કેટમાં LG દ્વારા અત્યાર સુધી લાવવામાં આવેલી સૌથી મોટી મિની LED સ્ક્રીન છે.LG ની 2026 TV શ્રેણી ચાર ડિસ્પ્લે ટેકનોલોજીઓ જેવી કે QNED evo મિની LED, OLED evo, માઈક્રો RGB evo / મિની RGB evo, અને નાનો 4K UHD માં 25 અલ્ટ્રા-લાર્જ (190cm (75) અને તેનાથી ઉપર) મોડલ્સ ધરાવે છે, જે ભારતીય ઘરો માટે અદ્યતન પિક્ચર ક્વોલિટી, ઈન્ટેલિજન્ટ પર્સનલાઈઝેશન, ઈમર્સિવ સાઉન્ડ અને બહેતર ગેમિંગનું મિશ્રણ પૂરું પાડે છે.LG ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયાના ડાયરેક્ટર - મીડિયા એન્ટરટેઈનમેન્ટ સોલ્યુશન, બ્રાયન જંગે જણાવ્યું હતું કે, 'મોટી સ્ક્રીન માટે ભારતની માંગ પહેલા કરતાં પણ વધુ ઝડપથી વધી રહી છે, અને મિની LED દ્વારા અમે આ માંગને મોટા પાયે પૂરી કરી રહ્યા છીએ. આ વર્ષની રેન્જમાં 292 cm (115) QNED evo મિની LED ફ્લેગશિપ મોડલ અગ્રેસર છે. તેની સાથે અમારા



OLED evo, માઈક્રો RGB evo અને નાનો 4K UHD પોર્ટફોલિયો સાથે અમે દેશભરના લિવિંગ રૂમ્સ સુધી સ્ટેડિયમ-લેવલના સ્પોર્ટ્સ, સિનેમેટિક વિગતો અને નેક્સ્ટ-જનરેશન AI પ્રોસેસિંગ પહોંચાડી રહ્યા છીએ.' 2026 રેન્જ ઓવરવ્યૂ : LG QNED evo મિની LED: સ્પોર્ટ્સ અને ગેમિંગ માટે અલ્ટ્રા-લાર્જ સ્ક્રીન્સ : 2026 ની લાઈન-અપમાં અગ્રેસર, LG ની QNED evo મિની LED શ્રેણી પસંદગીના મોડલ્સમાં આલ્ફા 8 AI પ્રોસેસર Gen3 દ્વારા સંચાલિત છે અને તે 292 cm (115) ની સાઈઝ સુધી પહોંચે છે. ડાયનેમિક QNED કલર પ્રો સર્ટિફાઈડ 100 ટકા કલર વોલ્યુમ (Intertek-પ્રમાણિત) આપે છે, જ્યારે પ્રિસીઝન ડિમિંગ અલ્ટ્રા સૌથી મોટી સ્ક્રીન પર વધુ બહેતર કોન્ટ્રાસ્ટ માટે હજારો ડિમિંગ ઝોન્સને નિયંત્રિત કરે છે. મોશન બૂસ્ટર (પસંદગીના મોડલ્સ પર 330Hz સુધી) અને ઓટો લો લેટન્સી મોડ સ્પોર્ટ્સ અને ગેમિંગ પર્ફોર્મન્સને વધારે છે. આ લાઈન-અપ 292 cm (115) ના ફ્લેગશિપ QNED90 થી લઈને QNED86, QNED85, QNED82 અને QNED70 સુધીની પાંચ સિરીઝમાં ફેલાયેલી છે, જે ભારતીય ખરીદદારોને અલગ-અલગ બજેટમાં અનેક સ્ક્રીન વિકલ્પો પૂરા પાડે છે. LG OLED evo: AI-સંચાલિત ચોક્કસતા સાથે ફ્લેગશિપ સિનેમેટિક અનુભવ : આલ્ફા 11 ડ્યુઅલ AI એન્જિન પ્રોસેસર Gen3 દ્વારા સંચાલિત LG OLED evo G6 અને C6, સામાન્ય OLED TV ની સરખામણીમાં 3.9 ગણી સુધી વધુ બ્રાઈટનેસ આપવા માટે હાઈપર રેડિયન્ટ કલર ટેકનોલોજીને બ્રાઈટનેસ બૂસ્ટર અલ્ટ્રા સાથે જોડે છે.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2082, અષાઢ વદ - 07

# ગ્લોબલ વોર્મિંગ : યુરોપમાં ગરમી બાદ હવે અન્ન અને જળસંકટ

દુનિયાભરના દેશો હાલમાં ગ્લોબલ વોર્મિંગની આફતનો ભોગ બની રહ્યા છે. ક્યાંક અસહ્ય ગરમી પડી રહી છે તો ક્યાંક ભયાનક વરસાદને પગલે પૂરની આફત આવી રહી છે. અલનિનોની અસર હોવા છતાં ભારતમાં ભયાનક વરસાદ વરસી રહ્યો છે અને બીજી તરફ યુરોપમાં ભયાનક ગરમી પડી રહી છે. અમેરિકા પૂર અને ગરમી બંને આફત સામે લડી રહ્યું છે. આ બધા વચ્ચે હવે યુરોપ ઉપર વધુ એક મોટી આફત આવી ગઈ છે. જાણકારોના મતે યુરોપમાં અન્ન અને પાણીનું મોટું સંકટ ઊભું થવાની ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. તીવ્ર તડકા અને ભીષણ ગરમીના કારણે આ વખતે ૯૦ લાખ ટન અનાજ બળી ગયું છે. આ અનાજ વડે ઓસ્ટ્રિયા, આયરલેન્ડ અને નેધરલેન્ડ જેવા ત્રણ દેશો આખું વર્ષ પોતાનું પેટ ભરી શકાય તેમ છે. સ્થિતિ એટલી ખરાબ છે કે યુરોપના અનેક સંગઠનોએ અત્યારથી જ ચેતવણી આપવાનું શરૂ કરી દીધું છે. સંગઠનોના જણાવ્યા અનુસાર, આ વખતે યુરોપિયન યુનિયનમાં સામેલ લગભગ તમામ દેશોએ ખાદ્ય સંકટનો સામનો કરવો પડશે. જેના કારણે બજારમાં ભાવ વધશે અને અમીર ગણાતા દેશોમાં પણ ભૂખમરાથી મોતના કિસ્સા જોવા મળી શકે છે. યુરોપના અનાજ અને તેલીબિયાં વેપાર સંગઠન 'કોસેરવ' અનુસાર, યુરોપમાં ગરમીના કારણે ૯૦ લાખ ટન પાક નષ્ટ થઈ ગયો છે. આનાથી ખેડૂતોને આશરે ૨ અબજ યુરોનું નુકસાન થયું છે. સંગઠનનું કહેવું છે કે, પાકમાં ઘટાડો થવાને કારણે બજારમાં ખાદ્યપદાર્થોની અછત સર્જાશે, જેની સીધી અસર કિંમતો પર પડશે. સંગઠને આ અહેવાલ ઘઉં, જવ, મકાઈ અને ઓટ્સ જેવા પાકોની ઉપજના મૂલ્યાંકન બાદ જારી કર્યો છે. ખાસ વાત એ છે કે બ્રિટનમાં પણ આ વખતે મોટા પાયે પાકને અસર થઈ છે. ઉલ્લેખનીય છે કે, યુરોપે આ વખતે ભીષણ ગરમીનો સામનો કર્યો છે. જર્મની, ડેનમાર્ક અને ચેક રિપબ્લિકમાં તો કુલર અને AC ખરીદવા માટે દોડધામ મચી ગઈ હતી. ફ્રાન્સમાં જૂના ઇતિહાસમાં તાપમાન ૪૦થી ૪૫ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. તે ઉપરાંત દુનિયાના અત્યંત ઠંડા અને ખુશનુમા ગણાતા દેશ સ્વિટ્ઝરલેન્ડમાં ૩૮થી ૪૧ ડિગ્રી ગરમી નોંધાઈ હતી. આ સિવાય ડેનમાર્ક અને ચેક રિપબ્લિકમાં ૧૮૭૪ પછી પહેલીવાર તાપમાન ૩૮.૬ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું. આમ જોવા જઈએ તો ભારતમાં આટલું તાપમાન સામાન્ય ગણાય છે, પરંતુ આ દેશોમાં તેનાથી હાહાકાર મચી ગયો છે કારણ કે આ દેશો સામાન્ય રીતે ઠંડા રહે છે. અહીંનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ ઠંડા હવામાનને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે, જે ગરમીના કારણે યોગ્ય રીતે કામ નથી કરી રહ્યું. યુરોપ માટે તો ચિંતાજનક સ્થિતિ એવી થઈ છે કે, ઘણા દેશોમાં અત્યાર સુધી ખાસ લોડ આવતો નહોતો પણ આ ભિષણ ગરમીને પગલે ACના વધુ પડતા ઉપયોગથી ગ્રીડ પર લોડ વધ્યો અને પાવર ગ્રીડ ઠપ થઈ ગયા. પાવર પ્લાન્ટ્સને ઠંડા રાખવા માટે જે નદીઓના પાણીનો ઉપયોગ થતો હતો, તે નદીઓ પોતે જ ગરમ થઈ ચૂકી છે. રેલવેના લોખંડના પાટા વળી ગયા છે અને ઓવરહેડ વીજળીના વાયરો તૂટી રહ્યા છે. ઘણા દેશોમાં હજુ પણ રાહત મળી નથી. તાજેતરમાં જ હંગેરીના વડાપ્રધાન પીટર મેગ્યારે વીજ વપરાશ ઘટાડવા, ઉર્જા બચાવવા અને સુશોભન માટેની રોશની બંધ કરવાની અપીલ કરી છે. સ્લોવાકિયાની રાજધાની બ્રાતિસ્લાવામાં અધિકારીઓએ એર કન્ડીશનીંગ અને મફત પીવાના પાણીની સુવિધાવાળા ૩૦થી વધુ 'કોલ્ડ સેન્ટર' ખોલ્યા છે. ઓસ્ટ્રિયામાં મોટા વિસ્તારને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી દેવાયો છે. ઓસ્ટ્રિયાઈ હવામાન એજન્સીનું કહેવું છે કે આ વર્ષે અત્યાર સુધીમાં ૩૦% ઓછો વરસાદ થયો છે, જેનાથી આગામી સમયમાં પાણીની અછત અને જંગલમાં આગ લાગવાનો ખતરો વધી ગયો છે. યુરોપના વેપાર સંગઠનના જણાવ્યા મુજબ, ૯૦ લાખ ટન પાક બરબાદ થવાનો અર્થ એ છે કે યુરોપિયન યુનિયનના ૨૭ દેશો અને બ્રિટનમાં ૨૦૧૮ પછી સૌથી ઓછું અનાજ ઉત્પાદન થશે. આ નુકસાન એટલું મોટું છે કે તે ઓસ્ટ્રિયા, આયરલેન્ડ અને નેધરલેન્ડના અંદાજિત કુલ ઉત્પાદન કરતાં પણ વધુ છે. સંગઠનનું કહેવું છે કે પાકની બરબાદી જૂન મહિનામાં પડેલી ભીષણ ગરમીના કારણે થઈ છે. ખાસ કરીને ઘઉંના પાકને તે સમયે ભેજની જરૂર હોય છે. એનર્જી એન્ડ ક્લાઇમેટ ઇન્ટેલિજન્સ યુનિટ થિંક ટેંક અનુસાર, વર્તમાન બજાર કિંમતોના આધારે નષ્ટ થયેલા અનાજના પાકની કિંમત લગભગ ૨ અબજ યુરો છે. આમાં શાકભાજી, પશુપાલન અને અન્ય કૃષિ ક્ષેત્રોને થયેલા નુકસાનનો સમાવેશ થતો નથી.

## ભાયાવદરમાં જાગનાથ વિસ્તારમાં ડાયવર્ઝન ઉપર તંત્ર દ્વારા માટી નાખતા કિચડ- રબડી રાજથી અકસ્માતનો ભય

વિજય રાડિયા | ઉપલેટા

ઉપલેટા તાલુકાના ભાયાવદરના વોર્ડ નં.1ના જાગનાથ વિસ્તારમાં રસ્તા ચાલવા યોગ્ય ન હોવાથી લોકોએ પાલિકામાં રજૂઆત કરતા કામ બતાવવા દોડેલી પાલિકાએ રાતે રસ્તા પર કાળી, ચીકણી માટી પાથરી દીધી હતી. તેના લીધે સવારે આ માટી પર લોકોના લપસી પડવાના બનાવો વધતા સ્થાનિકોએ પાલિકા સામે આ મુદ્દે વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેના પગલે ફરીથી નાક વઢાઈ જતાં પાલિકાને શરમ આવી હતી, રસ્તો યોગ્ય બનાવવા ભરડીયાની ભૂકી, કપચી નાખી હતી.ભાયાવદરમાં વોર્ડ નં.1 ના જાગનાથ વિસ્તારના લોકોએ રબડી રાજ સામે કાદવ કીચડમાં ઊભા રહી પાલિકા તંત્ર સામે વિરોધ ઉઠાવતા સતાધિશોના હોશ ઉડી ગયા હતા, કારણ કે રાત્રે જ ગારો થાય તેવી ધૂળ જેવી માટી નાખીને જશ લેવા માટે કરેલી કામગીરીની વાહવાહી મેળવવા જતાં અપજશ મળ્યો હતો. કારણ કે જ્યારે ગંભીરા પુલ દુર્ઘટના બની. ત્યારબાદ



સરકારના આદેશ મુજબ સાગર ચોકથી જાગનાથ વિસ્તાર પાસે આવેલા પુલને પાડી RNB વિભાગ દ્વારા નવો પુલ બનાવાઈ રહ્યો છે અને શહેરના તેમજ તે વિસ્તારના લોકોની અવરજવરમાટે ગામ તળમાં આવેલી રૂપાવટી નદીમાં એક ડાઇવર્ઝન કાઢવામાં આવ્યું હોય અને આ રસ્તા ઉપર ચોમાસાના લીધે પાણીના ખાબોચિયા ભરાય જતા પાલિકાના સત્તાધિશોએ બુદ્ધિનું પ્રદર્શન કરીને માટી નાખી દેતા લપસી જવાય તેવો ગારો અને કાદવ કીચડ થયો હતો અને લોકોને ચાલવામાં પારાવાર તકલીફ પડી હતી.આથી પાલિકા તંત્રને જગાડવા લોકોએ સ્થાનિક જગ્યા ઉપર આવી કાદવ કીચડમાં ચાલીને ઉગ્ર વિરોધ કર્યો હતો. આથી આ વિરોધના લીધે ચોમાસામાં માટી નાખવાનુ કામ પાલિકાના બદલે લોકોની મુશ્કેલી પારખી અને તેમની વેદના સમજી RNB વિભાગ દ્વારા તે ડ્રાયવઝૅન તેમજ આજુબાજુના બંને રસ્તા ઉપર ભરડિયાની ભૂકી અને કાંકરી રૂપી કપચી નાખીને લોકોની મુશ્કેલી દૂર કરી હતી.

## વિદ્યા અને સમર્પણનું સન્માન: ડૉ. જીનલ સોલંકીને "સમાજ રત્ન" એવોર્ડ અર્પણ

મહેશ એલ. સોની | નખત્રાણા

શ્રી મારુ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ, માંડવી-કચ્છ દ્વારા રવિવાર તા. 02/08/2026 ના રોજ 'સરસ્વતી સન્માન' કાર્યક્રમ અંતર્ગત શિક્ષણ ક્ષેત્રે અસાધારણ સિદ્ધિઓ પ્રાપ્ત કરીને સમગ્ર સમાજનું ગૌરવ વધારનાર ડૉ. જીનલ પ્રવિણભાઈ સોલંકી, આસિસ્ટન્ટ પ્રોફેસર - શ્રીમતી જે.જે. કુંડલિયા કોમર્સ કોલેજ, રાજકોટને 'સમાજ રત્ન'ના પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. નાની વયથી જ વિદ્યાના માર્ગે સતત આગળ વધતા ડૉ. જીનલબેને દરેક પડાવે શ્રેષ્ઠતા સાબિત કરી છે. વર્ષ 2006માં ધોરણ-12માં માંડવી તાલુકામાં પ્રથમ સ્થાન સાથે ગોલ્ડ મેડલ, 2008માં PTCમાં સમગ્ર કચ્છ જિલ્લામાં પ્રથમ સ્થાન, 2011માં http://B.Com અને 2013માં http://M.Comમાં કચ્છ યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક સાથે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા. 2015માં GSETની કઠિન પરીક્ષા પાસ કરી



અને 2024માં વાણિજ્ય વિષયમાં PhDની ઉપાધિ મેળવી 'An analytical study on CSR activities of selected BSE listed companies' જેવા સંશોધન દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે મહત્વનું યોગદાન આપ્યું છે. છેલ્લા 10 વર્ષથી રાજકોટની નામાંકિત શ્રીમતી જે.જે. કુંડલિયા કોમર્સ કોલેજમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડો. જીનલબેન હજારો વિદ્યાર્થીઓના જીવનને ઘડવાનું અને તેમને સાચી દિશા બતાવવાનું પવિત્ર કાર્ય કરી રહ્યા છે. તેમનું સમર્પણ, પરિશ્રમ અને વિદ્યાપ્રેમ આજે સમગ્ર સોની સમાજ માટે પ્રેરણારૂપ બન્યા છે. ડો. જીનલબેનની આ અવિરત શૈક્ષણિક યાત્રા અને સમાજ પ્રત્યેની નિષ્ઠાની કદરરૂપે ટ્રસ્ટ પરિવારે અત્યંત ગૌરવ સાથે તેમને 'સમાજ રત્ન' એવોર્ડ અર્પણ કર્યો છે. આ ગૌરવ પૂર્ણ સન્માન બદલ ડો. જીનલબેન ઠેર ઠેરથી અભિનંદન સાંપડી રહ્યા છે.

## વરાછા ગ્રામ પંચાયત "મનરેગા "કૌભાંડ ની તપાસ કરવા CMO નો આદેશ

### રાજકીય દબાણને કારણે સ્થાનિક અધિકારીઓ તપાસમાં નિષ્ક્રિય હતા

સત્યવલંબા બારોટ | રાજપીપલા

નર્મદા જિલ્લા ના નાંદોદ તાલુકા ના વરાછા ગ્રામ પંચાયત ના મનરેગા ના કામો ના થયેલ વ્યાપક ભ્રસ્ટાચાર ની તપાસ કરવા CMO એ આદેશ આપ્યો હોવાનું જાણવા મળે છે .પ્રાપ્ત માહિતી મુજબ નાંદોદ તાલુકા ના વરાછા ગામમાં થયેલ મનરેગા ના કામો માં બોગસ હાજરીપત્રકો , જોબકાર્ડ , બનાવી લાખો રૂપિયા ની ઉચાપત ની ફરિયાદ ઉપ સરપંચ મનીષ પટેલે DDO ને કરી હતી ઉપરાંત કલેકટર ને પણ રજુઆત કરી હતી . પરંતુ મનરેગા કૌભાંડ માં ભાજપ ના મોટા માથા સંડોવાયેલ હોય જવાબદાર અધિકારીઓ રાજકીય દબાણમાં આવી તપાસમાં નિષ્ક્રિય રહેતા હતા જેથી ઉપસરપંચ મનીષ પટેલે મુખ્યમંત્રી ના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ માં ફરિયાદ કરતા. જાણવા મળ્યા મુજબ તેમની ફરિયાદ ને ધ્યાને લઈ CMO માંથી નાંદોદ ના TDO ને તથસ્ત તપાસ કરી કૌભાંડ નો રિપોર્ટ મંગાવ્યો છે ત્યારે વરાછા ના ઉપસરપંચે ભ્રસ્ટાચાર ની તપાસ મામલે અન્ય સરપંચો માટે રસ્તો ચીંધ્યો છે . ત્યારે નાંદોદ TDO તથસ્ત અને પ્રામાણિક તપાસ કરે છે કે રાજકીય દબાણ માં ભીનું સંકેલે છે ? તે જોવું રહ્યું .

## રાજુલાના પીપાવાવ પોર્ટ સ્થિત પી એસ એલ હોલ્ડિંગ કંપની દ્વારા ખેડૂતોને સમાધાનના ચેક વિતરણ કર્યા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

સરપંચ શ્રી સનાભાઈ વાઘ તથા જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન અરજણભાઈ વાઘ ના હસ્તે ચેક વિતરણ કરાયું. રાજુલા ના પીપાવાવ પોર્ટ પાસે આવેલી પી એસ એલ હોલ્ડિંગ કંપની સામે થોડા સમય પહેલા રામપરા નંબર ૨ ના ખેડૂતો દ્વારા જમીનના પ્રશ્ને આંદોલન કરવામાં આવેલ આ આંદોલન દરમિયાન હિરાભાઈ સોલંકી અને સરપંચ શ્રી સનાભાઈ વાઘ દ્વારા



મધ્યસ્થતા કરી અને કંપની અને ખેડૂતો વચ્ચે સમાધાન કરાવેલ જેમાં કંપની દ્વારા પણ મોટું મન રાખી અને ખેડૂતોને ન્યાય મળે અને કંપનીનું પણ સારું દેખાય તેવા આશયથી ખેડૂતોની માગણી મુજબ વળતર ચૂકવવામાં સંમતિ બતાવેલ જેને કારણે ખેડૂતોનું આંદોલન સમેટાઈ ગયેલ કંપનીએ આ અંગે થોડો સમય આપવા જણાવતા ખેડૂતોએ પણ સમય આપેલ અને આજરોજ કંપની દ્વારા રામપરા-૨ ગામના સરપંચ શ્રી સનાભાઈ વાઘ તેમજ અમરેલી જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન અરજણભાઈ વાઘના હસ્તે ખેડૂતોને ચેક વિતરણ કરવામાં આવેલ હતા.

## પ્રોહિબિશનના ગુનામાં આરોપી વિરુદ્ધ જાહેરનામાની કાર્યવાહી શરૂ

માહીતી બ્યુરો | પાલનપુર

દાંતીવાડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં ફરાર આરોપી સામે કાયદેસરની કાર્યવાહી વધુ સઘન બનાવવામાં આવી છે. દાંતીવાડા પોલીસ સ્ટેશનમાં પાર્ટ-સી ગુ.ર.નં. 11195061240831/2024 અંતર્ગત ગુજરાત પ્રોહિબિશન એક્ટ તેમજ ભારતીય ન્યાય સંહિતા-2023ની વિવિધ કલમો હેઠળ તા. 12 ડિસેમ્બર, 2024ના રોજ સ્ટેટ મોનિટરિંગ સેલ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા ગુનો નોંધાવવામાં આવ્યો હતો. ગુનાના કામે ઝડપાયેલા આરોપીઓ વિરુદ્ધ પૂરતા પુરાવાના આધારે ચાર્જશીટ તૈયાર કરી નામદાર કોર્ટમાં રજૂ કરવામાં આવી છે.આ ગુનામાં આરોપી બાદલસિંહ ઉર્ફે કેતનસિંહ રામસિંહ વાઘેલા, રહે. રામનગર, તા. દાંતીવાડા, જી. બનાસકાંઠાની ધરપકડ માટે પોલીસ દ્વારા તેના રહેણાંક સહિત સંભવિત સ્થળોએ સતત તપાસ હાથ ધરવામાં આવી હતી. તેમ છતાં આરોપી મળી આવ્યો ન હતો. ત્યારબાદ નામદાર કોર્ટમાંથી સી.આર.પી.સી.ની કલમ-70 મુજબ વોરંટ મેળવી જિલ્લાની ગેઝેટમાં પ્રસિદ્ધિ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી, છતાં આરોપી હાજર થયો ન હતો. પરિણામે, આરોપી વર્ષ-2024થી ફરાર હોવાનું ધ્યાને લેતાં તેના વિરુદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-2023ની કલમ-84 મુજબ જાહેરનામું મેળવવામાં આવ્યું છે. હાલ જાહેરનામાની તેના ગામ તેમજ સંભવિત સ્થળોએ જાહેર પ્રસિદ્ધિ કરવાની કાર્યવાહી ચાલુ છે.

## જાફરાબાદ આવતી ઊના ડેપો ની બસ ના વર્કશોપ અને ડેપો મેનેજરનો અણઘડ વહીવટના કારણે મુસાફર જનતા ત્રાહિમામ પોકારી ઉડી છે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ બસસ્ટેશન ખાતે આવતી ઊના -જાફરાબાદ આવતી બસ ઊના ડેપો થી સાંજ ના ૬ કલાકે ઉપડતી જાફરાબાદ ૭:૩૦ કલાકે પહોંચતી આ બસ છેલ્લા ઘણા સમયથી રાત્રીના ૯:૦૦ કલાકે પહોંચી રહી છે. એના કારણે વર્કશોપ માંથી



નીકળતી બસ નું ટેકનિકલ રિપેરિંગ કામ કરવામાં નહીં આવતા આ બસના વઈફર બંધ હાલતમાં હોય છે. આ બસની લાઈટ પણ બંધ હાલતમાં હોય છે. જેના કારણે ઘણી વખત ઘણા કિલોમીટર ચાલી ગયા પછી ફરી આ બસને યુટર્ન લઈને વર્કશોપ માં લઇ જવી પડતી હોય છે. જેના કારણે કલાકો સુધી આ બસ સમયસર જાફરાબાદ ખાતે ન પહોંચતા મુસાફર જનતા હેરાનપરેશાન થઈ રહી છે. જેના કારણે સિનિયર સિટીઝન બિમાર દર્દીઓ હોસ્પિટલના કામે ગયેલા લોકો સમયસર ઘરે ન પહોંચી શકતા કફોડી હાલત માં મુકાઇ જાય છે. આ બસ બાબતે મુસાફર માંથી જાણવા મુજબ આ બસનું ટેકનિકલ રિપેરિંગ કામ અધુરું કરતા અધવચ્ચે બસ બંધ પડી જતાં રાત્રીના સમયે મુસાફર હેરાનગતિ ભોગવવી રહ્યા છે. અને જવાબદાર ડેપો મેનેજર અને વર્કશોપ ના હેડ મેકેનિક ની ઘોર બેદરકારીના કારણે મુસાફર જનતા અધવચ્ચે રખડીપડતી હોય છે .તેમજ જાફરાબાદ સુધી કોઈ પણ વહાન ન મળતા ન છુટકે ફરી ઊના સુધી જવું પડી રહ્યું છે. એસટી તંત્ર ની ઘોર બેદરકારીના કારણે અનેક નિષ્ક્રીય કામગીરી કારણે અને પાડાના વાંકે પખાલીને ડામ જેવી પરિસ્થિતિ નું નિર્માણ થઈ રહ્યું છે. આ બાબતની ડેપો મેનેજર તથા વર્કશોપ ના હેડ મેકેનિક ની ઉપર એસટી તંત્ર કાયદેસર ના પગલાં લેવામાં આવશે કે નહીં તો આ બાબતે મુસાફર જનતા ના હિતમાં ઉચ્ચ કક્ષાએ વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવી તથા એસટી તંત્ર ના ઉચ્ચ અધિકારીઓ ને પણ રજુઆત કરવામાં આવશે તેની તમામ જવાબદારી ઊના ડેપો મેનેજર તથા વર્કશોપ ના હેડ મેકેનિક ની રહેશે તેની ગંભીર નોંધ લેવી તેમ જાફરાબાદ ની સંસ્થાઓ સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ તથા સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઇટ્સ સંસ્થાઓ દ્વારા જણાવાયું છે.

## જૂનાગઢ જિલ્લાના નરેડી, નાકરા અને બાંટવા સહિતના ૧૩ ગામોમાં યોગ વર્ગોનો પ્રારંભ

નરેન્દ્ર દવે જૂનાગઢ | ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં યોગના પ્રસાર-પ્રચાર માટે સતત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ અભિયાનના ભાગરૂપે તાજેતરમાં નરેડી, નાકરા અને બાટવા સહિત ૧૩ નવા ગામોમાં યોગ વર્ગોનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેનશ્રી શિશપાલના માર્ગદર્શન હેઠળ 'દરેક ગામ સુધી યોગ'ના સંકલ્પને સાકાર કરવા ઝોન કો-ઓર્ડિનેટર ચેતનાબેન ગજેરા, જિલ્લા કો-ઓર્ડિનેટર જયંતી કાછડીયા, યોગ કોચ જીજ્ઞાબેન રામાણી તથા યોગ ટ્રેનર કાજલબેન અભિનચાંદની દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં યોગ અંગે જાગૃતિ અને નવા યોગ વર્ગોની શરૂઆત માટે કામગીરી કરવામાં આવી રહી છે. આ કામગીરીના પરિણામે મેંદરડા, માળીયા હાટીના, માણાવદર, માંગરોળ અને વંથલી તાલુકાઓમાં હાલમાં કુલ ૫૧ યોગ વર્ગો કાર્યરત છે. તાજેતરમાં શરૂ કરાયેલા ૧૩ નવા ગામોના યોગ વર્ગોથી વધુ ગ્રામજનોને નિયમિત યોગાભ્યાસ સાથે જોડાવાની તક મળશે. યોગ વર્ગોના માધ્યમથી ગ્રામજનોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ વધે, નિયમિત યોગાભ્યાસની ટેવ વિકસે તેમજ નિરોગી જીવનશૈલીને પ્રોત્સાહન મળે તે દિશામાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. નરેડી, નાકરા, બાંટવા સહિત સંબંધિત ગામોના ગ્રામજનો દ્વારા યોગ વર્ગોને સારો પ્રતિસાદ મળ્યો છે. આગામી સમયમાં જિલ્લાના અન્ય ગામોમાં પણ વધુ યોગ વર્ગો શરૂ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં બે વિદ્યાર્થીઓએ PHDનો અભ્યાસ કર્યો સંપન્ન – કુલપતિએ તત્કાલ પ્રોવિજનલ સર્ટીફિકેટ કર્યું અર્પણ



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ સ્થિત ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલયમાં હાલમાં અનેક વિદ્યાર્થીઓ વિવિધ વિષયોમાં શોધકાર્ય સાથે સંધાન કરી પીએચ.ડી.નો અભ્યાસ કરી રહ્યા છે.ડો. નિમિષકુમાર નારણભાઈ વિરમગામાનાં માર્ગદર્શનમાં કાપડી કીરણબેન રવિદાસે સામાજીક વિજ્ઞાન વિષયનાં વિસ્તૃત ઉત્તરનાં મુલ્યાંકન માટેનાં સોફ્ટવેરની સંરચના અને પ્રમાણીકરણ વિષયે આજે આખરી વાઈવા દરમ્યાન પોતાનું શોધપત્ર સફળતા પુર્વક સબમીટ કર્યુ હતુ. જ્યારે રાઠોડ નગીનકુમાર ચનાભાઈએ એજ્યુકેશન વિભાગમાં આઠમાં ધોરણના સામાજીક વિજ્ઞાન વિષયનાં પસંદિદા એકમનાં અધ્યાપન માટે કોમ્પ્યુટર એઈડેડ ઈન્સ્ટ્રક્શન કાર્યક્રમની સંરચના અને અસરકારકતા વિષયે ફાઈનલ વાઈવા વોઈશ દરમ્યાન પોતા દ્વારા સંશોધિત થીશીસ પ્રસ્તુ કરતા તે બાહ્ય રેફરી દ્વારા માન્ય રહેતા થયેલ ભલામણ મુજબ બન્ને વિદ્યાર્થીઓને ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલયનાં કુલપતિ પ્રો. (ડો.) પ્રતાપસીંહજી ચૌહાણે તુરંત નોટીફિકેશન અને પ્રોવિઝનલ પ્રમાણપત્ર એનાયત કર્યા હતા. પ્રો. ચૌહાણે સુશ્રી કીરણબેન કાપડી અને રાઠોડ નગીનકુમારને શુભકામનાં પાઠવી જણાવ્યુ હતુ કે આપનાં દ્વારા થયેલ સંશોધન સમાજને મહતમ ઉપયોગી બની રહે તે દિશામાં પ્રયાસરત રહી કાર્ય કરજો, તમારી મહેનત, સંકલ્પ અને ધૈર્યથી તમે આ મહાન સિદ્ધિ હાંસલ કરી છે. આ સફળતા તમારી પ્રતિભા અને પરિશ્રમનું ફળ છે. આગળ પણ આવી જ મહેનત અને ઉત્સાહથી પોતાના માર્ગ પર આગળ વધો, નવી ઊંચાઈઓ સર કરો અને સમાજ માટે પ્રેરણા બની રહો એ અભિલાષા સાથે યુનિનું નામ ઉજજ્વળ કરી આપની કારકિર્દીનો પથ કંડારજો.

## 100% પરિણામની હેટ્રિક: મોડલ સ્કૂલ દયાપરના તેજસ્વી તારલાઓનું ભવ્ય સન્માન



મહેશ એલ. સોની | નખત્રાણા

કચ્છ જિલ્લા કોંગ્રેસ સેવાદળ દ્વારા લખપત તાલુકાની ગૌરવ સમી મોડલ સ્કૂલ દયાપરની અસાધારણ શૈક્ષણિક સિદ્ધિને બિરદાવવામાં આવી. શાળાએ સત ત્રીજા વર્ષે 100% પરિણામ હાંસલ કરીને સમગ્ર જિલ્લામાં નવું ઉદાહરણ પૂરું પાડ્યું છે. શાળાની આ ઐતિહાસિક ઉપલબ્ધિ બદલ કચ્છ જિલ્લા કોંગ્રેસ સેવાદળ દ્વારા વિશેષ સન્માન સમારોહનું આયોજન કરીને શાળા પરિવાર અને તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. ધોરણ-10 માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓ જેપાર નિતીન વાલજીભાઈ, ખોખર રેણુકા દેવજીભાઈ, બલીયા વિમલ અરવિંદ, ફુલ રિઝવાન જીવણજી અને ગરવા કોમલ જયંતિભાઈ તથા ધોરણ-12 માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનાર દાફડા રેખાબેન મુળજીભાઈ, માતંગ દમયંતીબેન સુરેશભાઈ અને મેઘવાર હેતલબેન કરશનભાઈને 'સરસ્વતી સન્માન પત્ર' અર્પણ કરીને તેમના અવિરત પરિશ્રમને બિરદાવવામાં આવ્યો. આ પ્રેરણાદાયી પ્રસંગે વિદ્યાર્થીઓના વાલીઓ સાથે કચ્છ જિલ્લા કોંગ્રેસ સેવાદળના પ્રમુખ શ્રી રાજેશ સોની, ઉપ પ્રમુખ શ્રી જીગર જોષી, લખપત તાલુકા કોંગ્રેસ પ્રમુખ શ્રી ઈબ્રાહિમભાઈ, કાર્યકારી પ્રમુખ શ્રી હુસેનભાઈ રાયમા, લખપત તાલુકા પંચાયતના પૂર્વ ઉપ પ્રમુખ શ્રી હાસમભાઈ, લખપત તાલુકા કોંગ્રેસ સેવાદળ પ્રમુખ શ્રી જીગર જોષી, નોતિયાર કોંગ્રેસ કાર્યકર શ્રી હસન મેમણ સહિત પત્રકાર શ્રી દર્શન સોની ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે શાળાના આચાર્યા શ્રીમતી હેમલતાબેન અમૃતિયા એ સૌનું હાર્દિક સ્વાગત કર્યું હતું. શાળા સ્ટાફે શાળાની વિવિધ ઉપલબ્ધિઓની રૂપરેખા રજૂ કરીને સૌને ગૌરવની અનુભૂતિ કરાવી હતી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન અત્યંત સુંદર રીતે કર્યું હતું. કાર્યક્રમના અંતે વાલીઓ અને મહેમાનોએ શાળાના વિવિધ ખંડોનું નિરીક્ષણ કરીને શાળાની વ્યવસ્થા અને શૈક્ષણિક પ્રવૃત્તિઓની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી. આ પ્રસંગે શ્રી રાજેશ સોની, શ્રી ઈબ્રાહિમભાઈ કુંભાર અને શ્રી હુસેનભાઈ રાયમા એ પ્રાસંગિક ઉદ્બોધન કરતા જણાવ્યું હતું કે આવનારા દિવસોમાં લખપત તાલુકાની તમામ શાળાઓ 100% પરિણામ હાંસલ કરે તેવી અમારી દ્રઢ નેમ છે. શિક્ષણ જ સમાજની પ્રગતિનો પાયો છે અને મોડલ સ્કૂલ દયાપરે તે સાબિત કરી બતાવ્યું છે.

## કેશોદથી નાથદ્વારા માટે બે નવી એસટી બસ સેવાનો પ્રારંભ્

નરેન્દ્ર દવે | જૂનાગઢ

કેશોદ એસટી ડેપોને નાથદ્વારા ધર્મસ્થાન માટે ગુજરાત સરકાર દ્વારા બે નવી બસોની ફાળવણી કરવામાં આવી છે. કેશોદના ધારાસભ્યશ્રી દેવાભાઈ માલમ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ કરાયેલી સતત રજૂઆતના પરિણામે આ મહત્વપૂર્ણ સુવિધા ઉપલબ્ધ બનતાં સમગ્ર પંથકના ધર્મપ્રેમી નાગરિકોમાં આનંદની લાગણી વ્યાપી છે. નવી બસ સેવા મુજબ બસ દરરોજ કેશોદથી બપોરે 12:25 કલાકે ઉપડશે અને બીજા દિવસે વહેલી સવારે 5:00 કલાકે નાથદ્વારા પહોંચશે. પરત ફરતી બસ નાથદ્વારાથી બપોરે 3:45 કલાકે ઉપડી બીજા દિવસે સવારે 7:00 કલાકે કેશોદ પહોંચશે. આ સમયપત્રકને કારણે યાત્રાળુઓને દર્શન માટે વધુ અનુકૂળતા મળશે અને જરૂરિયાત મુજબ ટૂંકા સમયની યાત્રા પણ સરળતાથી કરી શકાશે. આ નવી બસ સેવાના પ્રારંભ પ્રસંગે ધારાસભ્યશ્રી દેવાભાઈ માલમે બંને બસોને લીલી ઝંડી બતાવી રવાના કરી હતી. તેમણે જણાવ્યું હતું કે કેશોદ અને આસપાસના વિસ્તારોના શ્રદ્ધાળુઓને નાથદ્વારા સુધી સરળ, સલામત અને નિયમિત પરિવહન સુવિધા ઉપલબ્ધ થાય તે માટે સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી, જેને સકારાત્મક પ્રતિસાદ મળતાં આ સેવા શરૂ થઈ છે. કાર્યક્રમમાં કેશોદ એસ.ટી ડેપોના મેનેજરશ્રી બી.જી.ભીલ, રાજપૂત સમાજના આગેવાન તથા વિવિધ સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા સિદ્ધરાજસિંહ રાયજાદા તેમજ એસટી વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ ઉપરાંત તાલુકા પંચાયત પ્રમુખના પ્રતિનિધિ નિકુંજભાઈ મક્કા, કેશોદ નગરપાલિકાના પ્રમુખશ્રી પ્રતીક્ષાબેન દેવળીયા, ટ્રાફિક ઇન્સ્પેક્ટરશ્રી પ્રવીણભાઈ ડાંગર, જિલ્લા પંચાયતના રતિભાઈ લાડાણી, અશ્વિનભાઈ કટારિયા, ભારત વિકાસ પરિષદના સ્થાપક પ્રમુખ ડૉ. સ્નેહલ તન્ના, દિનેશ કાનાબાર, ભૂપેન્દ્ર જોશી, કાળુભાઈ ઠકરાર સહિત ભારત વિકાસ પરિષદની ટીમ, મહિલા મોરચાની બહેનો તથા મોટી સંખ્યામાં આગેવાનો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.નવી બસ સેવાના પ્રારંભથી કેશોદ અને સમગ્ર વિસ્તારના નાથદ્વારા જતાં શ્રદ્ધાળુઓને નોંધપાત્ર રાહત મળશે અને ધાર્મિક પ્રવાસ વધુ સુવિધાજનક બનશે તેવી લાગણી ઉપસ્થિત લોકોએ વ્યક્ત કરી હતી.

## જૂનાગઢ જિલ્લાના તમામ આઈ.ટી.આઈ. ખાતે ચોથા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા તા. ૦૭ થી ૧૪ ઓગસ્ટ સુધી યોજાશે

### ખાલી બેઠકોની વિગત તથા વધુ માહિતી માટે ઉમેદવારો નજીકની સરકારી આઈ.ટી.આઈ. અથવા સત્તાવાર પ્રવેશ પોર્ટલ itiadmission.gujarat.gov.in પરથી માહિતી મેળવી શકે છે

નરેન્દ્ર દવે | જૂનાગઢ

રોજગાર અને તાલીમ નિયામક, ગાંધીનગર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટે આઈ.ટી.આઈ. પ્રવેશ પ્રક્રિયાના સમયપત્રકમાં સુધારો કરવામાં આવ્યો છે. જે મુજબ રાજ્યની સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર આઈ.ટી. આઈ.માં ચોથા રાઉન્ડ હેઠળ ખાલી રહેલી બેઠકો પર પ્રવેશ પ્રક્રિયા તા. ૭/૮/૨૦૨૬ થી તા. ૧૪/૮/૨૦૨૬ સુધી હાથ ધરવામાં આવશે. જૂનાગઢ જિલ્લાની તમામ સરકારી આઈ.ટી.આઈ. જેમા જૂનાગઢ, જૂનાગઢ (મહિલા), કેશોદ, માણાવદર, વંથલી, માળીયા હાટીના, માંગરોળ, ભેસાણ અને વિસાવદર ખાતે વિવિધ ટ્રેડમાં ખાલી રહેલી બેઠકો પર લાયક ઉમેદવારોને વહેલા તે પહેલા અને જે તે દિવસના મેરીટના ધોરણે પ્રવેશ મેળવી શકશે.જે ઉમેદવારોએ અગાઉ ઓનલાઈન નોંધણી કરાવેલી હોય અથવા નવા પ્રવેશ માટે પાત્ર હોય તેઓ જરૂરી મૂળ પ્રમાણપત્રો સાથે સંબંધિત આઈ.ટી.આઈ. નો સંપર્ક કરી નિર્ધારિત સમય મર્યાદામાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરે તેવી અપીલ કરવામાં આવે છે. ખાલી બેઠકોની વિગત તથા વધુ માહિતી માટે ઉમેદવારો નજીકની સરકારી આઈ.ટી.આઈ. અથવા સત્તાવાર પ્રવેશ પોર્ટલ itiadmission.gujarat.gov.in પરથી માહિતી મેળવી શકે છે. એમ આચાર્ય શ્રી ભગીરથસિંહ જાળીયા તથા શ્રી પ્રિયેશ વાળાના માર્ગદર્શન હેઠળ ઉમેદવારોને સમયસર પ્રવેશ મેળવી પોતાના ઉજ્જવળ કારકિર્દીની શરૂઆત કરવા એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

## માળિયા હાટીના તાલુકામાં આરોગ્ય વિભાગ દ્વારા માતૃ અને બાળ સ્વાસ્થ્ય અંગે સઘન ઝુંબેશ: આંગણવાડી મુલાકાત, જૂથ ચર્ચા અને IEC પ્રચાર-પ્રસાર કરાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

માળિયા હાટીના તાલુકા ના આરોગ્ય અધિકારીશ્રી ડૉ.ડાભીના માર્ગદર્શન હેઠળ તાલુકા આરોગ્ય ઓફિસ, માળિયા દ્વારા સમગ્ર તાલુકામાં સગર્ભા માતાઓ અને ધાત્રી માતાઓ ના સ્વાસ્થ્ય રક્ષણ તથા નવજાત શિશુની સંભાળ અર્થે વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સઘન ઝુંબેશ અંતર્ગત આરોગ્ય વિભાગના મેડિકલ ઓફિસર (MO), આયુષ મેડિકલ ઓફિસર (AYUSH MO), ફીમેલ હેલ્થ વર્કર (FHW), કમ્યુનિટી હેલ્થ ઓફિસર (CHO) તથા આશા બહેનો (ASHA) દ્વારા વિવિધ ગામોની આંગણવાડીઓની રૂબરૂ મુલાકાત લેવામાં આવી રહી છે. આ મુલાકાત દરમિયાન સગર્ભા અને ધાત્રી માતાઓ સાથે સીધો સંવાદ સાધીને ગર્ભવતી મહિલાઓ અને નવજાત શિશુ માટે જરૂરી આરોગ્ય વિષયક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યુ હતુ. માતાઓ અને પરિવારજનો સાથે જૂથ ચર્ચા યોજીને જન્મના પ્રથમ એક કલાકમાં સ્તનપાન (Early Initiation of Breastfeeding), પ્રથમ ૬ મહિના સુધી માત્ર ને માત્ર માતાનું ધાવણ, પોષણયુક્ત આહાર અને નિયમિત તપાસના મહત્વ વિશે સમજણ આપવામાં આવી રહી છે. તેમજ શિશુની દેખભાળમાં પરિવારના સભ્યોનો સહયોગ વધે અને સ્તનપાન માટે માતાને પ્રોત્સાહક વાતાવરણ મળે તે માટે પરિવારજનો સાથે પણ વિશેષ ચર્ચા કરવામાં આવી રહી છે. સાથે સાથે આરોગ્ય વિષયક જાગૃતિ લાવવા માટે બેનરો, પત્રિકાઓ અને સોશિયલ મીડિયા માધ્યમો દ્વારા સઘન પ્રચાર-પ્રસાર (IEC) કરવામાં આવી રહ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે માતૃ અને શિશુ મૃત્યુદર ઘટાડવા તેમજ સગર્ભા અને નવજાત બાળકના સુદ્રઢ સ્વાસ્થ્ય માટે તમામ આરોગ્ય કર્મચારીઓના સહયોગથી આવી જાગૃતિ પ્રવૃત્તિઓ સળંગ ચાલુ રાખવામાં આવશે.

## નારી વંદન ઉત્સવ-2026 અંતર્ગત મહિલા સ્વાવલંબન દિવસની ઉજવણી : મહિલાઓને રોજગારલક્ષી તાલીમ માર્ગદર્શન

માહિતી બ્યુરો, પાલનપુર | ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના માર્ગદર્શન હેઠળ ઉજવાઈ રહેલા નારી વંદન ઉત્સવ-2026 અંતર્ગત જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, બનાસકાંઠા દ્વારા આજે મહિલા સ્વાવલંબન દિવસ નિમિત્તે ગુજરાત માટીકામ અને ગ્રામિણ રોજગાર વિભાગના સહયોગથી મહિલાઓના આર્થિક સશક્તિકરણ અને સ્વરોજગારને પ્રોત્સાહન આપવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



કાર્યક્રમ દરમિયાન ગ્રામ્ય વિસ્તારની મહિલાઓ વિવિધ કૌશલ્યલક્ષી તાલીમ મેળવી રોજગારી અને સ્વરોજગારના ક્ષેત્રે આગળ વધે તેમજ આત્મનિર્ભર બને તે હેતુસર માર્ગદર્શન આપવામાં આવ્યું. ઉપરાંત મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો વધુમાં વધુ લાભ મેળવી મહિલાઓ પોતાના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે તે માટે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવી.કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી શ્રી બી. કે. ગઢવી, ડૉ. દલજીતભાઈ, તાલીમ ઈન્સ્પેક્ટર શ્રીમતી અલકાબેન, DHEW જિલ્લાના કો-ઓર્ડિનેટર શ્રી નવીનભાઈ, DHEW ટીમના સભ્યો તેમજ સખી વન સ્ટોપ સેન્ટરના સંચાલક સહિત અન્ય અધિકારીઓ અને ઉપસ્થિત મહાનુભાવોએ હાજરી આપી હતી.

## પત્રકારોની રજૂઆતથી કેશોદથી દ્વારકા વહેલી સવારની એસ.ટી બસ સેવા ફરી શરૂ થશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશોદ-દ્વારકા વચ્ચે અગાઉ ચાલતી એસ.ટી.બસ, છેલ્લા કેટલાક સમય થી બંધ રહેતા વહેલી સવારની એસ.ટી બસ સેવા ફરી શરૂ કરવાનો નિર્ણય લેવાતા પૂનમ ના દર્શનાર્થે જતાં યાત્રાળુઓમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. પત્રકારોની સમયસરની રજૂઆત બાદ એસ.ટી તંત્રએ આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. કેશોદ એસ.ટી ડેપોથી દરરોજ સવારે 5:30 વાગ્યે ઉપડતી કેશોદ-દ્વારકા બસ સેવા બંધ થતાં ખાસ કરીને પૂનમના દિવસે દ્વારકાધીશના દર્શન માટે જતાં યાત્રાળુઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. આ પ્રશ્ન અંગે કેશોદના પત્રકારો ભરતભાઈ કક્કડ, અશોક બારોટ, દિનેશ કાનાબાર, મધુબેન રાવલિયા અને જગદીશ યાદવે કેશોદ એસ.ટી ડેપોના મેનેજરશ્રી ડી. જી. ભીલ સમક્ષ મૌખિક રજૂઆત કરી હતી.પત્રકારોની રજૂઆતને હકારાત્મક પ્રતિસાદ આપતાં ડેપો મેનેજર એ જણાવ્યું હતું કે આવનારી પૂનમથી કેશોદ-દ્વારકા બસ સેવા ફરી શરૂ કરવામાં આવશે. બસ સવારે 5:30 વાગ્યે કેશોદથી ઉપડશે, સવારે અંદાજે 10 વાગ્યા બાદ દ્વારકા પહોંચશે અને બપોરે 2:00 વાગ્યે દ્વારકાથી પરત કેશોદ તરફ રવાના થશે. આ નિર્ણયથી દ્વારકાધીશના દર્શન માટે જતાં યાત્રાળુઓને સીધી અને અનુકૂળ બસ સેવા ઉપલબ્ધ બનશે. પત્રકારોની લોકહિતની રજૂઆતને કારણે લાંબા સમયથી ચાલતી મહત્વની સમસ્યાનો ઉકેલ આવતા યાત્રાળુઓ તેમજ સ્થાનિક નાગરિકોમાં આનંદ અને સંતોષની લાગણી જોવા મળી રહી છે.

# કળમ ડુંગર પર ૧૧ દિવસથી BSNL ટાવર ઠપ્પ:- ૮ ગામો સંપર્ક વિહોણા, તંત્રની નિષ્ક્રિયતા



સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાના દુર્ગમ વિસ્તારમાં આવેલા કળમ ડુંગર પરનો BSNL ટાવર છેલ્લા ૧૧ દિવસથી અગમ્ય કારણોસર તદ્દન બંધ પડી જતા આસપાસના આઠ જેટલા ગામોનો બાહ્ય દુનિયા સાથેનો સંપર્ક તૂટી ગયો છે. મોબાઈલ નેટવર્ક અને કનેક્ટિવિટી પૂર્ણપણે ઠપ્પ થઈ જવાના કારણે સતી,વાંગણ,વાંવદા, કૂતરનાચ્યા, ગોળષ્ટા,સુંદા,ખાપરી અને કાસવદહાડ ગામના હજારો ગ્રામજનો ભારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. આધુનિક યુગમાં ડિજિટલ કનેક્ટિવિટીથી વંચિત બનેલા આ અંતરિયાળ ગામડાઓમાં રોજિંદા કામકાજથી લઈને તમામ પ્રકારના વ્યવહારો અટકી પડ્યા છે.નેટવર્ક વિહોણા બનેલા આ વિસ્તારમાં ઈમરજન્સી સેવાઓ સંપૂર્ણપણે ખોરવાઈ જતાં પરિસ્થિતિ અત્યંત ગંભીર અને ચિંતાજનક બની છે.આકસ્મિક બીમારી કે અકસ્માત સમયે ૧૦૮ એમ્બ્યુલન્સ, સુરક્ષા માટે ૧૦૦ નંબર પોલીસ હેલ્પલાઈન કે ૧૧૨ જેવી અતિ મહત્વની ઈમરજન્સી સેવાઓનો સંપર્ક થઈ શકતો ન હોવાથી ગ્રામજનોની સ્થિતિ અત્યંત દયનીય થઈ પડી છે.કનેક્ટિવિટીના અભાવે સગર્ભા મહિલાઓને સમયસર હોસ્પિટલ કે આરોગ્ય કેન્દ્ર સુધી પહોંચાડી શકાતી નથી, જેના કારણે ગામમાં જ બિનઅનુભવી હાથે સુવાવડ કરવાની નોબત આવી છે. આ પરિસ્થિતિને લીધે નવજાત શિશુઓ અને માતાઓના જીવ જોખમમાં મુકાઈ રહ્યા છે તથા યોગ્ય સારવાર સમયસર ન મળવાને કારણે દર્દીઓ ઘરે જ દમ તોડી રહ્યા હોવાના ગંભીર આરોપો પણ ઉઠ્યા છે. સૌથી શરમજનક બાબત એ છે કે છેલ્લા ૧૧-૧૧ દિવસથી આઠેય ગામોમાંથી એક પણ ઈમરજન્સી કોલ કે સામાન્ય કોલ તંત્ર સુધી ન પહોંચવા છતાં વહીવટી વિભાગ કે BSNL ટેલિકોમ વિભાગના જવાબદાર અધિકારીઓએ આ અંગે સ્થળ તપાસ કરવાની પણ તસ્દી લીધી નથી. તંત્રની આવી ઘોર ઉદાસીનતા, અસંવેદનશીલતા અને બેદરકારી સામે સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ અને આક્રોશ વ્યાપી ગયો છે. જનજીવન અને આરોગ્ય સાથે થઈ રહેલા આ ખિલવાડને અટકાવવા માટે સ્થાનિકોએ તાત્કાલિક ધોરણે કળમ ડુંગર પર આવેલ BSNL ટાવર રિપેર કરી નેટવર્ક કનેક્ટિવિટી પુનઃસ્થાપિત કરવાની ઉગ્ર માંગણી કરી છે.

## પ્રધાનમંત્રીના નેતૃત્વ અને ગૃહ મંત્રીના માર્ગદર્શન હેઠળ

# 2019 થી 2026 વચ્ચે 36 દેશોમાંથી 274 ફરાર ગુનેગારોને ભારત પરત લાવવામાં આવ્યા

અમદાવાદ | ફરાર ગુનેગારો સામે નિર્ણાયક વલણ અપનાવતા, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ, ભારતે 2019 થી અત્યાર સુધીમાં 36 દેશોમાંથી 274 ફરાર ગુનેગારોને પરત લાવ્યા છે. ફરાર ગુનેગારો સામેની કાર્યવાહીને મજબૂત કરવા માટે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ 2018માં પલાયનવાદી આર્થિક અપરાધી કાયદો લાગુ કર્યો હતો. ગૃહ મંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ, ભારતે ફરાર ગુનેગારો સામે એક એકીકૃત, ઈન્ટેલિજન્સ-આધારિત અને ટેકનોલોજી-સંચાલિત મોડેલ વિકસાવ્યું છે, જેણે તેમની સામે કડક પગલાં લેવાનો માર્ગ મોકળો કર્યો છે અને તેમને ભારત પરત લાવવાની સુવિધા આપી છે.2014 પહેલાં, દેશનું પ્રત્યાર્પણ માળખું જૂનું થઈ ગયું હતું અને ભારતની માત્ર 37 દેશો સાથે પ્રત્યાર્પણ સંધિઓ હતી. આર્થિક પલાયનવાદીઓ સામે કાર્યવાહી કરવા અથવા તેમની સંપત્તિ જપ્ત કરવા માટે કોઈ સમર્પિત કાયદો પણ નહોતો. 2004 થી 2013 વચ્ચે, ભારત સરેરાશ પ્રતિ વર્ષ માત્ર ચાર ફરાર ગુનેગારોનું પ્રત્યાર્પણ મેળવવામાં સફળ રહ્યું હતું, જ્યારે 110 પ્રત્યાર્પણ વિનંતીઓ પેન્ડિંગ રહી હતી. આ ઉપરાંત, અપૂર્ણ દસ્તાવેજીકરણ અને ધીમી પ્રક્રિયાએ પ્રત્યાર્પણ પ્રક્રિયાને અત્યંત બોજરૂપ બનાવી દીધી હતી, જે ઘણીવાર વિદેશી અદાલતો દ્વારા પ્રત્યાર્પણની વિનંતીઓને ફગાવી દેવા તરફ દોરી જતી હતી. ભારતના પ્રત્યાર્પણના પ્રયાસોને કાનૂની અને ન્યાયિક અડચણોનો પણ સામનો કરવો પડ્યો હતો, જેમાં બેવડી આફત અને ડ્યુઅલ ક્રિમિનાલિટીના સિદ્ધાંતોનો સમાવેશ થાય છે, જેના પરિણામે પ્રત્યાર્પણની વિનંતીઓ વારંવાર અસ્વીકાર થતી હતી. વધુમાં, ગૃહ મંત્રાલય અને અન્ય વિભાગો વચ્ચે અસરકારક સંકલન અને એકીકૃત વ્યૂહરચનાનો અભાવ પ્રગતિમાં અવરોધરૂપ બન્યો હતો. ફરાર ગુનેગારો અંગેની માહિતી શેરિંગ, લોકેશન ટ્રેકિંગ અને રેડ કોર્નર નોટિસ જારી કરવાની કામગીરી પણ ધીમી ગતિએ ચાલતી હતી. અગાઉની સરકારોમાં ફરાર ગુનેગારોને પરત લાવવાની રાજકીય ઈચ્છાશક્તિનો અભાવ હતો; મોદી સરકારે ફરાર ગુનેગારોના પ્રત્યાર્પણને 'રાષ્ટ્રીય પ્રાથમિકતા' બનાવી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને અનુરૂપ, કેન્દ્રીય ગૃહ મંત્રીએ ફરાર ગુનેગારો સામે ત્રિ-પક્ષીય વ્યૂહરચના પર ભાર મૂક્યો છે: ગ્લોબલ આઉટરીચ, મજબૂત સંકલન અને સ્માર્ટ ડિપ્લોમસી. શ્રી અમિત શાહે ફરાર ગુનેગારોના મુદ્દાને દેશની સાર્વભૌમત્વ, આર્થિક સ્થિરતા, કાયદો અને વ્યવસ્થા તથા રાષ્ટ્રીય સુરક્ષા સાથે આંતરિક રીતે જોડાયેલો ગણાવ્યો છે. મોદી સરકારે 2019માં NIA (સુધારા) અધિનિયમ અને UAPA (સુધારા) અધિનિયમ ઘડી કાઢ્યા હતા, અને 2020 થી, ફરાર ગુનેગારોને ભારત પરત લાવવાની પ્રક્રિયા મિશન મોડમાં હાથ ધરવામાં આવી હતી. પરિણામે, અમલીકરણના પ્રયાસો હવે માત્ર પ્રતિબંધિત સંગઠનો પૂરતા મર્યાદિત ન રહ્યા. કાર્યવાહીના દાયરાનો વિસ્તાર કરીને વિદેશમાં સ્થિત વ્યક્તિગત આતંકવાદીઓ, હેન્ડલર્સ, ફંડિંગ નેટવર્ક્સ અને સપોર્ટ સિસ્ટમ્સનો સમાવેશ કરવામાં આવ્યો, જેનાથી ફરાર ગુનેગારોનો પીછો કરવાની અને તેમના નેટવર્કને નષ્ટ કરવાની ભારતની ક્ષમતામાં નોંધપાત્ર વધારો થયો.2024માં, મોદી સરકારે ફરાર ગુનેગારો સંબંધિત વિશેષ જોગવાઈઓને આવરી લેતા ત્રણ નવા ફોજદારી કાયદાઓ અમલમાં મૂક્યા. પ્રથમ વખત, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ 355 અને 356 ગેરહાજરીમાં ટ્રાયલ માટેની જોગવાઈ પૂરી પાડે છે, જેનાથી આરોપી ફરાર હોય તો પણ ટ્રાયલથી લઈને પ્રોસિક્યુશન સુધીની સમગ્ર ન્યાયિક પ્રક્રિયા પૂર્ણ કરી શકાય છે.2022માં, ભારતે 90મી ઈન્ટરપોલ જનરલ એસેમ્બલીની યજમાની કરી હતી, જ્યાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે વૈશ્વિક પોલીસિંગના ત્રણ સ્તંભો - કોમ્યુનિકેશન, કોલેબોરેશન અને કોઓપરેશનના મહત્વ પર ભાર મૂક્યો હતો. ભારત અને વૈશ્વિક કાયદા અમલીકરણ એજન્સીઓ વચ્ચે સંકલન, કનેક્ટિવિટી અને માહિતીની આપ-લેને મજબૂત કરવા માટે, કેન્દ્રીય ગૃહ મંત્રીએ જાન્યુઆરી 2025માં BHARATPOL લોન્ચ કર્યું હતું. BHARATPOL એ CBI, રાજ્ય પોલીસ હેડક્વાર્ટર (ઈન્ટરપોલ લાયઝન ઓફિસર્સ - ILOs દ્વારા) અને ડિસ્ટ્રિક્ટ પોલીસ હેડક્વાર્ટરને એક જ પ્લેટફોર્મ પર સાંકળીને એક વ્યાપક માહિતી ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કર્યું છે. આ પહેલ હેઠળ, રાજ્ય અને કેન્દ્રીય એજન્સીઓના 1,400 થી વધુ યુનિટ્સ પોર્ટલ દ્વારા જોડવામાં આવ્યા છે, જે માહિતીના સુચારૂ પ્રવાહને સુનિશ્ચિત કરે છે.

# વઘઈ તાલુકા પંચાયત કચેરી પર દિવસે પણ લાઈટો ચાલુ: સરકારી નાણાંનો દુરુપયોગ?



ડાંગ | વઘઈ તાલુકા પંચાયત કચેરી ખાતે દિવસના અજવાળામાં પણ બહારની લાઈટો ચાલુ જોવા મળતાં સ્થાનિકોમાં આશ્ચર્ય અને અસંતોષની લાગણી જોવા મળી રહી છે. એક તરફ સરકાર અને વીજ વિભાગ દ્વારા વીજળી બચાવવા માટે સતત જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવે છે, જ્યારે બીજી તરફ સરકારી કચેરીમાં જ વીજળીનો બિનજરૂરી વપરાશ થતો હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે.સૂર્યપ્રકાશ પૂરતો હોવા છતાં કચેરી પરિસરની બહારની લાઈટો ચાલુ રહેતાં પ્રશ્નો ઊભા થયા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓની બેદરકારીને કારણે સરકારી વીજળી અને પ્રજાના ટેક્સના નાણાંનો બિનજરૂરી ખર્ચ થઈ રહ્યો છે. લાઈટો બંધ કરવાની જવાબદારી કોની ,જાહેરમાં એવી પણ ચર્ચા છે કે જ્યારે સરકારી કચેરીઓમાં જ વીજ બચતના નિયમોનું પાલન નહીં થાય, ત્યારે સામાન્ય નાગરિકો પાસેથી વીજળી બચાવવાની અપેક્ષા કેવી રીતે રાખી શકાય?

## મોદી સરકાર 274 ભાગેડુઓને પરત લાવી અને ₹17,874 કરોડની સંપત્તિ જપ્ત કરી

# મોદી સરકારે વિદેશમાં છુપાયેલા 274 ભાગેડુઓને પકડ્યા અને ₹17,874 કરોડની સંપત્તિ જપ્ત કરી



● અમિત શાહના ઈન્ટિગ્રેટેડ, ઈન્ટેલિજન્સ-બેસ્ડ અને ટેક્નોલોજી-ડ્રિવન મોડલે કમાલ કરી બતાવી: 5 વર્ષમાં 274 ભાગેડુઓને પરત લાવવામાં આવ્યા.

અમદાવાદ | એક સમયે ભારતમાં એવી સામાન્ય માન્યતા હતી કે જે આર્થિક ગુનેગાર દેશ છોડીને વિદેશ ભાગી ગયો છે, તે કદાચ ક્યારેય કાયદાની ચુંગાલમાં નહીં આવે. મોટા કૌભાંડોના આરોપીઓ વર્ષો સુધી વિદેશી ધરતી પર સુરક્ષિત બેસી રહેતા હતા અને દેશની એજન્સીઓ માત્ર રાહ જોતી જ દેખાતી હતી. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં આ ચિત્ર ઝડપથી બદલાયું છે. હવે સંદેશ સ્પષ્ટ છે - ગુનો ભલે ભારતમાં થયો હોય અને ગુનેગાર દુનિયાના કોઈપણ ખૂણે છુપાયેલો હોય, કાયદો તેનો પીછો છોડશે નહીં.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ ભાગેડુ આર્થિક ગુનેગાર અધિનિયમ (Fugitive Economic Offenders Act) ને અસરકારક રીતે લાગુ કરવામાં આવ્યો. આ વ્યાપક રણનીતિ અંતર્ગત વર્ષ 2019 થી અત્યાર સુધીમાં 36 દેશોમાંથી 274 ભાગેડુ ગુનેગારોને ભારત પરત લાવવામાં આવ્યા છે અને 17,874 કરોડના મૂલ્યની સંપત્તિઓ જપ્ત કરવામાં આવી છે. આ સિદ્ધિ માત્ર આંકડાઓની નથી, પરંતુ રાજકીય ઈચ્છાશક્તિ અને દ્રઢ સંકલ્પની વાર્તા છે. જો સામાન્ય ભારતીયની જેમ આખી વાર્તાને જોઈએ, તો તફાવત સૌથી પહેલાં દાનતમાં દેખાય છે. અગાઉની સરકારોમાં ભાગેડુઓને પાછા લાવવાને લઈને રાજકીય ઈચ્છાશક્તિનો સ્પષ્ટ અભાવ જોવા મળતો હતો. ભાગેડુઓને તેમના અંજામ સુધી પહોંચાડનાર અમિત શાહે ગૃહ મંત્રાલયની કાર્યશૈલીને ઈન્ટિગ્રેટેડ, ઈન્ટેલિજન્સ-બેસ્ડ અને ટેક્નોલોજી-ડ્રિવન મોડલમાં બદલવા પર ભાર મૂક્યો. આ જ મોડલે વિવિધ કેન્દ્રીય એજન્સીઓ, રાજ્યોની પોલીસ, ઈન્ટરપોલ, વિદેશ મંત્રાલય અને વિદેશી સરકારો વચ્ચેના સંકલનને નવી ગતિ આપી. પરિણામ એ આવ્યું કે વર્ષોથી પડતર કેસોમાં પણ નક્કર પ્રગતિ જોવા મળી.શાહની રણનીતિ માત્ર ભાગેડુઓને પાછા લાવવા પૂરતી સીમિત રહી નથી. શાહે ત્રણ સ્તંભો - વૈશ્વિક સંચાલન, મજબૂત સંકલન અને સ્માર્ટ કૂટનીતિ - પર ભાર મૂકતા સમાંતર રીતે તેમની ગેરકાયદેસર અને શંકાસ્પદ સંપત્તિઓ પર પણ કાર્યવાહી તેજ કરી. 17,874 કરોડની સંપત્તિ જપ્ત થવી એ વાતનો સંકેત છે કે હવે આર્થિક ગુનો માત્ર જેલ સુધી સીમિત બાબત રહ્યો નથી, પરંતુ ગુના દ્વારા મેળવેલી સંપત્તિને પણ કાયદાના દાયરામાં લાવવાની નીતિ પર ગંભીરતાથી અમલ થઈ રહ્યો છે. આનાથી એ સંદેશો પણ ગયો કે ગુનો કરીને દેશમાંથી ભાગી જવું હવે આર્થિક સુરક્ષાની ગેરંટી નથી. વાસ્તવમાં, ભાગેડુ આર્થિક ગુનેગાર અધિનિયમનો મૂળ ઉદ્દેશ્ય પણ એ જ હતો કે મોટા આર્થિક ગુનેગારો ભારતના ન્યાયિક અધિકારક્ષેત્રની બહાર રહીને કાયદાની પ્રક્રિયાથી બચી ન શકે.આ કાયદા હેઠળ આવી વ્યક્તિઓની સંપત્તિઓ જપ્ત કરવાની અને તેમને કાનૂની પ્રક્રિયાનો સામનો કરવા માટે બાધ્ય કરવાની જોગવાઈ કરવામાં આવી. જ્યારે આ કાનૂની માળખાને મજબૂત રાજકીય ઈચ્છાશક્તિ અને અસરકારક અમલીકરણનો સાથ મળ્યો, ત્યારે તેના પરિણામો પણ સામે આવવા લાગ્યા.એક સામાન્ય નાગરિક તરીકે આ બદલાવ એટલા માટે પણ મહત્વપૂર્ણ લાગે છે કારણ કે આર્થિક ગુનાનું સૌથી મોટું નુકસાન માત્ર સરકારી તિજોરીને થતું નથી, પરંતુ તેની અસર બેંકો, રોકાણકારો, કર્મચારીઓ અને દેશની અર્થવ્યવસ્થા પર પણ પડે છે. આવા સમયે નવા ભારતની સુરક્ષા વ્યવસ્થાને નવી દિશા આપનાર અમિત શાહની નીતિએ આ ભરોસો મજબૂત કર્યો છે કે આર્થિક ગુનો માત્ર નાણાકીય બાબત નથી, પરંતુ રાષ્ટ્રીય હિત સાથે જોડાયેલો વિષય રહ્યો છે.એટલું જ નહીં, શાહના નેતૃત્વમાં ભારતપોલ (BharatPol) નો શુભારંભ થયો. આ પ્લેટફોર્મે 1,400 થી વધુ એજન્સીઓને ઈન્ટરપોલ સાથે જોડી. છેલ્લા ત્રણ વર્ષમાં 401 ભાગેડુ ગુનેગારો સામે નોટિસ જારી કરવામાં આવી. આ બધું એટલા માટે શક્ય બન્યું કારણ કે ભારતીય રાજનીતિને નિર્ણાયક વહીવટી ઓળખ અપાવનાર શાહે એજન્સીઓ વચ્ચેના સંકલનને મજબૂત કર્યું અને વૈશ્વિક પોલીસિંગમાં સહયોગ, સંપર્ક અને સંવાદનો સંદેશ આપ્યો.એ પણ ઉલ્લેખનીય છે કે આ ઝુંબેશથી માત્ર કાયદો જ લાગુ પડ્યો નથી, પરંતુ એક મનોવૈજ્ઞાનિક સંદેશ પણ આપવામાં આવ્યો છે. પહેલાં વિદેશ ભાગી જવું ઘણા આર્થિક ગુનેગારો માટે સુરક્ષિત વિકલ્પ માનવામાં આવતો હતો. આજે પરિસ્થિતિ બદલાતી જોવા મળે છે.

# ભાવનગર મંડળના સતર્ક લોકો પાયલોટોએ એશિયાટિક સિંહોના ઝુંડને ટ્રેનની અડફેટે આવતાં બચાવ્યા

અતુલ કુમાર ત્રિપાઠી | પશ્ચિમ રેલવેનું ભાવનગર મંડળ એશિયાટિક સિંહો તથા અન્ય વન્યજીવોની સુરક્ષા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. મંડળ પ્રશાસન દ્વારા લોકો પાયલોટોને સંવેદનશીલ વન્યજીવ વિસ્તારોમાં નિર્ધારિત ગતિમર્યાદાનું પાલન કરતાં અત્યંત સતર્કતાપૂર્વક ટ્રેનોનું સંચાલન કરવા સૂચના આપવામાં આવી છે. રેલવે અને વન વિભાગ વચ્ચેના ઉત્તમ સમન્વય તેમજ લોકો પાયલોટોની જાગૃતતાના પરિણામે અનેક વન્યજીવોને સંભવિત દુર્ઘટનાઓથી સુરક્ષિત બચાવવામાં સફળતા મળી છે.વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન કુલ 159, નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન 129 તથા વર્તમાન નાણાકીય વર્ષ 2026-27માં એપ્રિલ મહિનાથી અત્યાર સુધી કુલ 43 એશિયાટિક સિંહોને સંભવિત રેલ દુર્ઘટનાઓમાંથી સુરક્ષિત બચાવવામાં આવ્યા છે.આ જ ક્રમમાં, તા. 03 ઓગસ્ટ, 2026ના રોજ લોકો પાયલોટ શ્રી અનિશ એસ. (મુખ્યાલય - જૂનાગઢ) અને સહાયક લોકો પાયલોટ શ્રી વિરેન્દ્રસિંહ પરમાર (મુખ્યાલય - જૂનાગઢ) ટ્રેન નંબર 09595 જૂનાગઢ-ચલાલા મીટર ગેજ સ્પેશિયલનું સંચાલન કરી રહ્યા હતા. ધારી નજીક કિલોમીટર નં. 53/5-53/4 વચ્ચે તેમને રેલવે ટ્રેક પર 10 એશિયાટિક સિંહોનું ઝુંડ (સિંહ પરિવાર, જેમાં બચ્ચાં પણ સામેલ હતાં) ઉભું હોવાનું જોવા મળ્યું. પરિસ્થિતિની ગંભીરતા સમજી બંને લોકો પાયલોટોએ તાત્કાલિક સૂઝબૂઝ અને સતર્કતાનો પરિચય આપતાં ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને સુરક્ષિત રીતે રોકી દીધી, જેના કારણે સંભવિત દુર્ઘટના ટળી ગઈ.ત્યારબાદ લોકો પાયલોટે ટ્રેન મેનેજર (ગાર્ડ)ને તાત્કાલિક જાણ કરી. માહિતી મળતાં જ વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર ઘટનાસ્થળે પહોંચી ગયા અને તમામ સિંહોને સુરક્ષિત રીતે રેલવે ટ્રેક પરથી દૂર ખસેડ્યા. પરિસ્થિતિ સામાન્ય બન્યા બાદ ટ્રેનને ફરીથી પ્રસ્થાન કરવાની મંજૂરી આપવામાં આવી અને પ્રસ્થાન સંકેત મળતાં ટ્રેનને સાવધાનીપૂર્વક તેના ગંતવ્ય તરફ રવાના કરવામાં આવી.

ઘટનાની જાણ થતાં મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા, અપર મંડળ રેલ પ્રબંધક શ્રી ઋત્વિક શર્મા સહિત મંડળના વરિષ્ઠ અધિકારીઓએ લોકો પાયલોટોની સતર્કતા, ત્વરિત નિર્ણય ક્ષમતા, સંવેદનશીલતા અને કર્તવ્યનિષ્ઠાની પ્રશંસા કરી અને તેમને અભિનંદન પાઠવ્યા.

ભાવનગર મંડળ ભવિષ્યમાં પણ વન્યજીવ સંરક્ષણ પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા જાળવી રાખશે અને રેલવે તથા વન વિભાગના સંયુક્ત પ્રયાસોથી એશિયાટિક સિંહો તેમજ અન્ય વન્યજીવોની સુરક્ષા સુનિશ્ચિત કરવા સતત કાર્ય કરતું રહેશે. મીડિયા અહેવાલ અનુસાર, તાજેતરમાં ૦૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ લોકો પાયલોટ અનીશ એસ. અને સહાયક લોકો પાયલોટ વિરેન્દ્રસિંહ પરમાર ટ્રેન નંબર ૦૯૫૯૫ જૂનાગઢ-ચલાલા મીટર ગેજ સ્પેશિયલનું કુશળતાપૂર્વક સંચાલન કરી રહ્યા હતા. ધારી નજીક કિલોમીટર નંબર ૫૩/૫ થી ૫૩/૪ વચ્ચે ટ્રેક પર અચાનક ૧૦ એશિયાટિક સિંહોનું ઝુંડ આવી ચઢ્યું હતું. પરિસ્થિતિની ગંભીરતા પારખીને બંને લોકો પાયલોટોએ પોતાની સૂઝબૂઝ અને ત્વરિત નિર્ણય શક્તિનો પરિચય આપીને તાત્કાલિક ઈમરજન્સી બ્રેક લગાવીને ટ્રેનને સુરક્ષિત રીતે રોકી દીધી હતી, જેનાથી એક મોટી દુર્ઘટના ટળી ગઈ હતી.

# જેક ફ્રૂટ, ફણસ



અંગ્રેજી માં જેક ફ્રૂટ અને ગુજરાતી માં ફણસ ની આવક ઉનાળો પૂરો થતા ને ચોમાસું બેસતા જ માર્કેટ માં એની આવક થતી હોય છે.જેઠ થી અષાઢ માસ દરમિયાન કાચા ફણસ શાકમાર્કેટ માં વધારે વેચાય છે. ઉત્તર ભારત બંગાળ, મહારાષ્ટ્ર,વગેરેમાં કાચા ફણસ ના શાક અને અન્ય રેસીપીઓ નું વાર તેહવાર માં વિશેષ મહત્વ જોવા મળે છે. જ્યારે અષાઢ થી ભાદરવા મહિના માં ફણસ પાકી જતા એમાં કુદરતી મીઠાશ આવી જાય છે. ફણસ નું ફળ કદ જોતા એની પણ તરબૂચ ના વેલા જેવી કલ્પના થાય છે પણ ફણસ એ તરબૂચ ની માફક વેલા માં નથી થતા ઘેઘૂર ઘટાદાર ઝાડ પર થાય છે. બહાર થી અસંખ્ય લીલા કાંટા વાળું દેખતા કાચું ફણસ અંદર થી તાંતણા વાળું બીજ ધરાવે છે અને પાકું ફણસ અંદર થી અસંખ્ય પીળા રંગ બીજ વાળું મીઠાશ વાળું ફળ છે. દક્ષિણ ભારત માં ફણસ “ચાંપા” નામે ઓળખાય છે એમાંથી વિવિધ પ્રકાર ની વાનગીઓ બનાવવા માં આવે છે. ઉત્તર ભારત અને કોંકણ ના દરિયાકિનારા ના વિસ્તાર માં રહેતા લોકો પાકા ફણસ માંથી વિવિધ પ્રકાર ની પૂરણ પોલી,હલવો વગેરે બનાવે છે ને કાચા ફણસ માંથી શાક, અથાણાં,સૂકવેલા ફણસ ના ચીરિયા,ચિપ્સ વગેરે બનાવતા હોય છે.વિષુવૃતીય જંગલો નું ફળ ફણસ અત્યારે વિશ્વ માં ખૂણે ખૂણે સરળતા થી મળી જાય છે.ગુજરાત માં ફણસ ની ખેતી મોટાપાયે થાય છે પરંતુ ફણસ ના રેસા ને લીધે ખુબ જ ઓછા ગુજરાતી ઓને ત્યાં ફણસની વાનગીઓ કે શાક વગેરે બનતા હશે. ફણસ ના ગેર ફાયદાઓ કરતા ફાયદાઓ વધારે છે જેને બીજા શબ્દ માં ઈમ્યુનિટી બૂસ્ટર પણ કહી શકાય. જેક ફ્રૂટ ઉર્ફે ફણસ માં ફાઈબર, પોટેશિયમ, કેલ્શિયમ, થાયમીન, કાર્બોહાઈડ્રેટ,વિટામિન એ,વિટામિન બી, વિટામિન સી ભરપૂર માત્રા માં ઉપલબ્ધ હોય છે.

## રેસીપી

### ફણસનું શાક

૨૫૦ ગ્રામ ફણસ નું શાક બનાવવા માટે ૧ ઝીણી સમારેલી ડુંગળી,બે ટમેટા ની પેસ્ટ,આદુ લસણ ની બે ચમચી જેટલી પેસ્ટ શાક બનાવતા પહેલાં તૈયાર કરી રાખો. હાથ માં તેલ લગાવી ને ફણસ ના ચોરસ સરખા ટુકડા કરીને એને પ્રેશર કુકર માં નમક અને હળદર ઉમેરી ને બાફી નાખો. કુકર ઠંડુ પડે એટલે બફાયેલા ફણસ માંથી વધારાનું પાણી કાઢી નાખી ને કોરા કરો. કડાઈ માં બે ચમચા તેલ નાખી ને ગરમ કરો ગરમ તેલ માં રાઈ,જીરું અને હિંગ નાખી ને વઘાર કરો ત્યાર બાદ એમાં ઝીણી સમારેલી ડુંગળી,ટમેટા ની પેસ્ટ અને આદુ મરચા લસણ ની પેસ્ટ નાખીને મોટા માથા ના ચમચા વડે તેલ છૂટું ન પડે ત્યાં સુધી હલાવો. તેલ છૂટું પડતા જ એમાં લાલ મરચા પાવડર નાખી ને બધું મિશ્રણ એક સરખું કર્યા બાદ બાફેલા ફણસ ના ટુકડા ને મિશ્રણ માં નાખી ને બેત્રણ મિનિટ સુધી ચમચા વડે હલાવતા રહો. જ્યારે ફણસ સાથે બધો મસાલો ભળી જાય ત્યારે ગેસ સ્ટવ પરથી કડાઈ ને નીચે ઉતારી ને એમાં ઝીણી સમારેલી કોથમીર ભભરાવી ને સર્વ કરો.

### જેક ફ્રૂટ ઉર્ફે ફણસ ની પૂરણ પોલી

**૧ કપ પાકેલા ફણસ ના ટુકડા ની પેસ્ટ,૧ કપ બાફેલી ચણા ની દાળ,ગોળ અથવા ખાંડ એક કપ,એલચી જાયફળ નો ભુક્કો એક ચમચી. પોળી બનાવવા માટે ઓછો નરમ અને ઓછો કડક રોટલી નો લોટ બાંધી ને રાખો. સૌ પ્રથમ બાફેલ ચણાની દાળ અને પાકેલા ફણસ ની પેસ્ટ ને મિક્સર ગ્રાઉન્ડર માં એકસાથે ગ્રાઉન્ડ કરો. કડાઈ માં બે ચમચા ઘી નાખી ને ગરમ થતા જ એમાં પાકેલા ફણસ અને બાફેલી ચણાદાળ ના મિશ્રણ ને ઉમરો.કડાઈ માંના મિશ્રણ ની અંદર ગોળ અથવા ખાંડ ઉમેરીને ધીમી આંચ પર હલાવતા રહો.ચણા ની દાળ અને પાકેલા ફણસ નું મિશ્રણ ઘટ્ટ ન થયા બાદ કડાઈ ને નીચે ઉતારો. કડાઈ માનું મિશ્રણ ઠંડુ થયા બાદ એમાં જાયફળ અને એલચી નો ભુક્કો ઉમેરી ને મિક્સ કરો. લોટ નો એક રોટલી પર ઘી લગાવી ને ફણસ નું પુરણ પાથરી ને એના પર બીજી વણેલી રોટલી મૂકી ને કોર દબાવી ને પુરણ પોળીને બંધ કરો. તૈયાર ફણસ ની પૂરણ પોલી ને ધીમી આંચે શેકી પ્લેટ માં મૂકી ને પોળી પર ઘી લગાવી ને સર્વ કરો.**

### ફાયદાઓ :

**૧ જેક ફ્રૂટ ઉર્ફે ફણસ માં વિટામિન એ અને સી ઉપલબ્ધ હોવાના લીધે શરીર ની રોગપ્રતિકારક શક્તિ માં વધારો થાય છે.ચોમાસા ની ઋતુ માં એલર્જી થી લઈને ઇન્ફેક્શન જેવા રોગો રોગ પ્રતિકારક શક્તિ ને લીધે શરીર ને અસર કરતા નથી.**

**૨ ફાયબર નો ભરપૂર સ્ત્રોત્ર જેક ફ્રૂટ ઉર્ફે ફણસ માં ઉપલબ્ધ હોવાથી ચયાપચય ની પ્રક્રિયા ઝડપી બનાવે છે ને મોટાભાગે ચોમાસા માં થતા પેટ ના રોગો થી રાહત અપાવે છે.**

**૩ જે લોકો ને કબજિયાત ની સમસ્યા વધારે પરેશાન કરતી હોય એણે જેક ફ્રૂટ ઉર્ફે ફણસ નો ઉપયોગ નિયમિત ભોજન માં કરવા થી રાહત થતી હોય છે.**

**૪ વર્તમાન સમયમાં મોટાભાગ ના યુવક કે યુવતી અન હેલ્ધી ભોજન ના ટેસ્ટ ને લીધે એનિમિયા ની સમસ્યા ઓછા વતા અંશે ઘણા માં જોવા મળશે. જેક ફ્રૂટ ઉર્ફે ફણસ ને આયર્ન નો સ્ત્રોત માનવા માં આવે છે એટલે જેક ફ્રૂટ ઉર્ફે ફણસ ને યુવક યુવતીઓ હેલ્થ ને ધ્યાન માં રાખીને લેવું જોઈએ.**

**૫ જન્મ થી નબળા કે ઉંમર થતા ઘસાયેલા હાડકા ને જેક ફ્રૂટ ઉર્ફે ફણસ માં ઉપલબ્ધ કેલ્શિયમ મજબૂતી આપે છે.**

**૬ જેક ફ્રૂટ ઉર્ફે ફણસ ની અંદર ઉપલબ્ધ એન્ટિબાયોટિક અસર એ શરીર ની અંદર શ્યુગર લેવલ નિયંત્રિત કરતી હોવાના લીધે ડાયાબિટીસ ના દર્દીઓ માટે અકસીર ઇલાજ માનવા માં આવે છે.**

**૭ જેક ફ્રૂટ ઉર્ફે ફણસ માં સોડિયમ નું પ્રમાણ ઓછું અને પોટેશિયમ નું પ્રમાણ વધારે હોવાથી બ્લડ પ્રેશર ને કંટ્રોલ માં રાખે છે.**

**૮ ચોમાસા ની ઋતુ માં આંખ ને લગતા રોગો વધારે થતા હોય છે શરીર માં ઉપલબ્ધ વિટામિન એ આંખ ને રોગો સામે રક્ષણ આપે છે. ચોમાસુ ફળ જેક ફ્રૂટ ઉર્ફે ફણસ માં વિટામિન એ ઉપલબ્ધ હોવાથી એના સેવન થી આંખો ને ફાયદા થાય છે.**

**નોંધ : લો બ્લડ પ્રેશર ધરાવતા લોકો એ જેક ફ્રૂટ ઉર્ફે ફણસ ખાવાનું ટાળવું આવશ્ક છે.**

**આમ તો ફણસ ની રેસીપી અમારા ઘરમાં બની નથી પણ મારા ઉતર ભારતીય પડોશી ના રસોડે ચોમાસા ની ઋતુ આવતા જ વિવિધ પ્રકાર ની ફણસ ની રેસીપીઓ ચાખવા સાથે શીખી પણ છે. બટેટા, સૂરણ કરતા ફણસ નું શાક અલગ જ પ્રકારનું થાળી માં પીરસાઈ ત્યારે લાગે છે પણ સાતપડી ઘી વાળી રોટલી સાથે શાક ખાતા મજા પડી જાય છે.**

# ફરહાને લાલા અમરનાથની બાયોપિક લલકાર છોડી દીધી



મુંબઈ : ફરહાન અખ્તરે આમિરખાન અને આશુતોષ ગોવારીકરની ફિલ્મ 'લલકાર' છોડી દેતાં તેના સ્થાને 'જ્યુબિલિ' સીરિઝ ફેમ સિદ્ધાંત ગુપ્તાની પસંદગી કરવામાં આવી છે. આર.ડી. બર્મનની બાયોપિકમાં ડેટ્સ આપી દીધી હોઈ ફરહાન માટે આ ફિલ્મની તૈયારીઓ માટે પૂરતો સમય કાઢવાનું મુશ્કેલ હોઈ તેણે લાલા અમરનાથની કહાની કહેતી સ્પોર્ટસ ફિલ્મ 'લલકાર' છોડી દીધી હોવાનું જાણવા મળ્યું છે. જો કે ફરહાન સહનિર્માતા તરીકે તો આ ફિલ્મ સાથે સંકળાયેલો રહેશે. આમિરખાનની આ ફિલ્મનું શૂટિંગ પહેલી ઓક્ટોબરથી મુંબઈમાં શરૂ કરવામાં આવશે. સિદ્ધાંત ગુપ્તા આ ફિલ્મમાં આમિરખાનના દોસ્તોમાંથી એકની ભૂમિકા કરશે. આમિરખાન આ ફિલ્મમાં સ્વતંત્ર ભારતના પ્રથમ ક્રિકેટ કેપ્ટન લાલા અમરનાથની ભૂમિકા ભજવવાનો છે. ૧૯૫૨ની ઐતિહાસિક ભારત-પાકિસ્તાન ટેસ્ટ ક્રિકેટ સિરિઝ પર આધારીત આ ફિલ્મ બનાવવા માટે આશુતોષ ગોવારીકર અને આમિરખાન ૨૦૦૧માંઆવેલી 'લગાન' ફિલ્મ બાદ ફરી સાથે કામ કરી રહ્યા છે. આ ફિલ્મ પિયુષ ગુપ્તા અને નીરજસિંહે લખી છે.

# હુમા કુરેશી મહારાની ફોર માટે શૂટિંગ શરૂ કરશે

મુંબઈ : વેબસીરિઝ 'મહારાની'ની ચોથી સિઝનમાં હુમા કુરેશી ફરી રાની ભારતીના પાત્રમાં જોવા મળશે. ફિલ્મની સ્ટોરી અને બાકીની કાસ્ટ મામલે કોઇ વિગતો જાહેર કરવામાં આવી નથી. પણ આ સીરિઝને જાન્યુઆરી ૨૦૨૭માં રીલિઝ કરવાનું આયોજન થઈ રહ્યું છે. હાલ હુમા કુરેશી તેની આગામી ફિલ્મ ડટોક્સિકઃ ધ ફેરી ટેલ ફોર ગ્રોન અપ્સ'ના પ્રમોશનમાં વ્યસ્ત છે. ફિલ્મનું પ્રમોશન પુરૂ થાય તે પછી હુમા કુરેશી તેની આ સીરિઝના શૂટિંગ માટે સેટ પર પાછી ફરશે. સુભાષ કપૂર દ્વારા નિર્મિત આ સીરિઝ 'મહારાની'માં ગૃહિણી રાની ભારતીની કહાની રજૂ કરવામાં આવી છે. સીરિઝમાં બિહારના રાજકારણને આધાર બનાવી કાલ્પનિક કથા રજૂ કરવામાં આવી છે. રાજ્યના મુખ્ય પ્રધાનને રાજીનામું આપવાની ફરજ પડતાં તેમના સ્થાને તેમની પત્ની રાની ભારતી સીએમ બને છે. અકસ્માતે મુખ્ય પ્રધાન બનેલી રાની ભારતી બાદમાં ચાલાક રાજકારણી બની કેવા કરતબ કરે છે તેની વાત ત્રણ સિઝનમાં રજૂ થઇ હતી.



## આર ડી બર્મનની બાયોપિકમાં અક્ષય કુમારનો કેમિયો

**મુંબઈ : ફરહાન અખ્તરની મુખ્ય ભૂમિકા ધરાવતી આર ડી બર્મનની બાયોપિકમાં હવે અક્ષય કુમાર પણ એક ખાસ કેમિયો કરવાનો હોવાનું જાણવા મળ્યું છે. નીરજ પાંડે અને અક્ષય કુમાર અગાઉ પાંચ ફિલ્મમાં સાથે કામ કરી ચૂક્યા હોવા છતાં એક દાયકા બાદ તેઓ આ ફિલ્મમાં ફરી સાથે કામ કરશે. અક્ષય કુમારની ભૂમિકા નાની છે પણ તે સ્ટોરી માટે ખૂબ મહત્વની છે. નીરજ પાંડેએ આ રોલ નેરેટ કર્યો તે સાથે જ અક્ષયકુમાર તે ભજવવા માટે તૈયાર થઇ ગયો હતો. નીરજ પાંડે આ ફિલ્મનું નિર્દેશન કરી રહ્યા છે. યુવાન આરડી બર્મનના ક્લાસિક ગીતો રિક્રિએટ કરવા માટે હાલ મ્યુઝિક સિટિંગ ચાલી રહ્યા છે. ફિલ્મ હાલ પ્રિ-પ્રોડકશન તબક્કે છે અને તેનું શૂટિંગ સપ્ટેમ્બરથી શરૂ થવાની સંભાવનાઓ છે. ફરહાન અખ્તર આરડી બર્મન ઉપરાંત એક ઓર દિગ્ગજ સંગીતકાર પંડિત રવિશંકરની પણ ભૂમિકા એક ફિલ્મમાં ભજવવાનો છે.**




# ઈન્ટરવ્યૂથી બચવા કિશોર કુમારે ઘરમાં ખોપડીઓ લગાવી

હિન્દી સિનેમાના સૌથી બહુમુખી કલાકારોમાં કિશોર કુમારનું નામ સૌથી ઉપર લેવામાં આવે છે. તેમણે અભિનય, સંગીત, ડિરેક્શન અને ફિલ્મ નિર્માણ કર્યું, પરંતુ તેમની સૌથી મોટી ઓળખ તેમનો અવાજ બની. ચાર દાયકા સુધી તેમણે મોહમ્મદ રફી, મુકેશ અને મન્ના ડે જેવા દિગ્ગજો વચ્ચે પોતાની અલગ જગ્યા બનાવી. જેટલા શાનદાર તેઓ ગાયક હતા, એટલી જ રહસ્યમય તેમની અંગત જિંદગી હતી. કોઈ તેમને સનકી કહેતું હતું, કોઈ જીનિયસ, તો કોઈ તેમની સંવેદનશીલતાનું કાયલ હતું. તેમના વ્યક્તિત્વના ઘણા રંગો હતા, જેને માત્ર નજીકના લોકો જ સમજી શક્યા. 4 ઓગસ્ટ 1929ના રોજ મધ્ય પ્રદેશના ખંડવામાં જન્મેલા કિશોર કુમારની 97મી બર્થ એનિવર્સરી પર વાંચો તેમની જિંદગીના કેટલાક રસપ્રદ કિસ્સા, જે બતાવે છે કે પડદા પર લોકોને હસાવનારો આ કલાકાર અસલ જિંદગીમાં કેટલો અલગ હતો. કિશોર કુમારનો અવાજ દુનિયાના સૌથી અલગ અવાજોમાં ગણાય છે. તેમના સુરોના ખરબચડાપણું, લચક અને સહજતા સાથે જોડાયેલો એક પારિવારિક સંસ્મરણ ચર્ચિત છે. મોટા ભાઈ અશોક કુમારે ઘણા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, બાળપણમાં કિશોરના પગમાં ઊંડી ઈજા થઈ હતી. દુખાવો એટલો હતો કે તેઓ કલાકો સુધી રડતા રહ્યા. પરિવારનું માનવું હતું કે લાંબા સમય સુધી રડવાથી તેમના અવાજનું ટેક્સચર બદલાઈ ગયું અને એ જ આગળ જતાં તેમની ઓળખ બન્યું. ઈન્દોરની ક્રિશ્ચિયન કોલેજમાં અભ્યાસ દરમિયાન કિશોર કુમારની મસ્તીઓ પ્રખ્યાત હતી. તેઓ અવારનવાર કેન્ટીનમાં ઉધાર પર પૌઆ અને જલેબી ખાતા હતા.

# સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરાએ બેંગલુરુ શો રદ કર્યા

## હિંદુ સંગઠનોએ વિરોધ કર્યો હતો, CJP વિરોધ પ્રદર્શનમાં રામ-સીતા પર વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી

બેંગલુરુ : બેંગલુરુમાં સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરાએ પોતાના શો રદ કર્યા છે. વ્હાઈટફિલ્ડ વિસ્તારમાં યોજાનારા આ શોનો હિન્દુત્વવાદી કાર્યકરોએ સખત વિરોધ કર્યો હતો. પોલીસે સોમવારે આ અંગે માહિતી આપી. પોલીસના જણાવ્યા અનુસાર, કુણાલ કામરાએ રવિવારે પોતે વ્હાઈટફિલ્ડ પોલીસ સ્ટેશન જઈને અધિકારીઓને જાણ કરી હતી કે તે તેના નિર્ધારિત શો આગળ નહીં વધારશે. એક સિનિયર પોલીસ અધિકારીએ જણાવ્યું કે કામરાએ હિન્દુત્વવાદી કાર્યકરો દ્વારા કરાયેલા વિરોધને કારણે વ્હાઈટફિલ્ડમાં યોજાનારો કાર્યક્રમ રદ કરવાનો નિર્ણય લીધો છે.

### કોરમંગલામાં શિફ્ટ કરાયેલા શો

**કુણાલ કામરાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટ દ્વારા જણાવ્યું કે સોમવાર, મંગળવાર, બુધવાર અને ગુરુવારના શો હવે કોરમંગલાના એક સ્થળે શિફ્ટ કરી દેવામાં આવ્યા છે. તેણે એ પણ જાણકારી આપી કે વ્હાઈટફિલ્ડ શો માટે ખરીદવામાં આવેલી ટિકિટોનું રિફંડ BookMyShow પ્લેટફોર્મ દ્વારા પ્રોસેસ કરવામાં આવશે. સાથે જ, તેણે દર્શકોને કોરમંગલા વેન્યુ માટે ટિકિટ બુક કરવા વિનંતી કરી છે, જ્યાં સીટોની સંખ્યા મર્યાદિત છે. આ પહેલાં કુણાલ કામરાએ તેમના શોની ટીકા કરનાર એક ટ્રોલરને સોશિયલ મીડિયા પર ચેતવણી પણ આપી હતી. સાથે જ તેણે જણાવ્યું હતું કે તે 2 ઓગસ્ટે પોલીસ સ્ટેશન જશે.**




### હિંદુ દેવી-દેવતાઓનું અપમાન કરવાના આરોપ હતા

**આ ઘટનાક્રમ ત્યારે બન્યો જ્યારે તાજેતરમાં હિંદુ રાષ્ટ્ર સમન્વય સમિતિએ બેંગલુરુ પોલીસને એક અરજી સુપરત કરી હતી. તેમાં 3 ઓગસ્ટના રોજ યુઆરયુ (URU) વ્હાઈટફિલ્ડમાં યોજાનાર કામરાના સ્ટેન્ડ-અપ શોને રદ કરવાની માંગ કરવામાં આવી હતી. સમિતિએ દલીલ કરી હતી કે કામરાના શોથી કાયદો અને વ્યવસ્થા તથા ધાર્મિક સદ્ભાવ બગડવાનો ખતરો છે. તેનો આરોપ હતો કે કામરાએ હિંદુ દેવી-દેવતાઓનું અપમાન કર્યું છે.**

### CJP પ્રોટેસ્ટના નિવેદનથી પણ ધાર્મિક ભાવનાઓ દુભાવવાનો આરોપ લાગ્યો હતો

**15 જુલાઈના રોજ કુણાલ કામરા જંતર-મંતર ખાતે થયેલા કોકરોચ જનતા પાર્ટીના વિરોધ પ્રદર્શનમાં પહોંચ્યા હતો. આ દરમિયાન તેણે મંચ પર ભગવાન રામ અને માતા સીતા પર નિવેદન આપ્યું હતું. નિવેદન સામે આવ્યા બાદ કુણાલ કામરા વિરુદ્ધ ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો આરોપમાં ફરિયાદ નોંધાઈ હતી. હાઈકોર્ટના વકીલ વિભુ વીરભદ્ર સૈનીએ અરજીમાં જણાવ્યું હતું કે, 15 જુલાઈ 2026ના રોજ દિલ્હીના જંતર-મંતર ખાતે થયેલા એક વિરોધ પ્રદર્શન દરમિયાન કુણાલ કામરાએ ભગવાન રામ અને માતા સીતા વિશે કથિત વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી, જેનાથી ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચી હતી.**



# ભૂમિ પેડનેકર પર પૂર્વ એક્ટિંગ ટીચરનો આરોપ

## શ્રુતિ દેસાઈ બોલ્યા- સ્કૂલમાં શિક્ષકો સાથે અસમ્માનજનક વ્યવહાર કરતી હતી

મુંબઈ : એક્ટ્રેસ ભૂમિ પેડનેકર પર તેની પૂર્વ એક્ટિંગ ટીચર શ્રુતિ દેસાઈએ શિક્ષકો સાથે ખરાબ વર્તન કરવાનો આરોપ લગાવ્યો છે. કોકરોચ જનતા પાર્ટી (CJઝ)ના નેતૃત્વમાં થયેલા NEET વિરોધ પ્રદર્શનમાં કેટલાક લોકોએ કથિત રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો હતો. આની ભૂમિએ ટીકા કરી હતી અને કેટલાક લોકોએ તેને આ માટે ટ્રોલ કર્યા હતા. હવે ભૂમિના કથિત પૂર્વ એક્ટિંગ ટીચર શ્રુતિ દેસાઈની એક સોશિયલ મીડિયા પોસ્ટ પણ ચર્ચામાં છે. શ્રુતિ દેસાઈએ પોતાની પોસ્ટમાં લખ્યું, "ભૂમિ પેડનેકર, મને યાદ છે કે હું મુંબઈની એક ફિલ્મ સ્કૂલમાં થોડા સમય માટે તમારી ટીચર હતી. દુર્ભાગ્યવશ, મને એ પણ યાદ છે કે તમે તમારા શિક્ષકો પ્રત્યે ખૂબ જ અસન્માનજનક, લગભગ તિરસ્કારપૂર્ણ વર્તન કરતી હતી. શું તમે જણાવી શકો છો કે સન્માન અને જવાબદારીને લઈને તમારો દૃષ્ટિકોણ હવે કેવી રીતે બદલાઈ ગયો છે?"

@bhumisatishpednekkar - I remember I was, briefly, one of your teachers at a Mumbai-based film school. Unfortunately for me, I also remember how disrespectful, almost disdainful, you were about your teachers.
Care to explain your new approach towards the concepts of respect and responsibility and how your world view changed so drastically in the interim?

**ભૂમિ પેડનેકરે 2 ઓગસ્ટે પોતાના વીડિયો મેસેજમાં કહ્યું હતું કે શિક્ષણ અને વ્યવસ્થા સાથે જોડાયેલા મુદ્દાઓ પર સવાલ ઉઠાવવાનો હક બધાને છે, પરંતુ પોતાની વાત રજૂ કરવાની રીત સાચી હોવી જોઈએ.**



**" ભૂમિના આ નિવેદનને કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે 'એકતરફી' ગણાવ્યું હતું. વિવેચકોનું કહેવું હતું કે ભૂમિએ 20 જુલાઈના રોજ થયેલા 'સંસદ માર્ચ' દરમિયાન વિદ્યાર્થીઓ પર થયેલા કથિત લાઠીચાર્જ, પોલીસ કાર્યવાહી અને તેમની માંગણીઓ પર કોઈ વાત કરી ન હતી, પરંતુ માત્ર સૂત્રોચ્ચાર પર ધ્યાન આપ્યું હતું. બીજી તરફ, 3 ઓગસ્ટે શેર કરવામાં આવેલા બીજા વીડિયોમાં ભૂમિ પેડનેકરે કહ્યું હતું કે જંતર-મંતર પર પ્રદર્શન કરી રહેલી એક યુવા વિદ્યાર્થીનીનો ઈન્ટરવ્યુ વાઈરલ થયા બાદ તેને સોશિયલ મીડિયા પર નિશાન બનાવવામાં આવી રહી છે. તેને ડરામણી ધમકીઓ અને અશ્લીલ મેસેજ મોકલવામાં આવી રહ્યા છે. ભૂમિએ કહ્યું હતું કે આ પ્રકારની ઓનલાઈન સતામણી કોઈપણ વ્યક્તિના માનસિક સ્વાસ્થ્ય પર ઊંડી અસર કરે છે. તેમણે કહ્યું કે લોકોએ પરસ્પર વાતચીતમાં સંવેદનશીલતા, સન્માન અને સહાનુભૂતિ રાખવી જોઈએ, ન કે કોઈના જીવ પાછળ પડી જવું જોઈએ."**

# 'ઉર્ફી જાવેદે ₹1 લાખ ને પૂનમ પાંડેએ ₹20 હજાર લીધા'

## CJP પ્રદર્શનને લઈને ઈન્ફ્લુએન્સર ફૈઝાન અંસારીનો દાવો, હુમલાને લઈને અભિજીત દીપકે વિરુદ્ધ ફરિયાદ કરી

મુંબઈ : સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર ફૈઝાન અંસારીએ કોકરોચ જનતા પાર્ટી (CJP) ના સ્થાપક અભિજીત દીપકે વિરુદ્ધ દિલ્હી પોલીસમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. તેણે દાવો કર્યો કે દીપકે સાથે સંકળાયેલા લોકોએ તેના પર હુમલો કર્યો હતો. આ સાથે, તેણે ઉર્ફી જાવેદ પર 1 લાખ રૂપિયા અને પૂનમ પાંડે પર 20 હજાર રૂપિયા લેવાનો પણ આરોપ લગાવ્યો. ન્યૂઝ એજન્સી ANI સાથે વાતચીતમાં ફૈઝાન અંસારીએ કહ્યું, 'અભિજીત દીપકે વિરુદ્ધ આજે મેં દિલ્હી ડીસીપીને લેખિત ફરિયાદ નોંધાવી છે, કારણ કે મારા પર અભિજીત દીપકેના લોકોએ હુમલો કર્યો હતો. પુણેમાં મારા પર હુમલો થયો, ઔરંગાબાદમાં મારા પર હુમલો થયો. પહેલાથી જ તેની વિરુદ્ધ બે કેસ દાખલ છે.' તેણે આગળ કહ્યું, 'હું ઈચ્છું છું કે દિલ્હી પોલીસ તરત જ અભિજીત દીપકેની ધરપકડ કરે, જેથી આગળ કોઈ પણ રમખાણ કે કોઈ પણ સમસ્યા ન થાય.'



**" તેમજ, ફરિયાદમાં ફૈઝાન અંસારીએ લખ્યું કે, 'હું આજે મુંબઈથી દિલ્હી ડીસીપી પાસે કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિજીત દીપકેની લેખિત ફરિયાદ કરવા આવ્યો છું. અભિજીત દીપકે એક પાકિસ્તાની એજન્ટ છે. ઉમર ખાલિદનો સમર્થક છે, જેણે કહ્યું હતું કે, 'ભારત તેરે ટુકડે હોંગે.' બોલિવૂડમાંથી પણ સેલિબ્રિટીઝને અભિજીત દીપકેએ પૈસા આપીને જંતર-મંતર બોલાવ્યા હતા.' તેમાં આગળ લખ્યું છે કે, 'ઉર્ફી જાવેદે 1 લાખ રૂપિયા લીધા હતા અને પૂનમ પાંડેએ 20 હજાર રૂપિયા લીધા હતા. હું ઈચ્છું છું કે ઉમર ખાલિદની જેમ અભિજીત દીપકેને પણ જેલ થવી જોઈએ. તમે કૃપા કરીને તરત જ FIR કરીને તેને જેલમાં મોકલો. "**

# ₹4000 કરોડની 'રામાયણ'નું સરવૈયું!

## રામ બનવા રણબીરે ₹150 કરોડ, તો રાવણ બનેલા યશે લીધી ₹100 કરોડની ફી; સ્ટારકાસ્ટની તગડી ફી દંગ કરી દેશે

મુંબઈ : નિતેશ તિવારીની બહુચર્ચિત અને મહાકાવ્ય આધારિત ફિલ્મ 'રામાયણ'ને લઈને દેશભરમાં ભારે ઉત્સુકતા છે. બે ભાગમાં રજૂ થનારી આ ફિલ્મનું કુલ બજેટ આશરે 4000 કરોડ હોવાનું કહેવાય છે. ફિલ્મનો પહેલો ભાગ દિવાળી 2026માં અને બીજો ભાગ દિવાળી 2027માં સિનેમાઘરોમાં રિલીઝ થવાની તૈયારીમાં છે. હાલમાં જ આ ફિલ્મમાં મહત્વની ભૂમિકા ભજવી રહેલા સ્ટાર્સની તગડી ફીની વિગતો સામે આવી છે, જે જોઈને ફેન્સ પણ દંગ રહી ગયા છે.




**1. રણબીર કપૂર (ભગવાન રામ): ફિલ્મનો સૌથી મોંઘો એક્ટર : રણબીર કપૂર ભગવાન શ્રીરામના રોલમાં જોવા મળશે. રિપોર્ટ્સ મુજબ, રણબીરને આ ડ્યુઓલોજી (બે ભાગ) માટે ૧૫૦ કરોડ રૂપિયા ચૂકવવામાં આવી રહ્યા છે. આ તેના કરિયરનો અત્યાર સુધીનો સૌથી મોટો ચેક છે.**

**2. યશ (રાવણ) : 'KGF' ફેમ સાઉથ સુપરસ્ટાર યશ ફિલ્મમાં રાવણનું પાત્ર ભજવી રહ્યો છે અને સાથે જ તે ફિલ્મનો કો-પ્રોડ્યુસર પણ છે. રાવણના દમદાર રોલ માટે યશને બંને ભાગ મળીને ૧૦૦ કરોડ રૂપિયા ફી આપવામાં આવી રહી છે.**

**3. સાઈ પલ્લવી (માતા સીતા) : માતા સીતાની ભૂમિકા ભજવી રહેલી સાઉથ ઈન્ડસ્ટ્રીની લોકપ્રિય એક્ટ્રેસ સાઈ પલ્લવીને આ બંને ફિલ્મો માટે 12 કરોડ રૂપિયા મળ્યા છે. સામાન્ય રીતે સાઉથની ફિલ્મો માટે 2થી 3 કરોડ લેતી સાઈ પલ્લવી માટે આ બોલિવૂડ ડેબ્યૂ મોટો જમ્પ સાબિત થયો છે.**

**4. સની દેઓલ અને રવિ દુબે : 'ગદર ૨' ની ભવ્ય સફળતા બાદ સની દેઓલ ભગવાન હનુમાનના રોલમાં દેખાશે, જેના માટે તેમને 40 કરોડ રૂપિયા ચૂકવાયા છે. જ્યારે ટીવી ઈન્ડસ્ટ્રીમાંથી ફિલ્મોમાં આવેલ રવિ દુબને લક્ષ્મણના રોલ માટે 10-20 કરોડ રૂપિયાની ફી આપવામાં આવી છે.**

**5. વિવેક ઓબેરોય : ફિલ્મમાં વિદ્યુતજિહ્વાનો રોલ કરી રહેલા વિવેક ઓબેરોયે આ ભવ્ય પ્રોજેક્ટ માટે પોતાની ફી જ લેવાની ના પાડી દીધી છે અને તેને ફિલ્મ માટે ડોનેટ (યોગદાન) કરી દીધી છે.**

### ઓસ્કર વિજેતાઓ એઆર રહેમાન અને હેન્સ ઝિમર સંગીત આપી રહ્યા છે

**ફિલ્મના સંગીતને લઈને પણ લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે. આ ફિલ્મમાં બે દિગ્ગજ સંગીતકારો એઆર રહેમાન અને ઓસ્કર વિજેતા હેન્સ ઝિમર પ્રથમ વખત એકસાથે મળીને બેકગ્રાઉન્ડ સ્કોર અને સંગીત તૈયાર કરી રહ્યા છે. ફિલ્મનું નિર્માણ નમિત મલ્હોત્રાના પ્રાઈમ ફોકસ સ્ટુડિયોઝ અને અભિનેતા યશના મોન્સ્ટર માઈન્ડ ક્રિએશન્સ હેઠળ કરવામાં આવી રહ્યું છે. આ ભવ્ય પ્રોજેક્ટને બે ભાગમાં બનાવવામાં આવી રહ્યો છે, જેનો પહેલો ભાગ નવેમ્બર 2026માં દિવાળીના અવસરે સિનેમાઘરોમાં રિલીઝ થશે.**

### 4000 કરોડના બજેટમાં બની રહી છે દેશની સૌથી મોંઘી ફિલ્મ

**'દંગલ' જેવી બ્લોકબસ્ટર ફિલ્મ બનાવી ચૂકેલા ડિરેક્ટર નિતેશ તિવારી છેલ્લા ઘણા વર્ષોથી આ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બે ભાગમાં બનનારી આ ફિલ્મનું કુલ બજેટ 4000 કરોડ રૂપિયાની આસપાસ છે, જે તેને ભારતીય સિનેમાના ઈતિહાસની સૌથી મોંઘી ફિલ્મ બનાવે છે. ફિલ્મના વિઝ્યુઅલ ઈફેક્ટ્સ (VFX)ની જવાબદારી ઓસ્કર વિનિંગ કંપની DNEG સંભાળી રહી છે. ફિલ્મના પહેલા ભાગનું શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે અને હાલમાં તેના પોસ્ટ-પ્રોડક્શનનું કામ ઝડપથી ચાલી રહ્યું છે.**



# જેનિફર વિંગેટે શેર કર્યા પીઠીના અનસીન ફોટો

## લીલા લહેંગામાં અપ્સરા જેવી લાગી એક્ટ્રેસ, મિત્ર કરણ વાહી અને હરલીન સેઠી ખાસ હાજર રહ્યા

મુંબઈ : ટીવી એક્ટ્રેસ જેનિફર વિંગેટે તેની હલ્દી સેરેમનીની અદ્રશ્ય તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે. બ્રિટિશ બિઝનેસમેન વિલિયમ ઈશ્મેલ સાથે લગ્ન કર્યાના થોડા અઠવાડિયા પછી, તેણે તેની પ્રી-વેડિંગ વિધિઓની યાદો શેર કરી છે. ફ્રેન્ડશિપ ડે નિમિત્તે પોસ્ટ કરાયેલી આ તસવીરોમાં જેનિફરના નજીકના મિત્રો અને ટીવી કલાકારો કરણ વાહી, હરલીન સેઠી અને સહબાન અઝીમ જોવા મળી રહ્યા છે. સેરેમનીમાં જેનિફર લીલા રંગના લહેંગામાં જોવા મળી હતી, જ્યારે વિલિયમે સફેદ રંગની શેરવાની પહેરી હતી. જેનિફર વિંગેટે ઈન્સ્ટાગ્રામ પર પીઠીની ઘણી કેન્ડિડ તસવીરો પોસ્ટ કરી છે. તેણે તેના મિત્રોનો આભાર માનતા લખ્યું કે, તેની હલ્દી માત્ર એક ફંક્શન નહોતી, પરંતુ પ્રેમથી ભરેલો એક રૂમ હતો. જ્યારે પણ તે આ તસવીરો જુએ છે, તેને કોઈને કોઈ સુંદર ક્ષણ યાદ આવી જાય છે. તેણે આગળ લખ્યું કે તે ખૂબ નસીબદાર છે કે તેને આવા સારા મિત્રો મળ્યા. એક્ટ્રેસ હરલીન સેઠીએ પણ આ સેરેમનીની તસવીરો પોસ્ટ કરતા લખ્યું- 'યારી દોસ્તી હલ્દી'.








એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# નીરજ ચોપરા લૌસાન ડાયમંડ લીગમાં શાનદાર ટક્કર આપશે

## ● લૌસાનમાં જંગ જામશે, દિગ્ગજો ભાગ લેશે



(એજન્સી)ચેન્નઈ । તા. 04

ગ્લાસગો ખાતે આયોજિત કોમનવેલ્થ ગેમ્સમાં રજત પદક જીત્યા બાદ ભારતીય જ્વેલિન સ્ટાર નીરજ ચોપરા આગામી એકવીસમી ઓગસ્ટે લૌસાન ખાતે યોજાનારી પ્રખ્યાત ડાયમંડ લીગ સ્પર્ધામાં ભાગ લેવા માટે સંપૂર્ણપણે સજ્જ થઈ ગયા છે, જ્યાં તેમનો મુકાબલો વિશ્વભરના સૌથી શક્તિશાળી અને ખ્યાતનામ ખેલાડીઓ સામે થશે. તાજેતરમાં જ ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતા નીરજ ચોપરાએ પંચ્યાસી મીટરથી વધુનું થ્રો ફેંકીને રજત પદક પોતાના નામ કર્યું હતું. આ પહેલાં જૂન મહિનામાં દોહા ખાતે યોજાયેલ ડાયમંડ લીગના ચરણમાં પણ તેમણે ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. લૌસાનની આ આગામી સ્પર્ધા માત્ર એક સામાન્ય મુકાબલો નથી, પરંતુ તેમાં ઓલમ્પિક અને વિશ્વ ચેમ્પિયન ખેલાડીઓ વચ્ચે ખરાખરીનો જંગ જોવા મળશે, જેના માટે તમામ ખેલાડીઓ અત્યારથી જ સખત અભ્યાસ કરી રહ્યા છે.

આ ગરમાગરમ સ્પર્ધામાં ભાગ લેવા માટે ખેલ જગતના દિગ્ગજો લૌસાનના મેદાન પર ઉતરશે, જેની આતુરતાથી રાહ જોવામાં આવી રહી છે.

આ આગામી રોમાંચક સ્પર્ધામાં નીરજ ચોપરાની ટક્કર ઓલમ્પિક ચેમ્પિયન અરશદ નદીમ, વર્તમાન વિશ્વ ચેમ્પિયન કેશોર્ન વોલકોટ, એન્ડરસન પીટર્સ તેમજ કોમનવેલ્થ ગેમ્સમાં સ્વર્ણ પદક વિજેતા બનેલા રમેશ પથિરાગે સામે થશે. અગાઉ કોમનવેલ્થ ગેમ્સ દરમિયાન શ્રીલંકાના ખેલાડી પથિરાગે શાનદાર પ્રદર્શન કરીને સોનાનો ચંદ્રક જીત્યો હતો, જ્યારે નીરજે સખત સ્પર્ધા આપીને સિલ્વર મેડલ મેળવ્યો હતો.

# વિલિયમ્સ બહેનોએ સિનસિનાટી ઓપનમાં વાઈલ્ડ કાર્ડ મેળવ્યું



(એજન્સી) સિનસિનાટી । તા. 04

ટેનિસ જગતની મહાન જોડી ગણાતી સેરેના વિલિયમ્સ અને વીનસ વિલિયમ્સને આગામી સિનસિનાટી ઓપન માટે ડબલ્સ વિભાગમાં વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી આપવામાં આવી છે, જે આગામી તેરથી તાવીસ ઓગસ્ટ દરમિયાન રમાનાર છે. આ જાહેરાત સાથે જ ટેનિસ ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે કારણ કે આ મહાન બહેનોની જોડી લાંબા સમય બાદ ફરી એકવાર કોર્ટ પર સાથે ઉતરવા માટે તૈયાર થઈ છે. વર્ષ 2022ની યુએસ ઓપન ટૂર્નામેન્ટ બાદ આ પહેલો અવસર હશે જ્યારે સેરેના અને વીનસ ડબલ્સ મુકાબલામાં સાથે રમતા નજરે પડશે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ ટુર્નામેન્ટના આયોજકો દ્વારા તેમને વિશેષ આમંત્રિત તરીકે વાઈલ્ડ કાર્ડ આપવામાં આવ્યું છે, જે ટુર્નામેન્ટના રોમાંચને વધુ અનેકગણો વધારી દેશે. સિનસિનાટી ઓપનનું આયોજન આગામી તેરમી ઓગસ્ટથી શરૂ થઈને તાવીસમી ઓગસ્ટ સુધી ચાલવાનું છે, જેમાં વિશ્વભરના દિગ્ગજ ખેલાડીઓ ભાગ લેવાના છે. વિલિયમ્સ બહેનોની આ વાપસી માત્ર તેમના પ્રશંસકો માટે જ નહીં પરંતુ સમગ્ર ટેનિસ જગત માટે એક ઐતિહાસિક ક્ષણ સાબિત થશે.

મીડિયા અહેવાલ મુજબ, આ બહેનોએ અગાઉ પણ અનેક ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ્સ પોતાના નામે કર્યા છે અને હવે આ નવી સ્પર્ધામાં તેમની હાજરીથી મેચો વધુ રોમાંચક બની જશે. ટેનિસ વિશ્લેષકો માને છે કે વિલિયમ્સ બહેનોની કોર્ટ પર વાપસીથી યુવા ખેલાડીઓને પણ ઘણું શીખવા મળશે અને દર્શકોને ઉત્તમ રમત જોવા મળશે. આ ટુર્નામેન્ટની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે અને સુરક્ષા તેમજ અન્ય વ્યવસ્થાઓ પણ પૂર્ણ કરી લેવામાં આવી છે.

નાગરિકો અને ખેલ પ્રેમીઓ આ મહાન જોડીને જોવા માટે અત્યંત આતુર છે, અને સૌ કોઈ આશા રાખી રહ્યા છે કે તેઓ આ ટુર્નામેન્ટમાં પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન જાળવી રાખશે.

# જસપ્રીત બુમરાહ ઈજાના કારણે મોટી ટૂર્નામેન્ટમાંથી બહાર



(એજન્સી) નવી દિલ્હી । તા. 04

ભારતીય ક્રિકેટ ટીમનો સૌથી મુખ્ય અને ધારદાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ઘૂંટણની ગંભીર ઈજાના કારણે શ્રીલંકા સામેની આગામી મહત્ત્વપૂર્ણ ટેસ્ટ શ્રેણીમાંથી સંપૂર્ણપણે બહાર થઈ ગયો છે, જેના કારણે ટીમ ઈન્ડિયાના બોલિંગ આક્રમણને મોટો ઝટકો લાગ્યો છે અને રમત જગતમાં ફરી એકવાર ખેલાડીઓની ફિટનેસ અંગે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

જસપ્રીત બુમરાહનું નામ ભારતીય ક્રિકેટમાં મેચ વિનર તરીકે લેવાય છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ઈજાઓ તેના કરિયરનો પીછો છોડી રહી નથી. તાજેતરમાં શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણી પહેલા ઘૂંટણની સમસ્યા ઉભી થતા તેને ટીમમાંથી ખસી જવું પડ્યું છે. આ પહેલીવાર નથી જ્યારે બુમરાહ કોઈ મોટી સિરીઝ કે ટૂર્નામેન્ટ ગુમાવી રહ્યો હોય, અગાઉ પણ અનેક મહત્ત્વપૂર્ણ અવસરો પર તે પોતાની ફિટનેસના કારણે મેદાનથી દૂર રહ્યો છે.

બોર્ડર-ગાવસ્કર ટ્રોફી દરમિયાન તેને ઈજા થઈ હતી જે સમય જતાં વધુ ગંભીર બની ગઈ. રાષ્ટ્રીય ક્રિકેટ એકેડેમીના તબીબો તેની દેખરેખ રાખી રહ્યા છે જેથી તે વહેલી તકે સંપૂર્ણ સ્વસ્થ થઈને મેદાન પર વાપસી કરી શકે. જસપ્રીત બુમરાહની કારકિર્દી પર નજર કરીએ તો, તે અત્યાર સુધીમાં પાંચ મોટી ટૂર્નામેન્ટ ઈજાના કારણે ગુમાવી ચૂક્યો છે. વર્ષ 2022ના ટી-ટવીન્ટી વર્લ્ડ કપમાં કમરની ઈજાના કારણે તે રમી શક્યો ન હતો, જેના લીધે ભારતનું બોલિંગ આક્રમણ અત્યંત નબળું પડી ગયું હતું. તે જ વર્ષે એશિયા કપ 2022 પણ તે ગુમાવી બેઠો હતો, જ્યાંથી તેની કમરની ઈજાએ તેને સતત પરેશાન કરવાનું શરૂ કર્યું હતું. આ ઉપરાંત, વર્ષ 2023માં રમાયેલી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ મેચમાં પણ બુમરાહની ગેરહાજરી ભારતીય ટીમને ભારે પડી હતી અને ઓસ્ટ્રેલિયા સામે ભારત ૨૦૯ રને હારી ગયું હતું.

# તમે ચમત્કાર કર્યો છે ટીમના મહત્વના સભ્યની વિદાયથી



(એજન્સી) નવી દિલ્હી । તા. 04

ભારતીય ક્રિકેટ જગતમાં લાંબા સમયથી પોતાની શાનદાર સેવાઓ આપી રહેલા પૂર્વ ફિલ્ડિંગ કોચ ટી. દિલીપનો કાર્યકાળ સત્તાવાર રીતે પૂર્ણ થઈ ચૂક્યો છે, જેની વિદાય પર સ્ટાર બેટ્સમેન રોહિત શર્માએ સોશિયલ મીડિયા પર અત્યંત ભાવનાત્મક સંદેશ પાઠવી તેમને ટીમની સફળતાના અસલી હીરો ગણાવ્યા છે.

વર્તમાન સમયમાં તાજેતરના વિદેશી પ્રવાસો દરમિયાન ભારતીય ખેલાડીઓ દ્વારા ફિલ્ડિંગમાં થયેલી ગંભીર ભૂલો અને સતત નિરાશાજનક દેખાવને કારણે બોર્ડ દ્વારા કોચિંગ સેટઅપમાં બદલાવ લાવવાની અનિવાર્યતા ઊભી થઈ હતી. આંતરરાષ્ટ્રીય સ્તરે ઉચ્ચ સ્તરીય પ્રદર્શન જાળવી રાખવા માટે મેનેજમેન્ટે હવે નવા ચહેરાઓને તક આપવાનો મહત્વનો નિર્ણય લીધો છે.

વર્ષ ૨૦૨૧ થી ભારતીય ટીમ સાથે જોડાયેલા દિલીપના માર્ગદર્શન હેઠળ ટીમ અનેક ઐતિહાસિક વિજયોની સાક્ષી બની છે. તેમના કાર્યકાળ દરમિયાન ડ્રેસિંગ રૂમમાં શરૂ કરવામાં આવેલી 'બેસ્ટ ફિલ્ડર મેડલ'ની અનન્ય પરંપરાએ ખેલાડીઓ વચ્ચે જોરદાર સ્પર્ધા અને ઉત્સાહ જગાવ્યો હતો. દિલીપની વિદાય બાદ હવે બોર્ડ દ્વારા શુભદીપ ઘોષને ભારતીય પુરુષ ક્રિકેટ ટીમના નવા ફિલ્ડિંગ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જે આગામી પંદરમી ઓગસ્ટથી શ્રીલંકા સામે શરૂ થઈ રહેલી ટેસ્ટ શ્રેણીથી સત્તાવાર રીતે પદભાર સંભાળશે.

### આર્થિક-સામાજિક બદલાવ

આવા મહત્વપૂર્ણ વહીવટી અને કોચિંગ બદલાવો સીધી રીતે જ ટીમની મેદાન પરની માનસિક મજબૂતાઈ અને પ્રદર્શનને પ્રભાવિત કરે છે. રમતગમતના નિષ્ણાતોના મતે, યુવા અને અનુભવી ખેલાડીઓના સમન્વય સાથે નવું કોચિંગ સ્ટાફ ભારતીય ટીમને વૈશ્વિક સ્તરે વધુ ઊંચાઈઓ પર લઈ જવા માટે સંપૂર્ણપણે સજ્જ સાબિત થશે.

# ભારતે કુસ્તી સ્પર્ધામાં કુલ તેર મેડલ જીતીને રચ્યો ઈતિહાસ




(એજન્સી) ચેન્નઈ । તા. 04

અઝરબૈજાનના બાકુ ખાતે આયોજિત યુવા કુસ્તી ચેમ્પિયનશિપમાં ભારતીય મુક્ત શૈલીના રેસલર્સે શાનદાર પ્રદર્શન કરતા સોમવારે અભૂતપૂર્વ સફળતા મેળવી છે, જેના અંતર્ગત ભારતની મહિલા અને પુરૂષ રેસલિંગ ટીમે કુલ તેર મેડલ જીતીને સમગ્ર દેશનું ગૌરવ વધાર્યું છે અને રમત જગતમાં નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે.

આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓ શરૂઆતથી જ પોતાના ઉત્કૃષ્ટ પ્રદર્શન દ્વારા વિરોધીઓ પર હાવી રહ્યા હતા અને મેડલ તાલિકામાં પોતાનું વર્ચસ્વ જમાવ્યું હતું. કુસ્તી ક્ષેત્રે ભારતની પકડ વધુ મજબૂત બની રહી છે અને તાજેતરના પરિણામો સાબિત કરે છે કે આપણા યુવા ખેલાડીઓ વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવા માટે સંપૂર્ણપણે સજ્જ છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ મહત્ત્વપૂર્ણ સફળતા પાછળ ખેલાડીઓની વર્ષોની સખત મહેનત અને પ્રશિક્ષકોનું યોગ્ય માર્ગદર્શન રહેલું છે, જેના કારણે આજે ભારત વિશ્વ સ્તરે કુસ્તી મહાસત્તા તરીકે ઉભરી રહ્યું છે.

સ્પર્ધાના અંતિમ દિવસે સાઠ કિલોગ્રામ વજન જૂથમાં સિતેન્દર મલિકે શાનદાર રમતનું પ્રદર્શન કરતા રશિયાના સેર્ગેઈ કર્પ્રિયાન સામે ત્રણ વિરુદ્ધ એક પોઈન્ટથી વિજય મેળવીને પોતાનું વર્લ્ડ ટાઈટલ સફળતાપૂર્વક બચાવી લીધું હતું. આ સાથે જ સિતેન્દર ઓલમ્પિક પદક વિજેતા સુશીલ કુમાર બાદ બે વાર કેડેટ વર્લ્ડ ટાઈટલ જીતનારો માત્ર બીજો ભારતીય પુરૂષ ફ્રીસ્ટાઈલ રેસલર બની ગયો છે.

આ ઉપરાંત, પેંતાલીસ કિલોગ્રામ વજન વર્ગમાં હનુમંત રાજેન્દ્ર જાધવે ઈરાનના મહદી દાઉદ સામે સાત વિરુદ્ધ એકથી નિર્ણાયક વિજય મેળવીને બ્રોન્ઝ મેડલ પોતાના નામ કર્યો હતો, જ્યારે બાણું કિલોગ્રામ વજન જૂથમાં સક્ષમ એફએનયુએ પણ રોમાંચક મુકાબલામાં ઈરાની ખેલાડીને હરાવીને દેશ માટે વધુ એક પદક સુનિશ્ચિત કર્યો હતો.

### નિષ્ણાતોના મંતવ્યો અને અન્ય રમતોની ઝાંખી

રમતગમત વિશ્લેષકોએ ભારતીય યુવા રેસલર્સના આ અદ્ભુત પ્રદર્શનની મુક્ત કંઠે પ્રશંસા કરી છે અને કહ્યું છે કે આ ખેલાડીઓ ભવિષ્યમાં દેશ માટે ઓલમ્પિક પદક જીતવાની પૂરી ક્ષમતા ધરાવે છે. મીડિયા અહેવાલ મુજબ, આ ટૂર્નામેન્ટ ઉપરાંત કોઈમ્બતુર ખાતે ચાલી રહેલી જુનિયર પુરૂષ રાષ્ટ્રીય હોકી ચેમ્પિયનશિપમાં પણ કર્ણાટક, ઝારખંડ અને મધ્યપ્રદેશે પોતપોતાની મેચોમાં વિજય મેળવીને ઉત્સાહ જાળવી રાખ્યો છે.



# એલેક્ઝાન્ડ્રા ઈલાએ વોશિંગ્ટન ઓપન જીતીને ઈતિહાસ રચ્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 04

ટેનિસ જગતમાં ફિલિપાઈન્સની યુવા સ્ટાર ખેલાડી એલેક્ઝાન્ડ્રા ઈલાએ સોમવારે વોશિંગ્ટન ઓપન ટૂર્નામેન્ટની ફાઈનલ મેચમાં ટોચના ક્રમની અમેરિકન ખેલાડી જેસિકા પેગુલાને રોમાંચક મુકાબલામાં હરાવીને પોતાના કરિયરનું પ્રથમ ડબલ્યુટીએ ટાઈટલ જીતી લીધું છે, જેના કારણે તે પોતાના દેશમાંથી આ ગૌરવશાળી ટ્રોફી જીતનારી પ્રથમ મહિલા ખેલાડી બની ગઈ છે.

આ મહત્ત્વપૂર્ણ ફાઈનલ મુકાબલો રવિવારે જ રમાવાનો હતો, પરંતુ ખરાબ હવામાન અને વરસાદના કારણે લાંબા વિલંબ બાદ રમત અધવચ્ચે જ સ્થગિત કરવી પડી હતી. રવિવારે પ્રથમ સેતમાં જેસિકા પેગુલાએ ચાર સામે છ ગેમથી વિજય મેળવ્યો હતો અને બીજા સેતમાં સ્કોર બે-એક હતો ત્યારે મેચ રોકવી પડી હતી. આ લગભગ ચોવીસ કલાક સુધી ચાલેલી લાંબી પ્રક્રિયા બાદ સોમવારે ફરી શરૂ થઈ હતી, જેમાં યુવા ખેલાડી ઈલાએ શાનદાર વાપસી કરીને બધાને ચોંકાવી દીધા હતા. આ જીત સાથે જ એકવીસ વર્ષીય એલેક્ઝાન્ડ્રા ઈલા આગામી રેન્કિંગમાં વિશ્વના ટોચના વીસ ખેલાડીઓમાં સ્થાન મેળવવા માટે સજ્જ થઈ ગઈ છે, જે તેના અત્યાર સુધીના કરિયરની સૌથી મોટી સિદ્ધિ સાબિત થઈ રહી છે. સોમવારે મેચની શરૂઆત થઈ ત્યારે પેગુલાએ પોતાની સર્વ બચાવીને સ્કોર બે-બે કર્યો હતો, પરંતુ ત્યારબાદ એલેક્ઝાન્ડ્રા ઈલાએ પોતાની રમતનું સ્તર ઊંચક્યું હતું અને શાનદાર સર્વિસ તથા વિનર શોટ્સની મદદથી પેગુલા પર દબાણ વધાર્યું હતું. બીજા સેતના અંતિમ ચરણમાં ઈલાએ શાનદાર બ્રેક પોઈન્ટ મેળવીને સ્કોર બરાબર કર્યો અને ત્રીજા તથા નિર્ણાયક સેતમાં એકતરફી પ્રદર્શન કરતા પેગુલાને એક પણ ગેમ જીતવા દીધી ન હતી. આ સમગ્ર સપ્તાહ દરમિયાન એલેક્ઝાન્ડ્રા ઈલાનું પ્રદર્શન અદ્ભુત રહ્યું હતું, જ્યાં તેણે ફાઈનલમાં પહોંચતા પહેલાં એલિના સ્વિતોલિના, નાઓમી ઓસાકા અને ગ્લેમરસ ખેલાડી લેયલાહ ફર્નાન્ડીઝ જેવી દિગ્ગજ ખેલાડીઓને પરાજય આપ્યો હતો. મેચ પૂરી થયા બાદ સ્ટેડિયમમાં હાજર તેના પ્રશંસકોએ ઉત્સાહભેર અભિનંદન પાઠવ્યા હતા અને ઈલાએ પણ આ જીતને પોતાના માટે એક નવો વળાંક ગણાવ્યો હતો.

વિશ્વના ત્રીજા ક્રમની ખેલાડી જેસિકા પેગુલાએ પણ હાર સ્વીકારતા એલેક્ઝાન્ડ્રા ઈલાના વખાણ કર્યા હતા અને જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષોમાં તેની રમતમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, આ જીત માત્ર ઈલા માટે જ નહીં પરંતુ સમગ્ર એશિયન ટેનિસ માટે એક ગર્વની ક્ષણ છે, કારણ કે તેણે સાબિત કરી દીધું છે કે યુવા પ્રતિભા કોઈપણ મુશ્કેલ પરિસ્થિતિમાં વિજય મેળવી શકે છે. આ ટૂર્નામેન્ટના સફળ આયોજન અને રોમાંચક અંત બાદ ખેલ જગતમાં ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે કે આગામી ગ્રાન્ડ સ્લેમ સ્પર્ધાઓમાં આ યુવા ખેલાડી અન્ય ખેલાડીઓ માટે મોટો પડકાર બની રહેશે.

# ટેનિસ ખેલાડી ટેલર ફ્રિચે વોશિંગ્ટન ઓપન જીતીને ઈતિહાસ રચ્યો

## ફ્રિચનું શાનદાર પ્રદર્શન, જોદારને આપી હાર

(એજન્સી) વાશિંગ્ટન । તા. 04

અમેરિકાના ખેલાડી ટેલર ફ્રિચે સોમવારે વરસાદના કારણે વિલંબિત થયેલી વોશિંગ્ટન ઓપન ટૂર્નામેન્ટની પુરુષ એકસની ફાઈનલ મેચમાં ઓગણીસ વર્ષીય યુવા સ્પેનિશ ખેલાડી રાફેલ જોદારને સાત-છ અને ચાર સામે છ ગેમથી પરાજય આપીને આ વર્ષનું પોતાનું પ્રથમ એટીપી ટાઈટલ જીતી લીધું છે, જેના કારણે તેના ચાહકોમાં ખુશીની લહેર દોડી ગઈ છે. આ પ્રતિષ્ઠિત હાર્ડ કોર્ટ ટૂર્નામેન્ટમાં ત્રીજા ક્રમાંકિત ખેલાડી તરીકે મેદાનમાં ઉતરેલા ટેલર ફ્રિચે સમગ્ર સપ્તાહ દરમિયાન અત્યંત શાનદાર રમતનું પ્રદર્શન કર્યું હતું, જોકે વરસાદ અને ખરાબ હવામાનના કારણે ફાઈનલ મુકાબલો નિર્ધારિત સમય કરતાં મોડો શરૂ થયો હતો.



ગયા વર્ષે ઈસ્ટબોર્ન ખાતે ટાઈટલ જીત્યા બાદ ફ્રિચ માટે આ પ્રથમ મોટો ખિતાબ છે, જેણે સાબિત કરી દીધું છે કે તે વર્તમાન સમયના સૌથી ખતરનાક અને મજબૂત ખેલાડીઓમાં સ્થાન ધરાવે છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ મુકાબલો ખૂબ જ રોમાંચક રહ્યો હતો અને બંને ખેલાડીઓ વચ્ચે જીત માટે ભારે સંઘર્ષ જોવા મળ્યો હતો, પરંતુ અનુભવી ફ્રિચે દબાણની ક્ષણોમાં ઉત્તમ સંયમ જાળવીને મેચ પોતાના તરફ વાળી લીધી હતી.

મેચની શરૂઆતથી જ બંને ખેલાડીઓએ એકબીજા સામે આક્રમક રમત અપનાવી હતી, પરંતુ પ્રથમ સેતના ટાઈબ્રેકર દરમિયાન ટેલર ફ્રિચે શાનદાર પકડ જમાવીને સાત વિરુદ્ધ બે પોઈન્ટથી સેત પોતાના નામ કરી લીધો હતો. બીજા સેતમાં ફ્રિચે વધુ આક્રમક વલણ અપનાવતા સતત બે સર્વ બ્રેક કરીને ત્રણ-શૂન્યની મજબૂત લીડ મેળવી લીધી હતી, જેણે જોદાર પર મોટું દબાણ સર્જી દીધું હતું.

ચોથી ગેમમાં ફ્રિચથી થોડી ભૂલ થવાને કારણે જોદારે પુનરાગમન કરવાનો પ્રયાસ કર્યો હતો અને સ્કોર ત્રણ સામે બે કર્યો હતો, પરંતુ ફ્રિચે પોતાની કુશળતા કામે લગાડીને વિરોધી ખેલાડીને વધુ તક આપી ન હતી. મેચના અંતિમ ચરણમાં જોદારને ડાબા કાંડામાં ઈજા થવાને કારણે થોડીવાર સારવાર લેવી પડી હતી, અને મેચ ફરી શરૂ થયા બાદ ફ્રિચે પાંચમા મેચ પોઈન્ટ પર વિજય મેળવીને ટ્રોફી પર કબજો જમાવ્યો હતો.

ઐતિહાસિક // ઓવલ પર ઐતિહાસિક જીત, સિરાજે મેચ પલટી દીધી

# ભારતીય ટેસ્ટ ક્રિકેટની ઐતિહાસિક જીતને એક વર્ષ પૂરું થયું

(એજન્સી) મુંબઈ । તા. 04

ઈંગ્લેન્ડની ધરતી પર ઓવલના ઐતિહાસિક મેદાન પર ભારતીય ક્રિકેટ ટીમે છ રનથી મેળવેલી રોમાંચક અને યાદગાર જીતને આજે એક વર્ષ પૂર્ણ થઈ ગયું છે, જેણે યુવા કેપ્ટન શુભમન ગિલના નેતૃત્વ હેઠળ નવી ટેસ્ટ ટીમની પાયાની ઓળખ સ્થાપિત કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી.

એક વર્ષ અગાઉ રમાયેલી આ અત્યંત રોમાંચક શ્રેણીમાં ભારતીય ટીમે પ્રતિકૂળ પરિસ્થિતિઓ વચ્ચે પણ અદ્ભુત સંઘર્ષશક્તિનું પ્રદર્શન કર્યું હતું. શ્રેણી દરમિયાન ભારતીય ટીમે દરેક મેચમાં ટોસ ગુમાવ્યો હોવા છતાં ખેલાડીઓએ હાર માન્યા વગર મેદાન પર પ્રહાર કર્યો હતો. લીડ્સ ખાતેની પહેલી મેચ ગુમાવ્યા બાદ ટીમ ઈજબેસ્ટન ખાતે શાનદાર વાપસી કરી હતી, જોકે લોર્ડ્સ ખાતે રવિન્દ્ર જાડેજાના લડાયક પ્રદર્શન છતાં મેચ હાથમાંથી સરકી ગઈ હતી અને ઓલ્ડ ટ્રેફર્ડની મેચ વરસાદના કારણે અનિર્ણિત રહી હતી.



સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ઓવલ ખાતેની અંતિમ અને નિર્ણાયક મેચમાં ભારતીય ખેલાડીઓએ આખરી પચાસ મિનિટ સુધી અદભુત માનસિક મક્કમતા દાખવીને સમગ્ર શ્રેણી બે-બેથી સરભર કરી દીધી હતી અને એન્ડરસન-તેંડુલકર ટ્રોફી પર કબજો જમાવ્યો હતો.

ઓવલ ટેસ્ટના પાંચમા દિવસે ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજ પર સમગ્ર ટીમનો બોજ હતો, કારણ કે અગાઉ તેણે એક કેચ છોડ્યો હતો જેને લઈને તેની ટીકા પણ થઈ હતી. પરંતુ સિરાજે શાનદાર વાપસી કરતા પોતાની કારકિર્દીનો સર્વશ્રેષ્ઠ સ્પેલ નાખ્યો અને નિર્ણાયક સમયે ખતરનાક બેટ્સમેન હેરી બ્રૂકને આઉટ કરીને મેચનું પાસું જ પલટી નાખ્યું હતું. માત્ર છ રનના માર્જિનથી મળેલી આ જીતે સાબિત કરી દીધું કે આ ભારતીય ટીમ હવે કોઈપણ એક ખેલાડી પર નિર્ભર રહેવાને બદલે સામૂહિક પ્રદર્શનના જોરે વિજય મેળવતા શીખી ગઈ છે.

શુભમન ગિલ અને બેન સ્ટોક્સે સંયુક્તપણે ટ્રોફી સ્વીકારી ત્યારે ભારતીય ખેલાડીઓના ચહેરા પરનો સંતોષ અને ખુશી સ્પષ્ટ વર્તાતી હતી, કારણ કે આ માત્ર એક ડ્રો થયેલી શ્રેણી ન હતી પરંતુ ભારતીય ટેસ્ટ ક્રિકેટના નવા યુગની શરૂઆત હતી.

### નિષ્ણાતોના મંતવ્યો અને ભવિષ્યની રૂપરેખા

ક્રિકેટ વિશ્લેષકોનું માનવું છે કે આ શ્રેણીએ યુવા કેપ્ટન શુભમન ગિલ અને તેની યુવા વાહિનીને માનસિક રીતે ખૂબ જ મજબૂત બનાવી છે, અને આ જીતનો વારસો હવે આગામી ટૂર્નામેન્ટ્સમાં ભારતીય ટીમની પરીક્ષા કરી રહ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, ઈંગ્લેન્ડની મુશ્કેલ પરિસ્થિતિઓમાં જીત મેળવવાની આ કળાએ ભારતીય ખેલાડીઓનોત્મવિશ્વાસ સાતમા આસમાને પહોંચાડી દીધો છે.

આકિબ નબીને તક મળી, બુમરાહ બહાર થયો

# જસપ્રીત બુમરાહના સ્થાને આકિબ નબીને મળી ટીમમાં તક

(એજન્સી) નવી દિલ્હી । તા. 04

શ્રીલંકાના આગામી પ્રવાસ પહેલા ભારતીય ક્રિકેટ ટીમને મોટો ઝટકો લાગ્યો છે કારણ કે મુખ્ય ઝડપી બોલર જસપ્રીત બુમરાહ ડાબા ઘૂંટણની ગંભીર ઈજામાંથી સંપૂર્ણ સ્વસ્થ ન થઈ શકવાના કારણે ટેસ્ટ શ્રેણીમાંથી બહાર થઈ ગયો છે, અને તેના સ્થાને પસંદગીકારોએ જમ્મુ-કાશ્મીરના ચોવીસ વર્ષીય યુવા ફાસ્ટ બોલર આકિબ નબીને રાષ્ટ્રીય ટીમમાં સામેલ કરીને એક મોટું સરપ્રાઈઝ આપ્યું છે.

અગાઉ ઈંગ્લેન્ડ સામેની વનડે શ્રેણી દરમિયાન બુમરાહના ડાબા ઘૂંટણમાં ઈજા થઈ હતી, જેના કારણે તે ફિટનેસ ટેસ્ટ પાસ કરવામાં નિષ્ફળ રહ્યો અને ટીમની પસંદગી માટે અયોગ્ય જાહેર થયો. ભારતીય બોલિંગ આક્રમણ માટે આ એક મોટો ફટકો છે, પરંતુ બીજી તરફ ઘરેલુ ક્રિકેટમાં સતત શાનદાર પ્રદર્શન કરી રહેલા યુવા ખેલાડીઓ માટે આગળ વધવાના નવા દ્વાર ખુલી ગયા છે.

બોર્ડની મેન્સ સિલેક્શન કમિટીએ લાંબા વિચાર-વિમર્શ બાદ આકિબ નબીની પ્રતિભા પર ભરોસો મૂક્યો છે, જેને પહેલીવાર સીએનિયર ભારતીય ટીમમાં રમવાની સોનેરી તક મળી રહી છે.



આકિબ નબીને ભારતીય ટીમમાં સ્થાન મળવા પાછળ તેનું સ્થાનિક ક્રિકેટનું બેજોડ પ્રદર્શન મુખ્ય કારણ રહ્યું છે. તેણે રણજી ટ્રોફીની છેલ્લી બે સિઝનમાં અત્યંત ઘાતક બોલિંગ કરીને કુલ એકસો ચાર વિકેટો ઝડપી છે, અને ખાસ કરીને બે હજાર પચીસ-છવીસની સિઝનમાં એકલા હાથે સાઈઠ વિકેટો લઈને જમ્મુ-કાશ્મીરને ઈતિહાસમાં પહેલીવાર રણજી ટ્રોફીનું ચેમ્પિયન બનાવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત તાજેતરમાં શ્રીલંકાના પ્રવાસે ગયેલી ભારત એ ટીમમાં પણ તેણે બે ફર્સ્ટ ક્લાસ મેચોમાં છ વિકેટો ઝડપીને પોતાના શાનદાર ફોર્મનો પુરાવો આપ્યો હતો.

લશ્કરના આકાની ખુલ્લી કબૂલાત સામે આવી, પાકિસ્તાનના અનેક શહેરોમાં આતંકીઓ ડામાડોળ

# પાકિસ્તાનમાં અજ્ઞાત હુમલાખોરોએ 30થી વધુ આતંકીનો સફાયો

(એજન્સી) નવી દિલ્હી । તા. 04

પાકિસ્તાનની ધરતી પરથી સામે આવેલા તાજા અને સનસનાટીભર્યા અહેવાલો મુજબ, કુખ્યાત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે સંકળાયેલા એક ઓપરેટિવે જાહેરમાં એ વાત સ્વીકારી લીધી છે કે છેલ્લા ત્રણથી ચાર વર્ષના સમયગાળા દરમિયાન પાકિસ્તાનના અલગ-અલગ શહેરોમાં અજ્ઞાત હુમલાખોરો દ્વારા ત્રીસથી વધુ આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. પેશાવર, કરાચી, રાવલપિંડી, મુઝફ્ફરાબાદ અને રાવલાકોટ જેવા પ્રમુખ વિસ્તારોમાં બનેલી આ ઘટનાઓએ સમગ્ર આતંકી નેટવર્કને હચમચાવી દીધું છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા એક વીડિયો સંબોધનમાં લશ્કરના આ ઓપરેટિવે દાવો કર્યો છે કે આ તમામ સફાઈ પાછળ ભારતીય ગુપ્તચર એજન્સીઓનું મોડેલ કામ કરી રહ્યું છે, જોકે ભારતે અગાઉ પણ આવા તમામ આધારહીન આરોપોને સ્પષ્ટપણે ફગાવી દીધા છે.

### અત્યાર સુધીની પરિસ્થિતિ અને ઘટસ્ફોટ

છેલ્લા કેટલાક વર્ષોથી પાકિસ્તાનની અંદર અજાણ્યા બંદૂકધારીઓ દ્વારા ભારત વિરોધી ગતિવિધિઓમાં સામેલ કુખ્યાત આતંકીઓને નિશાન બનાવવાની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. લશ્કરના ઓપરેટિવ રિઝવાન હનીફે પોતાના ભાષણમાં જાહેરમાં સ્વીકાર્યું છે કે આ સતત થઈ રહેલા હુમલાઓને કારણે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર અને અન્ય મુખ્ય શહેરોમાં પણ આતંકવાદીઓ સુરક્ષિત રીતે રહી શકતા નથી અને તેમનામાં ભારે ભયનો માહોલ છવાયેલો છે. આતંકી સંગઠનોના ટોચના નાગરિકો દ્વારા આટલી મોટી સંખ્યામાં પોતાના સાથીઓના મોતની આ પહેલી વખત સત્તાવાર કે જાહેર સ્વીકૃતિ માનવામાં આવી રહી છે, જેનાથી પાકિસ્તાનની સુરક્ષા વ્યવસ્થા પણ કઠેડામાં આવી ગઈ છે. આ સમગ્ર મામલાની પૃષ્ઠભૂમિ પર નજર નાખીએ તો, લશ્કર-એ-તૈયબાની સ્થાપના



૧૯૮૦ના દાયકાના અંતમાં હાફિઝ મોહમ્મદ સઈદ, ઝફર ઈકબાલ અને અબ્દુલ્લા અઝામ દ્વારા કરવામાં આવી હતી. શરૂઆતના તબક્કામાં સોવિયેત-અફઘાન યુદ્ધ દરમિયાન આ સંગઠન એક સશસ્ત્ર પાંખ તરીકે સક્રિય હતું અને ત્યારબાદ તેણે ભારતના જમ્મુ અને કાશ્મીર તરફ પોતાની વિધ્વંસક પ્રવૃત્તિઓ કેન્દ્રિત કરી હતી. ભારત સહિત અમેરિકા અને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આ સંગઠનને આતંકવાદી જાહેર કરવામાં આવ્યું છે, અને લાંબા સમયથી એવા અહેવાલો મળતા રહ્યા છે કે આ સંગઠનને પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈનું પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ સમર્થન પ્રાપ્ત છે.

### ભવિષ્યના પડકારો, વૈશ્વિક પ્રતિક્રિયાઓ

પોતાના સંબોધન દરમિયાન આતંકી ઓપરેટિવે ધાર્મિક ઉન્માદ ફેલાવવાનો અને પોતાના આતંકી સાથીઓના મોતને ધર્મ સાથે જોડવાનો નિમ્ન પ્રયાસ પણ કર્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, આ પ્રકારના નિવેદનો દર્શાવે છે કે અજ્ઞાત હુમલાખોરોના વધતા ખોફના કારણે આતંકવાદીઓની માનસિક સ્થિતિ અત્યંત નબળી પડી ચૂકી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ આ ઘટનાઓની ગંભીર નોંધ લેવામાં આવી રહી છે, કારણ કે પાકિસ્તાન હવે પોતાના જ ઘરઆંગણે આતંકવાદના આ સામુહિક સફાયાને રોકવામાં સંપૂર્ણપણે લાચાર સાબિત થઈ રહ્યું છે. આજના આ બદલાયેલા માહોલમાં ભારત વિરોધી તાકાતો માટે પોતાની રક્ષણાત્મક દીવાલો ઊભી કરવી અત્યંત મુશ્કેલ બની ગઈ છે.

વૈશ્વિક તાપમાનના જૂના રેકોર્ડ તૂટશે

# વિશ્વમાં ટૂંક સમયમાં 150 વર્ષનો સૌથી વિનાશક સુપર અલ-નીનો સર્જાવાની હવામાન વૈજ્ઞાનિકોની ચેતવણી



(એજન્સી) નવી દિલ્હી । તા. 04

હવામાન વૈજ્ઞાનિકો દ્વારા જારી કરવામાં આવેલી તાજેતરની ચેતવણીએ સમગ્ર વિશ્વમાં ફરી એકવાર ગંભીર ચિંતાનું મોજુ ફેલાવી દીધું છે. વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, વિશ્વમાં ટૂંક સમયમાં જ અત્યાર સુધીનો સૌથી વિનાશક અને તાકતવર 'સુપર અલ-નીનો' જોવા મળી શકે છે, જે જો સાચું સાબિત થાય તો છેલ્લા ૧૫૦ વર્ષના તમામ વૈશ્વિક તાપમાનના રેકોર્ડ તોડી નાખશે. પેસિફિક મધ્ય સાગરની સપાટીનું પાણી સામાન્ય તાપમાન કરતા અત્યંત ગરમ થઈ જવાના કારણે આ ભયાનક સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે, જે દુનિયાભરમાં દુષ્કાળ, ભારે ગરમી અને અતિભારે વરસાદ જેવી કુદરતી આફતોનું પ્રમાણ અચાનક વધારી શકે છે.

કેલિફોર્નિયા સ્થિત પ્રખ્યાત સંસ્થાના રિપોર્ટ અનુસાર, વિશ્વભરના ૧૪ અલગ-અલગ ક્લાઈમેટ મોડેલ્સ દ્વારા કરવામાં આવેલા સેંકડો અનુમાનોમાંથી લગભગ ૯૦ ટકા મોડેલ્સ એવું સ્પષ્ટ દર્શાવી રહ્યા છે કે આ વખતે ટ્રોપિકલ પ્રશાંત મહાસાગરનું તાપમાન છેલ્લા ૧૫૦ વર્ષની સરખામણીએ સૌથી ઉચ્ચ સ્તરે પહોંચી જશે. આ દરમિયાન સમુદ્રની સપાટીનું તાપમાન સામાન્ય કરતાં ૩.૬ ડિગ્રી સેલ્સિયસ સુધી વધી જવાની પૂરી ભીતિ છે. અગાઉ સૌથી શક્તિશાળી સુપર અલ-નીનો વર્ષ ૨૦૧૫-૧૬માં નોંધાયો હતો, જ્યારે સમુદ્રી તાપમાનમાં ૨.૭૫ ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો હતો. આ ગરમી માત્ર સમુદ્રી વિસ્તારો પૂરતી સીમિત ન રહેતા સમગ્ર દુનિયાના હવામાન ચક્રને ગંભીર રીતે પ્રભાવિત કરી રહી છે.

વૈજ્ઞાનિકોનું સ્પષ્ટ માનવું છે કે માનવસર્જિત પ્રદૂષણ અને ગ્લોબલ વોર્મિંગના કારણે પૃથ્વીનું તાપમાન પહેલેથી જ સતત વધી રહ્યું છે. આવી નાજુક પરિસ્થિતિમાં જો હવે આ અત્યંત મજબૂત સુપર અલ-નીનો પણ ઉમેરાઈ જશે, તો આ બંને પરિબળો સંયુક્ત રીતે વૈશ્વિક તાપમાનને ં ત ખતરનાક સ્તરે ધકેલી દેશે. આ બમણા પ્રહારના પરિણામે પૃથ્વી પર અસહ્ય હીટવેવ, લાંબા ગાળાના ભીષણ દુષ્કાળ અને ચોમાસાના કુદરતી ચક્રમાં મોટા ફેરફારો જોવા મળી શકે છે. મીડિયા અહેવાલ મુજબ, આ સ્થિતિ વિશ્વના અનેક દેશોની અર્થવ્યવસ્થા અને કૃષિ ક્ષેત્ર માટે મોટો ફટકો સાબિત થઈ શકે છે.

### ભારતીય ચોમાસા પર પડનાર સંભવિત અસરો

ભારતના વિશેષ સંદર્ભમાં વાત કરીએ તો, અલ-નીનોની સીધી અસર સામાન્ય રીતે દેશના ચોમાસાના વરસાદ પર પડતી હોય છે. ભૂતકાળના અનુભવો દર્શાવે છે કે અલ-નીનોના વર્ષોમાં ભારતમાં સામાન્ય કરતા ઓછો વરસાદ નોંધાતો હોય છે. જોકે, હવામાન નિષ્ણાતોનું એવું પણ કહેવું છે કે ભારતીય ચોમાસું માત્ર અલ-નીનો પર જ નહીં, પરંતુ હિંદ મહાસાગરના દ્વિધ્રુવીય પરિબળો જેવા અન્ય અનેક સ્થાનિક સમુદ્રી પ્રભાવો પર પણ આધાર રાખે છે. છતાં, જો આ સુપર અલ-નીનો અતિશય શક્તિશાળી બનશે તો ભારતમાં પણ ગરમીનો પ્રકોપ અસાધારણ રીતે વધી શકે છે અને વરસાદની અનિયમિત પેટર્નને કારણે ખેડૂતોની મુશ્કેલીઓમાં વધારો થઈ શકે છે. આગામી મહિનાઓમાં સમુદ્રના તાપમાનના નવા આંકડા સામે આવ્યા બાદ જ આ અંગેનું સંપૂર્ણ અને સચોટ ચિત્ર સ્પષ્ટ થશે.

## ન્યૂઝ બ્રીફ

### ઈરાન ડીલ કરે અથવા સરન્ડર કરે ટ્રમ્પની ધમકી, હોર્મુઝની ખાડી ખોલવા માટે દબાણ



વૉશિંગ્ટન | આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ગરમાવો લાવતા વૉશિંગ્ટન ખાતે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને લઈને અત્યંત આક્રમક વલણ અપનાવ્યું છે અને તાત્કાલિક ધોરણે સમજૂતિ કરવા અથવા સંપૂર્ણપણે શરણે થવા માટે ખુલ્લી ચેતવણી આપી છે. વર્તમાન સમયમાં વૈશ્વિક વેપાર અને ઊર્જા પુરવઠા માટે અત્યંત સંવેદનશીલ ગણાતી હોર્મુઝની ખાડીના નિયંત્રણને લઈને અમેરિકા અને ઈરાન વચ્ચે ઘર્ષણ પરાકાષ્ઠાએ પહોંચ્યું છે. અમેરિકી વહીવટીતંત્ર દ્વારા આ ક્ષેત્રે અંકુશ મેળવવા અને વેપારી માર્ગો ખુલ્લા રાખવા માટે સતત દબાણ વધારવામાં આવી રહ્યું છે, જેના કારણે બંને દેશો વચ્ચેના સંબંધો વધુ બગડ્યા છે. અમેરિકી પ્રમુખે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ઈરાને વહેલી તકે હોર્મુઝની ખાડી ખોલી નાખવી પડશે અને જો આવું નહીં થાય તો ગંભીર પરિણામો ભોગવવા તૈયાર રહેવું પડશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત અહેવાલો મુજબ, ટ્રમ્પે ઈરાનના નેતાઓ પર આકરા પ્રહારો કરતા તેમને જાહેરમાં શેખી મારનારા અને ખાનગીમાં વાટાઘાટો માટે તૈયાર રહેનારા બેમોંઢાળા લોકો ગણાવ્યા છે. બીજી તરફ, આ ધમકીઓ સામે ઈરાની સરકારી મીડિયા દ્વારા ભારે કટાક્ષ કરવામાં આવ્યો છે અને ટ્રમ્પ પર મનઘડંત વાર્તાઓ બનાવી પોતાની નબળાઈઓ છુપાવવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

### લિવ ઈનમાં રહેતી મહિલા ઘરેલુ હિંસાનો કેસ કરી શકે, સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો



નવી દિલ્હી | ભારતીય ન્યાયતંત્રમાં મહિલાઓના અધિકારોને વધુ મજબૂત બનાવતો એક મોટો અને સીમાચિહ્નરૂપ ફેસલો સામે આવ્યો છે, જેમાં સર્વોચ્ચ અદાલતે લિવ-ઈન રિલેશનશિપમાં રહેતી મહિલાઓને પણ ઘરેલુ હિંસા સામે કાયદાકીય રક્ષણ મેળવવાનો અધિકાર આપી દીધો છે. વર્તમાન સમય સુધી સામાન્ય રીતે પતિ-પત્ની વચ્ચેના વિવાદોમાં ઘરેલુ હિંસા સામે રક્ષણ આપતી ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮એ નો ઉપયોગ માત્ર વિવાહિત મહિલાઓ પૂરતો જ મર્યાદિત રાખવામાં આવતો હતો. જોકે, બદલાતા સામાજિક સમીકરણો અને વધતી જતી લિવ-ઈન રિલેશનશિપની વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને અદાલતે આ કાયદાના દાયરાને વિસ્તૃત બનાવ્યો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત અહેવાલો મુજબ, એક ડોક્ટર સામે દાખલ કરાયેલા કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ કપલ લગ્ન જેવા સંબંધોના ઈરાદાથી સાથે રહેતું હોય, તો તેવા સંજોગોમાં મહિલા લિવ-ઈન પાર્ટનર સામે થયેલી ક્રૂરતા માટે આ કલમ હેઠળ ફરિયાદ નોંધાવી શકે છે. અદાલતે કર્ણાટક હાઈકોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવતા રાહત આપવાની સાફ ના પાડી દીધી હતી.

પાકિસ્તાનના બ્રોડ પીક પર સર્જાઈ દુર્ઘટના, હિમપ્રપાતમાં બ્રિટિશ-નેપાળી પર્વતારોહકનો ભોગ લેવાયો

# વિશ્વના 14 સૌથી ઊંચા શિખરો માત્ર છ મહિનામાં સર કરનાર પ્રખ્યાત પર્વતારોહક નિર્મલ પૂરજાનું નિધન

(એજન્સી) નવી દિલ્હી । તા. 04

પર્વતારોહણની દુનિયામાંથી એક અત્યંત દુઃખદ અને ચોંકાવનારા અહેવાલ સામે આવ્યા છે, જેમાં બ્રિટિશ-નેપાળી પર્વતારોહક નિર્મલ પૂરજાનું પાકિસ્તાનની કારાકોરમ પર્વતમાળામાં આવેલા કુખ્યાત 'બ્રોડ પીક' પર હિમપ્રપાતના કારણે અચાનક નિધન થયું છે. માત્ર ૪૩ વર્ષની વયના નિર્મલ પૂરજા પોતાની ૧૦ સભ્યોની આંતરરાષ્ટ્રીય ટીમ સાથે ૩૦ જુલાઈના રોજ કેમ્પ-૨થી કેમ્પ-૩ તરફ આગળ વધી રહ્યા હતા, તે દરમિયાન આ ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. પર્વત શિખરથી માત્ર થોડા જ અંતરે બાકી હતું ત્યારે ત્રાટકેલા બરફના ભયાનક તોફાને સમગ્ર ટીમને પોતાની ચપેટમાં લઈ લીધી હતી, અને ભારે જહેમત બાદ તેમનો મૃતદેહ ૫,૭૦૦ મીટરની ઊંચાઈએથી શોધી કાઢવામાં આવ્યો હતો.

મૃતક નિર્મલ પૂરજા પર્વતારોહણ ક્ષેત્રે 'નિમ્સ દાઈ'ના નામે વૈશ્વિક સ્તરે અત્યંત લોકપ્રિય હતા. તેમણે 'પ્રોજેક્ટ પોસિબલ' અંતર્ગત વિશ્વના ૮,૦૦૦ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા તમામ ૧૪ શિખરોને માત્ર ૬ મહિના અને ૬ દિવસના રેકોર્ડબ્રેક સમયમાં સર કરીને આખી દુનિયાને અચંબિત કરી દીધી હતી, જ્યારે અગાઉ આ સિદ્ધિ મેળવનારનો રેકોર્ડ સાડા સાત વર્ષનો હતો. તેમની આ અદ્ભુત સાહસિક યાત્રા પર નેટફ્લિક્સ દ્વારા એક દસ્તાવેજી ફિલ્મ પણ બનાવવામાં આવી હતી, જેણે તેમને વૈશ્વિક સેલિબ્રિટી બનાવી દીધા હતા. આ ઉપરાંત, વર્ષ ૨૦૨૧માં વિશ્વના બીજા સૌથી ખતરનાક શિખર K2 પર શિયાળાની ઋતુમાં પ્રથમ સફળ ચઢાણ કરનારી નેપાળી ટીમનું નેતૃત્વ પણ તેમણે જ કર્યું હતું.

પાકિસ્તાનના ગિલગિટ-બાલટિસ્થાન વિસ્તારમાં બનેલી આ ઘટના બાદ તરત જ પાકિસ્તાની સેના અને સ્થાનિક ગ્રાઉન્ડ રેસ્ક્યુ ટીમ દ્વારા બચાવ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, આ એક્સપિડિશનમાં ૫ દેશોના ૧૦ સભ્યો સામેલ હતા, જેમાંથી કેટલાક મૃતદેહોને હેલિકોપ્ટર દ્વારા એરલિફ્ટ કરવામાં આવ્યા છે જ્યારે અન્ય મૃતદેહોને પણ અત્યાર સુધીમાં શોધી કાઢવામાં આવ્યા છે. અતિશય દુર્ગમ ભૂપ્રદેશ, અત્યંત ખરાબ હવામાન અને




મર્યાદિત બચાવ સાધનો હોવા છતાં રેસ્ક્યુ ટીમો દ્વારા ભારે જહેમત લેવામાં આવી રહી છે. આ દુર્ઘટનાએ ફરી એકવાર સાહસિક પર્વતારોહણ સામે રહેલા જોખમોને ઉજાગર કર્યા છે.

### ભવિષ્યની પ્રતિક્રિયાઓ અને વૈશ્વિક શોક

નિર્મલ પૂરજાના અકાળ અવસાનના સમાચાર મળતા જ નેપાળના વડાપ્રધાન, બ્રિટિશ રાજવી પરિવાર તેમજ દુનિયાભરના પર્વતારોહકો અને પ્રશંસકોમાં ઊંડો શોક વ્યાપી ગયો છે. તેમના બાળપણના સંસ્મરણો અને બ્રિટિશ સૈન્યની 'ગોરખા રાઈફલ્સ' તથા 'સ્પેશિયલ બોટ સર્વિસ'માં સેવા આપ્યા પછીના તેમના પર્વતારોહણના કિસ્સાઓ આજે પણ યુવાનો માટે પ્રેરણારૂપ છે. તેમની જન્મભૂમિમાં ઘર બનાવવાની અધૂરી રહેલી ઈચ્છા અને આ અચાનક વિદાયથી સાહસ જગતમાં એક મોટી ખાલીપો સર્જાયો છે, જે ક્યારેય પૂરી શકાશે નહીં.

અતિશય દુર્ગમ ભૂપ્રદેશ, અત્યંત ખરાબ હવામાન અને પાકિસ્તાનની મર્યાદિત 'લૉંગ-લાઈન હેલિકોપ્ટર' બચાવ ક્ષમતાના કારણે વધુ ઊંચાઈ પરથી બાકીના મૃતદેહો નીચે લાવવાનું કામ મુશ્કેલ બન્યું છે. લૉંગ-લાઈન હેલિકોપ્ટર એટલે એવી બચાવ પદ્ધતિ જેમાં હેલિકોપ્ટર નીચે ઉતાર્યા વગર, તેના તળિયે બાંધેલા 100થી 300 ફૂટ લાંબા મજબૂત દોરડા વડે પર્વતના દુર્ગમ ઢોળાવ પરથી લોકોને કે મૃતદેહોને હવામાં લટકાવીને રેસ્ક્યુ કરવામાં આવે છે.

### જન્મભૂમિમાં ઘર બનાવવાની ઈચ્છા અધૂરી રહી ગઈ

26 માર્ચ, 2023ના રોજ નિર્મલ પૂરજા પોતાની જન્મભૂમિ દાના ગામ ગયા હતા. તેમણે પોતાની બહેન કમલાને તેમની પૂર્વજોની જમીન સાફ કરવા કહ્યું હતું અને ત્યાં ભાઈઓ સાથે મળીને પરંપરાગત શૈલીનું નવું ઘર બનાવવાની યોજના વ્યક્ત કરી હતી. કમનસીબે, તેમનું આ સ્વપ્ન અધૂરું રહી ગયું.

# ઉચ્ચ ડિગ્રીધારક ભારતીયોએ રાહ જોવી પડશે, અમેરિકામાં ચાલુ વર્ષે જગ્યા ન હોવાની જાહેરાત

(એજન્સી) નવી દિલ્હી । તા. 04

અમેરિકા અને કેનેડા દ્વારા ભારતીય નાગરિકો માટે વિઝા તેમજ ઈમિગ્રેશનના નિયમોમાં કરવામાં આવેલા કડક ફેરફારોને કારણે વિદેશમાં કરિયર બનાવવા માંગતા યુવાનો માટે મોટી મુશ્કેલીઓ ઊભી થઈ છે. ખાસ કરીને ઈબી-૨ કેટેગરીના વિઝા મેળવીને અમેરિકા જવાનું સ્વપ્ન સેવતા ઉચ્ચ ડિગ્રીધારક ભારતીયો સહિત તમામ વિદેશી નાગરિકોને હવે વધુ એક વર્ષની લાંબી રાહ જોવી પડશે. અમેરિકન સરકારે સત્તાવાર રીતે જાહેરાત કરી દીધી છે કે ચાલુ વર્ષે આ કેટેગરીના વિઝા માટે પૂરતી જગ્યાઓ ઉપલબ્ધ નથી, કારણ કે અરજદારોની ભારે માંગના કારણે આ વર્ષનો ક્વોટા પહેલેથી જ પૂર્ણ થઈ ગયો છે.

અમેરિકન સરકારના જણાવ્યા અનુસાર, એમ્પ્લોયમેન્ટ બેઝ્ડ ગ્રીનકાર્ડ મેળવવા માટેની ઈબી-૨ કેટેગરીમાં વિશેષ યોગ્યતા અને ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા વિદેશી નાગરિકોને સીધી એન્ટ્રી આપવામાં આવે છે. ભારતીય વિદ્યાર્થીઓ અને પીએચડી કે માસ્ટર્સ ડિગ્રી મેળવનાર નિષ્ણાતોમાં અમેરિકા જવા માટે આ શ્રેણીના વિઝા અત્યંત લોકપ્રિય છે. પરંતુ હાલમાં જગ્યા ઉપલબ્ધ ન હોવાને કારણે હવે આગામી નાણાકીય વર્ષથી નવી જગ્યાઓ ખુલશે ત્યારે જ નવેસરથી અરજીઓ સ્વીકારવામાં આવશે. આ અચાનક આવેલા નિર્ણયના કારણે હજારો ભારતીય પ્રોફેશનલ્સની યોજનાઓ પર પાણી ફરી ગયું છે અને તેઓ અનિશ્ચિતતાના વાતાવરણમાં મુકાઈ ગયા છે.

અમેરિકાના પગલે કેનેડાએ પણ ભારતીયો માટે વિઝાના નિયમોમાં ધરખમ ફેરફાર કરી દીધા છે. કેનેડાના ઈમિગ્રેશન વિભાગના કહેવા પ્રમાણે, મલ્ટિનેશનલ કંપનીઓના આધારે આપવામાં આવતી વર્ક પરમિટ અને વિઝાની લાયકાતમાં કડક માપદંડો ઉમેરવામાં આવ્યા છે.

# ટ્રમ્પની હમાસ નિઃશસ્ત્રીકરણ યોજના નિષ્ફળ જવાની ઈરાન રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સની જાહેરાત

### ઈરાન આપશે મૂંહતોડ જવાબ, મધ્યપૂર્વમાં તંગદિલી વધુ ભડકવાની આશંકા

(એજન્સી) નવી દિલ્હી । તા. 04

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી તંગદિલીમાં વધુ એક મોટો અને ચિંતાજનક મોડ આવ્યો છે, જ્યાં ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ દ્વારા અમેરિકી પ્રમુખ ટ્રમ્પની હમાસ નિઃશસ્ત્રીકરણ અને મધ્યસ્થીની દરખાસ્તને સદંતર ફગાવી દેવામાં આવી છે. આઈ.આર.જી.સી.એ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે આ યોજના સંપૂર્ણપણે નિષ્ફળ જવાની છે અને વાસ્તવમાં તે ક્યારનીય નિષ્ફળ સાબિત થઈ ચૂકી છે. આ સાથે જ તેમણે દુનિયા સમક્ષ એવું વચન પણ આપ્યું છે કે આખરી ફત્તેહ ઝીનોઈસ્ટ ઉપર માત્ર પેલેસ્ટાઈનીઓની જ થશે, જેના કારણે મધ્યપૂર્વના ભૌગોલિક સમીકરણો વધુ જટિલ બની ગયા છે.



આ સમગ્ર વિવાદની શરૂઆત ગાઝામાં કાયમી શાંતિ સ્થાપવા માટે રજૂ કરાયેલી એક દરખાસ્તથી થઈ હતી, જેમાં હમાસે પોતાના શસ્ત્રોનો ત્યાગ કરવો અને ત્યારબાદ ઈઝરાયેલી સેનાએ તે વિસ્તારમાંથી હટી જવું તેવી શરત રાખવામાં આવી હતી. પરંતુ હમાસ અને ઈરાનને ઈઝરાયલની નીતિઓ પર જરાય વિશ્વાસ ન હોવાથી તેઓ શસ્ત્રત્યાગ કરવા માટે સહેજ પણ તૈયાર નથી. બીજી તરફ, બે વર્ષ પૂર્વે તહેરાનમાં થયેલી હમાસના પોલિટિકલ બ્યુરો ચીફ ઈસ્માઈલ હનીયેરની હત્યાને ઈરાને આંતરરાષ્ટ્રીય કાનૂનનો સીધો ભંગ અને પોતાની પ્રાદેશિક અખંડિતતા તથા સાર્વભૌમત્વ પરનો ખુલ્લો હુમલો ગણાવ્યો છે. ઈરાની સંગઠને આ હત્યાનો બદલો લેવાની પણ કડક ચીમકી ઉચ્ચારી છે.

અંતરરાષ્ટ્રીય નિરીક્ષકોના જણાવ્યા મુજબ, ઈઝરાયલ અને હમાસ વચ્ચેનું આ યુદ્ધ હવે શાંત થવાને બદલે વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યું છે, કારણ કે તેમાં હવે ખુલ્લેઆમ ઈરાને પણ હસ્તક્ષેપ કરવાનું શરૂ કરી દીધું છે. મધ્યપૂર્વના ઈતિહાસ પર નજર નાખીએ તો, આ પ્રદેશમાં સૈકાઓથી કાયમી શાંતિનો અભાવ રહ્યો છે અને વિવિધ યુદ્ધો તથા ધાર્મિક સંઘર્ષો આ ધરતી માટે નવા નથી. મીડિયા અહેવાલ અનુસાર, અમેરિકા અને તેના સહયોગી દેશો દ્વારા શાંતિ સ્થાપવાના ગમે તેટલા પ્રયાસો કરવામાં આવે, પરંતુ જમીની વાસ્તવિકતા અને કડવા આંતરરાષ્ટ્રીય સંબંધોના કારણે આ યોજનાઓ સફળ થતી દેખાતી નથી.

બેટરી | ઈલેક્ટ્રિક વાહનોને સસ્તા બનાવવા લિથિયમની જગ્યાએ સોડિયમ બેટરીનો થશે વ્યાપક ઉપયોગ

# વાહનોની કિંમત ઘટવાથી ગ્રાહકોને રાહત

(એજન્સી) બેઈજિંગ । તા. 04

દુનિયાભરમાં ઈલેક્ટ્રિક વાહનોની લોકપ્રિયતા અત્યારે પૂરઝડપે વધી રહી છે, જ્યાં પેટ્રોલ અને ડિઝલના સતત વધતા જતા ભાવ તેમજ વધતા પ્રદૂષણને અટકાવવા માટે લોકો પરંપરાગત વાહનોને છોડીને ઈવી તરફ વળી રહ્યા છે. આ બધાની વચ્ચે વાહનોની ઊંચી કિંમત ગ્રાહકો માટે હંમેશાં એક મોટો પડકાર બની રહી છે, કારણ કે કોઈપણ ઈલેક્ટ્રિક વાહનની કુલ કિંમતમાં સૌથી મોટો હિસ્સો તેમાં વપરાતી બેટરીનો હોય છે. આ સમસ્યાના કાયમી નિવારણ માટે હવે સોડિયમ-આયન બેટરીને આગામી સમયની સૌથી મોટી ટેકનોલોજી તરીકે જોવામાં આવી રહી છે. ચીનની અગ્રણી બેટરી ઉત્પાદક કંપનીઓ અને ઓટોમેકર્સ દ્વારા આ નવી ટેકનોલોજીને બજારમાં લોન્ચ કરવાની તૈયારીઓ આખરી તબક્કામાં છે, અને કેટલીક ઓટો કંપનીઓ આ વર્ષેથી જ સોડિયમ બેટરીવાળા વાહનો ગ્રાહકો માટે વેચાણ અર્થે ખુલ્લા મૂકવા જઈ રહી છે.

હાલના સમયમાં બજારમાં ઉપલબ્ધ મોટાભાગની



ઈલેક્ટ્રિક કારમાં લિથિયમ-આયન બેટરીનો ઉપયોગ કરવામાં આવે છે, જેમાં લિથિયમ, કોબાલ્ટ અને નિકલ જેવી મોંઘી ધાતુઓ વપરાય છે. આ ધાતુઓની મર્યાદિત ઉપલબ્ધતા અને ઊંચી કિંમતના કારણે બેટરીનું કુલ ઉત્પાદન ખર્ચ ખૂબ જ વધી જાય છે, જેની સીધી અસર વાહનની અંતિમ કિંમત પર પડે છે. આનાથી વિપરીત, સોડિયમ કુદરતી રીતે ખૂબ જ સરળતાથી અને વ્યાપક પ્રમાણમાં ઉપલબ્ધ છે, જેના કારણે લાંબા ગાળે સોડિયમ-આયન બેટરીનું ઉત્પાદન ખૂબ જ સસ્તું પડી શકે છે. મીડિયા અહેવાલ મુજબ, આ નવી બેટરી માત્ર સસ્તી જ નથી પરંતુ અત્યંત ઠંડા વાતાવરણમાં પણ લિથિયમ બેટરી કરતા ઘણી સારી અને પ્રભાવશાળી કામગીરી કરવાની ક્ષમતા ધરાવે છે.

સોડિયમ-આયન બેટરી માત્ર આર્થિક રીતે જ નહીં પરંતુ સુરક્ષાની દ્રષ્ટિએ પણ એક અત્યંત આશાસ્પદ અને સુરક્ષિત વિકલ્પ સાબિત થઈ રહી છે. પરંપરાગત બેટરીઓની સરખામણીમાં સોડિયમ બેટરીઓમાં આગ લાગવાનું જોખમ નહિવત અથવા ખૂબ જ ઓછું હોય છે, જે વાચકો અને વાહનચાલકો માટે મોટી રાહતના સમાચાર છે. જોકે, આ ટેકનોલોજી સામે હાલમાં સૌથી મોટો પડકાર તેની ઓછી એનર્જી ડેન્સિટીનો છે. સમાન કદની લિથિયમ બેટરીની તુલનામાં સોડિયમ બેટરીમાં ઓછી ઉર્જા સંગ્રહિત થઈ શકે છે, જેના કારણે શરૂઆતના તબક્કામાં વાહનની એક જ ચાર્જમાં ચાલવાની રેન્જ થોડી મર્યાદિત રહી શકે છે.

# હોર્મુઝની ખાડીમાં જહાજ પર હુમલો વૈશ્વિક ઊર્જા પ્રવાહ સામે ગંભીર જોખમ

(એજન્સી) નવી દિલ્હી । તા. 04

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવા માટેની મંત્રણાઓની સ્થિતિ અંગે અત્યારે અત્યંત વિરોધાભાસી સંકેતો સામે આવી રહ્યા છે, જેના કારણે વૈશ્વિક સ્તરે મોટી અનિશ્ચિતતા ફેલાઈ ગઈ છે. હોર્મુઝની ખાડીમાં શિપિંગ પ્રવૃત્તિઓ પર થયેલા તાજેતરના હુમલાએ આંતરરાષ્ટ્રીય સ્તરે વૈશ્વિક ઊર્જા પ્રવાહ સામે મોટા જોખમોને વધુ ઉજાગર કરી દીધા છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે બંને દેશો વચ્ચે મંત્રણાઓ ચાલી રહી છે અને તેહરાન માટે આ એક સારી સમજૂતી પર હસ્તાક્ષર કરવાની છેલ્લી તક છે, જ્યારે બીજી તરફ ઈરાને સ્પષ્ટપણે નકારી કાઢ્યું છે કે હાલમાં કોઈ પણ પ્રકારની વાટાઘાટો થઈ રહી છે અથવા તેનું કોઈ આયોજન છે.

ઈરાની વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું છે કે અમેરિકા સાથે કોઈ બેઠકો નિર્ધારિત નથી. આ તણાવપૂર્ણ માહોલ વચ્ચે હોર્મુઝની ખાડીમાં શિપિંગ પ્રવૃત્તિઓ અત્યંત મંથર બની ગઈ છે, જ્યાં સોમવારે માત્ર ગણતરીના જહાજો જ આ માર્ગથી પસાર થઈ શક્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, યુકે મેરિટાઈમ ટ્રેડ ઓપરેશન્સ એજન્સી દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર ઓમાનના કિનારે ખાડી પાસે એક કાર્ગો જહાજ અજ્ઞાત પ્રોજેક્ટાઈલથી પ્રભાવિત થયાનું સામે આવ્યું છે, જેનાથી સુરક્ષા એજન્સીઓની ચિંતામાં મોટો વધારો થયો છે.

એક તરફ યુદ્ધ જેવું વાતાવરણ છે તો બીજી તરફ બજારમાં મિશ્ર અસરો જોવા મળી રહી છે. તણાવ હળવો થવાની અટકળો વચ્ચે સોમવારે ક્રૂડના ભાવમાં મોટો ઘટાડો નોંધાયો હતો અને મુખ્ય શેરબજારોમાં ઉછાળો જોવા મળ્યો હતો.

### મુખ્યમંત્રી હેલિકોપ્ટર લઈને દ્વારકા જિલ્લામાં એક ચક્કર મારી જાય એવી અપીલ: ઈસુદાન ગઢવી

# વરસાદ ન પડવાથી દ્વારકામાં ખેડૂતોની હાલત ખરાબ, સરકાર દ્વારકા જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરે



અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ એક વીડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, સરકારની સાથે સાથે કુદરત પણ ખેડૂતોથી રૂઠ્યો છે. સરકારના નોર્મ્સ પ્રમાણે જો 8 તારીખ સુધી યોગ્ય વરસાદ નહીં પડે તો દુષ્કાળ જાહેર કરવો જોઈએ. ગત વર્ષે આ જ જગ્યાએ દેવભૂમિ દ્વારકાના ગામોમાં લગભગ બધા તળાવ ભરેલા હતા પણ હાલ પાણી નથી. હું મુખ્યમંત્રીને અપીલ કરીશ કે એક વખત હેલિકોપ્ટર લઈને આ બાજુ ચક્કર મારવા આવો, અને જો તમારી પાસે સમય ન હોય તો તમે દેવભૂમિ દ્વારકા જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરો. કારણ કે હાલ પાક વીમા યોજના બંધ છે. હું ખંભાળિયાના ઘણા ગામોમાં ફર્યો અને લોકો ખૂબ જ પરેશાન છે. ખેડૂતોનો ઉભો પાક ખરાબ થઈ રહ્યો છે. સરકારે ખેડૂતો માટે ઘાસચારાનો પણ બંદોબસ્ત કરવો જોઈએ.

ત્યારબાદ આમ આદમી પાર્ટીના ખેડૂત નેતા ઈસુદાન ગઢવી ખેડૂતો સાથે ખેતરમાં ગયા હતા અને ત્યાં તેમણે પાકની હાલત જોઈને કહ્યું હતું કે અહીંયા બિયારણ જે છે, એ ઉગે એવી પરિસ્થિતિમાં નથી. મુખ્યમંત્રી અને કૃષિ મંત્રી કહેતા હશે કે એમના અધિકારીઓ સર્વે કરશે અને સેમ્પલ લેશે તો હું એમને આ સેમ્પલ લાઈવ બતાવી રહ્યો છું. ખેડૂતોને પોતાની ઉપજનો ભાવ પણ નથી મળતો અને હાલ ખેડૂતોનું વર્ષ બગડી રહ્યું છે, તો તેઓ બાળકોની ફી કઈ રીતે ભરશે? લગ્ન પ્રસંગ કે ઘરના દવાના ખર્ચા કઈ રીતે કાઢશે? પશુનો પણ ઘાસચારાનો ખર્ચો ખેડૂતો ઉપર છે, ખેડૂતો પર આ રીતે અનેક સમસ્યાઓ છે. માટે હું સરકારને અપીલ કરું છું કે દેવભૂમિ દ્વારકા જિલ્લાને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરો અને ઘાસચારાની વ્યવસ્થા કરો, અને સાથે સાથે ખેડૂતોના જે દેવા છે એ બધા માફ ન કરો તો 50% દેવા માફ કરો. બે પાંચ વર્ષમાં ખેડૂતોની પરિસ્થિતિ કઈ રીતે સુધરે, ગ્રામ્ય વિસ્તારોમાં સારી શાળાઓ બને, ખેડૂતોનો પાક તેમની પાસેથી તાત્કાલિક ખરીદી લેવામાં આવે અને આ વિસ્તારમાંથી ઘાસચારાની વ્યવસ્થા થઈ જાય, પશુપાલકો માટે વ્યવસ્થા થઈ જાય, આવી તમામ વ્યવસ્થાઓ સરકારી ખેડૂતો માટે કરવી પડશે ત્યારે ખેડૂતોનું જીવન ધોરણ ઊંચું આવશે.

## આમિર ખાન પ્રોડક્શન્સની 'બટવારો 1947'ના પ્રમોશન માટે સની દેઓલ સાથે ફિલ્મની ટીમ અમદાવાદ પહોંચશે

અમદાવાદ | આ વર્ષની સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મોમાં સામેલ 'બટવારો 1947'નું નિર્માણ આમિર ખાન પ્રોડક્શન્સે કર્યું છે અને તેનું દિગ્દર્શન રાજકુમાર સંતોષીએ કર્યું છે. આ બહુચર્ચિત ઐતિહાસિક ડ્રામા 14 ઓગસ્ટ, 2026ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થવા માટે સંપૂર્ણ તૈયાર છે.

બટવારો 1947 એક એવી ભાવનાત્મક કહાની લઈને આવી રહી છે, જે ભારતના વિભાજનના દુઃખ અને તે સાથે જોડાયેલી માનવીય લાગણીઓને ખૂબ નજીકથી રજૂ કરશે. ફિલ્મ મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ પ્રેમ, હિંમત, ત્યાગ અને ક્યારેય હાર ન માનવાના જજ્બાની વાત કરશે. ફિલ્મમાં શબાના આઝમી, સની દેઓલ, પ્રીતી ઝિન્ટા, કરણ દેઓલ, અલી ફઝલ અને અભિમન્યુ સિંહ જેવા પ્રતિભાશાળી કલાકારો જોવા મળશે. ખાસ વાત એ છે કે લગભગ 30 વર્ષ બાદ રાજકુમાર સંતોષી અને સની દેઓલની સુપરહિટ જોડી ફરી એકવાર સાથે આવી રહી છે.

આમિર ખાન પ્રોડક્શન્સના બેનર હેઠળ બનેલી બટવારો 1947નું દિગ્દર્શન રાજકુમાર સંતોષીએ કર્યું છે. ફિલ્મનું સંગીત એ. આર. રહમાને આપ્યું છે, જ્યારે ગીતોના શબ્દો જાવેદ અખ્તરે લખ્યા છે. ફિલ્મનું નિર્માણ આમિર ખાન અને અપર્ણા પુરોહિતે કર્યું છે. બટવારો 1947 14 ઓગસ્ટ, 2026ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે.

## કંપનીઓ દ્વારા કૃત્રિમ બુદ્ધિમત્તાના યુગમાં નવી રચના

ન્યુ યોર્ક: મેકકિન્સીના તાજેતરના અહેવાલ મુજબ, વિવિધ કંપનીઓ હવે માત્ર કૃત્રિમ બુદ્ધિમત્તા આધારિત સાધનો અપનાવવાથી આગળ વધીને વ્યાપારી વિકાસને વેગ આપવા માટે પોતાના કાર્યસ્થળ, સંગઠનાત્મક માળખા અને પ્રબંધન ભૂમિકાઓમાં મોટા પાયે પુનઃરચના કરી રહી છે.અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે સંસ્થાઓ હવે એવો સવાલ નથી કરી રહી કે શું આ તકનીક કાર્યસ્થળને બદલશે કે નહીં, પરંતુ તે આ દિશામાં ધ્યાન કેન્દ્રિત કરી રહી છે કે નવા માહોલમાં વ્યવસાયોને કેવી રીતે ગોઠવવા જોઈએ. મીડિયા અહેવાલ મુજબ, અગ્રણી નેતાઓ તકનીકી અપનાવવાથી મળતા પરિણામોને વાસ્તવિક મૂલ્યમાં રૂપાંતરિત કરવા માટે કર્મચારી મોડેલો અને સંચાલન પદ્ધતિઓ પર પુનર્વિચાર કરી રહ્યા છે.ઘટનાક્રમ અનુસાર, ઘણી કંપનીઓ કાર્યોનું વિશ્લેષણ કરીને એવા ક્ષેત્રોને ઓળખી રહી છે જેને ઓટોમેટેડ કરી શકાય છે, જેથી કર્મચારીઓ સામાન્ય કામોમાંથી મુક્ત થઈને વધુ સર્જનાત્મક અને ઉચ્ચ સ્તરીય કાર્યો પર ધ્યાન આપી શકે. એક ટેકનોલોજી કંપનીનું ઉદાહરણ આપતા જણાવવામાં આવ્યું છે કે તે કર્મચારીઓની સંખ્યા વધાર્યા વગર પોતાના વ્યવસાયને ટ્રિપલ કરવા માટે કામ કરવાની પદ્ધતિને મૂળથી બદલી રહી છે.

## દેશભરમાં તમામ રોડની બાજુમાં ફૂટપાથ દબાણ મૂક્ત કરો : સુપ્રીમ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આદેશ આપ્યો છે કે દેશમાં તમામ મહત્વના રોડ દબાણ મૂક્ત હોવા જોઈએ, નાગરિકોને ચાલવા માટે રોડની બાજુમાં જે જગ્યા ફાળવવામાં આવી છે ત્યાં પણ કોઈ પણ પ્રકારનું દબાણ ના થાય તેની તકેદારી રાખવામાં આવે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે જ્યાં પણ રોડ હોય ચાલવા માટે અલગથી જગ્યા ફાળવવી પણ જરૂરી છે. પગપાળા ચાલનારાઓ



ભયમૂક્ત બનીને ચાલી શકે તેવી વ્યવસ્થા જરૂરી છે. સુપ્રીમ કોર્ટે સોમવારે કેન્દ્ર સરકારને કહ્યું હતું કે નાગરિકો મૂક્ત રીતે ચાલી શકે તે માટે રોડ આસપાસ જગ્યા ફાળવવામાં આવે અને આ જગ્યા પર કોઈ પણ પ્રકારનું દબાણ ના થાય તેની તકેદારી રાખવામાં આવે. કેન્દ્ર સરકારને આદેશ આપતા સુપ્રીમે કહ્યું હતું કે જવાબદાર અધિકારીઓને જણાવવામાં આવે કે તેઓ પગપાળા ચાલવા માટેની જગ્યાને દબાણ મૂક્ત રાખે. સાથે જ આવી જગ્યાને મુખ્ય રોડથી અલગ રાખવામાં આવે.સુપ્રીમની બેંચે એડિશનલ સોલિસિટર જનરલને કહ્યું હતું કે કોઈ મોટા રોકાણ કે કન્સ્ટ્રક્શન વગર આ આદેશનું યોગ્ય રીતે પાલન કરવામાં આવે. જ્યાં પણ રોડ હોય ત્યાં લોકોના ચાલવા માટેની જગ્યા પણ હોવી જોઈએ, આ જગ્યાને રોડથી અલગ રાખવા માટે પણ પગલા લેવામાં આવે સાથે જ કોઈ પણ પ્રકારનું દબાણ ના થાય તેની પણ તકેદારી રાખવામાં આવે.

## ચેન્નાઈ એગ્મોર યાર્ડમાં નિર્માણ કાર્યને કારણે અમદાવાદ-તિરુચિરાપલ્લી સ્પેશિયલ ટ્રેન પરિવર્તિત માર્ગથી ચાલશે

(એજન્સી) ચેન્નાઈ | તા 04

ચેન્નાઈ મંડળના ચેન્નાઈ એગ્મોર યાર્ડ ખાતે પ્લેટફોર્મ સંખ્યા 7, 8 અને 9 પર ફૂટ ઓવર બ્રિજ (FOB)ના કોલમ નિર્માણ તથા ગર્ડર લોન્ચિંગનું કાર્ય કારવમાં આવશે. આ નિર્માણ કાર્યને કારણે અમદાવાદ-તિરુચિરાપલ્લી સ્પેશિયલ પરિવર્તિતથી ચાલશે. વિગતો નીચે મુજબ છે:1. ટ્રેન સંખ્યા 09419 અમદાવાદ-તિરુચિરાપલ્લી સ્પેશિયલ તારીખ 06.08.2026 અને 13.08.2026ના રોજ પરિવર્તિત માર્ગ વાયા રેણિગુન્ટા-તિરુત્તાની-મેલાપક્કમ-કાંચીપુરમ-ચેંગલપટ્ટુ માર્ગથી ચાલશે. આ દરમિયાન ટ્રેન અરક્કોનમ, પેરંબુર, ચેન્નાઈ એગ્મોર અને તાંબરમ સ્ટેશનો પર રોકાશે નહીં.2. ટ્રેન સંખ્યા 09420 તિરુચિરાપલ્લી-અમદાવાદ સ્પેશિયલ તારીખ 09.08.2026 અને 16.08.2026ના રોજ પરિવર્તિત માર્ગ વાયા ચેંગલપટ્ટુ-કાંચીપુરમ-મેલાપક્કમ-તિરુત્તાની-રેણિગુન્ટા માર્ગથી ચાલશે. આ દરમિયાન આ ટ્રેન તાંબરમ, ચેન્નાઈ એગ્મોર, પેરંબુર અને અરક્કોનમ સ્ટેશનો પર રોકાશે નહીં.ટ્રેનના સમય, સ્ટોપેજ અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in વેબસાઈટ પર જઈ માહિતી મેળવી શકે છે.

## પતિ બરોબર જમવાનું ન આપતા પત્નીનું 20 કિલો વજન ઘટ્યું

અમદાવાદ : અમદાવાદ સેટેલાઈટમાં રહેતી મહિલાના લગ્નજીવન સુખમય બનવાના બદલે સતત માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવતો હતો. પતિ બરોબર જમવાનું આપતો નહોતો, જેના કારણે 8 મહિનામાં જ 20 કિલો વજન ઘટી ગયું હતું. મહિલાના પતિએ લગ્નમાં 35 તોલા સોનું દહેજમાં લીધું હતું.આ ઉપરાંત 32 લાખ સસરા પાસેથી ઉછીના લઈને દહેજમાં ગણી લેવાનું કહ્યું હતું છતાં પતિ પત્નીને બરોબર જમવાનું આપતો નહતો અને માનસિક શારીરિક ત્રાસ આપતો હતો.પતિ અને સાસુના ત્રાસથી મહિલા મોકો જોઈને સાસરીમાંથી નાસી ગયા હતા.આનંદનગર પોલીસે મહિલાની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

### કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ

# અભિનેત્રી તૃષા વિશે અશ્લીલ ટિપ્પણી મામલે પૂર્વ ડેપ્યુટી CMની અટકાયત!

(એજન્સી) નવી દિલ્હી | તા 04

કાવેરી જળ વિવાદ મામલે તમિલનાડુમાં રાજકીય ગરમાવો જોવા મળ્યો. ડીએમકે નેતા ઉદયનિધિ સ્ટાલિનની અભિનેત્રી તૃષા અંગે કથિત વિવાદાસ્પદ ટિપ્પણી બદલ પોલીસે અટકાયત કરી. ભાજપ અને શાસક પક્ષ ટીવીકેએ આકરી ટીકા કરી, જ્યારે ઉદયનિધિએ નિવેદનનો બચાવ કર્યો. તેમણે બદલાની ભાવનાનો આરોપ લગાવી આગોતરા જામીન માટે હાઈકોર્ટનો સંપર્ક કર્યો છે.કાવેરી જળ વિવાદ મામલે તમિલનાડુના મુખ્યમંત્રી સી જોસેફ વિજય સામે નિવેદન આપતી વેળાએ કથિત વિવાદાસ્પદ અને અભદ્ર ટિપ્પણી કરવા બદલ તમિલનાડુ પોલીસે વિરોધ પક્ષના નેતા અને ડીએમકે નેતા ઉદયનિધિ સ્ટાલિનની અટકાયત કરી છે. આ સમગ્ર વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે ઉદયનિધિ સ્ટાલિન કાવેરી મુદ્દે એક સભાને સંબોધિત કરી રહ્યા હતા અને તમિલનાડુ સરકારની નિષ્ફળતા પર પ્રહારો કરી રહ્યા હતા. તે દરમિયાન ભીડમાંથી કોઈક વ્યક્તિએ "તૃષા, તૃષા" તેવી બૂમો પાડી હતી. આ વાત પર થોડી ક્ષણો માટે અટકીને ઉદયનિધિએ એક ડબલ મીનિંગ એટલે કે દ્વિઅર્થી ટિપ્પણી કરી હતી. જેને અભિનેત્રી તૃષા સાથે જોડીને જોવામાં આવી રહી છે અને આ નિવેદને રાજકીય જગતમાં ભારે હલચલ મચાવી દીધી છે. આ વિવાદાસ્પદ નિવેદન સામે આવતા જ



તમિલનાડુમાં ભારે રાજકીય રોષ ફાટી નીકળ્યો હતો. શાસક પક્ષ ટીવીકે અને ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉદયનિધિ સ્ટાલિનની આકરી ટીકા કરવામાં આવી હતી. ટીવીકે નેતા આદવ અર્જુનાએ ઉદયનિધિની ભાષાની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢતા તેમને એબ્યુસિંગ નિધિ કહ્યા હતા અને આરોપ લગાવ્યો હતો કે તેઓ મહિલાઓ પ્રત્યે વિકૃત માનસિકતા ધરાવે છે. તેમજ ટીવીકે પ્રવક્તા ફેલિક્સ ગેરાલ્ડે પણ સવાલ ઉઠાવ્યો હતો કે શું નેતા આવા અપશબ્દો પોતાના પુત્ર કે પુત્રીની સામે બોલી શકે છે? આ ઉપરાંત, ભાજપના પ્રવક્તા નારાયણન તિરુપથીએ આ ટિપ્પણીને ઘૃણાસ્પદ ગણાવીને ઉદયનિધિની તુરંત ધરપકડની માંગ કરી હતી, જ્યારે ભાજપના અન્ય નેતાઓએ પણ તેઓ માફી માંગે તેવી માંગણી દોહરાવી હતી.

## સરકાર પીડિત પરિવારોને વળતર નહીં આપે, ફરી આંદોલન કરીશું : સીજેપી

નવી દિલ્હી : સીજેપી કોકરોચ જનતા પાર્ટીએ કેન્દ્ર સરકારને ફરી આંદોલનની ચીમકી આપી છે. સીજેપીના સ્થાપક અભિજિત દિપકેએ કહ્યું છે કે આંદોલન સમેટવા માટે સરકારે અમારી જે પણ માગણીઓ પુરી કરવાનું વચન આપ્યું હતું તે હજુ અધુરુ છે. આત્મહત્યા કરી ચુકેલા નીટ-યુજીના વિદ્યાર્થીઓના પરિવારને એક-એક કરોડ રૂપિયા વળતર હજુસુધી નથી અપાયું. જો આ વચન પુરુ કરવામાં નહીં આવે તો અમે ફરી આંદોલન શરૂ કરીશું.મીડિયા સાથે વાતચીતમાં અભિજિત દિપકેએ કહ્યું હતું કે સરકાર સમક્ષ અમારી એક માગ એ પણ હતી કે આત્મહત્યા કરી ચુકેલા નીટ-યુજીના ઉમેદવારોના પરિવારને એક-એક કરોડ રૂપિયા આપવામાં આવે. સરકારે આજ દિન સુધી કોઈને પણ એક પણ રૂપિયો નથી આપ્યો અને પોતાનું વચન તોડયું છે. સાંસદો અને ધારાસભ્યોને ખરીદવા હોય ત્યારે કરોડો રૂપિયા ખર્ચ કરી નાખવામાં આવે છે પરંતુ પીડિત પરિવારને વળતર આપવાની વાત આવે ત્યારે નિયમ કાયદા આગળ ધરી દેવામાં આવે છે. જો સરકાર પોતાના વચનો પુરા નહીં કરે તો ફરી આંદોલન કરવા ઉતરીશું. જુલાઈ મહિનામાં જંતર મંતરેથી સંસદ તરફ માર્ચ દરમિયાન લાઠીચાર્જ કરાયો હતો, આ મુદ્દે સુપ્રીમ કોર્ટમાં થયેલી અરજીઓમાં અરજદારો દ્વારા પ્રદર્શનકારીઓ સામે દાખલ થયેલી એફઆઈઆરનો મુદ્દો ઉઠાવ્યો હતો. સુપ્રીમ કોર્ટે આ ફરિયાદોને પરત ખેંચવાનો નિર્ણય રાજ્ય સરકારો પર છોડયો છે અને આવી ફરિયાદો રદ કરવાની છૂટ આપી છે. જોકે હત્યા, રેપ જેવા ગંભીર ગુનામાં સામેલ હોય અને પ્રદર્શન દરમિયાન પણ આરોપી બનાવાયા હોય તો તેમને કોઈ રાહત નહીં અપાય. સરકારે પણ સુપ્રીમને જણાવ્યું છે કે તે વિદ્યાર્થીઓ સામેની એફઆઈઆર રદ કરાવવાની તરફેણમાં છે.

# NFR એ ગુવાહાટી રેલ્વે સ્ટેશન પર GoLukBuk ડિજિટલ ટ્રાવેલ આસિસ્ટન્સ કિઓસ્ક રજૂ કર્યા









માલીગાંવ | ડિજિટલ નવીનતા દ્વારા મુસાફરોની સુવિધા વધારવા તરફ એક મહત્વપૂર્ણ પગલામાં, નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) એ ગુવાહાટી રેલ્વે સ્ટેશન પર ડિજિટલ ટ્રાવેલ આસિસ્ટન્સ કિઓસ્ક નેટવર્કનું ઉદ્ઘાટન કર્યું. GoLukBuk તરીકે બ્રાન્ડેડ આ પહેલ, NFR માં તેના પ્રકારનો પ્રથમ પ્રોજેક્ટ છે અને તેને ન્યૂ ઈનોવેટિવ નોન-ફેર રેવન્યુ આઈડિયાઝ સ્કીમ (NINFRIS) હેઠળ રજૂ કરવામાં આવી છે. ડિજિટલ ટ્રાવેલ આસિસ્ટન્સ કિઓસ્ક નેટવર્કનું ઉદ્ઘાટન નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વેના જનરલ મેનેજર શ્રી ચેતન કુમાર શ્રીવાસ્તવ દ્વારા નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વેના પ્રિન્સિપલ ચીફ કોમર્શિયલ મેનેજર શ્રી નીરજ સહાય અને અન્ય વરિષ્ઠ અધિકારીઓની ઉમદા હાજરીમાં કરવામાં આવ્યું હતું.આ પહેલના ભાગ રૂપે, ગુવાહાટી રેલ્વે સ્ટેશન પર વ્યૂહાત્મક રીતે સ્થિત ડિજિટલ કિઓસ્ક સ્થાપિત કરવામાં આવ્યા છે, જેમાં કામાખ્યા રેલ્વે સ્ટેશન પર વધારાના કિઓસ્કનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જે મુસાફરી સહાય અને ડિજિટલ બુકિંગ સેવાઓ મેળવવા માંગતા મુસાફરો માટે સરળ સુલભતા સુનિશ્ચિત કરે છે.GoLukBuk એક સંકલિત ડિજિટલ પ્લેટફોર્મ છે જે મુસાફરોને ઈન્ટરેક્ટિવ કિઓસ્ક દ્વારા મુસાફરી સંબંધિત સેવાઓની વિશાળ શ્રેણીની તુલના અને બુકિંગ કરવાની સુવિધા આપે છે. આમાં એક જ ડિજિટલ ઈન્ટરફેસથી હોટેલ રહેઠાણ, કેબ અને કાર ભાડા સેવાઓ, ખોરાક અને પીણાની ડિલિવરી, સ્લીપિંગ પોડ બુકિંગ, મીટિંગ પોડ રિઝર્વેશન અને અન્ય મુસાફરી સહાય સેવાઓનો સમાવેશ થાય છે. આ પ્લેટફોર્મ મુસાફરોને એકીકૃત, ઝડપી અને વપરાશકર્તા મૈત્રીપૂર્ણ બુકિંગ અનુભવ પ્રદાન કરવા માટે રચાયેલ છે જ્યારે બહુવિધ એપ્લિકેશનો અથવા સેવા પ્રદાતાઓને ઍક્સેસ કરવાની જરૂરિયાત ઘટાડે છે.

## માતાનામઢ લિગ્નાઈટ પ્રોજેક્ટ: સ્થાનિકોના હક્ક અને વિકાસ માટે કોંગ્રેસની જોરદાર રજૂઆત

મહેશ એલ.સોની નખત્રાણા | નખત્રાણા તાલુકાના રવાપર ગ્રામ પંચાયત કમાન એરિયા હેઠળ આવેલા માતાનામઢ લિગ્નાઈટ પ્રોજેક્ટ જીએમડીસી પ્લાન્ટની રૂબરૂ મુલાકાત કોંગ્રેસ પરિવાર દ્વારા યોજવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન પ્રોજેક્ટ સંચાલકો સમક્ષ સ્થાનિક રોજગારી અને ગામના વિકાસને લગતા અત્યંત મહત્વના પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી.પ્રોજેક્ટ મેનેજર શ્રી દાણી અને મહાલક્ષ્મી તથા પી.સી. પટેલ, એમડીઓ શ્રી ઝાની સાથેની આ મુલાકાતમાં જિલ્લા પંચાયતના વિપક્ષી નેતા શ્રી રાજેશભાઈ આહિર, નેત્રા જિ.પં. સદસ્યા શ્રીમતી નેહાબેન રૂપારેલ, નખત્રાણા તા.પં. સભ્ય શ્રી અશ્વિનભાઈ રૂપારેલ, ગ્રા.પં. સભ્યો શ્રી વિનોદભાઈ સોની, શ્રી અબ્દુલ ચાકી, ગામના અગ્રણી શ્રી વિનોદભાઈ અનમ, શ્રી હિતેન્દ્રભાઈ દીવાકર, શ્રી હાસમભાઈ ભટ્ટી, શ્રી પ્રકાશ જોષી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા



હતા.હેઠળના વિસ્તારમાં આવતા રવાપર ગામના સર્વાંગી વિકાસ માટે અને સ્થાનિક યુવાનોને રોજગારી મળે તે માટે સ્થાનિકોને તમામ કંપની અને સિક્યુરિટીની ભરતીમાં અગ્રિમતા આપવામાં આવે તેવી પ્રબળ માંગ કરવામાં આવી હતી. વધુમાં આ વિસ્તારમાં ઝોન હેઠળના કોઈપણ કામો હાલે ન થતા હોવાથી સ્થાનિકોને અગ્રતા આપવા અને સી.એસ.આર. ફંડ દૂર દૂરના ગામડાઓમાં ન વપરાતા આ વિસ્તારના જ ગામોમાં વપરાય તે માટે રજૂઆત કરાઈ હતી.

### મંત્રી જીતન રામ માંઝીનું નિવેદન અને MSME સેક્ટરના આંકડા

# MSME બિલ રાજ્યસભામાં પસાર: નાના વેપારીઓને લેટ પેમેન્ટમાંથી કાયમ માટે છૂટકારો

(એજન્સી) નવી દિલ્હી | તા 04

રાજ્યસભાએ MSME ડેવલપમેન્ટ (એમેન્ડમેન્ટ) બિલ, 2026 પસાર કર્યું છે. આ બિલનો મુખ્ય ઉદ્દેશ્ય MSME માટે વિલંબિત ચુકવણીના વિવાદોના ઝડપી ઉકેલ અને કેશ ફ્લો સુધારવાનો છે. કેન્દ્રીય MSME મંત્રી જીતન રામ માંઝીએ જણાવ્યું કે આ કાયદો 2006ના એક્ટમાં સુધારો કરીને સેક્ટરના પડકારોને હલ કરશે. આ સેક્ટર GDPમાં 31% અને નિકાસમાં 41% યોગદાન આપે છે. રાજ્યસભા દ્વારા સોમવારે માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝિસ ડેવલપમેન્ટ (એમેન્ડમેન્ટ) બિલ, 2026 પસાર કરવામાં આવ્યું છે. આ બિલનો મુખ્ય ઉદ્દેશ્ય MSME માટે વિલંબિત ચુકવણીના વિવાદોના ઉકેલને ઝડપી બનાવવાનો અને કેશ ફ્લોમાં સુધારો કરવાનો છે. બિલ પાસ થયા બાદ તરત જ ઉપલા ગૃહને દિવસભર માટે સ્થગિત કરી દેવામાં આવ્યું હતું.જો કોઈ ઓર્ડરને પડકારતી અરજી 6 મહિનાથી વધુ સમય માટે પેન્ડિંગ રહે, તો અદાલતો ખરીદદારોને MSME સપ્લાયરને આપવામાં આવેલી રકમના ઓછામાં ઓછા 50% ડિપોઝિટ કરવાનો આદેશ આપી શકશે. આ કાયદા હેઠળ મિડિએટેડ સેટલમેન્ટ એગ્રીમેન્ટ્સ અને આર્બિટ્રલ અવાર્ડ્સને જમીન મહેસૂલની બાકી રકમ તરીકે વસૂલવાની જોગવાઈ કરવામાં આવી છે. આમાં પ્રથમ વખતનાં ઉલ્લંઘન માટે ચેતવણી સહિત ગ્રેડેડ દંડ દ્વારા કેટલાક અપરાધોને અપરાધમુક્ત (ડિક્રિમિનલાઈઝ) કરવામાં આવ્યા છે. તે સરકારને MSMEs ની મફત અને સ્વૈચ્છિક નોંધણી માટે રાષ્ટ્રીય ડિજિટલ પ્લેટફોર્મ નોટિફાઈ કરવા સક્ષમ બનાવે છે.ચર્ચાનો જવાબ આપતા યુનિયન MSME મંત્રી જીતન રામ માંઝીએ જણાવ્યું કે આ કાયદો 2006ના એક્ટમાં સુધારો કરીને સેક્ટરના લાંબા સમયથી ચાલી રહેલા પ્રશાસનિક અને ચુકવણી સંબંધિત પડકારોને હલ કરશે. MSME સેક્ટર દેશના જીડીપીમાં 31%, મેન્યુફેક્ચરિંગ આઉટપુટમાં 36% અને નિકાસમાં 41% યોગદાન આપે છે. વર્ષ 2014-15માં MSMEsને આપવામાં આવેલી બાકી ક્રેડિટ Rs 10 લાખ કરોડ હતી, જે વધીને આજે Rs 38.35 લાખ કરોડથી વધુ થઈ ગઈ છે.ચર્ચા દરમિયાન NEET પેપર લીક વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહીના મુદ્દે ગૃહ મંત્રીની ઉપસ્થિતિની માંગણી સાથે વિપક્ષી સભ્યોએ સતત સૂત્રોનાચાર અને હોબાળો મચાવ્યો હતો. વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેને બોલવાની મંજૂરી ન મળતા તણાવ સર્જાયો હતો. ભારે હોબાળા વચ્ચે પણ BJD, TDP, BRS, YSRCP, AIADMK, NCP, BJP, UPPL અને BSP સહિતના અનેક પક્ષોના સભ્યોએ આ legislacin ને વ્યાપક સમર્થન આપ્યું હતું.

## પશ્ચિમ રેલવે દ્વારા 7 જોડી ટ્રેનોમાં અસ્થાયી રૂપે વધારાના કોચ જોડવામાં આવશે

નવી દિલ્હી | મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા 7 જોડી ટ્રેનોમાં અસ્થાયી આધાર પર વધારાના કોચ જોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે:1. ટ્રેન સંખ્યા 12957/12958 સાબરમતી-નવી દિલ્હી-સાબરમતી સ્વર્ણ જયંતી રાજધાની એક્સપ્રેસમાં 1 એસી 3-ટિયર શ્રેણીનો વધારાનો કોચ તાત્કાલિક અસરથી જોડવામાં આવ્યો છે. આ વધારાનો કોચ સાબરમતીથી 31.08.2026 સુધી તથા નવી દિલ્હીથી 01.09.2026 સુધી ઉપલબ્ધ રહેશે.2. ટ્રેન સંખ્યા 19413/19414 અમદાવાદ-કોલકાતા-અમદાવાદ એક્સપ્રેસમાં 1 એસી 3-ટિયર તથા 1 સ્લીપર શ્રેણીનો વધારાનો કોચ અમદાવાદથી 05.08.2026 થી 26.08.2026 સુધી તેમજ કોલકાતાથી 08.08.2026 થી 29.08.2026 સુધી જોડવામાં આવશે.3. ટ્રેન સંખ્યા 19409/19410 સાબરમતી-ગોરખપુર-સાબરમતી એક્સપ્રેસમાં 1 એસી 3-ટિયર તથા 1 સ્લીપર શ્રેણીનો વધારાનો કોચ તાત્કાલિક અસરથી સાબરમતીથી 29.08.2026 સુધી તેમજ ગોરખપુરથી 31.08.2026 સુધી જોડવામાં આવશે.4. ટ્રેન નંબર 20939/20940 સાબરમતી-સુલતાનપુર-સાબરમતી એક્સપ્રેસમાં 1 એસી 3-ટિયર તથા 1 સ્લીપર શ્રેણીનો વધારાનો કોચ સાબરમતીથી 04.08.2026 થી 25.08.2026 સુધી તેમજ સુલતાનપુરથી 05.08.2026 થી 26.08.2026 સુધી જોડવામાં આવશે.5. ટ્રેન સંખ્યા 20963/20964 સાબરમતી-વારાણસી-સાબરમતી એક્સપ્રેસમાં 1 એસી 3-ટિયર તથા 1 સ્લીપર શ્રેણીનો વધારાનો કોચ સાબરમતીથી 06.08.2026થી 27.08.2026 સુધી તેમજ વારાણસીથી 08.08.2026થી 29.08.2026 સુધી જોડવામાં આવશે.6. ટ્રેન સંખ્યા 19421/19422 અમદાવાદ-પટના-અમદાવાદ એક્સપ્રેસમાં 1 એસી 3-ટિયર તથા 1 એસી 2-ટિયર શ્રેણીનો વધારાનો કોચ તાત્કાલિક અસરથી અમદાવાદથી 30.08.2026 સુધી તેમજ પટનાથી 01.09.2026 સુધી જોડવામાં આવશે.7. ટ્રેનસંખ્યા 22967/22968 અમદાવાદ-પ્રયાગરાજ-અમદાવાદ એક્સપ્રેસમાં 1 એસી 3-ટિયર તથા 1 એસી 2-ટિયર શ્રેણીનો વધારાનો કોચ અમદાવાદથી 06.08.2026થી 27.08.2026 સુધી તેમજ પ્રયાગરાજથી 07.08.2026થી 28.08.2026 સુધી જોડવામાં આવશે. મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે ટ્રેનોના સમય, સ્ટોપેજ તથા સંરચના સંબંધિત વિસ્તૃત માહિતી માટે ભારતીય રેલવેની સત્તાવાર વેબસાઈટ www.enquiry.indianrail.gov.in નું અવલોકન કરે.

NOTICE FOR MANUFACTURING & MARKETING (SALE) OF 100% WATER SOLUBLE MIXTURE FERTILIZER

DHRUV AGRITECHNOLOGIES PVT LTD

We are pleased to inform the general public that with reference to the Order No. 2900(E) dated 24th October 2015 issued by Ministry of Agriculture and Farmer Welfare and amendment thereafter, DHRUV AGRITECHNOLOGIES PRIVATE LIMITED will commence the sale and marketing of 100% water soluble mixture fertilizer NEOFERT in the state of Gujarat.

The Product specifications are given below:

| No. | Fertilizer Grade | Nutrient Content (%) N | $P_2O_5$ | $K_2O$ | S | Fe | Zn | CaO | MgO | B |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | N.P.K. (14:28:14) +TE | 14 | 28 | 14 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 2 | N.P.K. (00:42:42) +Zn 3% | 0 | 42 | 42 | 0 | 0 | 3 | 0 | 0 | 0 |
| 3 | NPK (0:09:46) + Zn 2% | 0 | 9 | 46 | 0 | 0 | 2 | 0 | 0 | 0 |
| 4 | N.P.K. (00:48:47) +TE | 0 | 48 | 47 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 5 | N.P.K. (00:50:40) +Fe-1%+Zn-1% | 0 | 50 | 40 | 0 | 1 | 1 | 0 | 0 | 0 |
| 6 | N.P.K (25:00:15) +CaO3%+MgO1.5%+TE | 25 | 0 | 15 | 0 | 0 | 0 | 3 | 1.5 | 0 |
| 7 | N.P.K. (27:00:27) +TE | 27 | 0 | 27 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 8 | N.P.K. (16:08:32) +TE | 16 | 8 | 32 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 9 | N.P.K. (07:40:28) +TE | 7 | 40 | 28 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 10 | N.P.K. (00:55:17) +TE | 0 | 55 | 17 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 11 | N.P.K. (00:42:47) +TE | 0 | 42 | 47 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 12 | N.P.K. (32:12:12) +TE | 32 | 12 | 12 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 13 | N.P.K. (00:58:18) +TE | 0 | 58 | 18 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 14 | N.P.K. (17:44:00) +TE | 17 | 44 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 15 | N.P.K. (14:35:14) +TE | 14 | 35 | 14 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 16 | N.P.K. (00:40:44) +TE | 0 | 40 | 44 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 17 | N.P.K. (10:30:30) +TE | 10 | 30 | 30 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 18 | N.P.K. (30:10:10) +TE | 30 | 10 | 10 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 19 | N.P.K. (16:08:32) +TE | 16 | 8 | 32 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 20 | N.P.K. (28:00:10) +TE | 28 | 0 | 10 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 21 | N.P.K (00:11:42) +S-10%+CaO-2%+TE | 0 | 11 | 42 | 10 | 0 | 0 | 2 | 0 | 0 |
| 22 | N.P.K. (28:28:00) +TE | 28 | 28 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 23 | N.P.K. (00:40:37) +TE | 0 | 40 | 37 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 24 | N.P.K. (00:39:43) +Fe 2.5% | 0 | 39 | 43 | 0 | 2.5 | 0 | 0 | 0 | 0 |
| 25 | N.P.K. (22:22:11) +TE | 22 | 22 | 11 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 26 | N.P.K. (11:45:06) +TE | 11 | 45 | 6 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 27 | N.P.K. (16:20:00) +TE | 16 | 20 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 28 | N.P.K. (00:60:20) +TE | 0 | 60 | 20 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 29 | N.P.K. (12:06:22) +CaO 12% | 12 | 6 | 22 | 0 | 0 | 0 | 12 | 0 | 0 |
| 30 | N.P.K. (11:09:16) +MgO-2.5%+ CaO-13.50%+S-2.5%+TE | 11 | 9 | 16 | 2.5 | 0 | 0 | 13.5 | 2.5 | 0 |
| 31 | N.P.K. (13:32:17) +TE | 13 | 32 | 17 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 32 | N.P.K. (00:33:65) + TE | 0 | 33 | 65 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 33 | N.P.K. (14:35:14) +Zn-1 | 14 | 35 | 14 | 0 | 0 | 1 | 0 | 0 | 0 |
| 34 | N.P.K. (05:10:43) +TE | 5 | 10 | 43 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 35 | N.P.K. (25:25:25) +TE | 25 | 25 | 25 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 36 | N.P.K. (21:10:10) +TE | 21 | 10 | 10 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 37 | N.P.K. (00:42:47) +Zn 2.5% | 0 | 42 | 47 | 0 | 0 | 2.5 | 0 | 0 | 0 |
| 38 | N.P.K. (21+10+10) +TE | 21 | 10 | 10 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 39 | N.P.K. (10.6:09.30:16.30)+ MgO-2.90%+ CaO- 13.20%+S-2.3%+TE | 10.6 | 9.3 | 16.3 | 2.3 | 0 | 0 | 13.2 | 2.9 | 0 |
| 40 | N.P.K. (13:40:13) +TE | 13 | 40 | 13 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 41 | N.P.K. (05:55:17) +TE | 5 | 55 | 17 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 42 | N.P.K. (16:08:25) + TE | 16 | 8 | 25 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 43 | N.P.K. (10:09:16) +TE | 10 | 9 | 16 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 44 | N.P.K. (00:45:45) +TE | 0 | 45 | 45 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 45 | N.P.K. (06:12:36) +TE | 6 | 12 | 36 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 46 | N.P.K. (00:42:47) +Fe 2.8% | 0 | 42 | 47 | 0 | 2.8 | 0 | 0 | 0 | 0 |
| 47 | N.P.K. (12:36:12) + MgO-3 | 12 | 36 | 12 | 0 | 0 | 0 | 0 | 3 | 0 |
| 48 | N.P.K. (25:25:25) +TE | 25 | 25 | 25 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 59 | NPK (14:48:00) +TE | 14 | 48 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 50 | N.P.K(00:35:45)+ZnO-1%+CaO-1%+B-0.5% | 0 | 35 | 45 | 0 | 0 | 1 | 1 | 0 | 0.5 |
| 51 | N.P.K. (00:40:40) +Zn 6 | 0 | 40 | 40 | 0 | 0 | 6 | 0 | 0 | 0 |
| 52 | N.P.K. (00:09:46) +S-12% MgO-2.5% | 0 | 9 | 46 | 12 | 0 | 0 | 0 | 2.5 | 0 |
| 53 | N.P.K. (00:00:55) +TE | 0 | 0 | 55 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 54 | N.P.K. (10:00:35) + MgO-8% | 10 | 0 | 35 | 0 | 0 | 0 | 0 | 8 | 0 |
| 55 | N.P.K. (09:27:18) +TE | 9 | 27 | 18 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 56 | NPK (10:54:10) +TE | 10 | 54 | 10 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 57 | NPK, Ca, S, B(N-10+P-16+K-36+Ca-2+S-6+B-0.5) | 10 | 16 | 36 | 6 | 0 | 0 | 2 | 0 | 0.5 |
| 58 | NPK, S, B(N-10+P-25+K-10+S-10+B-0.3) | 10 | 25 | 10 | 10 | 0 | 0 | 0 | 0 | 0.3 |
| 59 | NPK, Ca, S, B(N-10+P-15+K-30+Ca-3+S-7+B-0.3) | 10 | 15 | 30 | 7 | 0 | 0 | 3 | 0 | 0.3 |
| 60 | NPK, Ca, S, B(N-20+P-20+K-10+Ca-2+S-3+B-0.3) | 20 | 20 | 10 | 3 | 0 | 0 | 2 | 0 | 0.3 |
| 61 | NPK, S, B(N-14+P-20+K-25+S-3+B-0.3) | 14 | 20 | 25 | 3 | 0 | 0 | 0 | 0 | 0.3 |
| 62 | NPK, Ca, S, B(N-12+P-08+K-34+Ca-2+S-5+B-0.5) | 12 | 8 | 34 | 5 | 0 | 0 | 2 | 0 | 0.5 |
| 63 | NPK, Ca, S,B(N-06+P-25+K-34+Ca-2+S-4+B-0.5) | 6 | 25 | 34 | 4 | 0 | 0 | 2 | 0 | 0.5 |
| 64 | NPK, S(N-15+P-28+K-22+S-4) | 15 | 28 | 22 | 4 | 0 | 0 | 0 | 0 | 0 |
| 65 | NPK, Ca, B(N-05+P-40+K-25+Ca-2+B-0.2) | 5 | 40 | 25 | 0 | 0 | 0 | 2 | 0 | 0.2 |
| 66 | NPK, S, B(N-10+P-10+K-35+S-7+B-0.2) | 10 | 10 | 35 | 7 | 0 | 0 | 0 | 0 | 0.2 |
| 67 | NPK, B(N-15+P-15+K-35+B-0.2) | 15 | 15 | 35 | 0 | 0 | 0 | 0 | 0 | 0.2 |
| 68 | NPK, B(N-16+P-32+K-24+B-0.2) | 16 | 32 | 24 | 0 | 0 | 0 | 0 | 0 | 0.2 |
| 69 | NPK, Ca, S, B(N-12+P-35+K-16+Ca-3+S-2+B-0.3) | 12 | 35 | 16 | 2 | 0 | 0 | 3 | 0 | 0.3 |

**DHRUV AGRITECHNOLOGIES PRIVATE LIMITED:** Dhruv Corporate Building, Gut no.135, Vinchurgavali phata, Adgaon- Sayyad Pimpri Road, Tal/Dist.-Nashik, Maharashtra 422003.

# D કંપની સ્ટાઈલથી મનપસંદ જીમખાના ક્લબમાં જુગાર રમાતો

## મેમ્બરશીપ, આંગડિયામાં પૈસાની લેવડદેવડ, હાર-જીત માટે કોડવર્ડ; અમદાવાદમાં 5 બસ ભરીને જુગારીઓને કોર્ટમાં લવાયા

(એજન્સી) અમદાવાદ | તા. 04

અમદાવાદના મનપસંદ જીમખાના ક્લબમાં 'D કંપની' સ્ટાઈલથી ગોવાના કેસિનો જેવો માહોલ ઊભો કરીને હાઈપ્રોફાઈલ જુગારધામ ચલાવવામાં આવતું હતું. જેમાં ક્લબની મેમ્બરશીપથી લઈને હાર-જીતના નાણાંની લેવડદેવડ માટે આંગડિયા પેઢીનો ઉપયોગ કરવામાં આવતો હતો અને સમગ્ર ખેલ ગુપ્ત રાખવા માટે ખાસ કોડવર્ડનો ઉપયોગ થતો હતો.રાજ્યમાં દારૂ અને જુગારની પ્રવૃત્તિઓ ઉપર કડક કાર્યવાહી કરતી ગાંધીનગરની સ્ટેટ મોનેટરિંગ સેલની ટીમે અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં મનપસંદ જીમખાના ક્લબમાં દરોડો પાડી મુખ્ય સંચાલક સહિત 187 જેટલા આરોપીઓની ધરપકડ કરી છે. મનપસંદ જીમખાના ક્લબમાં જુગારધામ ચલાવવા માટે આરોપી ગોવિંદ ઉર્ફે ગામા પટેલ અને કિરીટસિંહ ચાવડા અલગ અલગ વ્યક્તિઓને ટેબલ ભાડે આપતા હોવાનો ખુલાસો થયો છે.જુગારધામ ચલાવવા માટે પ્રતિ ટેબલ દીઠ 15થી 30 હજાર રૂપિયા ભાડું લેવામાં આવતું હતું. ટેબલ ભાડે રાખીને જુગારધામ ચલાવનાર આરોપીઓ જુગારના પૈસાની લેવડદેવડના હવાલા અલગ અલગ આંગડિયા પેઢીઓ પાસે કરાવતા હોવાનો પણ ખુલાસો થયો છે. જુગાર રમવા માટે રૂ. 2000ની ક્લબની મેમ્બરશીપ પણ આપવામાં આવતી હતી. આજે 187 આરોપીઓને પોલીસની 5 મોટી બસ ભરીને મેટ્રો કોર્ટમાં લાવવામાં આવ્યા છે.

### ગામા પટેલ, બંદીશ ખત્રી અને ભરત પટેલ ભાગીદાર

**SMCની તપાસમાં ખુલાસો થયો છે કે, મનપસંદ જીમ ખાના ક્લબમાં ગોવિંદ ઉર્ફે ગામા ખોડીદાસ પટેલ, બંદીશ અજયભાઈ ખત્રી અને ભરત રામભાઈ પટેલ ભાગીદાર છે. ભરત પટેલે પોતાનો હિસ્સો નિકુંજ ખત્રીને ગિરો ઉપર આપેલો છે. મનપસંદ જીમખાનાના ડાયરેક્ટર તરીકે ગોવિંદ ઉર્ફે ગામા પટેલ સંચાલન કરે છે અને દર મહિને ત્રણેય ભાગીદાર પોતાના બેંક એકાઉન્ટમાં મનપસંદમાંથી રૂ. 20 હજાર લેતા હોવાનું સામે આવ્યું છે.**

### 2000ની મેમ્બરશીપ, ટેબલદીઠ એક બાજી પર 300 લેખે નાળ કાઢતાં

**મનપસંદ જીમખાનામાં મનોરંજનની આડમાં અંગત આર્થિક ફાયદા માટે ગોવિંદ ઉર્ફે ગામા પટેલ, કિરીટસિંહ મફાજી ચાવડા સાથે મળીને જુગાર રમાડવાના હેતુથી ટેબલો અલગ અલગ વ્યક્તિઓને ભાડે આપતા હતા, કુલ 6 લોકોને ભાગીદારીમાં મનપસંદ જીમ ખાનામાં આવેલા ટેબલમાં હારજીતનો જુગાર રમાડવા માટે ભાડે આપ્યા હતા. જુગાર રમવા માટે મનપસંદ ક્લબની મેમ્બરશીપ 2000 ભરીને ત્રણ મહિના માટે મેળવતા હતા અને મનોરંજનના બહાના હેઠળ જુગાર રમવા માટે આવતા હતાં. એક રમતની બાજીના ટેબલો ઉપર 300 લેખે નાળ કાઢીને જુગાર રમાડતા હતા.**





મનપસંદ ક્લબના જુગાર અડ્ડા પરથી ઝડપાયેલા આરોપીઓ

### હાર જીતની રકમ માટે એક કોડવર્ડ રખાયો હતો

**આંક લખી અને પૈસા પાના વડે જુગાર રમાડવામાં આવતો હતો. જે ચિઠ્ઠી આપવામાં આવતી હતી તેમાં કોડવર્ડ રાખવામાં આવ્યો હતો. જેમાં 50,000 હોય તો 500 લખવામાં આવતા હતા અને જ્યારે ગ્રાહક ટેબલ ઉપર જાય ત્યારે ટેબલ પર મૂકવામાં આવેલા માણસ ચીઠ્ઠી જોઈને જુગાર પર ટેબલ રમવા માટે સીટ ફાળવતા હતા. ટેબલ પર એક માણસ પત્તા વેચવા બીજો માણસ જુગારની હાર જીતનો રકમ લખવા માટે રાખ્યો હતો. હારજીત થયા બાદ ટેબલ ઉપર ગોઠવેલો માણસ જે રકમ કોડવર્ડમાં લખી આપે તેની ઉપર બે ઝીરો લગાવીને હાર જીતની રકમની લેવડદેવડ કરવામાં આવતી હતી. નારણ રાવલ પૈસા રાખવા માટે કેશિયર તરીકે નોકરી કરતો હતો, જે હારજીત થતી હતી તેની નોંધ રાખતો હતો.**

# 'અમિત ઠાકર MLA-ભાજપ ન્યાય દિલાના'

## 'મેરી મોત કી વજહ યહ દોનો હૈ'; પિતા-પુત્રના ફોટા સાથેનું વોટ્સએપ સ્ટેટસ મૂકી અમદાવાદના યુવકે ગળાફાંસો ખાધો

(એજન્સી) અમદાવાદ | તા. 04

અમદાવાદ શહેરના સરખેજ વિસ્તારમાં યુવકે પિતા-પુત્રના ત્રાસથી કંટાળીને આપઘાત કર્યો છે. પિતા-પુત્રએ મૃતક યુવકને ઉછીના પૈસા આપ્યા હતા જેના બદલામાં યુવકને ભાગીદારીમાંથી છૂટો કરી દીધો હતો, છતાં પિતા-પુત્ર યુવક પાસે અવારનવાર પૈસાની માંગણી કરતા હતા. જેમના ત્રાસથી કંટાળીને સુરેશ નામના યુવકે 3 ઓગસ્ટે સવારના સમયે ઘરમાં ગળાફાંસો ખાઈ લીધો હતો. યુવકે વોટ્સએપમાં આપઘાત માટે જવાબદાર વ્યક્તિનો ફોટો મૂકી લખાણ લખ્યું છે. આ ઉપરાંત વેજલપુરના ધારાસભ્ય અમિત ઠાકર પાસે ન્યાયની માંગણી કરતું પણ સ્ટેટ્સ મૂક્યું છે. સરખેજ પોલીસે આરોપી પિતા-પુત્ર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### પિતા-પુત્ર સાથે ભાગીદારીમાં ધંધો શરૂ કર્યો

મૂળ રાજસ્થાનનો અને



સરખેજના ઉજાલા સર્કલ પાસે દ્વારકેશનગર સોસાયટીમાં રહેતા 28 વર્ષના સુરેશે ઓક્ટોબર 2025માં મિત્ર કાળુ પ્રજાપતિ અને રાહુલ કાળુ પ્રજાપતિ સાથે સરખેજ ઉજાલા સર્કલ પાસે સાવરીયા મોબાઈલ મની ટ્રાન્સફરની દુકાન ભાગીદારીમાં ચાલુ કરી હતી. છ મહિના પછી ધંધો સેટ થઈ ગયો હતો.જે બાદ સુરેશ વતનમાં ગયો હતો.સુરેશ લાંબા સમયથી વતનમાંથી પરત ના આવતા રાહુલ અને તેના પિતા કાળુએ સુરેશના ભાઈને જણાવ્યું હતું કે સુરેશ ક્યારે આવશે અમારે તેની પાસેથી પૈસા લેવાના છે.

### ભાગ છૂટો કર્યા બાદ પણ પિતા-પુત્ર અવારનવાર પૈસા માંગતા હતા

સુરેશના ભાઈ તેજપાલે સુરેશને ફોન કરીને પૂછ્યું હતું ત્યારે તેણે કબૂલાત કરી હતી કે તેને રાહુલ અને કાળુ પ્રજાપતિને પૈસા આપવાના છે. તે આપણે નવી સાવરીયા દુકાનમાંથી આપી દઈશું.

સુરેશ મે મહિનામાં અમદાવાદ પરત આવ્યો હતો અને નવી દુકાને ગયો ત્યારે રાહુલ અને કાળુએ કહ્યું હતું કે આ દુકાનમાં તારે આવવાનું નથી અને દુકાનના નફાના પૈસા આપવાના નથી. દુકાન બનાવવાના માટે જે ખર્ચ થયેલો હતો તે પૈસા પણ તારે આપવા નથી, એમ કહીને સુરેશનો દુકાનમાંથી ભાગ છૂટો કરી દીધો હતો. ભાગ છૂટો કર્યા બાદ પણ પિતા-પુત્ર અવારનવાર સુરેશ પાસે પૈસાની માંગણી કરતા હતા.

# સરકારી કોલેજોના વિઝિટિંગ લેક્ચરર્સના મહેનતાણામાં વધારો

(એજન્સી) અમદાવાદ | તા. 04

રાજ્યની સરકારી કોલેજોમાં મુલાકાતી વ્યાખ્યાતાઓ (વિઝિટિંગ ફેકલ્ટી) તરીકે ફરજ બજાવતા અધ્યાપકો માટે ગુજરાત સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. શિક્ષણ વિભાગના ઠરાવથી મુલાકાતી વ્યાખ્યાતાઓના મહેનતાણાના દરમાં વધારો કરવામાં આવ્યો છે.

અગાઉના ઠરાવ મુજબ સ્નાતક અભ્યાસક્રમ માટે કલાકદીઠ 250 અને અનુસ્નાતક અભ્યાસક્રમ માટે કલાકદીઠ 300 મહેનતાણું ચૂકવવામાં આવતું હતું. હવે તેમાં વધારો કરીને સ્નાતક અભ્યાસક્રમ માટે કલાકદીઠ 500 અને અનુસ્નાતક અભ્યાસક્રમ માટે કલાકદીઠ 600 કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત સરકારી કોલેજોમાં મુલાકાતી વ્યાખ્યાતાઓને ચૂકવવામાં આવતા મહેનતાણાની માસિક મહત્તમ મર્યાદા 15,000માંથી વધારીને 45,000 કરવામાં આવી



છે. એટલે કે હવે મુલાકાતી વ્યાખ્યાતા મહિને મહત્તમ 45 હજાર સુધીનું મહેનતાણું મેળવી શકશે.

શિક્ષણ વિભાગના ઠરાવ અનુસાર આ સુધારેલા મહેનતાણાના દર ઠરાવની તારીખથી લાગુ પડશે. સરકારના આ નિર્ણયથી રાજ્યની સરકારી કોલેજોમાં મુલાકાતી વ્યાખ્યાતાઓ તરીકે સેવા આપતા અધ્યાપકોને સીધો આર્થિક લાભ મળશે.

# યુઆરઆઈસીએમ, ગાંધીનગર ખાતે પીજીડીએમ (એબીએમ) અભ્યાસક્રમનું ઉદ્ઘાટન સમારોહ યોજાયો

(એજન્સી) ગાંધીનગર | તા. 04

યુ આ ર આ ઈ સી એ મ (URICM), ગાંધીનગર ખાતે આજે પીજીડીએમ (એબીએમ) અભ્યાસક્રમના નવા શૈક્ષણિક સત્રના ઉદ્ઘાટન નિમિત્તે સંસ્થાના પીજીડીએમ ક્લાસરૂમ નં. 1 ખાતે ઉદ્ઘાટન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાત રાજ્યના સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર શ્રી ભારત જોષી (આઈએએસ) મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. મુખ્ય અતિથિ શ્રી ભારત જોષીએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે આજના સ્પર્ધાત્મક યુગમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ, સતત જ્ઞાનવૃદ્ધિ અને વ્યવહારુ કૌશલ્ય દ્વારા જ સફળતા પ્રાપ્ત કરી શકાય છે. તેમણે પીજીડીએમ (એબીએમ)ના વિદ્યાર્થીઓને પોતાના પસંદ કરેલા ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી કરી સંસ્થા તથા નું નામ



રોશન કરવા પ્રેરણા આપી હતી.

કાર્યક્રમની અધ્યક્ષતા યુ આ ર આ ઈ સી એ મ , ગાંધીનગરના નિયામક શ્રીમતી નીલુ પાંડેએ કરી હતી. તેમણે વિદ્યાર્થીઓનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે સંસ્થા વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ, વ્યવહારુ તાલીમ અને વ્યક્તિત્વ વિકાસ માટે સતત પ્રતિબદ્ધ છે. તેમણે નવા વિદ્યાર્થીઓને ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

કાર્યક્રમમાં સંસ્થાના અધ્યાપકગણ, અધિકારીઓ, સ્ટાફ તેમજ પીજીડીએમ (એબીએમ)ના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ સૌહાર્દપૂર્ણ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં સંપન્ન થયો હતો.

# ગ્રાન્ટેડ પ્રાથમિક સ્કૂલના શિક્ષકોને પણ હવે મળશે મેડિકલ રિઈમ્બર્સમેન્ટનો લાભ

(એજન્સી) અમદાવાદ | તા. 04

રાજ્યની અનુદાનિત (ગ્રાન્ટેડ) પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો માટે રાજ્ય સરકારે એક અત્યંત મહત્વનો અને રાહતરૂપ નિર્ણય લીધો છે. હવે સરકારી કર્મચારીઓ અને માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોની જેમ અનુદાનિત પ્રાથમિક શાળાના શિક્ષકોને પણ મેડિકલ રિઈમ્બર્સમેન્ટ (તબીબી સારવાર ખર્ચની ભરપાઈ) નો લાભ આપવામાં આવશે. શિક્ષણ વિભાગ દ્વારા આ અંગેનો સત્તાવાર આદેશ જારી કરીને તેનો તાત્કાલિક અસરથી અમલ કરવા સૂચના આપી દેવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને સરકારી કર્મચારીઓના ધોરણે તબીબી સારવારના ખર્ચની ભરપાઈ આપવાનો નિર્ણય કરાયો હતો. પરંતુ પ્રાથમિક વિભાગના શિક્ષકો આ લાભથી વંચિત હતા. લાંબા સમયની રજૂઆતો બાદ પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા મોકલવામાં આવેલી દરખાસ્તને શિક્ષણ વિભાગે મંજૂરી આપી દીધી છે. આ નિર્ણય માટે નાણાં વિભાગની પણ આખરી મંજૂરી મેળવી લેવામાં આવી છે. હવેથી અનુદાનિત પ્રાથમિક શાળાના શિક્ષકોને 'ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, 2015' હેઠળ નિયમાનુસાર મેડિકલ રિઈમ્બર્સમેન્ટનો લાભ મળી શકશે.

શિક્ષણ વિભાગ દ્વારા 3 ઓગસ્ટ, 2026ના રોજ આ અંગેનો પરિપત્ર અને આદેશ બહાર પાડવામાં આવ્યો છે. વિભાગે આ નિર્ણયનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો નિર્દેશ આપ્યો છે. સરકારના આ પ્રજાભિમુખ નિર્ણયથી રાજ્યની વિવિધ અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા હજારો પાત્ર શિક્ષકોને ચોક્કસપણે મોટો આર્થિક ટેકો મળશે.

**૨૪/૭ કંટ્રોલ રૂમ, ૧૮,૦૦૦થી વધુ સર્વેલન્સ ટીમ, ૪૯૭ વધારાની વેક્ટર કંટ્રોલ ટીમ ક્ષેત્રિય કામગીરીમાં તૈનાત**

# ભારે વરસાદની સ્થિતિ વચ્ચે ગુજરાત સરકારનું આરોગ્ય તંત્ર એલર્ટ મોડ પર: યુદ્ધના ધોરણે કામગીરી

## ૬,૮૯૮ મેડિકલ કેમ્પ દ્વારા ૧.૭૪ લાખથી વધુ નાગરિકોને સ્થળ પર જ સારવાર પૂરી પાડવામાં આવી

(એજન્સી) ગાંધીનગર | તા. 04

રાજ્યમાં તાજેતરમાં જ સર્જાયેલી ભારે વરસાદની આફત વચ્ચે ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે સમયસૂચકતા અને પૂર્વ આયોજન સાથે સક્રિય કામગીરી કરી છે. ચોમાસા પહેલા અને ચોમાસા દરમિયાન રાજ્યના ૩૪ જિલ્લાઓ અને ૮ મહાનગરપાલિકાઓ માટે મોનસૂન એક્શન પ્લાન તૈયાર કરી તેને અમલી બનાવવામાં આવ્યો હતો. જેના પરિણામે, રાજ્યમાં પૂર અને અતિવૃષ્ટિ જેવી પરિસ્થિતિ છતાં પણ આરોગ્ય વિષયક કોઈ આકસ્મિક કટોકટી સર્જાઈ નથી અને રોગચાળો મહદઅંશે નિયંત્રણ હેઠળ રહ્યો છે.

આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યમાં ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાંથી સુરક્ષિત સ્થળે ખસેડાયેલા લોકોનું રીલીફ કેમ્પમાં નિયમિત મેડિકલ ચેક-અપ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ભારે વરસાદથી પ્રભાવિત અને પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી ૬૭૫ સગર્ભા માતાઓનું અગાઉથી જ સલામત આરોગ્ય સંસ્થાઓમાં સ્થળાંતર કરવામાં આવ્યું હતું, જેમાંથી ૨૭૨ સગર્ભા માતાઓની સફળ સંસ્થાગત પ્રસૂતિઓ કરાવવામાં આવી છે.

રાજ્ય, ૩૪ જિલ્લાઓ અને ૮ મહાનગરપાલિકાઓમાં ૨૪x૭ આરોગ્ય કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યા છે. રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાએ રેપિડ રિસ્પોન્સ ટીમો તેમજ દરેક જિલ્લામાં વાહન અને સ્ટાફ સાથેની વધારાની ૫ ઈમરજન્સી મેડિકલ ટીમો પણ સજ્જ રાખવામાં આવી હતી. કટોકટીની સ્થિતિ પહોંચી વળવા ૧,૪૯૬ - ૧૦૮ એમ્બ્યુલન્સ, ૮૧૬ PHC/CHC એમ્બ્યુલન્સ તેમજ PHC/CHC ખાતે જનરેટર અને પૂરતો ડીઝલ સ્ટોક ઉપલબ્ધ રખાયો છે.

વરસાદ પ્રભાવિત વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા રોગચાળા નિયંત્રણ માટે કુલ ૬,૮૯૮ મેડિકલ કેમ્પ યોજીને ૧.૭૪ લાખથી વધુ દર્દીઓનું આરોગ્ય તપાસીને સ્થળ પર જ જરૂરી સારવાર આપવામાં આવી હતી.

વરસાદ બાદ રોગચાળો ન ફેલાય તે માટે ૧૮,૦૦૦થી વધુ સર્વેલન્સ ટીમ દ્વારા દૈનિક ઘરે-ઘરે સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે. આ ટીમો દ્વારા ૧.૦૫ કરોડથી વધુ ક્લોરીન ટેબ્લેટ્સ અને ૧૦.૨૯ લાખથી વધુ ORS પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે. પીવાના પાણીની ગુણવત્તા જાળવવા ૧૦.૫૨ લાખથી વધુ રેસિડ્યુઅલ ક્લોરીન ટેસ્ટ કરવામાં આવ્યા છે અને પાણીની પાઈપલાઈનમાં પડેલા ૩,૦૬૧થી વધુ લીકેજનું યુદ્ધના ધોરણે સમારકામ પૂર્ણ કરવામાં આવ્યું છે.

કટોકટીની કોઈપણ સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા તમામ આરોગ્ય સંસ્થાઓ ખાતે ૧.૫ કરોડથી વધુ ક્લોરીન ટેબ્લેટ્સ, ૬૦ લાખથી વધુ ORS તેમજ ૧,૩૮,૨૩૪ એન્ટી સ્નેક વેનમ (ASV) ઈન્જેક્શનનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે. પૂરના સમયે સર્પદંશના બનાવો સામે ત્વરિત સારવાર મળી રહે તે માટે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવામાં પણ એન્ટી સ્નેક વેનમ ઈન્જેક્શન ઉપલબ્ધ રખાયા હતા. હાલમાં વરસાદ શાંત થયા બાદ દક્ષિણ ગુજરાતના સુરત, તાપી, વલસાડ અને નવસારી જિલ્લાના ૫૬૨ ગામોમાં ૭.૬૧ લાખથી વધુ ઉચ્ચ જોખમ ધરાવતા લોકોને લેપ્ટોસ્પાયરોસીસ અટકાયત માટે કેમોપ્રોફાયલેક્સિસ (ડોક્સિસાયક્લિન) આપવામાં આવી છે. વાહકજન્ય રોગો અટકાવવા વધારાની ૪૯૭ વેક્ટર કંટ્રોલ ટીમ નિમવામાં આવી છે, જે ક્ષેત્રિય સ્તરે એન્ટી-લાર્વલ અને જાગૃતિ કેળવવાની કામગીરી કરી રહી છે.

# અદાણી શાંતિગ્રામના ગ્રેનાઈટ વેપારી પાસે ₹5 કરોડની ખંડણીનો કેસ

ગાંધીનગર : ગાંધીનગરના અદાણી શાંતિગ્રામ ખાતે રહેતા ગ્રેનાઈટના મોટા વેપારી પાસે કુખ્યાત ગેંગસ્ટર ગોલ્ડી બરાડના નામે રૂ. 5 કરોડની ખંડણી માંગવાના હાઈપ્રોફાઈલ કેસમાં હવે ગુજરાત એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ (ATS) ની સક્રિય એન્ટ્રી થઈ છે. અડાલજ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં આંતરરાષ્ટ્રીય કોલિંગ અને સાયબર ટેકનોલોજીનો દુરુપયોગ થયો હોવાનું બહાર આવતાં હવે FSL અને ATSની ટેકનિકલ મદદથી મૂળ આરોપીઓ સુધી પહોંચવાના ચક્ર ગતિમાન કરાયા છે. મૂળ રાજસ્થાનના સિરોહીના વતની અને હાલ ગાંધીનગરના ખોરજ નજીક અદાણી શાંતિગ્રામના નોર્થ પાર્કમાં રહેતા 50 વર્ષીય ગ્રેનાઈટ વેપારી રાજેશ મીઠાલાલ રાવલ જુલાઈ મહિનાના પ્રારંભે મુંબઈના પ્રવાસે હતા. તે વેળાએ તેમના વોટ્સએપ પર એક વિદેશી નંબર પરથી હિન્દી ભાષામાં ઓડિયો મેસેજ આવ્યો હતો. જેમાં સામેવાળાએ કહ્યું હતું કે, "મેં ગોલ્ડી બરાડ બોલ રહા હુ, તુને મોટા બિઝનેસ કર રખા હે. મુજે પાંચ કરોડ રૂપીયે ચાહીયે, નહી તો મેં તુજે ટારગેટ કરુંગા." ખંડણીખોરે વેપારીના પરિવાર અને સંબંધીઓની તમામ અંગત વિગતો હોવાની ધમકી આપીને જો નાણાં નહીં ચૂકવાય તો જાનથી મારી નાખવાની ચીમકી આપી હતી. ધમકી મળતાં જ ગભરાયેલા વેપારીએ પ્રારંભિક તબક્કે તે નંબર બ્લોક કરી દીધો હતો. જોકે, ત્યારબાદ ઓસ્ટ્રેલિયા, કેનેડા અને બેંગકોક જેવા વિદેશી લોકેશન દર્શાવતા અલગ-અલગ નંબરો પરથી સતત મિસકોલ અને ધમકીઓ આવવાનું ચાલુ રહ્યું હતું. વેપારીએ સૌપ્રથમ રાજસ્થાનના સિરોહી પોલીસ મથકે અરજી આપતાં, સિરોહી પોલીસે 'ઝીરો નંબર'થી આ કેસ અડાલજ પોલીસ મથકે ટ્રાન્સફર કર્યો હતો. જે આધારે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. અડાલજ પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે આરોપીઓએ પોતાની અસલી ઓળખ અને લોકેશન છુપાવવા માટે VPN (વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક) ટેકનોલોજીનો ઉપયોગ કરી વોટ્સએપ કૉલ અને મેસેજ કર્યા હતા. પોલીસે હાલ ટેલિકોમ કંપનીઓ પાસેથી IP એડ્રેસ સહિતનો ડેટા મંગાવ્યો છે. બીજી તરફ, ખંડણી માંગનાર વ્યક્તિ ખરેખર ગોલ્ડી બરાડ જ છે કે પછી તેના નામે કોઈ સ્થાનિક ગેંગે રેકેટ રચ્યું છે.

# પોલીસ સ્ટેશનમાં પાસપોર્ટ વેરિફિકેશન પ્રક્રિયાને વધુ સરળ અને સુગમ બનાવવા મહત્વપૂર્ણ જાહેરાત

## પાસપોર્ટ વેરિફિકેશન માટે અરજદારે પોલીસ સ્ટેશન જવાની જરૂર નથી

(એજન્સી) ગાંધીનગર | તા. 04

રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિક દ્વારા રાજ્યના નાગરિકોની સુવિધા અને પાસપોર્ટ વેરિફિકેશન પ્રક્રિયાને વધુ પારદર્શક અને સરળ બનાવવા માટે તમામ પોલીસ સ્ટેશનો અને અધિકારીઓને મહત્વપૂર્ણ દિશા-નિર્દેશો આપવામાં આવ્યા છે.

નાગરિકોને પાસપોર્ટ વેરિફિકેશન માટે બિનજરૂરી ધક્કા ન ખાવા પડે તે હેતુથી વહીવટી પ્રક્રિયામાં કેટલાક મહત્વના સુધારા અંગેની સ્પષ્ટતાઓ કરવામાં આવી છે.

પાસપોર્ટ વેરિફિકેશન સંબંધિત મુખ્ય બાબતોમાં પાસપોર્ટ અરજદારોને વેરિફિકેશનની પ્રક્રિયા માટે પોલીસ સ્ટેશન ખાતે રૂબરૂ બોલાવવાની કોઈ આવશ્યકતા રહેશે નહીં. પોલીસ વેરિફિકેશન દરમિયાન માત્ર અરજદારની નાગરિકતા અને તેમના ગુનાહિત પૂર્વ ઈતિહાસની જ ચકાસણી કરવાની રહે છે.

પોલીસે પાસપોર્ટ અરજદારોના સરનામાની અલગથી ચકાસણી કરવાની જરૂરિયાત રહેતી નથી. એટલું જ



નહીં, પોલીસે અરજદારને રૂબરૂ મળવાની કે અરજદારની સહી લેવાની પણ જરૂર રહેતી નથી. જે કિસ્સામાં પોલીસને કોઈ શંકાસ્પદ બાબત જણાય અથવા વધુ ખરાઈ કરવાની જરૂરિયાત લાગે, તેવા અપવાદરૂપ કિસ્સામાં જ પોલીસે રહેઠાણ સ્થળની મુલાકાત લેવાની રહેશે.

જો કે આ સંજોગોમાં પણ અરજદારને પોલીસ સ્ટેશન બોલાવવાની આવશ્યકતા નથી.

રાજ્ય પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકે પોલીસ અધિકારીઓને આ સૂચનાઓનું કડકપણે પાલન કરવા આદેશ આપ્યો છે. સાથોસાથ રાજ્યના તમામ નાગરિકોને પણ અપીલ કરવામાં આવી છે કે તેઓ આ સરળ પ્રક્રિયાથી માહિતગાર થાય અને કોઈ પણ બિનજરૂરી પ્રક્રિયામાં ન પડે.